રોબિન શર્મા

FAMILY WISDOM

NOW IN GUJARATI

પારિવારિક જીવન વિશેની શીખ

સંન્યાસી જેમણે પોતાની સંપત્તિ વેંચી નાખી માંથી

"રોબિન શર્માના પુસ્તકો સમગ્ર દુનિયાના લોકોને મહાન જીવન જીવવામાં મદદ કરે છે."
પાઉલો કોએલ્હો, ધ અલકેમિસ્ટના લેખક

JAICO

VISIT…

રોબિન શર્મા

FAMILY WISDOM

NOW IN GUJARATI

પારિવારિક જીવન વિશેની શીખ

સંન્યાસી જેમણે પોતાની સંપત્તિ વેંચી નાખી માંથી

"રોબિન શર્માના પુસ્તકો સમગ્ર દુનિયાના લોકોને મહાન જીવન જીવવામાં મદદ કરે છે."
પાઉલો કોએલ્હો, ધ અલકેમિસ્ટના લેખક

JAICO

ધ મંક હુ સોલ્ડ હીઝ ફેરારી
પુસ્તકની પ્રશંસા

“એક મનમોહક કથા જે આનંદની સાથે બોધ પણ આપે છે.” – પાઓલો કોએલ્હો. ‘ધ એલ્કેમિસ્ટ’ નાં લેખક

“છક કરી દેનારી કરતાં જરાય ઉતરતી ન ગણી શકાય. આ પુસ્તક તમારા જીવનમાં આર્શીવાદ રૂપ બની રહેશે” – માર્ક હેન્સન, ‘ચિકન સૂપ ઓફ ધ સોલ’ નાં સહ લેખક

“વ્યક્તિગત વિકાસ, વ્યક્તિગત પ્રભાવ અને વ્યક્તિગત સુખ વિશેની એક મજાની, રસપ્રદ સાહસકથા, જેમાં એવો બોધજ્ઞાનનો ખજાનો રહેલો છે, જે દરેકે દરેક વ્યક્તિનું જીવન સમૃધ્ધ અને ઉન્નત બનાવી શકે.” – બ્રાયન ટ્રેસી, મેકસીમમ એચીવમેન્ટના લેખક

“રોબિન એસ. શર્મા આપણા બધા માટે એવો મહત્વનો સંદેશ લઈને આવ્યાં છે, જે આપણી જીંદગી બદલી નાંખી શકે. તેમણે આ વ્યસ્ત યુગમાં વ્યક્તિગત પરિપૂર્ણતા માટે એક અજોડ કાર્ય સંહિતા લખી છે.” – સ્કોટ ડિગાર્મો ‘સસ્કેસ મેગેઝીન ’નાં માજી પ્રકાશક

“મોટા સવાલો ઉપર પ્રકાશ પાડે છે.” – ધ એડમંટન જર્નલ

“માટે તે વાચકને ખરેખર મદદરૂપ થઈ શકે તેમ છે.” – ‘ધ કીંગસ્ટન વીગ – સ્ટેંડર્ડ ’

“અદ્‌ભૂત પુસ્તક. રોબિન એસ. શર્મા હવે પછીનાં ઓગ મેં ડીનો છે.” – ડોટી વોલ્ટર્સ ‘સ્પીક એન્ડ ગ્રો રીચ’ના લેખિકા

“સીધુસાદું ડહાપણ જેનો કોઈપણ વ્યકિત લાભ ઉઠાવી શકે.” – ધ કેલગારી હેરાલ્ડ ’

“વ્યક્તિગત વિકાસ માટે આ પુસ્તકનું ‘ધ વોલ્ધી બાર્બર’ની શ્રેણીમાં વર્ગીકરણ કરી શકાય. આપણા દૈનિક જીવનમાં વધુ સંતુલન, નિયંત્રણ, અને અસરકારકતા લાવવામાં મદદરૂપ થાય તેવી મૂળભૂત વિચારધારાઓ વિશે ઉંડી સમજણવાળો બોધ ધરાવે છે.” – ઈન્વેસ્ટમેંટ એકઝેકયુટીવ

“એક ખજાનો – સાચી સફળતા અને સુખ માટેનું એક મનોહર અને શકિતશાળી સૂત્ર. રોબિન એસ. શર્માએ યુગયુગાંતરનાં જ્ઞાનને આત્મસાત કરીને તેને આ ખળભળાટવાળા યુગ માટે અનુરૂપ

બનાવ્યું છે. હું આ પુસ્તકને હેઠું મુકી શકયો ન હતો' – જો ટાઈ, 'નેવર ફિયર, નેવર કવીટ 'નાં લેખક

"પોતાનું સાર્મથ્ય સંપાદન કરવા માટેનાં સરળ સિધ્ધાંતો." – ધ હેફિલેકસ ડેઈલી ન્યુઝ

"તમારૂં જીવન સમૃધ્ધ બનાવી શકે તેવા જ્ઞાનબોધવાળી સુંદર વાર્તા" – કેન વેગોટસ્કી – 'ધ અલ્ટીમેટ પાવર'નાં લેખક

"કોઈપણ વ્યકિતનાં જીવનની ગુણવત્તા વધારી શકે તેવા સરળ પણ વિલક્ષણ વિચારો રજુ કરતી એક સુંદર રીતે ઘડાયેલી બોધકથા. હું મારા બધા ગ્રાહકોને આ પુસ્તકરત્નની આ ભલામણ કરૂં છું. – જોર્જ વિલિયમ્સ. કરાટ કંસલટીંગ ઈન્ટરનેશનલ

"રોબિન શર્મા આધ્યાત્મિક રાજમાર્ગની વાટે વ્યકિતગત પરિપૂર્ણતા ધરી રહ્યાં છે."

"રોબિને ભૂતકાળ અને વર્તમાનકાળની દંતકથાઓને વાચકો માટે રસપ્રદ રીતે સંકલિત કરી છે. અધિકતમ વ્યકિતગત સિધ્ધિઓ હાસલ કરવા માટે ક્રમબધ્ધ

રીતે જાતે કરી શકાય તેવી પધ્ધતિઓની કાર્યસંહિતા. સફળતાનાં રહસ્યોમાં શારીરિક તંદુરસ્તી અને માનસિક સ્વસ્થતાનો સમાવેશ થયો છે. રોબિનનો સંદેશ લેઝર કિરણ જેવો શકિતશાળી છે. તેમના શબ્દો જાદુઈ છે." – ધ હિંદુ

"સચોટ રીતે વ્યકત કરી શકવાની તેમની શ્રેષ્ઠ ક્ષમતાએ રોબિન શર્માને ધંધાકીય જગત અને જીવન વિશેનાં અગ્રગણ્ય ચિંતક બનાવ્યા છે." – ધ ટાઈમ્સ ઓફ ઈન્ડીયા.

"દરેક વ્યકિત એક નેતા હોય છે. તમારા કાર્યમાં નૂતન પ્રકારનું નેતૃત્વ તમને વધુ આદર અને વધુ સકારાત્મક અનુભવ અપાવશે. રોબિન એક એવા શ્રધ્ધાળુ છે, જેમણે જીવનનાં દરેક મહત્વનાં ક્ષેત્રમાં સંતુલન હાસલ કર્યુ છે. તેમનાં પુસ્તકોને મેજર લીગનાં અગ્રગણ્ય ખેલાડીઓ અને હોલીવુડનાં મહાનુભાવોએ અપનાવ્યા છે." – ધ ઈકોનોમિક ટાઈમ્સ

"એમ.ડી.ઓ. ફિલ્મ જગતનાં સિતારાઓ, ડાયરેકટરો અને એકઝેકયુટિવોથી માંડીને એક વિશાળ વર્ગનાં લોકોને તેમનાં સેમિનારો પસંદ આવે છે. દીપક યોપ્રા સખાણ વધુ આધ્યામિક હોય છે, જયારે રોબિનનું વધુ વ્યવહારિક છે અને તત્વજ્ઞાનને વધુ સરળ બનાવવાનો પ્રયાસ કરે છે." – ધ ઈન્ડીયન એકસપ્રેસ

"રોબિન શર્મા આજે આંતરરાષ્ટ્રિય સ્તરનાં બેસ્ટ સેલિંગ લેખક છે. તેઓ એક ગણનાપાત્ર વિભૂતિ છે" સીટી ઈન્ડિયન એકસપ્રેસ

"મોહક વ્યકિતત્વ, સ્મિતભર્યો ચહેરો અને વ્યકિતગત રીતે મનમેળ સાધી શકવાની કળા ધરાવનારા રોબિન શર્મા એક ખ્યાતનામ તાલીમ ગુરૂ – જે ખિતાબ સ્વિકારવાનો તેઓ ઈન્કાર કરે

છે – શા માટે બન્યા તે જોઈ શકવું અઘરૂં નથી.” – ધ ફ્રી પ્રેસ જર્નલ

“આ પુસ્તક એક એવા વકીલની સાદી પણ પ્રેરણાદાયક વાર્તા છે, જેમણે એક વધુ પરિપૂર્ણ જીવન જીવી શકવા માટે પોતાનાં સર્વસ્વનો ત્યાગ કર્યો. તેમનાંમાં વધુ અર્થપૂર્ણતા, સુખ અને પરિપૂર્ણતા માટેની ઉંડી ઉત્કંઠા છે.” ડીએનએ

તેમનાં પુસ્તકોમાં જે વિશે લખવામાં આવ્યું છે, તેવી જ સકારાત્મક ઉર્જા રોબીન પ્રસરાવે છે, અને વાણિજ્ય અને સ્વસહાય બન્ને વિશે તેઓ એક જ સરખો જુસ્સો ધરાવે છે, રોબીન ખરેખર માને છે કે તેમનાં અનુભવો ઘણાં લોકોને મદદરૂપ થયા છે, ખાસ કરીને તેઓનાં કોર્પોરેટ સેશન્સ દ્વારા.” – એશિયન એઈજ

“તેમને મળ્યા પછી તેવી ભાવના થયા વિના રહેતી નથી કે આ માણસ ખરેખર સચ્ચાઈવાળા માણસ છે.” – ડેકકન હેરાલ્ડ

“વિખ્યાત સ્વસહાયતાનાં ગુરૂ રોબિન શર્માનાં પુસ્તકો ઈઝરાઈલનાં માજી મુખ્યપ્રધાન અને નોબેલ પુરસ્કાર વિજેતા સાઈમન પેરેઝ, મિશેલ ઓબામા, અને રિકી માર્ટિન જેવી વ્યકિતઓએ અપનાવ્યા છે.” – વિજય ટાઈમ્સ

“શર્મા વાચકોને આત્મસાક્ષાત્કાર તરફ દોરી જાય છે.” ધ ક્રોનિકલ હેરાલ્ડ

“પ્રેરણાદાયક વકતાઓનાં વર્તુળમાં તેમની નામના છવાયેલી છે, પણ તેમને ગુરૂ કહેવામાં આવે તે તેમને ગમતું નથી. આંતરરાષ્ટ્રિય સ્તરની સંસ્થા સ્થાપવાની તેમની દ્રષ્ટિ અને ક્ષમતાને કારણે તેઓ અગ્રગણ્ય ભારતીય કોર્પોરેટોમાંનાં એક ચુનંદા પ્રશિક્ષક ગણાય તે સમજી શકાય તેવી વાત છે.” – ધ ન્યુ ઈન્ડીયન એકસપ્રેસ.

લીડરશીપ વિઝડમ
ફ્રોમ ધ મંક હુ સોલ્ડ હીઝ ફેરારી પુસ્તકની પ્રશંસા

“આ ઉત્તમ પુસ્તક વાંચવામાં સરળ અને અત્યંત સહાયતાકારક છે... અમે અમારી પૂરી મેનેજમેંટ ટીમને અને સ્ટોર ઓપરેટરોને તેની પ્રતો વહેંચી છે. તેનો પ્રતિસાદ ખૂબ જ સકારાત્મક રહ્યો છે.” – ડેવિડ બ્લુમ, સી.ઈ.ઓ. શોપર્સ ડ્રગ માર્ટ

“આજની નેતૃત્વ વિશેની અત્યંત દબાણવાળી સમસ્યાઓનાં અસરકારક નિવારણો રોબિન શર્માએ સફાઈદાર, વ્યવહારિક ભાષામાં રજૂ કર્યા છે. હાલનાં સમયમાં જયારે વાણિજ્ય જગતનાં લોકોને ઘણી બધી પોકળ વાતોનો સામનો કરવો પડતો હોય છે, ત્યારે આ ખૂબ જ તાજગીભર્યું લાગે છે.” – ઈઆન ટર્નર, મેનેજર, સેલેસ્ટિકા લર્નીંગ સેંટર

“સન્યાસી વાણિજ્યમાં સંતુલન સૂચવે છે...પુસ્તક ઉપયોગી છે....” – ધ ટોરોંટો સ્ટાર

“લીડરશીપ વિઝડમ ફ્રોમ ધ મંક હુ સોલ્ડ હીઝ ફેરારી. બેસ્ટ સેલર લીસ્ટનાં પ્રથમ સ્થાન તરફ આગળ વધી રહી છે.” – ઈન્વેસ્ટમેંટ એકઝેકયુટિવ .

“આ પુસ્તક ડહાપણ અને સામાન્ય બુધ્ધિની સુવર્ણની ખાણ છે.” – ડીન લેરી ટ્રેપ, રિચર્ડ આઈવી સ્કુલ ઓફ બિઝનેસ, યુનિવર્સિટી ઓફ વેસ્ટર્ન ઓંટારિઓ.

“એક ઉત્તમ પુસ્તક જે કોઈપણ ધંધાદારી વ્યકિતને વધુ અસરકારક રીતે નેતૃત્વ કરવામાં અને જીંવવામાં સહાયતા કરશે.” – જીમ ઓ’નીલ, ડાયરેકટર ઓફ ઓપરેશન્સ, ડીસ્ટ્રીકટ સેલ્સ ડિવિઝન, લંડન લાઈફ.

“વાચકને એક દીર્ઘદ્રષ્ટિવાળા નેતા બનવા માટેનું જ્ઞાન આપી, તેમનો ધંધો ફુલ્યોફાલ્યો રહી શકે તેવા ઓર્ગેનાઇઝેશન માં તેનુ રૂપાંતર કરવાનું શીખવવાનું શર્માનું ધ્યેય છે.” – સેલ્સ પ્રમોશન મેગેઝીન.

“શર્મા પૂર્વ અને પશ્ચિમના મહાન તત્વવેત્તાઓનાં જ્ઞાનનો સમન્વય કરીને તેનો વાણિજ્ય જગતમાં ઉપયોગ કરે છે.” – ધ લીબરલ

“પ્રાચીન કાળનાં વિદ્વાનોનાં જ્ઞાન દ્વારા એક હાઈ-ટેક, શીધ્ર પરિવર્તનશીલ જગતનાં તણાવો સાથે કેવી રીતે કામ પાડવું તેનાં ઉપર શર્મા પ્રકાશ પાડે છે.” – ધ રેડ ડિયર એડવોકેટ

પારિવારિક જીવન વિશેની શીખ

સંન્યાસી જેમણે પોતાની સંપત્તિ વેંચી નાખી માંથી

FAMILY WISDOM

રોબિન શર્મા

જયકો પબ્લિશિંગ હાઉસ

અમદાવાદ બેંગલોર ભોપાલ ભુબનેસ્વર ચેન્નાઇ
દિલ્હી હૈદ્રાબાદ કલકત્તા લખનૌ મુંબઇ

પ્રકાશક
જયકો પબ્લિશિંગ હાઉસ
એ-2, જશ ચેંબર્સ, 7-એ સર ફિરોઝશાહ મહેતા રોડ
ફોર્ટ, મુંબઇ – 400 001
jaicopub@jaicobooks.com
www.jaicobooks.com

હાર્પર કોલિન્સ પબ્લિશર્સ લિમિટેડ
ટોરંટો, કેનેડાના સહયોગથી

© રોબિન શર્મા

FAMILY WISDOM FROM
THE MONK WHO SOLD HIS FERRARI
પારિવારિક જીવન વિશેની શીખ
ISBN 978-81-8495-112-7

અનુવાદ : જયશ્રી માનસેતા

પ્રથમ જયકો સંસ્કરણઃ 2010
છઠ્ઠી જયકો આવૃત્તિઃ 2014

પ્રકાશકની લેખિત અનુમતિ વિના આ પુસ્તકના કોઇ પણ
ભાગનો કોઇ પણ પ્રકારે ઉપયોગ કરી નહિ શકાય.
નહિ કૉપી કરી શકાય, ન રેકોર્ડીંગ, ન કમ્પ્યૂટર કે અન્ય કોઇ
માધ્યમ દ્વારા સ્ટોર કરી શકાય.

આ પુસ્તક હું મારા અસામાન્ય બાળકો, કોલ્બી અને બિઆંકાને સમર્પિત કરૂં છું, જેઓ મારા જીવનનાં બે શ્રેષ્ઠ અને સૌથી વધુ સમજદાર શિક્ષકો છે. હું તમને બન્નેને ખૂબ જ પ્રેમ કરૂં છું.

આ પુસ્તક હું મારા પ્રિય મિત્ર અને સહકાર્યકર્તા સ્વ.જોર્જ વિલિયમ્સને પણ સમર્પિત કરૂં છું, જેઓએ ઘણા વ્યકિતઓની જીંદગીઓને સ્પર્શ કર્યો પણ અમને અકાળે છોડી ગયા.

અંતમાં હું આ પુસ્તક આપને સમર્પિત કરૂં છું, વાચક. આ પૃષ્ઠોમાંથી પ્રાપ્ત કરેલી શીખ આપને એક વધુ સમજદાર વ્યકિત, વધુ સારા માતા-પિતા અને પરિવારનાં એવા આગેવાન બનવાની પ્રેરણા આપે, જેઓ વિશ્વનાં બાળકોને એક વધુ ઉદાત્ત અને સારૂં જીવન જીવવાની પ્રેરણા આપે.

આજથી સો વર્ષ પછી એ વાતથી જરાય ફરક નહીં પડે કે મારા બેંકના ખાતામાં કેટલા પૈસા હતાં, કે હું કેવા ઘરમાં રહેતો હતો, કે કેવી કાર ચલાવતો હતો, પણ વિશ્વમાં કદાચ ફરક પડયો હોઈ શકે કારણ કે હું કોઈ એક બાળકનાં જીવનમાં મહત્વનો હતો.
લેખક અજ્ઞાત

આપણે પાછળ છોડી જઈએ તે હૃદયોમાં વસતા રહેવું એટલે મૃત્યુ નહીં પામવું.
થોમસ કેંપબેલ

અનુક્રમણિકા

ઋણસ્વિકાર
મારી આંખ ખુલી ગઈ.
મારા જીવનનો સર્વોત્તમ ખરાબમાં ખરાબ અનુભવ
જીવતદાન
એક સન્યાસી મળવા આવે છે.
મહાન જુલિયન મેંટલની અલૌકિક યાત્રા
પરિવારનાં આગેવાનની પ્રથમ નિપુણતા
પરિવારનાં આગેવાનની બીજી નિપુણતા
પરિવારનાં આગેવાનની ત્રીજી નિપુણતા
પરિવારનાં આગેવાનની ચોથી નિપુણતા
પરિવારનાં આગેવાનની પાંચમી નિપુણતા
લેખક વિશે

ઋણ સ્વિકાર

સર્વપ્રથમ આભાર દુનિયાભરનાં તે લોકોનો માનવો રહ્યો, જેમણે ધ મંક હુ સોલ્ડ હીઝ ફેરારી શ્રૃંખલાનાં પુસ્તકો વાંચ્યાં, અને તેમાં રહેલાં જ્ઞાનનો ઉપયોગ માત્ર પોતાનાં જીવનને જ નહી. પણ તેમની આજુબાજુના લોકોનાં જીવનોને સમૃધ્ધ બનાવવાની બુધ્ધિમતા વાપરીને કર્યો. મેં આપેલાં બોધપાઠો તમારી યાત્રામાં કેટલાં મદદરૂપ થયા છે, તે વિશેનાં તમારા પત્રો અને ઈ-મેઈલો મળવાથી મને ખૂબ જ આનંદ થાય છે. પરિવર્તન લાવી, પ્રગતિ કરીને આગેવાની કરવાની હિંમત દાખવવા માટે હું તમારૂં સન્માન કરૂં છું.

હાર્પર કોલિંસનાં મારા મિત્રોનો ખાસ આભાર, જેઓ મને આ પુસ્તકો લખતાં રહેવા માટે પ્રોત્સાહન અને પ્રેરણા આપતા રહ્યાં છે. આઈરિસ ટુ ફોલ્મ, કલોડ પ્રીમો, જયુડી બ્રનસેક ડેવિડ મિલાર, લોઈડ કેલી, મારાં પ્રકાશક ડોરે પોટર મારી કેંપબેલ, નીલ એરિકસન, પોલીન થોમ્પસન, અને ખાસ કરીને મારા માયાળુ, સમજદાર અને ઉમદા એડીટર નિકોલ લેંગ્લોઈસનો હું ખાસ આભાર માનું છું.

હું આ પુસ્તક લખી રહ્યો હતો, તે દરમ્યાન મારા કાર્યક્રમને મેનેજ કરવા બદલ મારાં અત્યંત નિષ્ઠાવાન એકઝેકયુટિવ એસિસ્ટંટ એન ગ્રીનની પણ મારે કદર કરવી રહી. મારા સહકાર્યકર્તા રીર્ચડ કાર્લસન – એક એવાં વ્યકિત જે પોતાનાં સંદેશ પ્રમાણે જીવે છે – અને મારા મિત્ર માલ્કમ મેકિલોપ, જેમણે મને પોતાનું સરોવર કિનારા પાસેનું નિવાસસ્થાન હું દુનિયાથી દૂર જઈને અદ્‌ભૂત વાતાવરણમાં રહીને પારિવારિક જીવન વિશેની શીખ વિશેનું પુસ્તક લખી શકું, તે માટે ઉપલબ્ધ કરાવ્યું, તે બન્નેની પણ મારે કદર કરવી રહી. મારા સર્વ ગુરૂઓ, જેરી વેઈનર, એડ કાર્સન અને લોર્ન કલાર્કનો પણ મને “સાચા રસ્તે ટકી રહેવા” માટે પ્રેરણા આપવા બદલ આભાર. તમારી કોન્ફરન્સોમાં મારો નેતૃત્વ વિશેનો સંદેશ આપવાનો મને લ્હાવો આપવા બદલ, અને વ્યકિતઓ જ તમારી સંસ્થાઓનું હાર્દ છે, તે સમજવાનું ડહાપણ ધરાવવા બદલ મારા દરેકે દરેક કોર્પોરેટ ગ્રાહક પ્રત્યે હું કુતજ્ઞતા વ્યકત કરૂં છું. પ્રકાશપુંજ બની રહેવા બદલ જીલ હ્યુલેટનો હૃદયપૂર્વક આભાર. ઉત્તમ માતા-પિતાનાં ઉદાહરણો બનીને મારા ઉપર જે બધો પ્રેમ, કરૂણા અને સહાયતા વરસાવી, તે બદલ હું મારા માતા-પિતા શિવ અને શશી શર્માનો અંતઃકરણપૂર્વક આદર કરૂં છું. જયારે મને તમારી ખાસ જરૂરત હતી, ત્યારે મારી સાથે રહેવા બદલ મારા ભાઈ સંજય અને ભાભી સુઝાનનો હાર્દિક આભાર.

અને અંતમાં મને એટલો બધો આનંદ આપવા બદલ મારા બન્ને બાળકો કોલ્બી અને બિઆંકાનો હું આભાર માનું છું.

મારી આંખ ઉઘડી ગઈ

આપણી શ્રેષ્ઠ પળોમાં આપણે પોતાનાં વ્યકિતત્વનાં જે સ્વરૂપની ઝાંખી કરી શકીએ છીએ, તેવા બનતા આપણે સાધારણ રીતે ડરતાં હોઈએ છીએ.
એબ્રાહમ માસ્લો

આપણાં જીવનની સૌથી દુઃખદ ઘટના મૃત્યુ નથી. આપણાં જીવનની સૌથી દુઃખદ ઘટના એ છે કે આપણે જીવી જાણ્યું નથી. મોટા ભાગનાં લોકો પોતાનું વ્યકિતત્વ સંપૂર્ણ રીતે વ્યકત કર્યા વિના જ જીવન વેડફી નાખતા હોય છે. જીવનમાં ખરેખર મહત્વની બાબત એ નથી કે આપણે કેટલાં રમકડાં વસાવ્યા અથવા તો કેટલું ધન કમાયા. ખરેખર મહત્વની બાબત તો એ છે કે આપણે પોતાનું કલા-કૌશલ્ય કેટલું વિકસાવી તેનાં દ્વારા દુનિયાને કેટલી સમૃધ્ધ બનાવી. આ વાત મને છેક હવે સમજાય છે. આ વાત ખૂબ જ સુંદર શબ્દોમાં રજુ કરતાં ટોલ્સટોય કહે છે કે "જયારે આપણે બીજાઓ માટે જીવીએ, ત્યારે જ આપણે પોતાનાં માટે જીવતાં હોઈએ છીએ."

આટલી સીધી સાદી વાત સમજતાં મને ચાલીસ વર્ષો લાગી ગયાં. ચાલીસ લાંબા વર્ષો ... માત્ર એટલું જ સમજતાં કે સફળતા પાછળ દોટ મુકવાથી સફળતા મળતી નથી. બીજાઓનાં જીવનને સમૃધ્ધ બનાવવામાં વિતાવેલાં જીવનનાં એક પરિણામ સ્વરૂપે અનાયાસે, પણ અચુક રીતે સફળતા તમારા જીવનમાં આપોઆપ વહી આવે છે . પોતાનાં જીવનનિર્વાહ માટેની પ્રવૃત્તિને બદલે જયારે તમે આજીવન સેવાનાં કાર્યને તમારા દૈનિક જીવનનું લક્ષ્ય બનાવી દેશો, ત્યારે તમારી જીંદગી સફળતાની ચરમ સીમા પાર કર્યા વિના નહીં રહે. મારા માન્યામાં હજી નથી આવતું કે મારા જીવનના મધ્યબિંદુ સુધી હું એટલું પણ સમજી શકી ન હતી કે અખબારો અને વ્યાપારને લગતાં સામયિકોનાં મુખપૃષ્ઠો પર આપણને મુકાનારા આપણાં જલવંત કાર્યો દ્વારા આપણને માનવ જીવનની પરિપૂર્ણતા પ્રાપ્ત થતી નથી. તે પ્રાપ્ત થઈ શકે છે માત્ર એવાં સરળ, સામાન્ય તથા સવિશેષ નીતિમાન કાર્યો દ્વારા, જે કરવા જો આપણે ખરેખર ઈચ્છીએ, તો આપણાં દૈનિક જીવનમાં તે કરી શકવાનું સદ્‌ભાગ્ય આપણે જરૂર પ્રાપ્ત કરી શકીએ. જન હૃદયસમ્રાજ્ઞી, અગ્રગણ્ય પથપ્રર્દશિકા મધર ટેરેસાએ આ વાતને અત્યંત સચોટ રીતે રજુ કરતાં કહયું છે કે "કાર્યો મહાન નથી હોતાં. અત્યંત પ્રેમપૂર્વક કરાયેલાં નાનાં કાર્યો જ મહાન બની જતાં હોય છે" મારા જીવનમાં આ સત્ય મને ખૂબ જ કઠિનતાપૂર્વક સમજાયું.

અત્યાર સુધી જીવનસંઘર્ષમાં જ હું એટલી બધી વ્યસ્ત હતી કે હું જીવન જીવવાનું ચુકી રહી હતી. જીવનમાં મોટા સુખો પાછળ દોડવામાં હું જીવનનાં અલ્પ સુખોથી વંચિત રહી ગઈ હતી. એવાં અલ્પ સુખોથી, જે આપણાં રોજીંદા જીવનમાં વણાઈને આવતાં જતાં રહેતાં હોય છે પણ જેનાં પ્રત્યે આપણે ઘણીવાર દુર્લક્ષ્ય સેવતાં હોઈએ છીએ. મારાં દિવસો અત્યંત ઉદ્યમશીલ રહેતાં, મારૂં મગજ સતત વ્યસ્ત રહેતું, પરંતુ મારા આત્માને મળતું પોષણ હંમેશા

અપુરતું રહેતું. સાચું કહું તો મારૂં જીવન બાહય દ્રષ્ટિએ સફળ હોવા છતાં આંતરિક માર્મિકતાની દ્રષ્ટિએ દેવાળું ફુંકી ચુકયું હતું.

હું એવી જુનવાણી માન્યતાઓ ધરાવતી હતી કે જીવનમાં સુખ ત્યારે જ આવે જયારે હું મારે યોગ્ય કાર ખરીદું, યોગ્ય મકાન બનાવું,અને મને બઢતી આપી મારી નિમણુંક યોગ્ય હોદ્દા પર કરવામાં આવે.વ્યકિતની કિંમત હું તેમના હૃદયની વિશાળતા અને તેમનાં ચારિત્રની દ્રઢતાનાં માપદંડથી નહીં, પણ તેમનાં પાકીટની સાઈઝ તથા તેમનાં બેંકનાં ખાતામાં કેટલું ભર્યુ છે, તે માપદંડથી કરતી. તમે કહેશો કે હું બહુ સારી વ્યકિત ન હતી. મારા બચાવમાં હું માત્ર એટલું જ કહીશ કે જીવનનાં ખરા અર્થથી કે જીવન જીવવાની કળાથી હું સંપૂર્ણપણે અજ્ઞાત હતી. કદાચ આ મારી સોબતની અસર હોઈ શકે, કારણ કે ધંધાકીય જગતમાં જે લોકોને હું ઓળખતી હતી, તેઓ બધા જ આવી માન્યતા ધરાવતા હતાં. અમે બધા અમારા દિવસના ઉત્તમ કલાકો સફળતાની સીડીઓ ચડવામાં વિતાવતાં જે અમે ધારતાં કે અમને અમારી મનોવાંચિત ખૂણાની ઓફીસ, અથવા તો ઉનાળો ગાળવા માટે હેમ્પટન્સમાં આલિશાન મકાન કે કદાચ ફ્રાન્સનાં કોઈ સ્કી રીસોર્ટમાં એકાદ ભવ્ય બંગલો અપાવી શકશે. અમે બધા કીર્તિ, પ્રશંસા તથા માન સન્માન ઈચ્છતાં હતાં. અમને અઢળક ધન જોઈતુ હતું, અને આ બધા કરતાં પણ વધુ તો અમે ચાહના મેળવવા ઈચ્છતાં હતાં.

અને ભલે હું એવી ઈચ્છા જરૂર રાખતી કે ભવિષ્યમાં કયારેક હું માતા બનીશ અને મારૂં પોતાનું કુટુમ્બ ધરાવીશ, પણ એકાંતની પળોમાં મારા દીવાસ્વપ્નોમા રમતગમતનાં મેદાનમાં ભુલકાંઓને પ્રોત્સાહન આપવા કરતાં મોટા ભાગે હું પોતાની જાતને "ફોર્બ્સ" અથવા તો "ફોર્ચ્યુન" મેગેઝીનનાં મુખપૃષ્ઠ પર જોતી જેમાં મારા સુડોળ દેહનાં ફોટા નીચેના શીર્ષકમાં લખ્યું હોય "કેથરીન ક્રુઝ : એક એવા સી.ઈ.ઓ. જેઓ બધા જ નિયમોનો ભંગ કરીને પણ જીતી ગયાં." મારા કામે જતાં જતાં રસ્તામાં રોજ હું "આજનો દિવસ મારી જીંદગીનો ઉત્તમ દિવસ બની રહેશે" તથા "મારૂં દિમાગ કરોડપતિનુ તથા દિલ યોધ્ધાનું છે" તેવા કથનો રટતી રહેતી. તમને નાપસંદગીથી ડોકું ધુણાવતા હું કલ્પી શકું છું, પણ તે જમાનામાં સફળતા મેળવવા હું એટલી બધી આતુર હતી, કે તેના માટે હું કાંઈપણ કરવા તૈયાર હતી. તે વખતે લોકો મને જે બોલવાનુ કહે તે બોલવા, જેમ કરવાનું કહે તેમ કરવા, તથા ભુલેચુકે જો કોઈ અભાગિયું મારા રસ્તાનું રોડું બને તો તેને હડફેટે ચડાવીને આગળ ધપવા હું તૈયાર હતી. હું એમ કહેવા નથી માંગતી કે તે વખતે હું જેવી વ્યકિત હતી તે બાબતનો મને ગર્વ છે. હું માત્ર એટલું જ કહેવા માંગુ છું કે તે જમાનામાં હું તેવા પ્રકારની વ્યકિત હતી. હું કઠોર, નિર્દય, મહત્વાકાંક્ષી અને ધગશવાળી હતી. મારી પોતાની રચેલી દુનિયામાં ટકી રહેવા માટે મેં મારી લાગણીશીલતાને નેવે મુકી દીધી હતી.

મારૂં જીવન મારા વ્યવસાયને અનુરૂપ બની ગયું હતું અને હું માનતી હતી કે મારા નસીબમાં ચોકકસ લખ્યુ છે કે મારા કારોબારમાં હું સફળતાનાં સર્વોચ્ચ શિખરો સર કરી શકીશ. મારી ઓફીસની દિવાલ મહાન અંગ્રેજી કવિ વિલ્યમ વડસ્વર્થ લાંગફેલોની આ ઉકત પંકિતઓથી સજાવેલી રહેતી.

આપણે પણ આપણું જીવન દિવ્ય બનાવી શકીએ છીએ,
અને ચિરવિદાયની વેળાએ, સમયની રેતમાં
આપણે પણ આપણાં પદ્‌ચિન્હો છોડી જઈ શકીએ છીએ.

સાચે જ, "સૌથી વધુ મહત્વ વ્યકિતનું જ હોય છે' અને "જયાં સુધી લોકોને જાણ ન થાય કે તમે કેટલી પરવા રાખો છો, ત્યાં સુધી તેઓને પરવા નથી હોતી કે તમે કેટલું જાણો છો" જેવા મીઠા મધ સુવાકયો જે મને તથા મારા એમ.બી.એ.સ્કુલનાં સહપાઠી મિત્રોને અમારા સમૃધ્ધ કંસસ્ટંટસ્ અને હિતેચ્છુ પ્રોફેસરો વારંવાર પિરસતાં રહેતા, તેવા સુવાકયો પઢાવેલાં પોપટની જેમ અમે પણ બરાબર બોલતાં શીખી ગયા હતા. તેમ છતાં, અમારા બધાનાં હૃદયોનાં ઉંડાણમાં માત્ર એક જ ઈચ્છા રહેતીઃ અમારો પોતાનો સ્વાર્થ સાધવો. અમારા ધ્યેય, અમારી આકાંક્ષાઓ, અમારા સ્વપ્નાઓ સાકાર કરવા-ભલે તેમ કરવા માટે અમારે ગમે તેટલાં લોકોને અમારા પગ તળે કચડી નાંખવા પડે. એટલા માટ અમે વ્યવસાયમા સફળતા અને અઢળક ધનની ખોજમાં અમારા આત્માઓનો બલિ ચઢાવ્યો. અમે અમારૂં સંપૂર્ણ ધ્યાન માત્ર અમારા કામમાં કેન્દ્રીત કર્યુ. આ વાત કબુલ કરતાં હવે ભલે મને ક્ષોભ થાય છે, પણ શરૂઆતના તે વર્ષોમાં તેમાં મને મજા આવતી. ખરેખર ખૂબ મજા આવતી.

અમારા કલાસની સૌથી તેજસ્વી વિદ્યાર્થિની હોવાથી મને દુનિયાની ઉત્તમ કંપનીઓમાંથી હું જે પસંદ કરૂં તેમાં કામ કરી શકવાની તક મળી હતી. પણ હું પહેલેથી જ જરા પ્રણાલિની વિરોધી હોવાથી મે આવી બધી કંપનીઓની છ આંકડાવાળા વેતની ઓફરો સહર્ષ નકારી કાઢીને મારી માતાને સંતાપ કરાવી દીધો. તેને લાગ્યું કે મારી તો મતિ જ મરી ગઈ છે! મારી બિઝનેસ સ્કુલનાં એક પ્રોફેસર જેઓ પણ સામાન્ય ચીલે ચાલવાનું ઓછું પસંદ કરતાં, તેમના શબ્દો મને યાદ આવ્યા. (તેઓનો ઉપદેશ હતો કે "જયારે તમે સુયોગ્ય નોકરીની તલાશમાં હો, ત્યારે પોતાની જાતને એમ ન પૂછશો કે 'મને આ કંપનીમાં કામ કરવુ ગમશે? તેને બદલે એમ પૂછજો, કે 'શું મને આ કંપનીના માલિક થવું ગમશે?") મેં ઓછી પ્રખ્યાતીવાળી, પણ ઉચ્ચતમ વિકાસ કરવાનુ સામર્થ્ય ધરાવતી એક ફાઈનાન્શિયલ કંપનીમાં ચપળતા-ચતુરાઈ માંગી લેતો ફાસ્ટ ટ્રેક મેનેજરનો હોદ્દો સ્વિકારી લીધો. નોકરીના ગમે તેટલા અનઉત્સુક ઉમેદવાર પર પણ વેતનમાં ભાગરૂપે સ્ટોક આપવાની લાલચની અસરને કદિ પણ ઓછી આંકશો નહીં.

મને નોકરી સ્વિકારવાનાં બોનસ તરીકે મારા નવા શેઠે આપેલી મારી ઝગમગતી કાળી મર્સિડીસ કાર રોજ સવારે ૫.૧૫નાં ટકોરે સિત્તેર મઝલી કાચ અને ધાતુઓની બનેલી મારી ઓફીસની ઈમારતનાં ભોયતળિયાનાં પાર્કિંગ સ્થાને ઝડપભેર પહોર્ચી જતી. હવે પછીનાં અમુક વર્ષો હું આ જ ઓફીસમાં વિતાવવાની હતી. એક હાથમાં 'વોલ સ્ટ્રીટ જર્નલ' અખબારની તાજી કોપી અને બીજા હાથમાં મગરનાં ચર્મની બનેલી મારી એટેચી કેસ લઈ હું રૂઆબભેર એલેવેટરોની લોબીમાં અને ત્યારબાદ બાસઠમાં માળે આવેલી મારી ઓફીસમાં પહોંચી જતી. આ જ મારૂં ખરૂં ઘર હતું.

ત્યાં પહોંચી હું મને મોકલવામાં આવેલાં સંદેશાઓ તપાસી જતી, અને મને કરવામાં આવેલાં ફોન કોલનાં પ્રત્યુત્તર રૂપે વળતાં ફોન કરી લેતી. પણ ત્યાર પછીનાં મારા સોળથી અઢાર કલાકો અતિ માનસિક તણાવભર્યા અને લગભગ અંધાધુંધીવાળા રહેતાં. મને બહુ જ ટુંકા ગાળામાં બઢતીઓ મળતી ગઈ, અને મારી નિમણુંક પહેલાં ડિવિઝનલ, ત્યારબાદ સિનિયર અને ત્યારબાદ વાઈસ પ્રેસિડેંટ તરીકે કરવામાં આવી. તે વખતે મારી ઉંમર પુરા પાંત્રિસ વર્ષની પણ થઈ ન હતી.

હું વિમાનોમાં ફર્સ્ટ કલાસમાં બેસીને દુનિયાભરની મુસાફરી કરવાનો આનંદ માણતી, વાણિજય જગતનાં ચુનંદા લોકોનાં સંપર્કમાં આવતી, સર્વોત્તમ રેસ્ટોરાંમાં ભોજન લેતી, અને મારા સમકક્ષીઓ ઈર્ષ્યાથી બળી જાય તેવા વ્યાપારી સોદાઓ કરતી. યથાકાળે મને એક આલીશાન ઓફીસ આપવામાં આવી, અને મેં વીણી ચુણીને ખરીદેલાં શેરોનાં સ્ટોકનાં ભાવો મારી ધારણા મુજબ સાતમે આસમાને પહોંચી જતાં છેવટે હું સ્કી રીસોર્ટમાં એક બંગલો પણ ખરીદી શકી.

થોડા વર્ષો પહેલાં મે અને મારી બિઝનેસ સ્કુલનાં મારા કેટલાંક સહપાઠી મિત્રોએ મળીને એક વેબ સાઈટની કંપની શરૂ કરી હતી, જેને અમે બ્રેવલાઈફ.કોમ નામ આપ્યું. આ વેબ સાઈટ ઉપર આજનાં અતિ સ્પર્ધાપૂર્ણ યુગમાં કોર્પોરેશનો માટે ઉત્તમ કાર્યક્ષમતા મેળવી આગળ વધવા ઈચ્છનારા પોતાનાં કર્મચારીઓને તાલીમ આપી તેમનો વિકાસ કરવાની ક્રાંતિકારી આધુનિક પધ્ધતિ રજુ કરવામાં આવી હતી. અમે તો આ વેબસાઇટની શરૂઆત માત્ર શોખ ખાતર કરી હતી પણ બ્રેવલાઈફ. કોમ તત્કાળ જ લોકપ્રિય બની ગઈ. જુજ મહીનાઓમાં જ દેશનાં બધા જ પ્રમુખ વાણિજય પ્રકાશનોમાં અમારા આ અજોડ ધંધાકીય સાહસ વિશે લેખો છપાયા. વાણિજયનાં પંડિતો અમારા આ સાહસને જાહેર ક્ષેત્રમાં લાવવા પબ્લિક લીમીટેડ બનાવવા – માટે બિલકુલ સુયોગ્ય ગણાવતા હોવાથી અને નાણાંનું રોકાણ કરનારાઓ અમારી આજુબાજુ ગીધડાઓની જેમ મંડરાવા લાગ્યા હોવાથી મારા ભાગીદારો અને હું સમજી ગયાં હતાં કે અમે ટુંક સમયમાં જ સમૃધ્ધ બની જઈશું. મારી નિરાંતની પળોમાં મેં જેવી કલ્પના કરી હતી, તે જ પ્રમાણે બધું બની રહ્યું હતું. હું ધનાઢય, પ્રખ્યાત અને લોકપ્રિય બનવાની હતી. મને જે મેળવવાની ઉત્કંઠ લાલસા હતી, તેવા સર્વ ભૌતિક સાધનો ખરીદવાને હું સક્ષમ બનવાની હતી, અને અંતે મારી જીંદગી મારી રીતે જીવી શકવાને માટે હું સાધન સંપન્ન બનવાની હતી. હું સર્વોચ્ચ શિખરે લગભગ પહોંચવા જ આવી હતી, અને જેવી સફળતાની જીંદગી હું હંમેશા જીવવા ઈચ્છતી હતી, તેવી જીંદગી જીવી રહી હતી, અને છતાંય, જયારે મારા સ્વપ્નો સાકાર થવાની અણી ઉપર હતાં, ત્યારે જ અચાનક મને એક એવા સત્યનું ભાન થયું, જેને કારણે મારો ઉત્સાહ સાવ જ શાંત પડી ગયો. હું ગમે તેટલું કરૂં તો પણ એ તથ્ય નકારી શકું તેમ ન હતી કે હું અત્યંત દુઃખી હતી.

સાત વર્ષથી હું એવું લગ્નજીવન જીવી રહી હતી જેમાં ઉત્કંઠતા કે પ્રેમનો અંશ માત્ર પણ ન હતો. તે વખતે હું જે કંપનીમાં કામ કરતી હતી તેણે પોતાનાં સારી કામગીરી બજાવનારા અધિકારીઓને પોતાની નેતૃત્વક્ષમતા વધારવા માટે વનપ્રદેશનાં એક શાંતિમય સ્થળે મોકલ્યાં હતાં. મારા પતિ જોન ક્રુઝને હું ત્યાં મળી હતી. જોન પોતાનાં ધંધામાં મહામહેનતે પોતાનો માર્ગ કાઢી રહયો હતો. પર્વતોમાં તે પ્રેરણા મેળવવા આવ્યો હતો. અનાયાસે અમે બન્ને એક જ ટીમમાં સામેલ હતા અને અમને મધરાતે એક કઠિન ખડક ઉપર ચઢવાનુ કામ આપવામાં આવ્યું હતું. જોનને મારી નિડરતા અને મકકમતા ગમી ગયાં, અને હું તરત જ તેની સજજનતા તથા જીવન જીવવાનાં ઉમંગ પ્રત્યે આકર્ષાઈ. અમે પ્રેમમાં પડયાં અને મારા સામાન્ય રીતે સાવચેતીવાળા સ્વભાવની વિરૂધ્ધ જઈ અમે છ અઠવાડિયામાં જ લગ્ન કરી લીધા.

જોન એક સજજન માણસ હતો જે એવા વિશ્વમાં જીવી રહયો હતો જયાં નરી સજજનતા તથા સુદ્રઢ અને સારા ચરિત્રની જરાય કિંમત રહી નથી. અમારા શરૂઆતનાં વર્ષો ઘણા આનંદપૂર્વક પસાર થયાં, પણ જેમ જેમ વર્ષો વિતતાં ગયા તેમ તેમ જાળવી રાખવા પ્રત્યેની બેદરકારીને લીધે અમારા સંબંધો વણસતા ગયા. તેને નિર્સગ અને ખુલ્લું વાતાવરણ

ગમતાં, અને મને શાનદાર રેસ્ટોરાં અને ફેશન શોઝ. તે ઉત્તમ પુસ્તકોનો સંગ્રહ કરતો અને પાછલી ઓસરીમાં કાષ્ટશિલ્પ કરવું તેને ખૂબ જ ગમતું. હું સારામાં સારી વાઈન્સ ખરીદતી અને લલિત કલાઓની કદર કરતી. પણ મારે કહેવું પડશે કે અમારા ભિન્ન પ્રકારનાં શોખને કારણે જ અમારું લગ્નજીવન આદર્શ થી ઉતરતી કક્ષાનુ હતું તેવુ ન હતું. ખરૂં કારણ તો એ હતું કે હું મારા પતિ સાથે સમય ગાળવા ઘરે રહેતી જ નહીં.

હું રાતના જયારે ઘરે પાછી ફરૂં, ત્યારે જોન તો સુઈ ગયો હોય. એ સવારે ઉઠે ત્યારે મારી મર્સિડીસ કાર ઓફીસે પહોંચવા આવી હોય. એમ કહેવું ઉચિત ગણાશે કે એક જ છતની નીચે રહેવા છતાં અમે નિરાળી જીંદગીઓ જીવતાં હતાં. મારા ખાલીપણા અને નિરૂત્સાહ માટે માત્ર જોન સાથેના મારા સંબંધો જ કારણભુત ન હતાં. અમારા બે અદ્‌ભુત નાના બાળકો હતાં, જે હું જાણતી હતી કે મારી હર હંમેશની ગેરહાજરીને લીધે ખૂબ જ હેરાન થતાં હતાં. હું ઓફીસમાં જેટલો સમય ગાળતી તે વિશે તેઓ મને એક શબ્દ પણ કહેતાં નહીં, પણ તેમની ઉંડી નિરાશા, અને જે સ્ત્રીને તેઓ "મા" કહીને બોલાવતા તેની સાથે વધુ ગાઢ સંબંધો ધરાવવાની તેમની ખરી જરૂરીઆત તેમની આંખોમાં સ્પષ્ટ દેખાતી.

અમારો પુત્ર પોર્ટર છ વર્ષનો થવા આવ્યો હતો અને અમારી પુત્રી સરિતા ત્રણ વર્ષની હતી. હું જાણતી હતી કે આ બાળપણનાં વર્ષો તેમનાં ચારિત્રના ઘડતર અને વિકાસ માટે સૌથી મહત્વનાં વર્ષો હતાં. હું જાણતી હતી કે આ વર્ષો દરમ્યાન તેમને એવાં પ્રેમાળ અને આદર્શરૂપ વ્યકિતઓનાં સતત સાનિધ્યની જરૂરત હતી જે અત્યંત વ્હાલપૂર્વક તેમનાં કુમળા મગજોમાં વિપુલ ડહાપણ અને જ્ઞાન રેડે. હું જાણતી હતી કે તેમનાંથી દુર વિતાવેલાં કલાકો માટે હું એક દિવસ જરૂર પસ્તાઈશ, પણ કોઈ અકથ્ય કારણસર હું પોતાની જાતને મારી ઓફીસ અને મારા અત્યંત અટપટા વ્યવસાયિક જીવનની જવાબદારીઓમાંથી મુકત કરી શકતી ન હતી.

મારા જ્ઞાની પિતા મને હંમેશા કહેતાં "જીવન માત્ર તક રૂપી બારીઓની એક એવી હારમાળા છે જેને એકબીજા સાથે ગુંથી લેવાથી એક શ્રૃંખલા બની જાય છે, અને તે સિવાય બીજું કશું નથી" મારામાં એટલી તો સમજણ અને અકકલ હતી કે પોર્ટર અને સરિતા માત્ર આ જ સમય દરમ્યાન બાળકો રહેવાના છે, અને અત્યારે જ તેમને મારી સૌથી વધુ જરૂરત છે. તકની આ બારી જયારે બંધ થઈ જશે, ત્યારે તેમની આ ઉગતી ઉંમર દરમ્યાન તેમને ભવિષ્યમાં સમૃધ્ધ જીવન ગાળવા માટે જરૂરી આદર્શો, ગુણો અને દીર્ઘદ્રષ્ટિ આપી શકવાની તક હું હંમેશ માટે ગુમાવી બેસીશ. હું એ પણ જાણતી હતી કે જયારે તેમને મારી સૌથી વધુ જરૂરત હતી તે વખતે તેમની પાસે હાજર ન રહેવા માટે હું પોતાની જાતને કોઈ દિવસ માફ નહી કરી શકું. મને લાગે છે, કે મારામાં મારી અવ્યવસ્થિત જીંદગીને તજીને મારી વધુ મહત્વપૂર્ણ જરૂરીઆતો વિશે વિચારવાની હિંમત જ ન હતી, અને એટલી સમજણ પણ ન હતી કે મારી દિનચર્યામાં મારી આ મહત્વપૂર્ણ જરૂરીયાતોનો પણ સમાવેશ હોવો જોઈએ. ગમે તેટલાં પ્રયત્નો કરવા છતાં પણ હું મારા કામના ધોધનો તિવ્ર વેગ ખાળીને મારા જીવનમાં ફરીથી સંતુલન લાવી શકતી ન હતી. હું ખરેખર એમ માનતી હતી કે એડ્રિનાલિનનાં અતિક્રમણ વિના અને મારે કરવાનાં અનેક કાર્યોને લીધે મને મારા પોતાના મહત્વની જે ભાવના થતી હતી, તેના વિના હું જીવી નહીં શકું. જાહેરમાં ભલે હું ગમે તેટલું કહ્યા કરૂં કે મારૂં કુટુંમ્બ જ મારા માટે સૌથી વધુ મહત્વનુ છે પણ હકીકત તો સ્પષ્ટ રીતે તેનાંથી વિરૂધ્ધ જ દર્શાવતી હતી. બધા જ પુરાવાઓ દર્શાવતા હતાં કે મારી કારકીર્દી અને પૈસાદાર થવાની મારી ઈચ્છાનુ સ્થાન પ્રથમ હતું અને જોન તથા બાળકો દૂર બીજા નંબરે

આવતાં.

મારા જીવનનો સર્વોત્તમ ખરાબમાંથી ખરાબ અનુભવ

જો મારી જીંદગી મને ફરીથી જીવવા મળે તો હું વધુ આરામ કરૂં, આ સફર દરમ્યાન કરી તેનાથી વધુ મુર્ખતાઓ કરૂં. હું વધુ પર્વતો ચડું, વધુ નદીઓમાં તરૂં, અને વધુ સુર્યાસ્તો નિહાળું. મારી વાસ્તવિક મુશ્કેલિઓ વધુ હોય, અને કાલ્પનિક ઓછી. હા, મેં પણ સારી પળો માણી છે અને જો હું ફરીથી શરૂઆત કરી શકું તો તેનાથી પણ વધારે તેવી પળો માણું. હકીકતમાં તો હું પ્રયત્ન કરૂ કે તે સિવાય મારે બીજું કંઈ પણ કરવાનુ ન રહે. માત્ર તેવી પળો જ રહે. એક પછી એક, તેવી જ પળો અને હું વધુ પુષ્પો વિણું.

નાદીન સ્ટેર – ઉંમર ૮૯

મરણ પથારીએ ન પડે ત્યાં સુધી મોટા ભાગનાં લોકો જીંદગી શું છે તે સમજી શકતાં નથી. મૃત્યુ જયારે સન્મુખ આવીને ઉભું રહે ત્યારે તેઓને જીવનનાં સૌથી ગુઢ અર્થો સમજાય, અને પોતે શું ગુમાવ્યું છે તેનુ ભાન થાય. જીંદગી આ રીતે ક્રુર બની શકે છે. જીંદગીએ આપેલા ઉપહારો ઘણીવાર છેક તેનાં અંત સુધી મળતા નથી. જયારે આપણે યુવાન હોઈએ, આપણી આખી જીંદગી હજી આપણી સામે હોય, ત્યારે આપણે જીવન જીવવાનું ટાળતાં હોઈએ છીએ. “હું આવતા વર્ષે કુદરતી વાતાવરણમાં વધારે સમય ગાળીશ, કે વધુ હસીશ કે વધુ પ્રેમ કરીશ. આવતા વર્ષે હું મારા બાળકો સાથે વધુ સમય ગાળીશ અને સાહિત્યની ઉત્તમ કૃતિઓ વાંચીશ. આવતા વર્ષે હું વધુ સુર્યાસ્તો નિહાળીશ અથવા તો વધુ ગાઢ મિત્રતા બાંધીશ, પણ અત્યારે તો મારે ઘણાં કામ કરવાનાં બાકી છે, અને ઘણાં લોકોને મળવાનુ છે” આપણા જમાનાનાં આ સર્વસામાન્ય કથનો છે. ખેર, મને શીખવા મળ્યુ છે કે જો તમે તમારી જીંદગીને પોતાનાં તાબામાં નહીં કરી લ્યો, તો તમારી જીંદગી તમને પોતાનાં તાબે કરી લેશે. દિવસો અઠવાડિયાઓમાં પલટાઈ જશે, અઠવાડિયાઓ મહીનાઓમાં પલટાઈ જશે અને તમને ખ્યાલ આવે તે પહેલાં તો તમારી જીંદગી પૂરી થઈ જશે. બોધ સ્પષ્ટ છે. દિશાહીન જીવન જીવવાને બદલે તમારી જીંદગી હેતુપૂર્ણ રીતે જીવો. ખેલમાં ફરીથી સામેલ થઈ જાઓ, અને જે ઉન્નત વાસ્તવિકતા સાધવા તમે સર્જાયા છો તેમ તમે અંતઃકરણપૂર્વક માનો છો, તે વાસ્તવિકતા સર્જવાને કટિબધ્ધ થઈ જાઓ. મરણ પથારીએ પડો ત્યારે તમને લાગે છે કે તમે અમુક રીતે જીવ્યાં હોત તો કેટલું સારૂ, તે રીતે જીવવાનું આજથી જ શરૂ કરી દયો. અથવા તો માર્ક ટવેઈનનાં શબ્દોમાં કહીએ તો તમારી જીંદગી એવી રીતે જીવી જાઓ કે તમારી આંતિમક્રિયા કરતાં કરતાં દફન કરનારો પણ રડી પડે

આપણે એક અજબ દુનિયામાં વસી રહ્યા છીએ. ક્ષતિરહિત ચોકસાઈપૂર્વક એક મિસાઈલને દુનિયાનાં એકથી બીજે છેડે આપણે ફેંકી શકીએ છીએ, પણ માત્ર રસ્તો ઓળંગીને જ સામી બાજુ રહેવા આવેલાં આપણા નવા પડોશીને મળવા જવાનું આપણને આકરૂં પડે છે. આપણાં બાળકો સાથેનાં સંપર્કમાં આપણે જેટલાં કલાકો ગાળીએ છીએ, તેથી વધુ કલાકો આપણે

ટેલિવિઝન જોવામાં ગાળીએ છીએ. આપણે કહેતાં હોઈએ છીએ કે આપણે દુનિયાને બદલી નાંખીશું, પણ આપણે પોતાની જાતને બદલવા તૈયાર નથી. અને છેવટે જયારે આપણાં જીવનનો સૂર્ય અસ્તાચળ તરફ ઢળે, અને આપણે આત્મનિરિક્ષણ માટે થોડો સમય કાઢીએ ત્યારે આપણે જે આનંદ માણી શકયાં હોત, જે દયા દાખવી શકયાં હોત અને જેવાં વ્યકિત આપણે બની શકયાં હોત તેની આપણને ઝાંખી થાય છે, પણ ત્યારે ખૂબ જ મોડું થઈ ચુકયું હોય છે. આપણાંમાનાં મોટાભાગનાં લોકો જીવન પ્રત્યે જાગ્રત થઈ ઉઠે ત્યારે ચિરનિદ્રામાં પોઢી જવાનો સમય થઈ ચુકયો હોય છે. સદ્‌ભાગ્યે હું વહેલી જાગ્રત થઈ શકી.

એક ઉચ્ચસ્તરની ટેકનિકલ કોન્ફરન્સમાં બ્રેવલાઈફ.કોમની સફળતા વિશે ભાષણ આપવા માટે હું સાન્ફ્રાન્સિસ્કો જઈ રહી હતી. હિમવર્ષા સહિતનાં વાવાઝોડાને કારણે શહેરનો અને વિમાનમથકનો મોટા ભાગનો ટ્રાફિક ખોરવાઈ જવાથી હું મારી ફલાઈટ લગભગ ચુકી જ ગઈ હતી. છેવટે મારા બે બિઝનેસ પાર્ટનરો સાથે હું વિમાનમાં બેસી શકી અને ખરેખર ઉચ્ચ કોટિની વાઈનમાં ઘુંટ ભરતાં ભરતાં અમે અમને જે ભાષણ આપવાનુ કહેવામાં આવ્યુ હતું, તે કેવી રીતે રજુ કરવું તે વિષે ચર્ચા કરવા લાગ્યાં. અમારી ચર્ચા લગભગ અર્ધા કલાક સુધી ચાલી, અને ત્યારબાદ આખો દિવસ ઓફીસનાં કામમાં વ્યસ્ત રહેવાથી હું થાકી ગઈ હોવાથી તેમાં વધુ ભાગ ન લઈ શકવા બદલ મેં માફી માંગી, અને થોડી જ વારમાં મને ઉંઘ આવી ગઈ.

અચાનક પબ્લીક એડ્રેસ સીસ્ટમ પરથી કેપ્ટનનો અવાજ સાંભળી હું જાગી ગઈ. “આ ઉંચાઈ ઉપર મૌસમ ખરેખર તોફાની છે, મિત્રો, અને એમ લાગે છે કે તે હજી પણ વધુ ખરાબ થઈ શકે છે. મહેરબાની કરીને ચોકસાઈ કરી લેશો કે આપના સીટ બેલ્ટ આપની કમર ફરતાં બરોબર વ્યવસ્થિત રીતે બંધાયેલા છે, અને આપનું ટ્રેનુ ટેબલ ઉભી સ્થિતિમાં ગોઠવી દેશો” તેમની ચિરપરિચિત સુચના સંભળાઈ, પોતે પૂરેપૂરા સ્વસ્થ છે તેમ દર્શાવવાનો તેમનો પૂરો પ્રયાસ હોવા છતાં તેમનાં અવાજે તેમની પોલ ખોલી નાંખી, અને મને લાગ્યું કે કદાચ તેઓ કહે છે તેનાંથી પરિસ્થિતિ ઘણી વધારે ખરાબ હોઈ શકે. તેઓએ બોલવાનું ચાલુ રાખ્યુ અને મારૂં હૃદય જોરથી ધડકવા માંડયું. “એવું લાગે છે કે આ ક્રુર મૌસમે વિમાન સંચાલનમાં અમારે માટે ઘણી મુશ્કેલિઓ ઉભી કરી દીધી છે. હું ફરીથી કહુ છું કે મહેરબાની કરીને આપનાં સીટ-બેલ્ટ બરાબર બાંધી રાખશો, અને આપણે જે વાવાઝોડામાં દાખલ થઈ રહયા છીએ તે વિશે મને જેમ જેમ વધુ માહિતી મળતી જશે, તેમ તેમ હું આપને જણાવતો જઈશ”

લગભગ તરત જ કેબિનની લાઈટો બંધ થઈ ગઈ અને આપત્તિકાળની ઈર્મજંસી લાઈટો ચાલુ થઈ ગઈ. વિમાન અતિશય કંપવા લાગ્યુ અને પ્લેટો જમીન ઉપર પડવા માંડી. શરૂઆતમાં હવામાનમાં જે સહન કરી શકાય તેવી વિક્ષુબ્ધતા હતી, તે વધીને અસહ્ય બની ગઈ, અને મારૂં પેટ ચુંથાવા લાગ્યું. મેં મારા પાર્ટનર જેક સામે જોયું. તે યુવાવસ્થામાં વોરન બિએટી જેવા દેખાતાં હતાં, તેવો દેખાતો હતો, અને મારી જેમ તેનાં ઘરે પણ બે નાના બાળકો હતાં. સાધારણ રીતે આપત્તિકાળે વિવેક જાળવી રાખવામાં નિપુણ એવો જેક અત્યારે જે બની રહ્યું હતું તેનાથી સાવ ડઘાઈ ગયો હતો, અને તેણે વાણી ઉપર કાબુ ગુમાવી દીધો. ધ્રુજતાં ધ્રુજતાં તેણે મારો હાથ જોરથી પકડી લીધો અને પછી મહામુશ્કેલીએ તે જે શબ્દો બોલી શકયો તે હું કદી નહીં ભૂલી શકું. “કેથરિન, મને લાગે છે કે આપણું વિમાન તુટી પડવાનુ છે”

ત્યાર પછીની થોડી પળો દરમ્યાનની મારી લાગણીઓનું વર્ણન હું તમને નહીં કરી શકું. હું સમજી ગઈ હતી કે જેકની વાત સાચી હતી, પણ વિચિત્ર રીતે એક અકથ્ય શાંતતા અને

સ્વિકૃતિની ભાવના મારા હૃદયમાં છવાઈ ગઈ. જેકનો હાથ જોરથી પકડી મેં આંખો મીચી દીધી. મને મારાં બાળકો યાદ આવ્યાં. પોર્ટરનો હસતો ચહેરો મારા મનનાં સ્મૃતિપટ પર નાચી ઉઠતાં જ મારૂં હૈયું બેસી ગયું. મને તેના પ્રથમ શબ્દો, અને તે મહાન બાળકની પ્રથમ પા પા પગલીઓ યાદ આવી ગયાં. અમારા ઘરનાં પાછલા વાડાનાં એક વૃક્ષ ઉપર જોને તેને બાંધી આપેલાં વૃક્ષઘરમાં તેને હસતો ચહેરો મને દેખાયો. તે પીનટ બટરમાં બોળી બોળીને ગાજર ખાતો અને અમને કહેતો કે તે નાસ્તો કરવાથી તે મોટો થાય ત્યારે સુપરહીરો બની જશે. મને ખિલખિલાટ હસતી સરિતા દેખાઈ, જે પોતાનાં પલંગ ઉપર કુદકા મારતી મારતી ઉંચામાં ઉંચે સાદે નર્સરી રાઈમ્સ ગાઈ રહી હતી. ત્યારબાદ મને જોન દેખાયો, જે પાછલી ઓસરીમાં રાખેલાં બાર્બેકયુની પાસે આરામથી, ધાર ઉપર લીંબુનો ટુકડો ભરાવેલાં ગ્લાસમાંથી ઠંડાગાર કેરોનાનાં ઘુંટ ભરી રહયો હતો. તે મજાકમાં હંમેશા કહેતો કે આ બાર્બેકયુ મારા કરતાં તેને વધુ વહાલું છે. અને છેવટે લગભગ સ્લો મોશનમાં અમે ચારેય જણાએ એક કુટુંમ્બ તરીકે સાથે લીધેલું એક માત્ર વેકેશન મને દેખાયું. અમે કેનેડા ગયાં હતાં, અને રોકીઝ પર્વતમાળાઓમાંથી પસાર થયાં હતાં. પણ ખરેખર રસપ્રદ વાત તો એ છે કે વિમાન તુટી પડયુ તે પહેલાંની છેવટની થોડી ક્ષણોમાં મારા મનમાં જે સેંકડો વિચારો આવી ગયાં, તેમાંનો એક પણ વિચાર મારા પોતાના વિશે કે મારા વ્યવસાય વિશેનો ન હતો. સૈકાઓથી વિદ્વાનો જે કહેતા આવ્યા છે તે મને સાચુ લાગે છે. તમારા અંતકાળે તમને લાગશે કે જે બાબતોને તમે મહત્વની ગણતા હતા તે હકીકતમાં તો ગૌણ હતી, અને જે બાબતોને તમે ગૌણ અને તુચ્છ સમજતાં હતાં, તે જ ખરેખર મોટી અને મહત્વની હતી.

મારા જીવનની તે નિમ્નતમ પળ, જયારે મોત મારી સામે આવીને ઉભું હતું, ત્યારે મને હું કમાતી હતી તે પૈસા, કે ચલાવતી હતી તે કાર, કે મારા વિઝિટિંગ કાર્ડમાં મારા નામ નીચે છપાયેલો મારો હોદ્દો મને યાદ ન આવ્યાં. મારા વિચારો અમારી કંપનીએ કરેલા નફાની તરફ કે મારા ફોટાઓ જેનાં મુખપૃષ્ઠો ઉપર છપાયાં હતા તે સામયિકો તરફ ન વળ્યાં. મને માત્ર મારા કુટુંબનો જ વિચાર આવ્યો, કે હું તેમને કેટલું ચાહતી હતી, મને તેમની ખોટ કેટલી સાલશે, અને તેમને વધુ સમય ન આપવા બદલ મને કેટલો ઉંડો પસ્તાવો થતો હતો. મારા પિતાજી કહેતાં કે કોઈ અંતિમયાત્રામાં મૃતદેહવાહિનીની પાછળ પાછળ યુ-હોલની (માલવાહક) ગાડીને જતાં તેમણે કદિ જોઈ ન હતી. નિશંક તેઓ કહેવા માંગતા હતા કે તમારા જીવનકાળ દરમ્યાન તમે ભલે ગમે તેટલી ચીજો એકઠી કરો, પણ તમે તેને તમારી સાથે પરલોક નહીં લઈ જઈ શકો. તમે લઈ જઈ શકશો માત્ર તમારાં સ્મરણો. એવી બાબતોનાં સ્મરણો જે ખરેખર મહત્વની હોય. મારૂં મૃત્યુ જયારે મારી સન્મુખ આવીને ઉભું રહયું ત્યારે મને બ્રહ્મજ્ઞાન થયું. મારે માટે મારૂં કુટુંમ્બ જ સૌથી મહત્વનું હતું.

જીવતદાન

બહાદુરતામાં માનનારાઓ જ શુરવીર બને છે.
બેંજામીન ડીઝરાઈલી

ત્યારબાદની મારી સ્મૃતિ એ છે કે પેરામેડિકસની એક ટીમ બુમો પાડતી પાડતી દોડાદોડ મને ઈર્મજન્સી રૂમમાં લઈ જઈ રહી હતી ત્યારે હું જાગી. ત્યાર પછીની થોડી ક્ષણો હું શુધ્ધિ અને બેશુધ્ધિ વચ્ચે જોલાં ખાતી રહી અને મેં કોઈને બુમ પાડતા સાંભળ્યા કે "આપણે આમને ગુમાવી રહયા છીએ. તેમના પ્રાણદર્શક ચિન્હો જઈ રહયાં છે. આ સ્ત્રીને આ ઘડીએ જ ઓપરેશન ટેબલ ઉપર મુકો"

મેં મનમાં ને મનમાં કહયું કે "હે ભગવાન! હું હમણાં જ એક વિમાન હોનારતમાંથી ઉગરી ગઈ" મારા કપડાં લોહીલુહાણ થઈ ગયાં હતાં અને મારા હાથ પગ ઉંડા ઘાવથી ભરાઈ ગયાં હતાં. હું ઠંડી પડી ગઈ હતી, અને માનસિક ગુંચવણ અનુભવી રહી હતી અને મને તરસ લાગી હતી. મારી જીંદગીમાં આટલી બધી તરસ મને આ પહેલાં કયારેય લાગી ન હતી અને ત્યારે મને ખ્યાલ આવ્યો કે હું કદાચ ઓપરેશન ટેબલ ઉપર જ મૃત્યુ પામી શકું છું.

હું કયા શહેરમાં છું તેનો મને બિલકુલ ખ્યાલ ન હતો. આ દુર્ઘટનાની જાણ મારા પરિવારને કરવામાં આવી હતી કે નહી તે પણ હું જાણતી ન હતી. મને ખબર ન હતી કે મારા બંને પાર્ટનરો જીવતા રહ્યાં છે કે નહીં. પણ થોડી જ વારમાં હું ભયમુકત થઈને શાંત બની, અને કોઈ અકથ્ય કારણે મને લાગ્યું કે હું જીવી જઈશ. આ ઘટના પછી હું સમજી શકી છું કે સંસારમાં બધુ જ બનવા કાળે બનતું હોય છે, અને આપણી જીંદગીમાં જે કાંઈ પણ બને તેની પાછળ કોઈ ખાસ કારણ હોય છે. આપણી નિષ્ફળતાઓ અચુક રીતે આર્શિવાદરૂપ હોય છે, અને તેનાં દ્વારા આપણે તેવા પાઠ ભણી શકીએ છીએ જે આપણને જીવન જીવવાનાં આગળ ઉપરનાં સ્તર ઉપર પહોંચાડતા હોય છે. આ વાતને ખુબ જ રોચક શબ્દોમાં રજુ કરતાં મહાન અંગ્રેજી કવિ વિલિયમ લોંગફેલો વડસવર્થ કહે છે કે "જાંદગીના તડકામાં સુકાવાથી અને વર્ષામાં ભીંજાઈ જવાથી મને લાભ થયો છે" હું સમજી ગઈ કે કોઈ ખાસ કારણસર હું આ દુ:ખદ અકસ્માતમાંથી ઉગરી ગઈ છું. તે કારણ શું છે તે હું જરાય સમજી શકતી ન હતી, અને મારે શું પાઠ શિખવાનો છે, તેની મને કલ્પના સુધ્ધાં ન હતી.

ઓપરેશન રૂમમાં લગભગ બાર કલાક ગાળ્યા બાદ મને ક્રિટિકલ કેર વોર્ડમાં લઈ જવામાં આવી, અને ફરીથી સાજા થવાની મારી અત્યંત કઠિન પ્રક્રિયા શરૂ થઈ. બીજે દિવસે સવારે મારા કાનોએ સાંભળેલા બે સૌથી મધુર સ્વરોથી હું જાગી ગઈ – પોર્ટર અને સરિતાનાં સાદથી. "મમ્મી, ઉઠો, મમ્મી ઉઠો, અમે તમને ખૂબ જ પ્રેમ કરીએ છીએ" તેઓ મંત્રપાઠની જેમ રટી રહયાં હતાં. આખરે મહામહેનતે જયારે હું મારી આંખો ખોલી શકી ત્યારે મેં પોર્ટર અને સરિતાને

જોયાં. પોર્ટરે તેનુ મનગમતુ “કયુરિઅસ જોર્જ” વાળું ટી-શર્ટ પહેર્યું હતું અને સરિતાએ પોતાનાં નાનકડાં લાલ ઓવરઓલ્સ જે તે હંમેશા પહેરી રાખવાની જીદ કરતી. જોન તેમની બાજુમાં ઉભો ઉભો ચોધાર આંસુ વહાવી રહયો હતો. તે એકપણ શબ્દ બોલી શકવાને અસમર્થ હતો. તે બધાએ મને બાથમાં લીધી, અને અમે બધા રડી પડયાં.

હું મહીનાઓ સુધી હોસ્પિટલમાં રહી. દુઃખની વાત તો એ હતી કે તે વિમાન હોનારતે ઘણા લોકોના પ્રાણ લીધા હતાં – મારા બિઝનેસ પાર્ટનરો જેક અને રોસ સહીત. તેઓને ગુમાવવાનાં દુઃખથી હું સાવ ભાંગી પડી. છેલ્લાં કેટલાંક વર્ષોમાં અમે ત્રણેય સાથે મળીને એટલા બધા અનુભવોમાંથી પસાર થયાં હતા કે હવે તેમનાં વિના કંપની ચલાવવામાં મને જરાય રસ ન હતો. જેક અને રોસ માત્ર બ્રેવલાઈફ.કોમનાં સહપ્રણેતાઓ જ નહીં પરંતુ મારા ખાસ અંગત મિત્રો બની ગયા હતા. એફે.એ.એ. દ્વારા આ વિમાન હોનારતનું મુખ્ય કારણ “પાયલોટની ભૂલ” ગણવામાં આવ્યું. વકીલો નુકશાનીના વળતરનાં દાવાઓ માંડવા લાગી ગયાં. પણ મેં નકકી કર્યુ કે હું આ ઘટનાને પાછળ છોડી, ફરીથી હરતી ફરતી થઈ, મારા કુટુમ્બ પાસે પહોંચી જવા માટે મારે જે કાંઈ પણ કરવુ પડશે તે બધુ કરી છુટીશ, જોન અને બાળકો મને રોજ મળવા આવતાં, પણ મારો અધિકતમ સમય પુર્વવત્ સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવાનાં રિહેબિલિટેશન વોર્ડમાં વિતતો, જયાં હું જલ્દી સાજી થઈ જવાનાં પ્રયત્નો ચાલુ રાખતી. હોસ્પિટલનાં ડોકટરો અને નર્સો સ્વર્ગમાંથી મોકલાયેલાં દેવદૂતોની જેમ મારા ઉપર દયા, કાળજી અને કરૂણાં વરસાવતા હતાં. વખત જતાં હું સશકત થતી ગઈ, અને મને મારૂં ભવિષ્ય ઉજળું ભાસવા લાગ્યું. પણ એવામાં જ એક રાત્રે મારી સાથે એક અત્યંત અજાયબ બીના બની.

હોસ્પિટલમાં લોકોને મળવા આવવાનો સમય થોડીવાર પહેલાં જ પુરો થયો હતો, અને જોન રાત્રે બાળકોને ઘરે લઇ ગયો હતો. મેં ટ્રિના પોલસનું પુસ્તક “હોપ ફોર ધ ફલાવર્સ” વાંચવાની શરૂઆત કરી. આ પુસ્તક મને ખૂબ જ પ્રેરણાદાયક અને ઉંડુ જ્ઞાન આપનારૂં લાગતું હતું. મારા પલંગની બાજુનાં ટેબલ ઉપર પડેલો ગરમ ચાનો કપ ઉપાડવા મેં હાથ લંબાવ્યો, અને ત્યાં જ મેં મારા રૂમનાં દરવાજા આગળથી કોઈને ઈલેકટ્રીક વ્હીલચેરમાં બેસીને તેને પુરપાટ હંકારી જતાં જોયું.

આટલી મોડી રાત્રે કોઈને આટલી બધી ઝડપથી જતાં જોઈને મને નવાઈ લાગી, પણ મેં મારૂં ધ્યાન ફરીથી વાંચનમાં પરોવવાનું નકકી કર્યુ. કામનો બોજ ખુબ જ વધી જવાથી મેં વાંચન જેવી મહત્વની ટેવ છોડી દીધી હતી, પણ વિમાન દુર્ઘટના બાદ મેં શપથ લીધા હતાં કે હવેથી હું માત્ર એવી જ બાબતો ઉપર ધ્યાન આપીશ જે ખરેખર મહત્વની હોય. જ્ઞાન અને ડહાપણ આપનારા પુસ્તકોનું દૈનિક વાંચન એવી જ એક ખરેખર મહત્વની બાબત હતી. વિમાન દુર્ઘટનાએ મારી આંખો ખોલીને મને તંદ્રામાથી જાગ્રત કરી હતી. મારે માટે સૌથી પ્રથમ મહત્વનું સ્થાન કઈ બાબતો ધરાવે છે તે વિશે પુનઃવિચારણા કરી મારે મારા જીવનને સુવ્યવસ્થિત બનાવવાનું હતું. હોસ્પિટલ રૂમનાં એકાંતમાં મેં ખુબ જ ઉંડાણપૂર્વક મનન કર્યુ, અને ઘણાં વર્ષો પછી પહેલીવાર એક માતા, એક જીવનસાથી અને એક વ્યકિત તરીકેનાં મારા વર્તન વિશે વિચાર કર્યો. મને લાગ્યું કે મને પુર્નજીવન પ્રાપ્ત થયું છે,અને આ વખતે હું વધારે વિવેકપૂર્ણ, વધારે સજજનોચિત અને વધારે સદ્‌ગુણોભર્યુ પવિત્ર જીવન જીવીશ. મેં નકકી કર્યુ કે હું ફરીથી જીવનને ઉન્નત બનાવનારા મૂળભૂત આદર્શો અપનાવીશ અને મારા જીવનમાં સાદગી અને સરળતા લાવીશ.

“ઉત્તમ વસ્તુઓ હંમેશા તમારી સૌથી નજીક જ હોય છે, જેમ કે તમારા નસ્કોરાંઓમાં

તમારો શ્વાસ, તમારી આંખોનુ તેજ, તમારા ચરણોમાં પુષ્પો, તમારા હાથોમાં તમારા કર્તવ્યો અને તમારી સમક્ષ સત્યનો માર્ગ. તારલાઓ વિણવા ન નિકળશો, પણ જીવનનાં સામાન્ય કાર્યો જેમ જેમ તમારી સામે આવતા જાય, તેમ તેમ તે કરતાં જાઓ, એવી ખાત્રીપૂર્વક કે રોજીંદા કર્તવ્યો અને રોજીંદી રોટી જ જીવનની સૌથી સુમધુર ચીજો છે" આ શબ્દો રોબર્ટ લુઈસ સ્ટીવનસનનાં છે.

જેવી હું મારા પુસ્તકમાં એકધ્યાન થઈ, ત્યાં ફરીથી તે બન્યું. વ્હીલચેરમાં બેસેલી વ્યકિત ફરીથી મારા રૂમ આગળથી ઝડપથી પસાર થઈ ગઈ. પણ આ વખતે પહેલાં કરતાં વધુ વેગે. અને એનાંથી પણ વધારે આશ્ચર્યજનક વાત એ હતી, કે આ માણસ હવે અત્યંત ઉંચા સાદે ગાઈ રહયો હતો. હું તે ગીત ઓળખી ગઈ. વર્ષોથી તે ગીત મેં સાંભળ્યું ન હતું. હું સાવ નાની હતી ત્યારે મારા માતા-પિતા મને તે ગાઈ સંભળાવતાં. મને નવાઈ લાગી કે આ વિચિત્ર આગંતુક તેનાં શબ્દો જાણતો હતો. હવે મારે જાણવું જ હતુ કે આ માણસ કોણ હતો, પણ શું તેમ કરવું સલામત હશે? તે કોઈ રસ્તા ઉપરથી પકડી લાવવામા આવેલો ઉન્માદભર્યો પાગલ માણસ હશે હતો? પણ હું મારૂં કુતુહલ રોકી ન શકી, અને મેં પલંગમાંથી ઉતરીને મારૂં વિશ્વાસ "વોકર" ઝાલ્યું.

ધીરે ધીરે હું હોલમાં પહોચી કે કદાચ તે ધૂની પાગલ માણસ મને ત્યાં જોવા મળે, પણ મને ત્યાં કોઈ ન દેખાયું. હોલ સાવ ખાલી અને નિરવ હતો. માત્ર બે નર્સો ત્યાં પોત પોતાનાં સ્થાને કામ કરી રહી હતી. "ઓહ, હેલ્લો" મેં ઉષ્માભર્યા અવાજે કહ્યું અને પરસાળ તરફ ચાલવા લાગી.

"કેથરીન." તેમણે જવાબ આપ્યો. "બધું બરાબર છે?"

"બિલ્કુલ" મેં ઉત્તર આપ્યો. "મને નવાઈ લાગી કે થોડી મિનિટો પહેલાં હોલમાંથી ખૂબ જ ઝડપથી કોણ પસાર થઈ ગયું. મને તેનું આટલી બધી ઝડપથી જવાનુ બરાબર ન લાગ્યું. તમને ખબર છે? તેણે કોઈને વગાડી દીધુ હોત, અને તે ગાતો શા માટે હતો? તમે તેને ફરીવાર જુઓ તો કહેજો કે તે જરા આસ્તેથી જાય અને સાથે સાથે તેને ગાતાં શિખવાનું પણ કહેજો" મેં સસ્મિત કહયું.

"અમે તો કોઈને જોયું નથી" બન્ને નર્સો એક સાથે બોલી ઉઠી. "નહીં" મેં સંકોચપૂર્વક પૂછયું.

"નાં, નહીં. સોરી, કેથરીન. તને કદાચ ખરાબ સ્વપ્નું આવ્યું હશે."

"ના, તે સ્વપ્ન ન હતું, મેં ઈલેકટ્રીક વ્હીલચેરમાં બેસેલાં એક વિચિત્ર માણસને પુરપાટ વેગે આ હોલમાં ધસી જતાં જોયો, અને તે એક બાળગીત ગાતો હતો જે મને બાળપણમાં અતિપ્રિય હતુ. મેં વર્ષોથી એ ગીત સાંભળ્યુ નથી"

મને ભાન થવા લાગ્યું કે હું કેટલી મુર્ખ લાગી રહી છું. નર્સો હસવા લાગી.

"તું અમારી સાથે મજાક કરે છે, ને?"

"હું ગંભીરતાપુર્વક કહું છું. તમે તે માણસને ફરીવાર જુઓ તો સમજાવજો." મેં કડકાઇથી કહ્યું "તેણે વધુ જવાબદારીપૂર્વક વર્તવુ જોઇએ."

"ભલે, કેથરીન. અમે કહેશું." એક નર્સે જવાબ આપ્યો. તે હજી પણ હસી રહી હતી.

હું મારા રૂમમાં પાછી ફરી ત્યારે ત્યાં જમીન ઉપર પડેલી એક વસ્તુ પ્રત્યે મારૂ ધ્યાન ખેંચાયું. તે વસ્તુ કોઈ ચમકતી ધાતુની બનેલી હતી. તેને ઉઠાવીને પ્રકાશમાં લાવતાં હું મારી આંખો ઉપર

વિશ્વાસ ન કરી શકી. તે એક સોનાનું પતંગિયું હતું. હું આશ્ચર્યચકિત થઈ ગઈ. મારા પિતાજીએ મને અને મારા મોટા ભાઈ જુલિયનને આવા સોનાનાં પતંગિયા એટલા માટે આપ્યાં હતાં કે જયારે અમો મોટા થઈને પોત પોતાની જીંદગી જીવવા લાગીએ ત્યારે અમે મુકત રીતે વિચારવાનું ભૂલી ન જઈએ. તેઓ પતંગિયાને મુકિત, આઝાદી અને સુંદરતાનું પ્રતિક માનતા, અને આશા રાખતા કે અમે આ ગુણો અમારા જીવનમાં વિપુલપણે વિકસાવીએ. જે દિવસે તેમની નિમણુંક ફેડરલ કોર્ટમાં ન્યાયાધીશ તરીકે થઈ, તે દિવસે તેમણે આ પતંગિયા અમને આપ્યાં હતાં. મને યાદ છે કે તે દિવસે મને અમારા પિતા માટે અત્યંત ગર્વ થયો હતો. તે હોદ્દા ઉપર પહોંચવા માટે તેમણે અવિરત મહેનત કરી હતી, અને તેમને મળેલી દરેકે દરેક સફળતા ઉપર તેમનો પૂરેપૂરો હકક હતો. પિતાજી એક ખૂબ જ સારા માણસ હતાં. ઉમદા, પ્રેમાળ અને સંપૂર્ણપણે પ્રમાણિક.

મારૂં પતંગિયુ મેં ઘરે રાખ્યું હતું, અને મારા પિતાજીનાં મૃત્યુ બાદ મારી સૌથી મુલ્યવાન ચીજોમાંની એક તરીકે હું તેનું ખાસ કાળજીપૂર્વક જતન કરતી. જુલિયને પોતાનાં પતંગિયાનું શું કર્યુ તેનો મને જરાય ખ્યાલ નથી. જુલિયનને જે રીતે હું જાણતી હતી, તે રીતે હું ધારૂં છું કે કદાચ તેણે તે વેચી નાંખ્યુ હશે. મારે કહેવું જ પડશે કે જુલિયન એક આગવો જ માણસ હતો. તમને તમારી આખી જીંદગીમાં એના જેવો બીજો માણસ નહીં મળે. મને સમજાતું નથી કે તેનું વર્ણન હું તમને કેવી રીતે કરૂં. હા, તે જરૂર અત્યંત તેજસ્વી, પ્રકૃતિદત્ત આવડતવાળો, આદરહીન અને બેકાબુ હતો. પણ સાથે સાથે આનાં કરતા તે ઘણું બધું વધારે પણ હતો.

કિશોરવયમાં તે હંમેશા પોતાની કક્ષાનો સૌથી વધુ હોશિયાર અને સૌથી વધુ આત્મવિશ્વાસવાળો છોકરો હતો. તે ફીલ્મી સિતારા જેવો સોહામણો હોવાથી શાળાની સૌથી સુંદર બાળાઓ હંમેશા તેનાં પ્રત્યે આકર્ષાતી. તે એટલો બુધ્ધિશાળી હતો કે શાળાનાં દરેકેદરેક ઈનામો તે જીતી જતો. યુનિવર્સીટીમાં તે ચુનંદો ખેલાડી, તેજસ્વી દલીલબાજ, પ્રથમ શ્રેણીનો વિદ્યાર્થી અને દુનિયાનાં મહાન સ્ત્રી પ્રેમીઓની કક્ષાનો સ્ત્રીપ્રેમી હતો. તેનામાં ઘણી ઉચ્ચકોટિની કુદરતી દેનો હતી. તેનામાં માત્ર બુધ્ધિ તથા મોહકતા જ નહીં, પણ એક એવી શકિત અને ઓજસ હતાં, જેનાં પ્રભાવથી મુકત રહી શકાતું નહીં અને આ બધાથી પણ મહત્વની વાત એ હતી કે તે ખૂબ જ સારા દિલનો હતો. હું તેને ખૂબ જ પ્રેમ કરતી, અને તેને મારો 'હીરો' ગણતી. અમે ખૂબ જ મજા કરતાં કરતાં સાથે મોટા થયાં. અમે અમારા ઉનાળાઓ સરોવરનાં કિનારાનાં અમારા ઘરે અને શિયાળાઓ સ્કીની ટેકરીઓ ઉપર ગાળતાં. અમારો વધુમાં વધુ સમય એકબીજા સાથે હસતા, રમતા, મજાક મસ્તી કરવામાં જતો. સાદા શબ્દોમાં કહું તો જુલિયન એક અજબ માણસ હતો, અને તેની ગેરહાજરી મને ખૂબ જ સાલતી હતી.

ધાર્યા પ્રમાણે જુલિયન હાવર્ડ લો સ્કુલનાં પોતાનાં ગ્રેજયુએશત કલાસમાં પ્રથમ નંબરે પાસ થયો. દેશની સર્વોત્તમ કાનુની કંપનીઓ તેને મેળવવા માટે ઉંચી બોલીઓ કરવા લાગી. ટુંક સમયમાં જ તેણે દેશનાં સર્વોત્તમ અને સૌથી તેજસ્વી કાનૂની ભેજાબાજ તરીકેની પ્રતિષ્ઠા હાસલ કરી લીધી, અને આંજી નાંખે તેવી સફળતા પ્રાપ્ત કરી લીધી. મારા પિતાજી, જેઓ સહેલાઈથી વખાણ કરે તેવાં ન હતાં અને ખરી ઉત્તમતા શું હોય તે સમજતાં હતાં, તેઓ પણ ઘણીવાર કહેતાં "આ છોકરો ખરેખર સારોછે. ખરેખર સારો. હું શરત મારવા તૈયાર છું કે તે એક દિવસ સુપ્રિમ કોર્ટમાં નિમાશે. હું તો કહીશ કે બાપ તેવા બેટા!" અને હસી પડતાં.

જુલિયનનો સિતારો ઘણાં વર્ષો સુધી ચમકતો રહયો. દેશનાં સૌથી ચાલાક અને કડક ટ્રાયલ વકીલ તરીકે તેનું સન્માન થતું. તે સાત આંકડાઓવાળી રકમ કમાતો અને તેણે દુનિયાની

સર્વોત્તમ ચીજોથી પોતાનું જીવન સજાવ્યું હતુ. તેણે ખ્યાતનામ વ્યકિતઓ અને રાજદૂતોનાં પાડોશમાં એક દમામદાર, આલેશાન હવેલી ખરીદી. એક અસીલથી બીજા અસીલ પાસે શાનદાર રીતે પહોંચવા માટે તેણે પોતાનું જેટ વિમાન ખરીદ્યું, અને જયારે કોઈ ખાસ મોટો કેસ ચલાવવાનો હોય ત્યારે કોર્ટમાં પહેરવાનાં સુટ શિવડાવવા માટે તે ઈટાલીથી ખાસ દરજીઓને તેડાવતો. તેણે એક પ્રાઈવેટ ટાપુ ઉપર પોતાનુ મકાન બાંધ્યું અને તેનું નામ "નિર્વાણ" પાડયું. તે આશા રાખતો કે જે પુરઝડપે તે કામ કરતો તેનો થાક તે ત્યાં ઉતારી શકશે અને ફરીથી તાજગીભર્યો થઈ જઈ શકશે. પણ જુલિયનની બધી જ ચીજોમાંથી તેને સૌથી વધુ પ્રિય હતી એક ઝગમગતી લાલ ફેરારી કાર, જે તે હંમેશા પોતાના ઘરનાં પ્રાંગણની મધ્યમાં પાર્ક કરતો. તે કાર તેનો આનંદ, તેનો ઉત્કંઠ પ્રેમ અને તેની શીધ્ર પણ જેને તે ખરેખર લાયક હતો તેવી સફળતા મેળવવાનાં માર્ગમાં કરેલાં બલિદાનો માટેનું ઈનામ હતી.

કાનુની વ્યવસાયમાં પોતાની ત્વરિત પ્રગતિ દરમ્યાન મારા ભાઈએ એક ઉમદા સ્ત્રી સાથે લગ્ન કર્યા અને આ જાજવલ્યમાન દંપતિને એક સુંદર દિકરી થઈ જેનું નામ તેમણે એલી પાડયું. તે ખરેખર અજબની છોકરી હતી. ખુબ જ તેજસ્વી, હંમેશા હસતી રહેનારી અને ખુબ જ મસ્તીખોર. એલી જેટલી તેજસ્વી અને સુંદર છોકરી મેં હજી સુધી જોઈ નથી. દિકરીને પામીને જુલિયનનું બધું જ બદલાઈ ગયું. ભલે તેની વકીલાત ખૂબ જ સારી રીતે ચાલતી હતી, ભલે કોર્ટરૂમમા તેની કુશળતા પહેલાં જેટલી જ તીક્ષ્ણ હતી, ભલે તેનામાં સ્પર્ધાની જવાળા હતી જે તેનામાં ઉચ્ચતમ સફળતા હાસલ કરવાની ધગશ ઉપજાવતી હતી, પણ સમય જતાં તે જેને સૌથી મહત્વની ગણતો તેવી બાબતો પહેલા હતી તેના કરતાં બદલાઈ રહી હોય તેમ લાગતું.મેં જોયું કે તેને ગ્રહસ્થજીવન ગમવા લાગ્યું હતું. માત્ર પોતાની દિકરી સાથે રમવા અને પોતાની પત્નિને ફરવા લઈ જવા માટે તેણે દર શુક્રવારે કામમાંથી રજા લેવાનુ શરૂ કર્યું. મને યાદ છે, કે તે દિવસોમાં તે ખૂબ જ સુખી હતો.

જુલિયન દેખાવડો અને તંદુરસ્ત તો હતો જ, પણ જયારે તે પોતાનાં કુટુંમ્બ સાથે હોય, ત્યારે તેનો ચહેરો વધારે ઝળકી ઉઠતો. એલી સાથે જયારે તે આવે ત્યારે તેની આંખો ચમકી ઉઠતી. મને લાગતું કે આ અત્યંત ગુંચવણભર્યા અને સદંતર અનિશ્ચિત જગતમાં આપણે બધા જે આંતરિક શાંતિ ઝંખીએ છીએ તે તેણે પ્રાપ્ત કરી લીધી હતી. જુલિયન સૌનો લાડીલો હતો, અને તેણે દુનિયાને પોતાની મુઠીમાં કરી લીધી હતી, પણ આપણે જયારે બિલ્કુલ ન ધારતાં હોઈએ, અને જયારે આપણે કદાપિ તેને પાત્ર ન હોઈએ ત્યારે જ જાંદગી આપણને ઘણીવાર આફતમાં નાંખી દેતી હોય છે. ઘણીવાર એવું બનતુ હોય છે કે આપણે જયારે સફળતાની ચરમસીમા ઉપર પહોંચીએ ત્યારે જ આપણો સૌથી કપરો સમય શરૂ થઈ જાય છે. આવા સમયે આપણને જે વધુ પ્રિય હોય તે આપણાથી છિનવાઈ જાય છે, અને આપણે અંધકારમય જગતનાં શુન્યાવકાશમાં તાકતા રહી જઈએ છીએ. આપણી આવી સદંતર નિરાશાની પળોમાં જ આપણે પોતાનાં ખરા સત્વની ઝાંખી કરી શકીએ છીએ. આપણા સૌથી દુ:ખદ સમયમાં જ આપણી ખરી પ્રકૃતિ પ્રગટ થાય છે. મારા ભાઈ જુલિયનની સાથે પણ ટુંક સમય બાદ એવું કંઈક બન્યુ જેને કારણે તેને પોતાની એવી શકિતઓનો ખ્યાલ આવ્યો કે જે પોતે ધરાવતો હતો, તેવી તેને કલ્પના પણ ન હતી.

એક પાનખર ઋતુની ભર તડકાવાળી બપોરે જુલિયન પોતાની કારમાં એલીને તેની સૌથી પ્રિય બેનપણીનાં જન્મદિવસની મિજબાનીમાં લઈ જતો હતો, ત્યારે તેણે જોયું કે સામેથી

આવતી એક કાર તે જે લૅઈનમાં કાર ચલાવી રહયો હતો તે લૅઈનમાં ચડી આવી હતી. શરૂઆતમાં તો તેણે આ વાતને બહુ મહત્વની ન ગણી, પણ સામેથી આવી રહેલી કાર જયારે જુલિયન અને એલી જે લૅઈનમાં જઈ રહયાં હતાં, તે જ લાઈનમાં રહીને વધુ વેગ પકડી બિલકુલ તેમની સામે ધસી આવવા લાગી, ત્યારે તે ગભરાઈ ગયો. ત્યાર બાદની થોડી ક્ષણોમાં જે બની ગયું તેને કારણે જુલિયનની આખી જીંદગી હંમેશ માટે બદલાઈ ગઈ. સામેવાળા ડ્રાયવરે આખો દિવસ પોતાનાં મિત્રો સાથે દારૂ ઢીંચ્યો હતો, અને હવે નશામાં ચકચુર થઈને તેણે ગાડી ઉપર પોતાનો કાબુ ગુમાવી દીધો, અને સીધો જુલિયનની કાર સાથે સામસામો અથડાયો. નવાઈની વાત તો એ છે, કે જુલિયન માત્ર થોડા ઉઝરડા ભોગવીને ઉગરી ગયો, પણ સખેદ કહેવું પડશે કે એલી એટલી નસીબદાર ન હતી. તેનું માથું કારનાં આગળનાં કાચ (વિંડ સ્ક્રીન) સાથે અફળાયું, અને તેને પ્રાણઘાતક ઈજા થઈ. મારો ભાઇ રસ્તા વચ્ચે તબીબી મદદ માટે બુમો પાડતો રહ્યો, અને એલીએ તેની બાથમાં પ્રાણ તજી દીધાં. આ અસહ્ય ખોટ પછી જુલિયન તે પહેલા હતો તેવો ફરીથી કદી બની ન શકયો. દરેકેદરેક દિવસ પુરેપુરો માણનારા વ્યકિતમાંથી તે એવો માણસ બની ગયો જેને એક એક કલાક ગાળવો પણ ભારે પડી રહ્યો હતો. આ જોઇને હું તો સાવ જ ભાંગી પડી હતી.

પોતાનાં દુખનો સામનો કરવાનાં મરણિયા પ્રયાસમાં તે પોતાનો બધો સમય કામમાં ગાળવાં લાગ્યો. કોઇ કોઇ વાર તો અઠવાડિયાઓ સુધી તે પોતાની આલેશાન ઓફીસનાં સોફામાં સુઇ રહેતો, અને પોતાનાં પરિચિત પૂર્વજીવનની યાદ અપાવે એવા કોઇ પણ વ્યક્તિને મળવાનો ઇન્કાર કરી દેતો. આ રીતે દુરબીન જેવી દ્રષ્ટી કરી નાખવાથી તેને વ્યવસાયમાં ભલે વધારે સફળતા મળી, પણ તેનાં અંગત જીવનમાં તેટલો જ સડો પેસી ગયો. કાર્લોસ કાસ્રાનેડાએ લખ્યું છે કે સામાન્ય માણસ અને વીર પુરૂષ મૂળભૂત તફાવત એ હોય છે કે વીર પુરૂષ દરેક વાતને એક પડકાર તરીકે સ્વિકારે છે, જયારે સામાન્ય માણસ દરેક વાતને એક આર્શિવાદ અથવા તો એક અભિશાપ ગણતો હોય છે. મને લાગે છે કે જુલિયન પોતાની જાતને શાપિત ગણતો હતો.

આખરે જુલિયનની સુંદર પત્નિએ એમ કહીને તેને છોડી દેવાનું નકકી કર્યું કે કામ પ્રત્યેની તેની ધૂન અને તેણીનાં પ્રત્યે તેનાં લાગણીનાં અભાવને કારણે તેની સાથે રહેવું અસહ્ય બની ગયું હતું. તેણે પોતાનું દિલ ખોલીને વાત કરતાં મને કહ્યું કે જુલિયને પોતાની વાણી અને વર્તનથી સ્પષ્ટ કરી દીધું હતું કે તે કોઇ પણ જાતની સલાહ લેવા માંગતો ન હતો – કોઇની પાસેથી નહીં. તે માત્ર એવું ઇચ્છતો હતો કે તેને એકલો છોડી દેવામાં આવે, અને લોકો પોતપોતાનાં કામ સાથે નિસ્બત રાખે અને જઇને બીજા કોઇ ઉપર પોતાની દયા વરસાવે.

જુલિયન ખૂબ જ દારૂ પીવા લાગ્યો અને બેફામ રીતે જીવવા લાગ્યો. તે અપુરતી ઉંઘ લેતો, વધુ પડતું ખાતો અને ઉપર ઉપરથી એટલો કઠોર લાગવા માંડયો કે તેનાં અત્યંત નિકટનાં આપ્તજનો પણ તેનાંથી દૂર રહેવા લાગ્યાં. જુલિયનને અવકાશનો જે થોડો ઘણો સમય મળતો, તે સાવ સુકલકડી ફેશન મોડેલો અથવા તો શેરદલાલોનાં એક ઘાંઘલઘમાલિયા ગ્રુપ સાથે ગાળતો, અને તેમને પોતાની "ભાંગફોડિયા ટીમ" કહેતો. આ ગાળા દરમ્યાન ભલે હું જુલિયનને જવલ્લે જ મળી શકતી હતી, પણ હું સમજી ગઇ હતી કે જુલિયન કોઇ મોટી મુશ્કેલી માં ફસાઇ જઇ શકે છે – કોઇ મોટી મુશ્કેલીમાં.

એક વખત મેં તેને શહેરનાં કામધંધાનાં વિસ્તારનાં એક રસ્તા ઉપર ઠાંસી ઠાંસીને ભરેલી બે બ્રીફકેઇસો ઉંચકીને ઝડપથી જતા જોયો. તેનું કપાળ પરસેવાથી રેબઝેબ થઇ ગયું હતું. તેની

આવી હાલત જોઇને મારી આંખોમાં આંસુ. છલકાઇ આવ્યાં. મારા માંન્યામાં આવતું ન તહું કે મારો ભાઇ આવો થઇ ગયો હતો મારા એક સમયનાં તેનાં યુવાન અને દેખાવડા ચહેરા ઉપર કરચલિઓનાં ઝાળાં ખાજયા હતાં અને તેની આંખોમાં ઉંડી વેદના હતી. એક જમાનામાં જે સુડોળ શરીર માટે તે ગર્વ લેતો, તે શરીર સ્થુળ થઇ ગયું હતું, અને તેનો ટટ્ટાર બાંધો શિથિલ પડી ગયો હતો. જે મહામૂલું સ્મિત તેનાં ચહેરા ઉપર હંમેશા ઝળકતું રહેતું, તે હંમેશા માટે ગાયબ થઇ ગયું હતું. મારો ભાઇ જુલિયન જેને હું, આટલો બધો પ્રેમ અને આદર કરતી હતી, તેને આવી રીતે પોતાનું અંગત નર્ક ભોગવતો જોઇને મને અત્યંત દુખ થયું.

ત્યાર બાદ થોડા મહીનાઓ પછી જુલિયનની કાનુની ઓફીસમાંથી તેનાં એક પાર્ટનરનો મને ફોન આવ્યો કે એક મોટો સિવિલ મુકદમો લડતાં લડતાં જુલિયનને કોર્ટરૂમમાં જ હૃદયરોગનો તીવ્ર હુમલો થયો હતો અને સદભાગ્યે તે બચી ગયો હતો, પણ હંમેશા મુજબ તે કોઇને મળવા આવવા દેવાની ના પાડતો હતો, "ખાસ કરીને કુટુંબીજનોને.." જુલિયનનાં પાર્ટનરે છેલ્લાં વાક્ય ઉપર ભાર મૂકતા કહ્યું.

"હું તેને માત્ર થોડી વાર મળી શકું. પ્લીઝ?" મેં આજીજી કરી.

"હું હા પાડી શકયો હોત તો કેટલું સારૂં, કેથરીન, પણ તું જુલિયનને જાણે છે. તેણે બધાને રૂમમાંથી બહાર જવાનું કહ્યું છે અને હોસ્પિટલનાં સ્ટાફને પોતાનો રૂમ આખો વખત બંધ રાખવાની સૂચના આપી છે. એક ડોકટરને તો તેણે એવી પણ ધમકી આપી છે કે જો તેનાં રૂમમાં જે અંગત ટેલિફોનની લાઇન છે તેનાં પર કોઇને સંપર્ક કરવા દેવામાં આવશે, તો જુલિયન તેમના પર દાવો માંડશે."

"જુલિયન એવો જ છે. મેં મનમાં ને મનમાં કહયું "તેની સૌથી નબળી પળોમાં પણ તે સ્વભાવે વકીલ નો વકીલ જ રહ્યો." "મને લાગે છે કે તારે બીજી પણ એક વાત જાણવી જોઇએ, કેથરીન." તેનાં પાર્ટનરનો અવાજ ગંભીર થતો ગયો. "મારા તો માન્યામાં પણ નથી આવતું, પણ જુલિયને કહી દીધું છે કે તે વકીલાત બંધ કરવા માગે છે. – તેણે પોતાનું રાજીનામુ આપી દીછું છે અને તે પેઢી છોડી રહ્યો છે."

"તમે મજાક કરો છો". મારાથી બોલી જવાયું. હું જે સાંભળી રહી હતી તે મારા માન્યામાં આવતું ન હતું. "મારા પિતાજીની જેમ જ વકીલાત તો જુલિયનનાં લોહીમાં છે. તે પાંચ વર્ષ હતો ત્યારથી તેને વકીલ બનેવું હતું."

"તેણે આજે સવારે જે કહયું તે હું તને કહી રહ્યો છું. કેથરીન". તે પાર્ટનરનાં અવાજમાં પણ જુલિયનનાં નિર્ણય બાબતનો અચંબો રણકતો હતો.

જુલિયન પોતાનાં શબ્દોને વળગી રહ્યો અને થોડાં જ અઠવાડિયાઓમાં તેણે વકીલાત છોડી દીધી. તેથી પણ વધુ આશ્ચર્યજનક રીતે તેણે પોતાની બધી જ માલમિલ્કત વેચી નાખી. તેની હવેલી, તેનું વિમાન, તેનો અંગત ટાપુ, અને તેની સફળતાનાં અને એક જમાનામાં પોતે જેવો વ્યક્તિ હતો, તેનાં પ્રતીક સમી તેની લાલ ફેરારી કાર પણ. જુલિયન બીજા એક મિત્ર પાસેથી મને જાણવા મળ્યું કે "જીવનનાં ગહનમાં થી ગહન અર્થની શોધમાં" તે ભારત ચાલ્યો ગયો હતો. જુલિયને પોતાને કયાં સંપર્ક કરવો તે માટે કોઇ સરનામું કે ફોન નંબર પણ આપ્યાં ન હતાં, અને પોતે કયારે પાછો કરશે તે વિશે કોઇ જ સંકેત પણ આપ્યો ન હતો "તું શું ધારે છે?" મેં તેનાં મિત્રને પૂછ્યું.

'મને લાગે છે કે તું કે હું, બન્નેમાંથી કોઇપણ, મહાપુરૂષ જુલિયન મેંટલને ફરીવાર મળી

શકીશું નહીં.”

વર્ષો વીતી ગયાં. જુલિયન તરફથી મને કોઇ સંદેશો આવ્યો નહીં. એક પોસ્ટકાર્ડ પણ નહીં. જાણે કેમ તે સ્વિકારવા માગતો જ ન હતો કે તેની એક બહેન પણ હતી, અને પોતાની દિકરીનાં મુત્યુ પહેલાં તે અમુક પ્રકારનું જીવન જીવતો હતો. હું એટલું ય જોઇ ન શકી કે જુલિયનનાં પતનમાંથી મારે પણ કંઇક શીખવાનું રહે છે, અને મારૂ પોતાનું કુટુંબ વસાવ્યા પછી પણ હું કામમાં વ્યસ્ત થઇ ગઇ. ધીરે ધીરે ભલે મને જુલિયનનાં વિચારો આવતાં ઓછા થવા લાગ્યાં, પણ મારી એકાંતની પળોમાં જયારે જોન અને બાળકો ઉપર જઇને ઉંઘી ગયાં હોય, ત્યારે હું વિચાર્યા વગર રહી શકતી નહીં કે મારો ભાઇ કયાં હશે, અને તે હેમખેમ તો હશે કે નહીં. મને અમારા ખાળપણનાં ઉનાળાનાં દિવસો યાદ આવી જતાં જયારે અમે અમારા ઉનાળો ગાળવાનાં ઘર પાસેનાં તળાવની પાળેથી તેમાં ડુબકી લગાવતાં અને અમારી નાનકડી હોડી તે તળાવમાં હંકારતાં. મને જુલિયનનો રમૂજી સ્વભાવ, અને જો ભુલેચુકે જો કોઇ તેને જરાય હેરાન કરે તો તે તેમને કેવી રીતે સતાવતો, તે બધું યાદ આવતું. સૌથી વધુ તો મને જુલિયનની આંખોમાં હંમેશા ડોકિયા કરતી નટખટ ચમક યાદ આવતી જે ચમક ચમત્કારિક રીતે એલિએ પણ વારસામાં મેળવી હતી. હું કેવી રીતે વ્યકત કરૂં કે તે છોકરીની ખોટ મને કેવી સાલતી હતી. હું કેવી રીતે સમજાવું કે મારા ભાઇને મળવા હું કૈટલી તરસતી હતી.

એક સન્યાસી મળવા આવે છે.

વ્યકિતનાં સુખ અથવા તો દુઃખનો આધાર તેણે કેટલી સંપત્તિ અથવા તો સુવર્ણ સંપાદિત કર્યા છે તેના ઉપર નથી હોતો. સુખ અથવા દુઃખ વ્યકિતનાં હૃદયમાં વસતાં હોય છે. જ્ઞાની પુરૂષ વિશ્વનાં કોઈપણ દેશને પોતાનો ગણીને ત્યાં વસી શકે છે. મહાત્માઓ સંપૂર્ણ વિશ્વને પોતાનુ ઘર માનતા હોય છે.

ડેમોક્રિટસ

“હું તમારો નવો ડોકટર છું.” હોલનાં અંધારા ખુણામાંથી એક અવાજ રણકી ઉઠયો. મેં ઉંચું જોયું અને મને જે દેખાયું તે જોઈને હું આશ્ચર્યચકિત થઈ ગઈ. મેં જોયું કે જે વ્હીલચેરને મેં કોરીડોરમાં પુરપાટ દોડી જતાં જોઈ હતી, તેમાંથી ઉઠીને એક સફેદ કોટ પહેરેલો પ્રતિભાવાન યુવક અંધારામાં મારી તરફ આગળ વધી રહ્યો હતો. તેનાં ગળામાં રાબેતા મુજબનાં સ્ટેથોસ્કોપ ઉપરાંત તેણે જે વસ્ત્ર ધારણ કર્યા હતાં, તે જોઈને હું ચમકી ઉઠી. તે માણસે મેં ઘણીવાર ટિબેટનાં સાધુઓને પહેરેલાં જોયાં હતાં તેવો લાલ રંગનો માથું ઢંકાય તેવા “હુડ”વાળો લાંબો ઝભ્ભો પહેર્યો હતો. તે ઝભ્ભાની સિલાઈ ખૂબ જ આકર્ષક અને પોત ખૂબ જ સુંદર હતું, અને તેની કિનાર ઉપર સુંદર કારીગીરીવાળું ભરતકામ કરવામાં આવ્યું હતું. ઝાંખા પ્રકાશમાં હું તેને હજી બરાબર જોઈ શકતી ન હતી, પણ તે નજીક આવ્યો ત્યારે મને લાગ્યું કે તેનો ચહેરો અત્યંત યુવાન અને આકર્ષક છે, અને તેમાંથી નરી સકારાત્મક ચેતના અને પ્રાણશકિત નીતરી રહ્યાં છે. મને એમ પણ લાગ્યું, કે આ માણસ ચિરપરિચત છે. તે યુવાને ફુલોની કોતરણીવાળા સેંડલ પહેર્યા હતાં. તે સશકત અને તંદુરસ્ત દેખાતો હતો, અને તેનાંમાં એક ગજબ આત્મવિશ્વાસ અને આંતરિક શકિતનો ભાસ થતો હતો. તેની આંખો, જે હું થોડી પળો પછી જોઈ શકી, તે હીરાની જેમ ઝળકતી હતી. મને ભાસ થયો કે તે છેક મારા અંતઃકરણનાં ઉંડાણ સુધી પહોંચીને મને નિરખી રહી છે, અને હું સ્તબ્ધ થઈને ત્યાં જ ઉભી રહી ગઈ.

“તમે કયા વિષયના ડોકટર છો?” મેં કુતુહલતાથી પુછયું. “ખોટું ન લગાડશો, પણ સામાન્ય રીતે ડોકટરો જેવા હોય, તેવા તમે લાગતા નથી.”

“ફેમિલી ડોકટર.. એક રીતે.” તે તરત જ જવાબ આપ્યો. તે યુવાનનો મોટા ભાગનો દેહ હજી અંધારામાં જ હોવાથી તે ખૂબ જ રહસ્યમય લાગતો હતો.

“હું જેટલું જોઈ શકું છું તેના પરથી તો તમે કોઈ તાંત્રિક ડોકટર લાગો છો.” મેં સ્હેજ હસીને કહ્યુ. અને પછી એક સી.ઈ.ઓ. તરીકે હું જે વાપરતી, તેવો ખૂબ જ સત્તાપૂર્ણ અવાજ વાપરતાં મેં કહ્યું “ઠીક છે, પણ મને ફેમિલી ડોકટરની જરાય જરૂર નથી, યુવાન. હું એક વિમાન હોનારતનો ભોગ બની હતી. મને ખૂબ જ ગંભીર ઈજા થઈ હતી, અને હાલ તુરત તો મને નિષ્ણાંત ડોકટરો સિવાય બીજા કોઈને મળવામાં રસ નથી. માફ કરજો, પણ મને તમારામાં રસ

નથી. મને કોઈ નવા નહીં પણ મારા જુના ડોકટર જોઈએ છે, અને સાચું કહું તો તમારો પહેરવેશ મને અસ્વસ્થ કરી રહ્યો છે. આવો સાધુઓનો ઝભ્ભો તમે શું એમ ધારીને પહેર્યો છે તેમ કરવાથી લોકોને તમારામાં વિશ્વાસ આવશે?"

"આ ઝભ્ભો મને શિયાળામાં હુંફ આપે છે." તેણે હસીને કહ્યું અને પછી ઉમેર્યું. "અને મને હું ખરેખર કોણ છું તેની યાદ અપાવતો રહે છે."

"અને તમે ખરેખર કોણ છો?" તેણે આપેલી તક ઝડપી લેતા મેં પુછય?.

"તે બધી વાત પછી. અત્યારે તો હું માત્ર એટલું જ કહીશ કે હું તમને મદદ કરવા આવ્યો છું. તમારે મારામાં સંપૂર્ણ વિશ્વાસ રાખવો પડશે, હું સાચે જ તમારો ખરો હિતેચ્છુ છું."

"તમારો વિશ્વાસ કરૂં? તમે પાગલ છો કે શું?" મેં જવાબ આપ્યો. મને હવે ગુસ્સો આવવા લાગ્યો હતો. "તમને જરાય કલ્પના છે કે હું શું ભોગવી ચુકી છું? જરાય કલ્પના છે કે મેં કેટલી પીડા સહન કરી છે? મારે માત્ર મારા જુના ડોકટર, પીડાનાશક ગોળીઓ અને હોસ્પિટલનો મારો રૂમ જોઈએ છે, અને સાધુનાં વેષમાં કોઈ મશ્કરો નહી જે આવીને મને કહે કે તે મારો નવો ડોકટર છે, અને તેનામાં વિશ્વાસ કરવાની મને આજીજી કરે"

"હું તમને જરાય આજીજી કરતો નથી." તે યુવાને શાંતિથી કહ્યું. "હું તો માત્ર તમને જણાવી રહ્યો છું કે તમે કલ્પી પણ ન શકો તેવી રીતે હું તમારી મદદ કરી શકું તેમ છું. તમારા જુના ડોકટર ખરેખર સારા છે. પોતાનાં ક્ષેત્રમાં તેઓ ખરેખર નિષ્ણાંત છે, અને જો તમે માત્ર તમારા શરીરને જ સાજુ કરવા ઈચ્છતાં હો તો તમે ઉત્તમ વ્યકિતને પસંદ કર્યાં છે."

"એટલે તમે શું કહેવા માંગો છો?" મેં અકળાઈને પૂછયું?.

'એ જ કે તમારા ડોકટર તમને તમારી શારિરીક તંદુરસ્તી જરૂર પાછી અપાવશે, પણ હું તમારે માટે તેનાંથી ઘણું વધારે કરવા માટે આવ્યો છું. તમારી જીંદગી ફરીથી પાટે ચડાવવા માટે તમારી મદદ કરવા આવ્યો છું." હવે પછીનાં પોતાનાં શબ્દો કાળજીપૂર્વક શોધી રહ્યો હોય તેમ વિચારમાં પડીને તે અટકયો. પછી તે દેખાતો હતો તેનાંથી ઘણી વધુ મોટી ઉંમરનો લાગે તેવા અસાધારણ માયાળુ અવાજમાં તેણે કહ્યું. "મને ખબર છે કે તમે તમારા જીવનમાં મુશ્કેલીઓનો સામનો કરી રહ્યાં છો. ખાસ કરીને તમારા કુટુંમ્બ સાથે. હું જાણું છું કે તમે માત્ર શારીરિક જ નહીં પણ માનસિક લાગણીઓની દ્રષ્ટિએ પણ કપરાં કાળમાંથી પસાર થયાં છો, જેણે તમને તમારી જીવનશૈલિ તથા તમારા જીવનની પ્રાથમિકતાઓ વિશે વિચારતાં કરી દીધાં છે. હું એ પણ જાણું છં કે તમારૂં કુટુંબ જ તમારા માટે સર્વસ્વ છે અને તમારૂં અંતઃકરણ તમને કહી રહ્યું છે કે બહુ મોડું થઈ જાય તે પહેલાં તમે તમારા કુટુંબને પ્રાધાન્ય આપવાનું શરૂ કરી દયો."

"તમે આ બધું કેવી રીતે જાણો છો" મેં ધીમે સાદે પૂછયું.મારા વિશેઆટલું બધું જાણનાર આ માણસ સામે હું સ્વસ્થ રહેવાનો પ્રયત્ન કરી રહી હતી.

"મારી વાત માનો, તમારા વિશે જે કાંઈ પણ જાણવા લાયક હોય તે બધું જ હું જાણું છું. હું જાણું છું કે તમે કયાં મોટા થયા છો. મને ખબર છે કે સફરજનની પાઈ ઉપર મોટો ચમચો ભરીને ચોકલેટ આઈક્રીમ તમારી ભાવતી મિઠાઈ છે, અને 'વોલ સ્ટ્રીટ' તમારી સૌથી મનપસંદ ફીલ્મ છે. તમારા જન્મથી તમારા શરીર ઉપર રહેલું લાખું પણ કયાં..."

"બસ!" મેં તેને વધુ બોલતો અટકાવ્યો. "બહુ થયું. તમે શું કહેવા માંગો છો તે હું સમજી ગઈ."

આ માણસ કોણ હશે? એક તો તે ફોર્મ્યુલા વનની કારની રેસનાં પહેલા ચરણમાં હોય તેમ

હોલમાં વ્હીલચેર દોડાવી રહ્યો છે. પછી તે મારો “ફેમિલી ડોકટર” હોવાની કંઈ મનઘડંત વાતો કરી રહ્યો છે, અને હવે તે મારા અંગત જીવનની બિલ્કુલ સાચી વિગતો જણાવી રહ્યો છે. આ માણસ કદાચ ખતરનાક હોઈ શકે.

“સાંભળો. તમે કોણ છો તેની મને જરાય કલ્પના પણ નથી, અને ખાસ પરવા પણ નથી.” હું ખોટું બોલી. “હું થાકી ગઈ છું. મને દુઃખાવો થાય છે અને આરામની જરૂરત છે. મને લાગે છે કે તમે ફરીથી તમારી વ્હીલચેરમાં બેસીને હોલમાંથી ચાલ્યા જાઓ અને આપણે ભૂલી જઈએ કે આપણે કયારેય મળ્યાં હતાં. અને જો તમે તેમ નહી કરો...” મેં મારો અવાજ બની શકે તેટલો સખ્ત કરતાં કહ્યું. “તો હું પેલી નર્સોને કહીશ કે તેઓ હમણાં ને હમણાં ચોકીદારને બોલાવે.”

તે યુવક બિલ્કુલ સ્વસ્થ અને આત્મવિશ્વાસપૂર્વક ઉભો રહ્યો, અને પછી તે હસવા માંડયો. શરૂઆતમાં ખિલખિલાટ અને પછી ખડખડાટ!

“અરે કેથરીન, કાશ તું અત્યારે પોતાની જાતને જોઈ શકતી હોત! સાવ કઢંગા અને પાછળથી ઉઘાડા હોસ્પિટલનાં ગાઉનમાં સજજ થઈ તું ડોકટરનાં વસ્ત્ર ધારણ કરેલાં એક સાધુને ધમકાવી રહી છો. તારી હીંમતની તો હું પહેલેથી જ કદર કરતો હતો. તું હજી કોઈને તારા ઉપર દાદાગીરી કરવા દેતી નથી. આટલા વર્ષો પછી પણ તું જરાય બદલાઈ નથી તે જોઈને આનંદ થયો.”

તે માણસ મારૂં નામ પણ જાણતો હતો. હવે મને ખરેખર ચિંતા થવા લાગી. હું મદદ લેવા માટે નર્સોનાં ટેબલ તરફ જવા લાગી, પણ ત્યાં જ પેલા યુવાને પોતાનો હાથ ઉંચો કરી મારો હાથ ઝાલી લીધો અને જલ્દીથી તેમાં કંઈક મુકયું.

“મારો હાથ છોડો” મેં નજીકમાં કામ કરી રહેલી નર્સોનું ધ્યાન ખેંચવા મોટે અવાજ કહ્યું.

“ભલે” પેલા યુવકે પીછેહઠ કરી. “મને મારૂં પતંગિયું પાછુ આપી દો એટલે હું જતો રહું.”

“તમારૂં પતંગિયું? તમે કેવી વાત કરો છો ખરેખર તમે સાવ ગાંડા છો.” હું ખીજાઈને બોલી ઉઠી, પણ ત્યાં જ મારી નજર મારા હાથમાં પડેલી ચીજ ઉપર પડી.

‘આ તમને કયાંથી મળ્યું?” મેં જરા શાંત પડતા પૂછયું. “હું બહુ નાની હતી ત્યારે મારા પિતાજીએ મને આ આપ્યું હતું.” અને પછી નરમાશથી ઉમેર્યું. “મારા માટે અને મારા ભાઈ જુલિયન માટે તેમણે આ ખાસ બનાવડાવ્યાં હતાં. આ ખરેખર અસાધારણ અને મૌલિક ચીજ છે. અમે તે પહેલાં કદિ આવા પતંગિયા જોયાં ન હતાં. સાચું કહું તો મને એમ કે દુનિયામાં આવા માત્ર બે જ નમુના છે. મને લાગે છે કે હું કદાચ ખોટી હોઈશ.”

“દુનિયામાં આવા બે જ પતંગિયા છે.” તેણે હળવેકથી જવાબ આપ્યો.

હું ગુંચવણમાં પડી ગઈ. જો દુનિયામાં સોનાનાં આવા બે જ પતંગિયાઓ હોય, મારૂં પતંગિયું ઘરે પડયું હોય, અને એક જુલિયન પાસે હોય, તો હોસ્પિટલમાં આવનાર આ અજાણ્યા આગંતુક પાસે આ પતંગિયુ કેવી રીતે આવ્યું? જુલિયન કદાચ મુશ્કેલીમાં આવી ગયો હશે.

“તમે મારા ભાઈ જુલિયનને ઓળખો છો? મેં આશાભર્યા અવાજે પૂછયું. “તમે કલ્પી શકો તેનાથી પણ વધુ સારી રીતે. એમ કહી શકાય કે જુલિયન અને હું એકબીજાની અત્યંત નિકટ છીએ.” તેણે એવી રીતે હસીને કહ્યું જેથી મને લાગ્યું કે તે જણાવી રહ્યો છે તેનાં કરતાં તે ઘણું વધારે જાણે છે.

“તે કયાં છે?” મેં આતુરતાથી પૂછયું.

“અહીંયાં, આ હોસ્પિટલમાં જ.” તેણે જવાબ આપ્યો.

“તમે મજાક કરી રહ્યાં છો.” મારૂં હૃદય જોરથી ધબકવા માંડયું. મને લાગ્યું કે મને ચક્કર આવી રહ્યાં છે. મારો ભાઈ.... વકીલાતની દુનિયાનો સૌથી ચમકતો સિતારો, જેની જીંદગી એક કરૂણ ઘટનાને લીધે ખોરવાઈ ગઈ હતી, જે વર્ષો પહેલાં પોતાની જાતની ખોજ કરવા અને પોતાનાં આત્માનો ઉધ્ધાર કરવા ભારત ચાલ્યો ગયો હતો, તે હવે પાછો ફર્યો હતો અને ખરેખર આ હોસ્પિટલમાં જ હતો! અશકય!

“કયાં? આ માણસની રમતથી કંટાળીને મેં પૂછયું.

“જુલિયન તારી આંખોની સામે જ ઉભો છે. જુલિયન પાછો આવ્યો છે. તે આવી ગયો છે, અને મારે કહેવું જોઈએ કે પહેલાં કરતાં વધુ સારી હાલતમાં” પેલા યુવકે આનંદથી નાચી ઉઠતાં કહ્યું.

“માફ કરજો.” મેં અંતઃકરણપૂર્વક કહ્યું. “મને લાગે છે કે તમારો ઈરાદો ખરેખર સારો છે અને મારૂં દિલ કહે છે કે તમે જરાય હેરાન કરો તેવા નથી, પણ મને જરાય સમજાતું નથી કે તમે કોણ છો અને શા માટે આવ્યાં છો. જો તમને ખબર છે કે જુલિયન કયાં છે તો મને કહેતાં કેમ નથી કે તે મને કયાં મળશે?”

પેલા યુવાને બે ડગલાં પાછળ હઠીને ભારતનાં લોકો એકબીજાનું અભિવાદન કરે ત્યારે જે પ્રાર્થનાની મુદ્રામાં હાથ જોડે છે, તેમ હાથ જોડયાં. તેણે બિલકુલ સ્થિર ઉભા રહીને મારી આંખોમાં આંખો પરોવી. એક ક્ષણ માટે તે કાંઈ જ બોલ્યો નહીં, અને હું માત્ર તેના શ્વાચ્છોશ્વાસનો અવાજ સાંભળી રહી. તેનાં ગાલ ઉપરથી માત્ર એક જ અશ્રુબિંદુ સરી પડયું. પછી તે પાછો સ્વસ્થ થયો હોય તેમ લાગ્યું. તેણે ધીરેથી પોતાનાં સુવાળાં ઝભ્ભાની બાંઈથી પોતાનું મોં લુછયું અને મારા સવાલનો જવાબ આપતાં પહેલાં છેલ્લી વાર થોડું અટકયો.

‘કારણ કે – મારી વ્હાલી બહેન કેથરીન, હું જ જુલિયન છું.”

તે યુવક અંધારામાંથી પહેલી વાર બહાર આવી જયાં સીધો પ્રકાશ આવતો હતો ત્યાં ઉભો રહ્યો. તેનો બાહ્ય દેખાવ ભલે ખરેખર અજબ રીતે બદલાઈ ગયો હોય, પણ મારા મનમાં જરાય શંકા ન રહી કે મેં જે હમણાં સાંભળ્યુ હતું તે સાચું હતું. મારો વ્હાલો ભાઈ, જે હિમાલયમાં કોઈ નવા સાહસ માટે ઉપડી ગયો હતો, તે આખરે પાછો ફર્યો હતો.

મહાન જુલિયન મેંટલની અલૌકિક યાત્રા

તમારામાંના જે લોકો થોડું પ્રાપ્ત કરવા ઈચ્છતા હોય, તેમણે થોડો ત્યાગ કરવો પડે છે. જેઓ ઘણું પ્રાપ્ત કરવા ઈચ્છતા હોય, તેમણે ઘણો ત્યાગ કરવો પડે છે. જેઓ ઉચ્ચ સિધ્ધિ પ્રાપ્ત કરવા ઈચ્છતા હોય, તેઓએ મહાન ત્યાગ કરવો પડે છે.

જેમ્સ એલન

હું મારી ઉર્મિઓને કાબુમાં રાખી ન શકી. મારા એકનાં એક ભાઈથી આટલો લાંબો સમય દૂર રહયા બાદ તે આખરે પાછો આવ્યો તેના હર્ષોલ્લાસથી મારું હૃદય છલકાઈ રહયું હતું. હું ચોધાર આંસુએ રડી પડી. આ અજાયબ પુર્નમિલન પૂર્વેના છેલ્લાં દસ વર્ષોમાં મેં સરવાળે જેટલા આંસુ નહીં સાર્યા હોય, તેટલા આંસુ મેં શરૂઆતની પળોમાં જ વહાવી દીધા. અમે એક બીજાને બાથમાં લઈને ચૂમી રહયા હતાં, ત્યારે મારા માન્યમાં આવતુ ન હતુ કે જુલિયન આટલો બધો બદલાઈ ગયો હતો. આ ચમત્કાર તેણે કેવી રીતે સજર્યો અને તેણે પોતાનાં પ્રવાસમાં કેવાં કેવાં અનુભવો મેળવ્યાં? મારી ગણત્રી પ્રમાણે અત્યારે તેની ઉંમર પચાસનાં દાયકાના પાછલા વર્ષોમાંના કોઈ એકની હોવી જોઈએ અને સાચુ કહું તો મેં તેને છેલ્લી વાર જોયો ત્યારે તે પોતાની ઉંમર કરતાં ઓછામાં ઓછો વીસ વર્ષ મોટો લાગતો હતો. તે વખતનુ તેનુ ગંભીર મુખ તેનાં દુઃખની અને તેનાં અસંતુલિત જીવનનાં બોજની ચાડી ખાતુ હતું. તે અતિશય સ્થુળ થઈ ગયો હતો. તેને સતત ખાંસી આવ્યા કરતી હતી, અને શ્વાસ લેવામાં પણ તકલીફ પડતી હતી. તે વખતે મને ખાત્રી થઈ ગઈ હતી કે જુલિયન જિજીવિષા ગુમાવી ચુકયો હતો, અને જાણે પોતાનાં જીવનનો અંત લાવવા માંગતો હોય, તેમ તેણે પોતાની જાતને અતિશય કામમાં ડૂબાડી દીધી હતી.

મારી સામે અત્યારે ઉભેલો જુલિયન તંદુરસ્તીનો નમૂનો હતો. તેનું શરીર ખડતલ અને છટા બળવાન હતી. તેનાં ચહેરા ઉપરથી યુવાનીની ઉર્જા અને અતિ આનંદ નીતરી રહયાં હતાં, અને તેનાંથી પણ વધુ ધ્યાન ખેંચે તેવી હતી તેની આંખો. માન્યામાં ન આવે તેટલી આકર્ષક આંખો. તે આંખોમાં એવું કંઈક ઝલકતું હતુ જેનાં પરથી મને લાગ્યુ કે આ યુવક એક અનુભવી માણસ છે, જેણે એટલું બધું જોયું અને જાણ્યું છે જેની કોઈ કલ્પના પણ ન કરી શકે. તે સમજદાર, વ્યવહારિક, સજજન અને દયાળુ લાગતો હતો. એશ્લી મોન્ટેગ્યુ કહી ગયા છે કે “માણસની સૌથી કારમી વ્યકિતગત હાર તે માણસ જે બની શકવાને સમર્થ હતો અને તે શું બની ગયો તે બંનેમાં વચ્ચેનાં તફાવતમાં સમાયેલી છે” મારી સામે ઉભેલો આ માણસ જે અત્યંત શકિતશાળી હોવા છતાં અત્યંત વિનમ્રતાની મૂર્તિ સમાન હતો તે પોતે જે બની શકવાને સમર્થ હતો, તેવો બની ચુકયો હતો તેમ લાગતુ હતુ. મને શા માટે આવું લાગતુ હતુ તે હું કહી શકતી નથી. હું માત્ર એટલું જ કહીશ કે મને લાગ્યુ કે હું એક એવા વ્યકિત સામે ઉભી હતી જે આત્મસાક્ષાતકાર

સાધી ચુકયો હતો.

“હું જાણું છું કે આ માનવામાં આવે તેવી વાત નથી, કેથરીન, પણ ખરેખર આ હું જ છું. હે ભગવાન!તને જોઈને ખૂબ રાજીપો થાય છે, મારી નાનકડી બહેન! તને કલ્પના પણ નહીં આવે કે મને તારી ગેરહાજરી કેટલી સાલતી હતી, અને હું તને કેટલી બધી યાદ કરતો હતો!” જુલિયને મને ફરીથી બાથમાં લેતાં કહયું અને મારા કપાળ ઉપર વ્હાલપૂર્વક ચુંબન કર્યુ.

“તારે મને ફોન કરવો જોઈતો હતો અથવા તો તું અમને પત્ર તો લખી શકયો હોત” મેં કહયું.

તેનાં ચહેરા ઉપર દુ:ખની છાયા છવાઈ ગઈ અને તે લાંબો સમય ચુપ રહયો. “તારો સંપર્ક એવી રીતે તોડી નાંખવા બદલ હું ખુબ જ દિલગીર છું, પણ એલીનાં મૃત્યુ પછી મારું દિલ અને આત્મબળ તુટી ગયાં હતાં. આટલું દુ:ખ મેં જીંદગીમાં કદિ પણ અનુભવ્યુ ન હતું.કેટલાંક દિવસ તો મને પડી ગયેલી ખોટથી હું એટલો દુ:ખી થઈ જતો કે પલંગમાંથી ઉઠી પણ શકતો નહીં. મને કોઈને મળવાની કે કોઈ સાથે વાતચીત કરવાની ઈચ્છા રહી ન હતી. કામમાં ડૂબી રહેવા માટે હું બનતા પ્રયાસો કરતો.એલીનાં વિચારો કરવાનુ બંધ કરવાનો તે એક માત્ર ઉપાય હતો.

“પણ અમે મદદ કરી શકયાં હોત” મેં ખરા દિલથી કહયું.

“મને નથી લાગતુ કે તમે કરી શકયા હોત, કેથરીન. મને કારમો ઘા થયો હતો અને આ સ્થળેથી જતાં રહેવાની મને ખરેખર જરૂરત હતી. તેં મારા હાર્ટએટેક વિશે સાંભળ્યુ હતું કે નહી?”

“મેં સાંભળ્યુ હતું” મેં સહાનુભૂતિપૂર્વક કહયું. તેણે મારા ખભા ઉપર હાથ વિંટાળ્યો અને અમે મારા રૂમ તરફ ચાલ્યાં.

“વેલ, તેને કારણે હું મરવાની અણી ઉપર આવી ગયો હતો. ડોકટરોએ કહ્યું કે હું બચી ગયો તે એક ચમત્કાર જ હતો. તેમણે કહ્યું કે મારામાં એક વીર હૃદય અને જીવવાની ઉત્કંઠ ઈચ્છા છે તે હાર્ટએટેક પછી હું કોઈ હિસાબે વકીલાતનાં વ્યવસાયમાં પાછો ફરી શકું તેમ ન હતું. તેમાંથી મારો ઉમંગ અને ધ્યાન ઉડી ગયા હતાં, અને મને બીજું કંઈક કરવાની ઝંખના જાગી હતી”

“શું કરવાની?”

“મારામાં મારા જીવનનો ઘણો વધુ ઉંડો મર્મ શોધવાની ઝંખના જાગી હતી.આપણા જમાનામાં તે વિશે આપણે ઘણી વાતો સાંભળી છે. આપણામાંનાં ઘણા પોતાની જાતને જીવન વિશેના ગહન પ્રશ્નો કરવા લાગ્યાં છે, જેમ કે જીવન શું છેહું શા માટે અહીંયાં છું અને આ પૃથ્વી પર મારા અસ્તિત્વનો ખરો હેતુ શું છે

“તે વાતનો મને પણ ખ્યાલ છે, જુલિયન”

“અરે મારી નાની બહેન! તેં મને પહેલી વાર જુલિયન કહીને સંબોધ્યો. તને ખરેખર ખાત્રી થઈ છે કે આ હું જ છું?”

“હા, પણ તું ગજબનો બદલાઈ ગયો છે” પછી મે જુલિયન તરફ વળીને તેનો ગાલ ચુમ્યો અને તેને જોરથી બાથ ભરી તેણે મારુ કપાળ ચુમ્યું અને અમે માત્ર એક ભાઈ-બહેન જ અનુભવી શકે તેવી આત્મીયતા અનુભવતા એક બીજાને વળગી રહ્યાં.

અમે તે રીતે પરસ્પર વળગીને ઉભા હતા ત્યાં મને લાગ્યુ કે જુલિયન કંપવા લાગ્યો છે. મેં તેનાં ચહેરા સામે જોયુ તો તે ફરીથી રડવા લાગ્યો હતો. તે જોઈને મને પણ રડવુ આવી ગયું, અને અમારા બંનેની આંખોમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યાં.

જુલિયને તરત જ પોતાની લાગણીઓ ઉપર કાબુ મેળવી લીધો, પણ પોતાની નબળાઈનાં

આવાં પ્રદર્શનથી પહેલાનો જુલિયન જેમ સંકોચ પામતો, તેવું હવે જરાય રહ્યું ન હતું. “મોટો થયા પછી તેં મને કદિ પણ રડતા જોયો નથી, ખરું, કેથરીન?”

‘હા’

“મારા પ્રવાસ દરમ્યાન મેં શીખેલી ઘણી વાતોમાંની એક વાત એ છે કે આપણે વાસ્તવિક રહેવું જોઈએ”

“વાસ્તવિક?”મેં પૂછયુ – જુલિયન શું સમજાવવા માંગતો હતો તે હું સમજી શકી નહીં.

“હા, કેથરીન, આપણામાંના મોટા ભાગનાં લોકો આપણે ખરેખર જેવા છીએ, તે છુપાવવા માટે આખી જીંદગી એક સામાજીક મહોરું પહેરીને જીવતાં હોય છે. આપણું માનવીપણું સંપુર્ણ રીતે વ્યકત કરવાને બદલે આપણે દુનિયા આપણને જેવા જોવા માંગતી હોય, તેવી આપણી છબી બનાવવાની ખૂબ મહેનત કરતાં હોઈએ છીએ. લોકો આપણી પાસેથી જે બોલવાની અપેક્ષા રાખતાં હોય, તે આપણે બોલતાં હોઈએ છીએ. જેવા કપડા પહેરવાની અપેક્ષા રાખતા હોય, તેવા કપડાં પહેરીએ છીએ, અને જે કરીએ તેવી અપેક્ષા રાખતાં હોય તેમ કરતા હોઈએ છીએ. આપણે જે પ્રકારનું જીવન જીવવા સર્જાયા છીએ તેનાંથી જુદી વ્યકિતનુ જીવન આપણે જીવવા લાગીએ છીએ. અને તેમ કરવા જતાં આપણે ધીરે ધીરે મૃત્યુ પામવાની શરૂઆત કરતાં હાઇએ છીએ. પ્રવાસી સંશોધક આલ્વાહ સાઈમનનાં શબ્દોમાં કહીએ તો “મૃત્યુ તો મરવાનાં ઘણાં પ્રકારોમાં એક પ્રકાર માત્ર છે ” એટલે હવે હું મારું હૃદય જેને જીવવાની ખરી રીત કહે, તે જ પ્રમાણે જીવુ છું. જેમ કે તને ફરીથી મળીને મને એટલો બધો આનંદ થયો છે મને રડવાનુ મન થયું. એટલે હમણા હું રડયો. જયારે મને આનંદનો અતિરેક થઈ જાય ત્યારે હું ગાવા લાગુ છું. જો મને કોઈ પ્રત્યે પ્રેમભાવ જાગે તો હું તે વ્યકત કરી દઉ છું. એમ કહે ને, કે મારા હૃદયમાં જે હોય તે વ્યકત કરતો ફરું છું. હું સંપુર્ણપણે વર્તમાન પળમાં જીવુ છું.તેની દરેકે દરેક ક્ષણ પૂરેપૂરી માણું છું.”

“એનો અર્થ એમ થાય કે તું વાસ્તિવક છે?” મેં પૂછયું.

“હા, તેનો અર્થ એમ થાય કે આપણે જે રીતે જીવવા સર્જાયા છીએ તે રીતે હું જીવી રહ્યો છું. ઘણા બધા લોકો પાળેલા બની જતા હોય છે.”

“પાળેલા?”

“ચોકકસ, તેઓ દેખાડો કરવામાં અને તેમની પાસેથી જેવી અપેક્ષા કરવામાં આવતી હોય તેવા બનવામાં એટલાં પાવરધા બની ગયા હોય છે કે તેઓ પાળેલા બની જાય છે – કેળવેલા સીલ પ્રાણી જેવાં.”

“તેમનું આવુ વર્ણન જરા કઠોર નથી, જુલિયન?”

“જરાય નહીં, કેથરીન. માનવી તરીકે આપણી સૌથી મોટી ફરજ એ છે કે આપણે આપણું જીવન સ્પષ્ટ રીતે જીવીએ. આપણે શકય હોય તેટલી ઉચ્ચતમ રીતે જીવીએ અને દરેકે દરેક દિવસ આપણને જે કાંઈ પણ કરવાનુ આવે,તે સર્વોત્તમ રીતે કરી છુટવા માટે આપણે બંધાયેલા છીએ. એટલા માટે આપણે વાસ્તિવક બનવું જોઈએ અને આપણાં અંતઃકરણની સલાહ માનીને તે પ્રમાણે કરવું જોઈએ. એનો અર્થ એ કે તમે જાણતા હો કે તમારે કશુંક ન કરવુ જોઈએ, તો તે કરવાની તમે ના પાડી ધ્યો, જેથી કરીને તમારા દિવસોમાં મહાન સમૃધ્ધિ અને તમારા કલાકોમાં સાચી પરિપૂર્ણતા લાવી શકનારી તમારી ખરી પ્રાથમિકતાઓ કરવાની તમે હા પાડી શકો. હું વકીલાતનાં વ્યવસાયમાં પાછો જોડાઈ શકયો હોત, પણ તે મારી હાર ગણાત” જુલિયને ઉમેર્યું.

“એમ કેમ?”

“કારણ કે મારા જીવની મુશ્કેલીઓમાંથી હું શીખ્યો છું કે આપણા જીવનમાં જે કાંઈ પણ બને તે કોઈ ખાસ કારણસર બનતું હોય છે”

“હું પૂરેપૂરી સહમત છું” મેં કહયું. મારા પોતાના જીવનમાં મેં હાલમાં જ શોધી કાઢેલો આ જીવન સિધ્ધાંત હું ઓળખી ગઈ.

“એટલું જ નહીં પણ હું એ પણ શીખ્યો છું કે જીવનની નિષ્ફળતાઓ અને દુઃખો હકીકતમાં આપણાં ઉત્તમ મિત્રો છે. એલેકઝાંડર ગ્રાહમ બેલએ તે વાત ખૂબ જ સચોટ રીતે રજૂ કરતાં કહ્યું છે કે “જયારે એક દરવાજો બંધ થાય, ત્યારે બીજો ખુલે છે. પણ આપણે એટલા લાંબો સમય ખેદપૂર્વક તે બંધ દરવાજા તરફ તાકતા રહીએ છીએ કે આપણા માટે ખુલેલો દરવાજો આપણે જોઈ શકતા નથી” પોતાનાં શબ્દો ઉપર ધ્યાન કેન્દ્રિત કરતાં જુલિયને કહયું.

“સાવ સાચી વાત છે.” મેં કહયું.

“હા કેથરીન, “અંતે તો આપણા જખ્મો જ આપણને ડહાપણ આપે છે . જે પથ્થરોની આપણને ઠેસ વાગી હોય, તે જ પથ્થરો આપણાં પગથિયાં બન્યા વિના રહેતાં નથી અને આપણી નિષ્ફળતાઓ આપણને શકિતશાળી બનાવે છે” લીટન લખી ગયા છે તેમ “મુશ્કેલીઓ એવી હીરાકણીઓ છે જેનાંથી ઈશ્વર પોતાના રત્નોને ઘસીને ઝળકાવે છે.”

“ખૂબ જ સુંદર શબ્દો, મને લખી લેવા દે” મેં ગંભીરતાથી કહ્યું.

“તારે તેમ કરવાની જરૂર નહી રહે, નાની બહેન. તારે જે જાણવાની જરૂર હશે, તે બધુ જ હું તને શીખવાડીશ અને ખાત્રી રાખજે, તું કંઈ પણ ભૂલીશ નહીં. પણ અત્યારે તો હું એમ કહેવા માંગુ છું કે હું વકીલાતનાં વ્યવસાયમાં ફરીથી જોડાઈને ખૂબ પૈસા કમાઈ શકયો હોત, પણ તેમ કરવાથી જીવને મને જે તક આપી છે તેની પ્રત્યે મેં મારૂં મોઢું ફેરવી લીધા જેવું થાત. એલીનું મૃત્યુ, મારા છુટાછેડા, અને ત્યારબાદ મારા હાર્ટએટેક પાછળ જરૂર કોઈ કારણ હોવું જોઈએ. હું સમજી ગયો કે હું જો આ પડકાર સ્વીકારી લઉં અને પોતાની દયા ખાવામાં દિવસો વિતાવવાનું બંધ કરી દઉં, તો મને એવું કંઈક મળી આવશે, જે મારા જીવનને એક નવા ઉન્નત સ્તરે પહોંચાડી દેશે. અને મને લાગ્યું કે તેમ થવાથી મેં હજી સુધી કદિ ન અનુભવેલો આનંદ, ખુશી અને પ્રેમ મારા જીવનમાં આવશે”

“પ્રેમ? મને યાદ નથી કે તું પ્રેમ વિશે બહુ વાતો કરવાવાળો હતો, જુલિયન. તું ખરેખર બદલાઈ ગયો છે”

“આજની આ દુનિયામાં પ્રેમ જ એક એવી ચીજ છે જેની આપણને ખરેખર વધુ જરૂરત છે, કેથરીન. અને હું માત્ર બીજા વ્યકિતઓને જ પ્રેમ કરવાની વાત નથી કરતો. આપણે પોતાના કામ પ્રત્યે, આપણી નિકટવર્તી પરિસ્થિતિઓ પ્રત્યે, અને ખાસ કરીને પોતાની જાત પ્રત્યે પ્રેમ દાખવવો જરૂરી છે. તો જ આપણે અન્ય વ્યકિતઓને આપણો સંપૂર્ણ પ્રેમ આપી શકીશુ. હું માત્ર એટલું જાણું છું કે આપણા જીવનનો દરેકે દરેક દિવસ પ્રેમપૂર્ણ રીતે પસાર થવો જોઈએ ” લીઓ ટોલ્સરોય લખી ગયાં છે કે “કોઈપણ કાર્ય સારૂં કે ખરાબ માત્ર એક સ્પષ્ટ ગુણને કારણે બને છે. જો તે વિશ્વમાં પ્રેમ વધારે, તો તે સારૂ ગણાય. જો તે લોકોને અલગ કરી તેમનાંમાં વેરઝેર ઉભાં કરે, તો તે ખરાબ ગણાય”

“એટલે કે વધુ માણસાઈવાળી બનવા માટે મારે માત્ર જોન અને બાળકો પ્રત્યે જ નહીં, પણ મારા કામ પ્રત્યે પણ વધુ પ્રેમ દાખવવો જોઈએ? તેમ કરવાથી હું વાસ્તવિક, વધુ કાર્યશીલ

વ્યકિત તો બનુ પણ જે અસંતુલન દૂર કરવા હું આટલા લાંબા સમયથી મથી રહી છું, તે જ અસંતુલન ફરીથી નહીં થાય મને નથી લાગતુ કે મારે વધુ કામ કરવુ જોઈએ. મને લાગે છે કે મારે મારૂં કામ ઓછું કરી નાંખવુ જોઈએ."

"વ્યાજબી ટિકા છે, કેથરીન પણ તેનો આધાર તું શેને 'કામ' ગણાવે છે તેનાં ઉપર છે. તું 'કામ'નો બહુ સંકીર્ણ અર્થ કરે છે. હું તારા જીવનકાર્ય વિશે વાત કરી રહયો છું."

"મારૂં જીવનકાર્ય?"

"હા, કદાચ તારૂં જીવન કાર્ય એ છે કે તું એવા બે સરસ મજાના બાળકોને ઉછેરીને મોટા કરે જેઓ દુનિયામાં જઈને તેને વધુ સારીં, વધુ સમજદાર જગ્યા બનાવે. મને એમ પણ લાગે છે કે તારા જીવન કાર્યોમાં બ્રેવલાઈફ. કોમ અને તેના દ્વારા જે જીંદગીઓ તું બદલી રહી છે, તેનો પણ સમાવેશ છે."

'તને બ્રેવલાઈફ઼ કોમની કેવી રીતે ખબર પડી?" મેં આશ્ચર્યથી પૂછયું. "મને તો એમ કે હિમાલયના કોઈ ઉચ્ચ શિખર પરના આશ્રમમાં તું એકાંતવાસમાં ચાલ્યો ગયો છે."

"હું પાછો ફર્યો પછી તારા વિશે વાંચતો રહ્યો છું. ધંધામાં તું ઘણી ઉત્તમ ચીજો કરી રહી છે, નાનકડી બહેન, પણ મને તેની જરાય નવાઈ નથી લાગતી. મેં તને સારૂં શિક્ષણ આપ્યુ લાગે છે" જુલિયને અભિમાનપૂર્વક સૂચવ્યું.

"તેં કોઇક પ્રકારે મેળવેલી સ્નાયુવાળી છાતી બહુ ફૂલાવતો નહીં, મોટાભાઈ. તે બધુ મેં મારી જાતે કર્યુ છે" હું હસી પડી.

"તું કાયમ સ્વાવલંબી રહી છે કેથરીન. મને હંમેશા તારો તે ગુણ ખૂબ જ ગમતો આવ્યો છે. તે, અને મકકમતા તથા ઉત્તમતા પ્રત્યે તારી નિષ્ઠા. પણ હું જે કહેવા માંગતો હતો, તે વિશે હવે વાત કરીએ – તારા જીવનકાર્ય પ્રત્યે પ્રેમ રાખ. બધા અને બધી બાબતો પ્રત્યે પ્રેમ રાખ. તારૂ જીવન બદલાઈ જશે."

"કોઈ દાખલો?"

"ભલે, મહાન તત્વવેત્તા ખલીલ જીબ્રાનનાં શબ્દો ટાંકુ તો કેવું?" મને તેમના શબ્દો ખૂબ જ સુંદર લાગે છે: "જયારે તમે કાર્યશીલ બનો છો ત્યારે તમે એક એવી વાંસળી બની જાઓ છો, જેનાં હાર્દમાં સમયનો હળવેકથી અપાયેલો સંદેશ સંગીત બની જાય છે. મહેનત દ્વારા જીવન પ્રત્યે પ્રેમ દાખવવો એટલે કે જીવનનાં ગુઢાર્થને સંપુર્ણપણે સમજવો. જેમાં પ્રેમનો અભાવ હોય તેવું દરેકે દરેક કાર્ય વ્યર્થ બની જાય છે, કારણ કે કાર્ય પ્રેમનુ પ્રત્યક્ષ સ્વરૂપ છે". એટલે બ્રેવ લાઈફ. કોમના તારા કાર્ય પ્રત્યે પ્રેમ રાખ. તે કાર્યમાં રત થઈ જા અને તે રીતે લોકોનાં જીવનને વધુ મુલ્યવાન બનાવ. સાથે સાથે એક માતા તરીકેનાં અને જોનની સહચરી તરીકેનાં તારા કાર્ય પ્રત્યે પણ પ્રેમ રાખ."

"ભલે," હું મંત્રમુગ્ધ થઈને બોલી ઉઠી. "પણ તારા હાર્ટએટેક પછી તેં ખરેખર કર્યુ શું?"

"ખેર, પહેલા તો મે મારી બધી જ મિલ્કત વેચી નાંખવાનુ નકકી કર્યુ. મારે ઓછા બોઝ સાથે પ્રવાસ કરવાનો હતો, અને મારી દુન્યવી સંપત્તિ મારા મનમાં ગુંચવણ અને મારા જીવનમાં અડચણો ઉભી કરત. મેં મારા જીવનનિર્વાહ માટેની આવશ્યકતાઓ પુરતું જ રાખીને સંપુર્ણ સાદગી અપનાવવાનો નિર્ણય કર્યો, અને એટલે મેં હવેલી, વિમાન ને ટાપુ વેચી નાંખ્યા"

"તેં તારી ફેરારી પણ વેચી નાંખી, જુલિયન, મેં જયારે તે સાંભળ્યુ ત્યારે મારા તો માન્યામાં જ ન આવ્યું"

“તે નાનકડા પણ અર્થસભર કાર્ય દ્વારા મે મારી જાતને પણ અચંબામાં નાંખી દીધી હતી” જુલિયને પોતાનાં સુંદર ઝભ્ભાનાં ભરતકામ પર હાથ ફેરવતાં ફેરવતાં સસ્મિત નોંધ લીધી. “હું ભારત જવા નીકળી પડયો. હું જાણતો હતો કે મારે જે સવાલો કરવા જોઈએ તેમાંનાં ઘણાનાં જવાબો મને ત્યાંથી મળી રહેશે. મારા જીવનો તે અજબનો આધ્યાત્મિક કાળ હતો. ઘણાં વર્ષો બાદ પહેલી વાર મેં મુક્તિનો અનુભવ કર્યો. હું જાણતો હતો કે હું એક એવા મહાન પથ પર પ્રવાસ કરવા જઈ રહયો છું જે મને જીવનનાં અર્થ વિશે બિલકુલ નવી જ સમજણ આપશે. જોર્જ બર્નાડ શો લખી ગયા છે કે “દિશાહીન રીતે જીવવું નર્ક સમાન છે. સુકાન સંભાળીને જીવવું તે સ્વર્ગ સમાન છે” અને ઘણાં લાંબા સમય પછી મને લાગ્યુ કે મારૂં ભવિષ્ય મારા નિયંત્રણમાં છે. મને લાગ્યું કે હું આપણામાંનાં ઘણાં લોકો જીવે છે તેવું ધ્યેયહીન નહીં, પણ હેતુપૂર્ણ જીવન જીવી રહયો છું.”

“બરાબર છે, જુલિયન. મોટા ભાગનાં લોકો આકસ્મિક જીવન જીવતાં હોય તેવુ લાગે. પોતે જોયેલાં સ્વપ્નોને સાકાર કરવા માટેની પરિસ્થિતિઓ સર્જવાને બદલે તેઓ તે દિવસની ઘટનાઓની પ્રતિક્રિયા રૂપ જીવન જીવતા હોય છે” મારો ભાઈ મારામાં જે પ્રેરણા રેડી રહયો હતો, તેમાં ગરકાવ થઈ થતાં મેં ઉમેર્યું.

“સુંદર વક્તવ્ય, કેથરીન. હું ખરેખર ખૂબ જ પ્રભાવિત થયો છું” ઉત્સાહપૂર્વક પોતાનાં તામ્રવર્ણા હાથોને પોતાનાં ઘુંટણો ઉપર ઠોકીને તે બરાડી ઉઠયો. “તારું મગજ પહેલેથી જ ઉત્કૃષ્ટ હતું, પણ હવે તારામાં એક કવિનુ હૃદય પણ પ્રગટયું છે”

“અરે, ખાસ એટલું બધુ નહીં, જુલિયન”મેં નમ્રતાપુર્વક કહયું.

પછી જુલિયને ભારતના એક છેડાથી બીજા છેડા સુધી પોતે કેવી રીતે કોઈવાર ટ્રેઈનમાં, કોઈવાર સાઈકલ ઉપર તો કોઈવાર પગપાળા પ્રવાસ ખેડયો હતો તે વિશે વાત કરી. તે સમૃધ્ધ સંસ્કૃતિ ભર્યા દેશનાં લોકોને મળી તેમની સમજણભરી જીવનશૈલિ વિશે શીખવામાં તેને અત્યંત આનંદ પ્રાપ્ત થતો હતો. તે પૌરાણિક મંદિરોમાં ગયો અને તેણે પૌરાણિક ખંડેરો સામે ભવ્ય સૂર્યાસ્તો નિહાળ્યા. જેને તે ભૂલી ચુકયો હતો તેવી પોતાની બાળક જેવી નિર્દોષ પ્રકૃતિ સાથે તેનુ અનુસંધાન થવા લાગ્યું, અને ધીરે ધીરે તેની પ્રતિભાના પ્રતિક સમું તેનુ સ્મિત પાછું ફર્યું.

“હું કલાકો સુધી તારાઓ સામે તાકી રહેતો. મેં તત્વજ્ઞાનનાં ગ્રંથોનો ઉંડાણપૂર્વક અભ્યાસ કર્યો, અને તે વિશે મને જે સ્પષ્ટ સુઝ પડતી ગઈ તેની હું મારી વળી ગયેલી કોરવાળા પાનાઓવાળી રોજનીશીમાં નોંધ કરતો ગયો. હું સંતો અને યોગીઓ સાથે લાંબે સુધી ચાલવા જતો અને તેમના પર જીવનનો ખરેખર ઉચ્ચતમ ઉદ્દેશ શું છે, અને મારા બાકીના દિવસોને હું વધુ અર્થપૂર્ણ અને સુંદર બનાવી શકુ તે વિશેના પ્રશ્નોની ઝડી વરસાવતો. હું તેમને પૂછતો કે બહુ મોડું થઈ જાય તે પહેલાં જીવનને વધુ તંદુરસ્ત, સુખી અને જીવંત કેવી રીતે બનાવવું. હું વિચારવા લાગ્યો કે લોકો સાથે હું કેવી રીતે વધુ આત્મીય સંબંધો કેળવી શકુ, જેથી કરીને એલીનાં મૃત્યુને કારણે અને મારી પત્નિનાં મને છોડી જવાનાં કારણે મેં ગુમાવી દીધેલો પ્રેમ હું ફરીથી પ્રાપ્ત કરી શકું. હું તેમને પ્રોત્સાહીત કરવા લાગ્યો કે તેઓ મને શિખવાડે કે મારા ઘોંઘાટિયા મગજને કેવી રીતે ધીરૂં પાડીને અંતઃકરણની તે શાંતિ પ્રાપ્ત કરી શકું જે એક ખરેખર પરિપૂર્ણ જીવનનું ચિન્હ છે.”

“તારી વાત પરથી લાગે છે કે તે ખરેખર એક અવનવો સમય હતો, જુલિયન. મને ખાસ કરીને તે વાત ખૂબ ગમી કે આપણે આપણા જીવનની ગતિને ધીમી કરીને તે આવશ્યક આનંદો

માણવા જ જોઈએ જે આપણી આધુનિક દુનિયાનાં ગાંડાતુર વેગભર્યા જીવન સાથે કદમ મિલાવીને ચાલવા જતાં આપણે ગુમાવી બેસતા હોઈએ છીએ.મેં હાલમાં જ એક અખબારમાંથી એક અવતરણ કાપી લીધું છે. ઉભો રહે, તને બતાવુ." મેં મારા પલંગની બાજુનાં ટેબલનું ખાનું ખોલતાં ખોલતાં કહયુ. તે અવતરણમાં લખ્યુ હતું.

આપણાંમાંનાં મોટા ભાગનાં લોકો 'પુલિટઝર', 'નોબેલ', 'ઓસ્કાર', 'ટોની', 'એમી' જેવા ખ્યાતનામ પુરસ્કારો પ્રાપ્ત કરી શકતાં નથી. પણ આપણે બધા જ જીવનનાં નાનકડા સુખો પ્રાપ્ત કરવાને પાત્ર છીએ, જેવાં કે ખભા ઉપર શાબાશીભરી થાપ, કાન પાછળ ચુંબન, ચાર રતલનુ બેઝ, પૂર્ણિમાનો ચંદ્રમા, ગાડી પાર્ક કરવા માટે ખાલી જગ્યા, પૂર્ણ પ્રજવલિત અગ્નિની હુંફ,સારૂ સ્વાદિષ્ટ ભોજન, ભવ્ય સૂર્યાસ્ત, ગરમા ગરમ સૂપ, ઠંડીગાર બિયર. દુનિયાનાં મહાન પુરસ્કારો જીતી ન શકવાને કારણે અકળાયા ન કરો. તેનાં નાનકડા સુખો માણો. આપણા બધા માટે તે પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે."

"વાહ! આ તો ખરેખર સુંદર છે, કેથરીન. આ હું લખી શકયો હોત તો કેવુ સારૂ! તેમના કહેવાનુ તાત્પર્ય એ જ છે કે આપણું જીવન જેમ જેમ આગળ વધતું જાય, તેમ તેમ તેની રાહમાં આવતાં અલ્પ સુખોને આપણે માણવા જ જોઈએ. હું સમજી શકયો છું કે કોઈપણ માર્ગ એટલો જ મહત્વનો છે જેટલી તેને અંતે આવતી મઝિલ. આપણે સુખ માણેવાનું ભવિષ્યમાં બની શકે તેવી કોઇ ઘટના સુધી મુલત્વી રાખતાં હોઇએ છીએ. ઘણા બધા લોકો આ બાબતમાં પોતાની જાતને ઠગતાં હોય છે"

"જરા સમજાવીશ."

"જરૂર.' આપણે પોતાની જાતને કહેતાં હોઈએ છીએ કે જયારે આપણને તે પ્રમોશન (બઢતી) કે તે નોકરી મળશે ત્યારે આપણે સુખી થશું. અથવા તો બાળકો મોટા થઈને કોલેજમાં જતા રહે ત્યારે આપણે વધુ મજા કરી શકીશું. આપણે કહીએ કે જયારે આપણે નિવૃત્ત થઈશું, ત્યારે તારાઓ જોવા માટે સમય કાઢીશું અને આપણને અતિપ્રિય હોય તેવી બાબતો ઉપર ધ્યાન દેશું. પણ તે જીંદગીનું મોટામાં મોટું જુઠાણું છે. કોઈપણ સિધ્ધિ હાંસલ કરવાથી સુખ પ્રાપ્ત થતુ નથી. તે પ્રાપ્ત થાય છે, જયારે તમે અમુક જાતનાં વિચારો કરો. સુખ તો માત્ર એક માનસિક સ્થિતિ છે. જેનું સર્જન તમારા જીવનની ઘટનાઓ પ્રત્યેનાં તમારાં વલણ અને તમે તેનું અર્થઘટન કઈ રીતે કરો છો, તેના દ્વારા તમે કરતા હો છો. તે પ્રાપ્ત થાય છે તમારા જીવનમાં તમને કાંઈ મળ્યું છે, તે બદલ ખૂબ જ આભાર વ્યકત કરવાથી અને એક કૃતજ્ઞતાભર્યુ માનસ કેળવવાથી જેને લીધે તમે તમારા જીવનની દરેક નાનકડી અજાયબીઓની અત્યંત કદર કરી શકો. તત્વવેત્તા ઋષિ સેસીલએ એક વખત ટિપ્પણી કરી હતી કે "મારા જીવનનાં દરેક વર્ષે મને વધુ ને વધુ ખાત્રી થતી જાય છે કે આપણું ધ્યાન શિવમ્ તથા સુંદરમ્ પર કેન્દ્રીત કરવું અને અનિષ્ટ તથા અસત્ય પ્રત્યે શકય હોય તેટલું દુર્લક્ષ્ય કેળવવું, તેમાં જ આપણું ડહાપણ અને ઈષ્ટ સમાયેલું છે."

"તેનાંથી પણ મહત્વની એક બાબત યાદ રાખજે કે જે હાથ આપે છે, તે જ હાથ પ્રાપ્ત કરે છે. બીજાઓને આપવાથી જ પ્રાપ્ત કરવાની પ્રક્રિયા શરૂ થાય છે. સુખની પ્રાપ્તિને તમારા કાર્યનું લક્ષ્ય ન બનાવો. સેવા અને લોકોની ગુણવત્તા વધારવાની તમારી અંતઃકરણપુર્વકની ઈચ્છાને તમારા જીવનનું કેન્દ્રબિંદુ બનાવો – પછી સુખ પ્રાપ્ત થશે જ. ટોલ્સટોય લખે છે કે કલ્પના કરો કે તમારા જીવનનો ઉદ્દેશ માત્ર તમારૂં પોતાનુ સુખ પ્રાપ્ત કરવાનો જ છે – તો જીવન ક્રુરતાભર્યુ તથા અર્થહીન બની જશે. તમારે માનવજાતિનું ડહાપણ, તમારી બુધ્ધિ, તથા તમારૂં હૃદય જે કહે તે

અપનાવવું જ રહ્યું. તે કહે છે કે જીવનનો સાચો અર્થ એ છે કે જે શક્તિએ તમને આ દુનિયામાં મોકલ્યાં છે, તેની સેવા કરવી. તેમ કરવાથી જીવન સુખી બની જાય છે"

"પ્રભાવશાળી શબ્દો.તે વિશે મારે એકાંતમાં વધુ વિચારવું પડશે, પણ અત્યારે તો તું મને તારા પ્રવાસ વિશે વાત કર. તે ખરેખર માન્યામાં ન આવે તેવી વાત છે"

"મારા જીવનમાં અભૂતપૂર્વ એવા આત્માવલોકન તથા આત્મવિકાસમાં થોડાં મહીનાઓ ગાળ્યાં બાદ જીવનને વધુ સમૃધ્ધ તથા આનંદપૂર્ણ બનાવવા માટે તેનાંથી પણ વધુ અર્થપૂર્ણ જ્ઞાન મેળવવાની મને ઝંખના જાગી" જુલિયને આગળ ચલાવ્યું. "જે આચાર્યો અને પંડિતોને હું મળ્યો હતો તેમને હું વધુ ગહન સત્યો તથા વધુ ઉચ્ચ જ્ઞાન મેળવવામાં મને મદદ કરવા માટે આગ્રહ કરવા લાગ્યો. તેઓ એટલા સુશીલ અને પ્રેમાળ હતાં કે બદલામાં કોઈપણ અપેક્ષા રાખ્યા વગર પોતાની પાસે જે કાંઈ જ્ઞાન હતું તેમાં તેમણે મને સહભાગી બનાવ્યો. હવે મને સમજાય છે કે તેઓ જેને વિપુલતાનો સિધ્ધાંત કહેવામાં આવે છે તેની સાથે સુસંગત રીતે જોડાઈ ચુકયાં હતાં."

"વિપુલતાનો સિધ્ધાંત? તેના વિશે મેં કદિ સાંભળ્યુ જ નથી." મેં પથારીમાંથી સફાળી બેઠી થઈ જતાં અત્યંત કુતુહુલતાપૂર્વક પૂછયું.

"મેં જેનાં વિશે હમણાં જ નિર્દેષ કર્યો તે કુદરતનો એક સનાતન અને અચલ નિયમ છે, કે તમે બીજાઓને જેટલું વધારે આપતા જાઓ, તેમ તેમ આખરે તમે પણ તેટલું વધુ મેળવશો જ " હું જાણી શકયો છું કે જો તમે જીવનમાં વધુ વિપુલતા અને ઉન્નતિ ઈચ્છતા હો, તો તમારે વધુ આપતાં રહેવું જોઈએ. વિપુલતા એક એવી શકિત છે જે સમગ્ર વિશ્વમાં વ્યાપી રહી છે, અને તમે જોઈ શકશો કે તમે જેટલી બહાર મોકલતા રહેશો, તેટલી તે તમારી પાસે પાછી ફરતી રહેશે. વિપુલતાનો સિધ્ધાંત વ્યાપારમાં પણ તેટલી જ અજાયબ રીતે કામ કરતો હોય છે. જો તમારે સમૃધ્ધ બનવું હોય તો, તમે વધુ કમાઈ શકો તો કેવું સારૂં તેમ ઈચ્છવાને બદલે પોતાની જાતને પૂછો કે તમે બીજાઓને કેવી રીતે મદદરૂપ થઈ શકો. જયારે તમે જેની ચાકરી કરતાં હો, તેમનાં જીવનની ગુણવત્તા વધારવા માટે એકનિષ્ઠ બનીને કટિબધ્ધ થઈ જાઓ, ત્યારે તમારી પાસે પૈસાની રેલમછેલ થઈ જશે. કેથરીન, કોઈ દિવસ ભૂલતી નહીં કે પૈસા તે અપાયેલી સેવા તથા વધારો કરાયેલી ગુણવત્તા માટે કુદરત તરફથી મળતાં મહેનતાણાંથી વધારે બીજું કાંઈ જ નથી. તમે ગુણવત્તામાં જેટલો વધારો કરી શકશો, તેટલાં વધુ પૈસા તમે કમાઈ શકશો."

"એટલે તું એમ કહેવા માંગે છે કે વાણિજ્ય જગતના લોકો પૈસા કમાવાનુ પોતાનું મુખ્ય લક્ષ્ય બનાવીને ભૂલ કરી રહયા છે?"

"હા, પૈસાની પાછળ દોડવું ન જોઈએ. જયારે તમારૂં લક્ષ્ય લોકોને વધુ સારૂં જીવન જીવવા તથા તેમનાં સ્વપ્નોને સાકાર કરવામાં મદદ કરવાનું બની જાય છે, ત્યારે પૈસા તમારા જીવનમાં એક જાતનાં બાજુનાં પેટા-ઉત્પાદન તરીકે વહી આવે છે. વિકટર ફ્રેંકલએ આ વાત ખૂબ જ સચોટ રીતે રજુ કરતાં કહયું છે કે "સુખની જેમ પૈસા પણ તેની પાછળ દોટ મુકવાથી મળી શકતાં નથી. તે એક પરિણામ સ્વરૂપે જ આવે છે અને તે પોતાની જાત કરતાં વધુ મહાન હેતુ કે કાર્ય પ્રત્યે પોતાની એકનિષ્ઠાને કારણે અણધાર્યા આવી જાય છે."

ભારતમાં આ પ્રકારનાં જ્ઞાન તથા માનવજાતિ પ્રત્યેનાં પ્રેમ વચ્ચે મને સમજાયું કે દરેક જીવનનો એક ભવ્ય મહાન ઉદ્દેશ હોય છે" જુલિયને ઉમેર્યુ.

"ખરેખર?"

"સાચે જ, નાનકડી બહેન, આપણે બધા જ આપણી આગવી રીતે વીરતાભર્યુ જીવન

જીવીને દુનિયામાં ફરક લાવવા માટે સર્જાયા છીએ. હાલમાં જ મને યુ.એસ. એરફોર્સનાં જનરલ જેમ્સ ડુલીટલનાં શબ્દો વાંચવા મળ્યાં. હું જે વાત સમજાવવાનો પ્રત્યન કરી રહ્યો છું, તે તેમણે આ શબ્દોમાં રજુ કરી છે." આપણને આ દુનિયામાં એટલા માટે મુકવામાં આવ્યા છે કે આપણે તેને એક વધુ સારૂં સ્થળ બનાવીએ. એટલા માટે આપણે સમાજમાં ફાળો આપનારા સભ્યો બનવું જોઈએ. આપણા અસ્તિત્વને કારણે જો પૃથ્વી આપણે તેનાં પર આવ્યા હતા તે પહેલા હતી તેનાંથી વધુ સારી બની હોય, તો આપણું નિર્માણ સાર્થક થયું ગણાય."

"તો પછી આ વાત વધુને વધુ લોકો શા માટે જાણી શકયાં નથી. આપણામાંનાં આટલા બધા લોકો અપૂર્ણ અને દુઃખી કેમ છે?"

"કારણ કે આપણે આપણા જીવનમાં એટલી બધી અવ્યવસ્થા, સાધન સામગ્રીઓ અને વ્યસ્તતા લાવી દઈએ છીએ કે આપણને ખરેખર મહત્વની બાબતો વિશે વિચારવાનો સમય જ નથી મળતો . તેના ઉપરથી મને પ્રાચિન કાળનાં એક ઝેન યોગી યાદ આવ્યાં, જેમણે વિચારપુર્વક કહ્યું છે કે "મોટાં ભાગનાં લોકો દરરોજ વધુને વધુ મેળવવાનાં પ્રયાસો કરતા હોય છે, જયારે હું દરરોજ વધુને વધુ સાદો અને સરળ બનાવાનો પ્રયત્ન કરતો હોઉ છું." આપણે જો માત્ર થોડા ધીમા પડીએ, 'પોઝ' (થંભવાનું) બટન વધારે વખત દબાવતા રહીએ, અને આપણાં જીવનનું આખું ચિત્ર નિહાળીએ તો આપણને વધારે સમજ પડે કે આપણે શા માટે આંહી આવ્યાં છીએ અને આપણે શું કરવું જોઈએ. હું સમભ શકું છું કે તને વિમાનમાં પ્રવાસ કરવા વિશે જરાય સાંભળવાની ઈચ્છા નથી, પણ મારે તને એક રૂપક કહી સંભળાવવું છે."

"સાચી વાત, મને ઉડવાનો હજી ખૂબ ડર લાગે છે, પણ સંભળાવ."

"ચિંતા નહી કર, કેથરીન, મેં તારા બધા ડોકટરો સાથે વાતચીત કરી છે, અને મારા અમુક જૂના મિત્રો જે દેશનાં સર્વોત્તમ ડોકટરોમાંનાં કેટલાંક છે. તેઓને પણ તારા ચાર્ટ બતાવીને તારી પ્રગતિ બાબત તપાસ કરાવી છે, બધાએ મને કહયું છે કે તું ખૂબ જ સારી પ્રગતિ કરી રહી છે, અને તું સંપુર્ણ રીતે સાજ□ી થઈ જઈશ. હું જાણું છું કે તું અત્યંત દુઃખદ ઘટનામાંથી પસાર થઈ છે, અને ખરેખર, આંહી આવવાનુ મારૂં મુખ્ય કારણ જ એ છે કે હું તને કપરા સમયમાં મદદરૂપ થાઉં. હું માત્ર એટલુ જ કહેવા માંગુ છું કે જો કોઈ એક વિમાનમાં લગભગ ૩૫,૦૦૦ ફીટની ઉંચાઈ ઉપરથી તમે નીચે જુઓ, તો તમને આખી પૃથ્વીનો એક ચિતાર મળી જાય. વૃક્ષોને કારણે તમે જંગલ ઓળખવાનુ ચુકી ન જઈ શકો કારણ કે તમે સંપૂર્ણ દ્રશ્ય જોઈ શકો છો."

"બરાબર છે. આપણે સંપૂર્ણ ચિત્ર જોઈ શકીએ છીએ."

"અચ્છા, આપણા જીવનમાં પણ આપણે વારંવાર ૩૫,૦૦૦ ફુટ ઉપર જવું જરૂરી છે."

"આપણે વધારે વખત વિમાનમાં પ્રવાસ કરવો જોઈએ?" મેં જરા ગુંચવણમાં પડી જતાં પૂછયું.

"ના, હું એમ કહેવા માંગુ છું કે આપણે આપણાં જીવન પ્રત્યેનું આપણું દ્રષ્ટિબિંદુ ફરીથી તપાસી લેવું જોઈએ, જેથી કરીને આપણે આપણી સૌથી મહત્વની પ્રાથમિકતાઓ ઓળખી શકીએ, અને આપણું જીવન તે અનુસાર ગોઠવી શકીએ. આપણે '૩૫,૦૦૦ ફુટ ઉંચે' એટલા માટે જવું જોઈએ કે આપણે આપણાં દિવસો કેવી રીતે વિતાવી રહયા છીએ તે બાજ-દ્રષ્ટિથી જોઈ શકીએ અને આપણે જે દિશામાં જઈ રહયાં હોઈએ તેમાં જરૂરી ફેરફાર કરીને આપણી મંઝિલ તરફ જનારા પાટે ફરીથી ચડી જઈ શકીએ. મોટા ભાગનાં લોકો તેમ કરવાની જેટલી જરૂરત હોય, તે પ્રમાણે કરતાં નથી હોતાં. તત્વચિંતક જોઆના સ્મિથ બર્સનાં કહેવા પ્રમાણે.

“આપણે આપણાં દરેક દિવસને આપણે જીવનમાં જે ઈચ્છીએ છીએ તે સાધવા માટેનો એક મંચ બનાવી દેવો જોઈએ. આપણે આપણી પોતાની તથા જે જગતમાં આપણે જીવી રહયા છીએ તેની જવાબદારી સ્વિકારવી જોઈએ, જેથી કરીને આપણે પોતાની જાત સાથે અને આપણી આજુબાજુનાં જગત સાથે સુસંગતતાપૂર્વક જીવી શકીએ.”

“હા,” મેં જવાબ આપ્યો. આટલી સ્પષ્ટતાપૂર્વક મારા ગળે ઉતરી જાય તેવુ જ્ઞાન મને આ પહેલાં કદિ પણ કોઈએ આપ્યું ન હતું. મારા જીવનમાં જે બરાબર રીતે ચાલી રહ્યું ન હતું, અને પ્રાથમિકતાઓ જેના પ્રત્યે હું આટલા વખતથી દુર્લક્ષ્ય સેવી રહી હતી તે વિશેનાં વિચારોનાં ઝુંડ મારા મસ્તિષ્કમાં ઉમટી પડયાં. મોટા ભાગે હું મારા કુટુંબ વિશે વિચારતી રહી. મને પોર્ટર અને સરિતાની ગેરહાજરી ખરેખર સાલતી હતી. હું વિચારી રહી કે જોન સકુશળ તો હશે કે નહીં? અને અત્યારે તે ઘરમાં શું કરતો હશે? આ હોસ્પિટલમાંથી બહાર આવું તે ઘડીથી જ હું જે ફેરફારો કરૂં અને જે નવા પગલાં લઉં તે વિશેનાં વધુને વધુ વચનો હું મારી જાતનો આપવા લાગી. પછી મારા વિચારો ફરીથી જુલિયન તરફ વળ્યાં. મારો ભાઈ પહેલાં હતો તેનાં કરતા કેટલો વધારે ઉન્નત થઈ ચુકયો હતો. પહેલાંનો જુલિયન તેજસ્વી, મહેનતુ અને મોહક હતો, પણ આ નવો જુલિયન મને પહેલાં કરતાં પણ વધુ વહાલો લાગી રહ્યો હતો.

“હા, તો તું એમ કહી રહ્યો હતો કે તું જે પંડિતોને મળ્યો હતો તેમને આગ્રહ કરવા લાગ્યો કે તેઓ તને વધુ જ્ઞાન આપે, જુલિયન પછી શું થયું?”

“હું કેટલીક અદ્‌ભૂત બાબતો શીખી શકયો, અને મારા પોતાનાં વિશે પહેલાં કદિ પણ જાણી શકયો ન હતો તેવી બાબતો જાણી શકયો”

આ સમય દરમ્યાન જુલિયન પોતાના પગ લંબાવી, હાથોને પોતાના માથા પાછળ સરખી રીતે ગોઠવી મારા પલંગની બાજુની ખુરશીમાં આરામથી ગોઠવાઈ ગયો હતો. તે બોલતો હતો, ત્યારે તેનો ચહેરો ખિલી ઉઠતો હતો અને તેની આંખો તેની વાતનાં વિષય પ્રત્યેની તેની ઉત્કંઠતાને લીધે નાચી ઉઠતી હતી. મારો ભાઈ જે કહી રહયો હતો તે સાંભળીને હું મંત્રમુગ્ધ થઈ ગઈ હતી. તેનો દરેક શબ્દ મને મોહીત કરી રહયો હતો.

“ઉત્તર ભારતમાં થોડા મહીનાઓ પ્રવાસ ખેડયા બાદ હિમાલયમાં ઉંચે વસતા સંતોના એક જૂથ વિષે ઉડતી ઉડતી વાતો મારા કાને પડવા લાગી. દંતકથા મુજબ આ સંતો જેઓ માત્ર “સિવાનાના સંતો” તરીકે પ્રખ્યાત હતા – તેમની ભાષામાં સિવાના એટલે ‘આત્મસાક્ષાત્કારનો રણદ્વિપ’ – તેઓએ એક એવી અદ્‌ભુત પદ્ધતિ વિકસાવી હતી, જેનો ઉપયોગ કરીને કોઈપણ વ્યકિત પોતાની જાત પર પ્રભુત્વ મેળવીને આંતરિક પરિપૂર્ણતા પ્રાપ્ત કરી શકે. આ સંતોએ યુગયુગાંતરનાં જ્ઞાનનો નિચોડ કાઢી એક અતિ શકિતશાળી અને વ્યવહારિક પધ્ધતિ વિકસાવી હતી, જેનાં દ્વારા તેઓ અદ્‌ભુત રીતે શાંતિ, આનંદ અને ઉલ્લાસમય જીવન જીવી રહયા હતા. તકલીફ માત્ર એ જ હતી કે આ માયાવી મહાત્માઓને શોધવા કઈ રીતે તે કોઈ જાણતુ ન હતું. મેં એમ પણ સાંભળ્યું હતું કે તેમને શોધવાનાં પ્રયત્નો કરતાં કરતાં ઘણાં લોકો મૃત્યુ પામ્યા હતા.”

“ખેર,” જુલિયને મારા ચા નાં કપમાંથી ઘુંટડો લેતાં લેતાં કહયું. “તું જાણે છે કે હું હંમેશા જોખમ ખેડવામાં માનતો આવ્યો છું. પિતાજી આપણને હંમેશા કહેતાં તેમ ‘જીંદગીને અંતે આપણને એ વાતનો વસવસો નહીં રહી જાય કે આપણે કેટલાં જોખમો ખેડયાં, આપણાં હૃદયમાં સૌથી મોટું દુઃખ, આપણે જે જોખમો ન ખેડયાં, જે ભયોનો આપણે સામનો ન કર્યો

અને જે અદ્‌ભુત તકો આપણે ઝડપી ન લીધી તે બધાનું રહી જશે' યાદ રાખજે, કેથરીન. 'ભયની પાછલી બાજુ પર મુક્તિ વસે છે.' એટલે મેં સાવચેતી ફગાવી દીધી અને શકય તેટલાં ઉત્સાહથી મેં જે શોધવાનુ પ્રણ લીધુ હતુ તે પરમ જ્ઞાનની શોધમાં હિમાલય તરફ પ્રયાણ કર્યુ. મને જો તે સંતો ન મળે, તો તેમની શોધમાં હું પ્રાણ તજી દેવા માટે તૈયાર હતો"

"મેં ઘણાં દિવસો અને રાત્રિઓ તે ખતરનાક પર્વતો ચઢવામાં વિતાવ્યાં, ઘણાં દુઃખો સહન કર્યા અને ઘણીવાર મૃત્યુ મારી સમીપ આવી પહોચ્યું. પણ મેં આ પહેલાં કદિ પણ ન જોયેલી સુંદરતાનો પણ મેં અનુભવ કર્યો" જુલિયને નોંધ્યુ. "મને લાગે છે કે તે દ્રશ્યની નરી પ્રાકૃતિક સચ્ચાઈ અને મારી આજુબાજુનાં પ્રદેશની સાદગી મારા અંતઃકરણને સ્પર્શી ગઈ. તે ચીલા ઉપર ચાલતા ચાલતા હું સંપુર્ણ જગત સાથે અનુસંધાન સાધી રહ્યો હોઉં, અને મારા કરતાં કંઈક અત્યંત વિશાળનો એક હીસ્સો હોઉ તેવું મને લાગ્યું. મેં જરાય મચક ન આપી. હું ઉંચે ચડતો જ ગયો... ચડતો જ ગયો, એ આશાએ કે હું જીવતો રહી શકીશ, અને છેવટે તે સંતોને શોધી કાઢીશ. તું જાણે છે કે હું હંમેશા માનતો આવ્યો છું કે આપણે જીવનમાં જે પ્રાપ્ત કરવાનાં સ્વપ્નાઓ સેવતાં હોઈએ તેને પ્રાપ્ત કરવા માટે આપણે બધાએ દ્રઢનિશ્ચયતાનો ગુણ કેળવો જ જોઈએ. અનાતોલે ફ્રાંસ કહે છે કે 'કેટલાંક લોકો એટલા માટે સફળ થાય છે, કે તે તેમનાં નસીબમાં લખાયેલુ હોય છે. મોટા ભાગનાં લોકો સફળ થાય છે કારણ કે તેમણે સફળ થવાનો નિશ્ચય કર્યો હોય છે"

અગાથ પ્રયત્ન અને નિષ્ઠાને કારણે અંતે મને સફળતા પ્રાપ્ત થઈ. એક દિવસ મેં એક બીજા વ્યક્તિને જોયાં, તેમણે અંગ ઉપર એક લાંબો ખુલતો લાલ ઝભ્ભો અને માથા ઉપર ઘેરા ભૂરા રંગની કાનટોપી જેવા 'હુડ'ની વિચિત્ર વેશભૂષા ધારણ કરી હતી. મારા માન્યમાં આવતુ ન હતુ કે આટલી ઉંચાઈ પર બીભ કોઈ એકાકી વ્યક્તિ હોઈ શકે. "આટલે ઉંચે કોઈ શા માટે આવે?" હું વિચારવા લાગ્યો.

મેં મારા સહયાત્રીને બૂમ પાડી, પણ મારી સાથે વાત કરવા રોકાવાને બદલે તે વધુ ઝડપથી અમે જે ચીલા ઉપર ચઢાણ કરી રહયા હતા, તેનાં પર ચાલવા લાગ્યાં. મેં જયારે ફરીથી બુમ પાડી – આ વખતે બને તેટલાં જોરથી, ત્યારે આ અજાણ્યા યાત્રીએ પૂરઝડપે દોડવા માંડયું. તેમનો ચહેરો હજી જોઈ શકાતો ન હતો. વહેતાં પવનમાં તેમનો ઝભ્ભો તેમની પાછળ આકર્ષક રીતે લહેરાઈ રહયો હતો.

"મહેરબાની કરો, મિત્ર, હું ખુબ જ મુસીબતમાં છું!" હું રડી ઉઠયો. સિવાના શોધવામાં મને તમારી મદદની જરૂરત છે. હું તે સંતોને શોધી રહયો છું, અને મને લાગે છે કે હું ખોવાઈ ગયો છું"

"ત્યારે તે વ્યક્તિ અચાનક અટકી ગઈ. જેવો હું આ રહસ્યમય વ્યક્તિની પાસે પહોંચ્યો – તેમનુ મુખ હજી પણ 'હુડ' થી ઢંકાયેલું હતુ – કે તેઓ મારી તરફ ફર્યા અને મારી તરફ આવવા લાગ્યાં. અચાનક સૂર્યનો પ્રકાશ તેમનાં મુખ ઉપર પડયો, અને મને ખ્યાલ આવ્યો કે તેઓ એક પુરૂષ હતાં, પણ મારે કહેવું પડશે, કેથરીન, કે મેં આવા પુરૂષ કદિ પણ જોયાં નથી. કદિ પણ નહીં. હું ધારૂં છું કે તેઓ કદાચ પચાસનાં દાયનાં છેલ્લા વર્ષોની ઉંમરનાં હતા.તેમનો તામ્રવર્ણો ચહેરો નરમ અને સુંવાળો હતો. તેમનુ શરીર ખુબ જ મજબુત અને શકિતશાળી લાગતુ હતું અને તેમનામાંથી અસીમ ચૈતન્ય પ્રસરી રહયુ હતુ. તેઓ ટટ્ટાર ઉભા હતા, અને તેમની છટા એક રાજવી જેવી હતી. મને તેમની આંખો હજી પણ યાદ છે. તેમની દ્રષ્ટિ એટલી બધી વેધક હતી કે મારે એક પળ માટે મારી નજર હટાવી લેવી પડી.

“એ સ્પષ્ટ હતું કે મારી ખોજનો અંત આવ્યો હતો. મને ખાત્રી થઈ ગઈ હતી કે તેઓ સિવાનાના મહાન મહાત્માઓમાંના એક હતાં. મેં તેમની સાથે દિલ ખોલીને વાત કરી, તેમની મદદ માટે પ્રાર્થના કરી. આવી ખતરનાક જગ્યામાં આવવા માટે મેં મારી જીંદગીને જોખમમાં શા માટે નાંખી તે સમજાવ્યું. મેં તેમને મારા પૂર્વાશ્રમ વિશે વાત કરી. કાનૂની જગતનાં ઝળકતા સિતારા તરીકે મેં કરેલો સફળતાનો અનુભવ, જે વેગવાન જીવનશૈલિ મેં અપનાવી હતી તે અને ત્યારબાદ એલીનાં મૃત્યુથી મેં ભોગવેલી મહાન ખોટ, તે બધું જ મેં તેમને કહયું. મેં તેમને આજીજી કરી કે તેઓ મને પોતાનાં સંતોના જૂથમાં લઈ જાય, અને મને તે ઉંડુ જ્ઞાન પ્રાપ્ત કરવાની અનુમતિ આપે જેના દ્વારા હું એક પરિપૂર્ણ અને અર્થપૂર્ણ જીવન જીવવાનુ રહસ્ય જાણી શકું.”

જુલિયને મને કહયું કે તે વ્યકિતએ એક પણ શબ્દ ઉચ્ચાર્યા વિના તેની વાત ધ્યાનથી રસપૂર્વક સાંભળી. જુલિયનને તે પણ ખાત્રી ન હતી કે તે સંત તેણે કહેલો એક પણ શબ્દ સમજી શકયા હતા. પછી આશ્ચર્યજનક રીતે તે સંતે વાંકા વળીને મારા ભાઈનાં ખભા ઉપર હાથ મુકયો. “જો તું ખરેખર અંતઃકરણપૂર્વક તારૂં જીવન વધુ સારી રીતે જીવવાની રીતનુ જ્ઞાન મેળવવા ઈચ્છતો હોય તો મારી અંગત ફરજ બની જાય છે કે હું તને મદદ કરૂ. જે જરૂરીઆતમંદ માણસ મારી પાસે આવે, તેની મદદ કરવાની હું કદિ ના નહીં પાડું. મદદની જરૂરતવાળા વ્યકિતની મદદ કરવી તે અમારા પવિત્ર પ્રણોમાંનુ એક પ્રણ છે, જે મને અત્યંત પ્રિય છે. હું ખરેખર તે સંતોમાંનો જ એક છું જેની શોધમાં તું આટલે દૂર સુધી આવ્યો છે. ઘણાં વર્ષો બાદ તું પ્રથમ વ્યકિત છે, જે અમને શોધી શકી. અભિનંદન, મને તારી મકકમતા ખુબ જ ગમી થઈ છે. તું ખરેખર એક સારો વકીલ હશે!” તેમણે હસતા હસતા કહ્યું. ત્યારબાદ તે સંત જુલિયનને પર્વતોમાં એક ગુપ્ત સ્થળે લઈ ગયા જયાં તેઓ અને અન્ય સંતો વસતા હતાં. તેમણે તેને વચન આપ્યું કે તે બધા તેને ખુલ્લા દિલે આવકારશે, અને તેમનાં પૂર્વજોએ સદીઓથી પેઢી દર પેઢીએ પસાર કરેલાં પ્રાચીન સિધ્ધાંતો તેને શિખવશે.

“પણ આ સંતે મારી સામે એક શરત મુકી.’ જુલિયને ગંભીરતાપૂર્વક કહયું. “મને તેમનાં શબ્દો હજી પણ યાદ છે. ‘હું તને અમારા ગુમ્ત જગતમાં લઇ જાઉં, અને અમે બધાએ સંપાદન કરેલું જ્ઞાન તને આપું તે પહેલાં હું તારી પાસે એક વચન માંગુ છું. આ ચમત્કારિક પર્વતોમાં એકાંતવાસ કરવા છતાં, તમારી દુનિયામાં ચાલી રહેલી ઉથલપાથલ વિશે અમે અત્યંત ઝીણવટપૂર્વક વાકેફ છીએ. સુશીલતા અને પ્રેમપૂર્વક જીવવાનું લોકો વિસરી રહ્યાં છે. ખરેખર મહત્વની બાબતો લોકો જોઈ શકતાં નથી. તેઓ અર્થ (પૈસા) માટે અર્થપૂર્ણતાનું બલિદાન આપે છે, અને હેતુને બદલે નફા પાછળ દોડે છે. તેમનો પરિવાર તેમના માટે સૌથી મહત્વનો રહ્યો નથી, અને પરિણામે તેમની પત્નિઓ અને બાળકો વિના કારણે હેરાન થાય છે. તેઓ પોતાની જાતને નવચેતનવંતી બનાવવા માટે સમય ફાળવતાં નથી. તેઓ વિસરી ચુકયાં છે કે જીંદગીનાં નાના સુખો, જેવાં કે કોઈ બાળકનું હાસ્ય કે સૂર્યોદયની ભવ્યતા જ ખરેખર મહત્વના છે. હું દ્રઢતાપૂર્વક માનું છું કે તમારી બાજુનાં વિશ્વનાં લોકો વધુ સુખી અને પરિપૂર્ણ જીવન જીવવાને પાત્ર છે. હું જાણુ છું કે તે લોકો માટે તે શકય છે, અને મારૂં અંતરજ્ઞાન મને કહી રહયુ છે કે તે શકયતા તારા તરફથી આવવી જોઈએ. તું અમારી સાથે આ ચમત્કારિક પર્વતાંમા રહે તે દરમ્યાન તું તારા જીવનનું નેતૃત્વ કરવાની એક અવનવી પધ્ધતિ શોધી શકીશ. માનવીમાં રહેલી આત્મશકિત વિશે તું એટલુ બધુ શીખી શકીશ કે આ અંધાધુંધીવાળા વિશ્વમાં તું એક ઈષ્ટ (કલ્યાણમય) પરિબળ બની શકીશ. તું પહેલા કદિ ન હતો તેટલો શકિતશાળી, તંદુરસ્ત, સુખી

અને સમજદાર બનતા શીખીશ. તું એ પણ સમજવા પામીશ કે પ્રભાવશાળી જીવન માટે સારા સંબંધો કેટલાં મહત્વનાં હોય છે અને પોતાના જીવન પ્રત્યે ફરીથી પ્રેમભાવ જાગૃત કરવા માટેની કેટલીક એકદમ અવનવી રીતો તું શીખી શકીશ"'

"પ્રેમ?" જુલિયને પૂછયું. તેને નવાઈ લાગી કે એક સંત પ્રેમને આટલું મહત્વ આપી રહ્યા છે.

"હા" તેમણે તરત જ જવાબ આપ્યો. "આપણને બધાને જીવનમાં વધુ પ્રેમની જરૂરત હોય છે. હકીકતમાં તો વધુ પ્રેમથી આ દુનિયા ઘણી વધારે સારી જગ્યા બની જાય, પણ હું તને અમારી સંસ્કૃતિમાં લઈ જાઉં અને મારા બધા ભાઈ-બહેનો સાથે તારી ઓળખાણ કરાવું તે પહેલાં તારે મને વચન આપવું પડશે કે અમારા ચરણોમાં બેસીને જ જ્ઞાન તું પ્રાપ્ત કરે તે જાણવાની પશ્ચિમમાં જે કોઈને પણ જરૂરત પડે તેને તું તેનું શિક્ષણ આપીશ. અમે એકત્રિત કરેલાં જીવન વિશેનાં પ્રાચીન જ્ઞાનનાં તારે વાહક બનવાનું છે, અને સમગ્ર વિશ્વમાં તે ફેલાવવાનું છે જેથી કરીને ઘણા લોકોને મદદ થાય, અને ઘણી જીંદગીઓ બદલાઈ જાય. જીવનની સૌથી વધુ મહત્વની વાત એ નથી કે જીવનમાંથી તું શું પામીશ, પણ તું જીવનને શું પ્રદાન કરીશ તે વધારે મહત્વનું છે. જીવન લોકોને મદદ કરવા માટે, અને તારી જીવન શૈલિ દ્વારા આશિર્વાદરૂપ બનવા માટે છે. તારે તારા અંતઃકરણનાં ઉંડાણમાંથી વાયદો કરવો પડશે કે તારા બાકીનાં દિવસો તું આ સરળ પણ વિસરાયેલાં સિધ્ધાંત અનુસાર વિતાવીશ. વચન આપે છે?"

"મેં આ શરત તરત જ માન્ય રાખી. જુલિયને થોડી વાર અટકતાં પહેલાં મને કહયું "થોડા જ કલાકોમાં મેં મારી જીંદગીમાં કદિ જોયું ન હતું તેવા અદ્‌ભૂત ગામડામાં હું ઉભો હતો. તે અતિસુંદર અને અલૌકિક લાગતુ હતું. તેને મળતુ આવે તેવું સ્થળ પણ મે કદિ જોયું નથી, કેથરીન. તે ગામડાની મધ્યમાં મંદિર સહિત દરેકે દરેક મકાન ગુલાબોથી છવાયેલું હતું"

"ગુલાબોથી?" મેં પૂછયું.

"ગુલાબોથી. હું એમ કહેવા માંગુ છું કે તે સ્થળની સુગંધ અજબની હતી અને સિવાનામાં વસનારી દરેક વ્યકિત મને ત્યાં લઈ જનારા સંત જેટલી જ વિશિષ્ઠ હતી. હું આ આખા સ્થળનો આદરયુકત ક્ષોભ અનુભવી રહયો હતો. મારા તો માન્યમાં જ આવતું ન હતું. આ પૌરાણિક સ્થાનને શોધવા માટે મેં જીંદગીનુ જોખમ ખેડયુ હતું, અંતે મે તેને શોધી કાઢયુ હતું અને તેમનાં ચરણોમાં બેસીને જ્ઞાન મેળવવાની તક પ્રાપ્ત કરી હતી. મારી આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં"

જુલિયનની વાતોએ મને લગભગ બે કલાક સુધી મંત્રમુગ્ધ કરી રાખી. મારા ભાઈનુ સાહસ કાલ્પનિક કથાઓ જેવુ હતું પણ તે ખરેખર તેમાંથી પસાર થયો હતો. કોઈ કારણસર મારા રૂમની બહાર બેસેલી નર્સોએ અમને એકલાં રહેવા દેવાનુ નકકી કર્યુ હતું. કદાચ તે સમજી ગઈ હતી કે જુલિયન મારો કુટુંબીજન છે અને તેનાં સહવાસથી મને સારૂં લાગશે. હું વિચારી રહી કે તેના વસ્ત્રો વિશે તે શું ધારતી હશે. કદાચ તેઓએ આંહી પહેલો સન્યાસી જોયો હશે. હું હસી પડી. જુલિયન સિવાનામાં શું શીખ્યો તે જાણવા હું અધીરી થઈ ગઈ. હવે મને સમજાયું કે તેણે શા માટે કહ્યું હતું કે તે આંહી મારી મદદ કરવા આવ્યો છે. તેણે તે સંતને આપેલાં વચન અનુસાર તેઓની જીવનનાં પુનરૂત્થાનની પધ્ધતિ અને સમજણપૂર્વક જીવવાની રીત મને શીખવવા માટે તે ઘરે પાછો ફર્યો હતો. ઘણાં સમય પછી વધુ પરિપૂર્ણ જીવન ગાળવાની શકયતાથી હું ઉત્સાહીત થઈ ગઈ. મને લાગ્યું કે આટલાં લાંબા સમયથી મને ઘેરી વળેલું ખાલીપણાંનુ વાદળ હટીને સૂર્યનાં પ્રથમ તેજ કિરણોને આવવાની જગ્યા કરી રહ્યું છે. જુલિયન ઉભો થયો.

"કેથરીન. તને જોઈને મને ખૂબ જ આનંદ થયો" તેણે પ્રેમથી કહયું. "પણ મારે થોડો વખત

બહાર જવુ પડશે. મારે કેટલાંક કામ કરવાના છે.”

“જુલિયન, મેં તને વર્ષોથી જોયો નથી. મહેરબાની કરીને હવે મને છોડીને ન જા” મેં વ્યાકુળતાથી કહયું.

“હું વચન આપુ છું કે હું પાછો આવીશ. ખરેખર તો હાલ તુરત બીજે કયાંય જવાનો મારો ઈરાદો નથી, એટલે તને ગમે કે ન ગમે, હું તારી સાથે જ રહીશ. તું કદાચ સમજી થઈ હઈશ કે હું આહી શું કામ આવ્યો છું”

“તે સંતોને આપેલું વચન પાળવા માટે?”

“બિલકુલ સાચું, મને ખબર હતી કે તું મુશ્કેલીમાં છે. મેં વિમાન હોનારત વિશે વાંચ્યુ, એટલે હું આંહી દોડી આવ્યો, પણ તે પહેલાં પણ હું જાણતો હતો કે તું અંધકારમાં સરી રહી છે. મારા કાનૂની વ્યવસાયનાં ભૂતપૂર્વ ભાગીદાર પાસેથી મેં સાંભળ્યું હતું કે વ્યવસાયમાં તું ખૂબ જ સફળ થઈ છે પણ તારૂં અંગત જીવન અસ્તવ્યસ્ત થઈ ગયુ છે. તારા સરસ મજાના બાળકોને તારી જરૂરત છે. તારી ફરજ છે કે તું તેમને પ્રથમ મહત્વ આપે અને તેમને નેતૃત્વનાં ગુણ કેળવવાની પ્રેરણા આપે જેથી કરીને તેઓ કોઈક દિવસ મહાન અને લાગણીશીલ પુખ્ત વયનાં વ્યકિતઓ બને. હું તને પ્રભાવશાળી માતા બનતા અને તે બનવામાં ઉંડો સંતોષ મેળવતાં શીખવીશ. સંબંધો વિકસાવવા બાબતનુ સંતોનું જ્ઞાન હું તને આપીશ જેથી કરીને તારો જોન સાથેનો સંબંધ વધુ ગાઢ બને. તારી અટપટી જીવનશૈલિને સરળ બનાવીને આદર્શ સંતુલન સાધતા પણ હું તને શીખવીશ”

“તને લાગે છે કે મારે મારો વ્યવસાય છોડી દેવો જોઈએ?” મેં પૂછયું. “બિલકુલ નહીં. હું તને એ શિખવવા આવ્યો છુ કે તું બંને જાળવી રાખી શકે છે. એક સંતોષકારક વ્યવસાયિક જીવન, જેમાં તું ઉત્તમ કામ કરે અને ઘણી જીંદગીઓને અસર કરી શકે અને સાથે સાથે ઉત્કૃષ્ટ ઘરનાં સંસ્કારોવાળું એક સરસ મજાનું કુટુંબ પણ તું ઉછેરી શકશે. હકીકતમાં તો મને સમજાઈ ચુકયુ છે કે ઘરનો પાયો મજબુત કરવાથી વ્યવસાયિક ક્ષેત્રે પણ વધુ સફળતા મળે છે.” જુલિયને ઉમેર્યું.

“જીવનનાં બંને ક્ષેત્રોમાં ઉત્તમ બનવાનું ખરેખર શકય છે?”

“ચોકકસ!” જુલિયને દરવાજા તરફ જતાં જતાં કહયું “યુકિત એ છે કે વધુ મહેનતપૂર્વક નહીં પણ વધુ બુધ્ધિપુર્વક કામ કરવું. તારે તારા વ્યવસાયમાં વધુ એકાગ્ર બનીને સ્પષ્ટતા કરવી પડશે કે કયા કાર્યો અનિવાર્ય છે, અને કયા નહીં. તેમ કરવાથી તારા કુટુંબ માટે અને સ્વવિકાસના તે બધા કાર્યો, જેનાથી તારી આંતરિક શાંતિ અને આનંદ તું પુનઃ પ્રાપ્ત કરી શકે, તે બધા કાર્યો કરવા માટે તને વધુ સમય મળશે. પણ આ બધી વાતો પછી. મારે કેટલીક જગ્યાઓએ જવાનુ છે અને કેટલાંક લોકોને મળવાનુ છે” જુલિયને મોટા સ્મિત સાથે કહ્યું. “હું જે મોડેલો સાથે ફરતો હતો તેઓ મારા ઝભ્ભા વિશે શું વિચારશે?”તે સ્વગત બોલી ઉઠયો.

“તું મજાક કરી રહ્યો છે ને?”

“હાસ્તો વળી, કેથરીન. હું એવો માણસ બની ગયો છું જે બોલે તે પ્રમાણે ચાલે, અને તેનાં જીવનસંદેશ પ્રમાણે જીવે. આપણે બધાએ આપણાં જીવનસંદેશ પ્રમાણે જીવવું જોઈએ. તું મારા પૂર્વાશ્રમનાં જીવન વિશે જે જાણતી હતી તેનાથી મારૂં જીવન ઘણું બદલાઈ ગયુ છે. હું સાદુ અને અર્થપૂર્ણ જીવન જીવું છું, અને જીવનની મૂળભૂત આવશ્યકતાઓ પર જ ધ્યાન આપુ છું. મારા નિરંકુશ દિવસો પુરાં થયા.”

“સાંભળીને આનંદ થયો, ભાઈ. અરે, હું તારી ખૂબ ચિંતા કરતી” “હવે નહીં, આભાર, નાનકડી બહેન, હું તને ખૂબ પ્રેમ કરૂં છું.”

અને તેમ કહીને કાનૂની જગતનાં સુપર સ્ટારમાંથી આત્મસાક્ષાત્કાર પામેલો સન્યાસી બનેલા મારા ભાઈએ મને ફરીથી કપાળ ઉપર ચુંબન કર્યુ અને ઝડપથી બહાર નીકળી ગયો. તેનો લાલ ઝભ્ભો તેની પાછળ ઝુલી રહયો હતો. આ અત્યંત આશ્ચર્યકારક મુલાકાતની એક માત્ર નિશાની તે મારા ઓશિકા પાસે છોડી ગયો હતો. પોતાનું સુવર્ણ પતંગિયું. મેં તેને આમ તેમ ફેરવ્યું ત્યારે મેં જોયું કે જુલિયને જીણાં અક્ષરોમાં તેનાં પર કેટલાંક શબ્દો કોતરાવ્યાં હતાં. મેં મારા વાંચવાના ચશમાં પહેર્યા અને તેના પર સુંદર અક્ષરોમાં કોતરાયેલો સંદેશો વાંચ્યો. “કેથરીન” તેના પર લખ્યુ હતુ. “તારા બાળકો તારા જીવનના સૌથી મહાન આશિર્વાદ છે, અને તેઓ એક જ વાર બાળકો હશે, તેમને પ્રથમ મહત્વ આપ અને તારૂં જીવન ઉન્નત બની જશે. ઘરે આવવાનો મને ખૂબ જ આનંદ છે, તારો પ્રસંશક, જુલિયન”

પરિવારનાં આગેવાનની પ્રથમ નિપુણતા

દુનિયામાં આગેવાની કરવાની શરૂઆત ઘરમાં આગેવાની કરવાથી થાય છે.
કાશ! કે મને પચ્ચીસ વર્ષો પહેલાં કોઈએ કહયું હોત કે મારા જીવનનો ઉચિત હેતુ મારી વ્યવહારિક સફળતા નહીં, પણ મારા બાળકોનાં સંસ્કારોનું ઘડતર કરવાનો હોવો જોઈએ.
રેબાઈ હેરોલ્ડ કુશ્નર

જો બાળકો મોટા થાય ત્યારે તેમનાં શરૂઆતનાં લક્ષણો ટકાવી રાખતાં હોત, તો આપણે માત્ર તેજસ્વિતાઓ જ મેળવી શકયાં હોત.
ગોથે

હું હોસ્પિટલમાંથી પાછી આવી તેને લગભગ મહીનો જ થવા આવ્યો હતો. સદ્‌ભાગ્યે જુલિયને ખાત્રી આપી હતી તે પ્રમાણે મેં મારી પૂર્વવત શકિત અને સ્ફુર્તિ પ્રાપ્ત કરી લીધા હતા પણ મને ૩૫૦૦૦ ફીટ ઉપર મળેલાં જાગૃત થવાનાં સંદેશે બીજી ઘણી બધી બાબતો બદલી નાંખી હતી. મેં મારા વ્યવસાયિક જીવનનુ સુવાહિકરણ કરવાનું નકકી કરીને અમારા ઘરનાં ભોયતળીયાનાં માળમાં મારી ઓફીસ ચાલુ કરી હતી અને તરત જ મારો ઓફીસે જવા આવવાનો સમય એક મિનિટનો થઈ જતાં મારો એક કલાક બચી જવા લાગ્યો. મારા ફલેનલનાં પાયજામામાં સજજ રહીને પણ મોટી મોટી કંપનીઓનાં સી.ઈ.ઓ. સાથે આંતરરાષ્ટ્રિય કોન્ફરન્સ કોલ પર કામ કરવાની મને ખૂબ મજા આવતી. મારી પ્રાથમિકતાઓમાં ભલે ફેરફારો થયાં હોય પણ ધંધો ચલાવવાથી વહેતો એડ્રિનાલિનો ધોધ મને હજી પણ ખુબ જ ગમતો. સારૂં થયું કે જુલિયને મને મારા જીવનનું આ પાસુ બંધ ન કરવાની સલાહ આપી હતી.

ડોકટરોનાં કહેવાથી મેં સારવાર તરીકે નિષ્ઠાપૂર્વક વ્યાયામ કરવાનું શરૂ કર્યુ, અને તેનાથી મને ખુબ જ સારૂં લાગવા માંડયું. મેં પહેલા કરતાં ઘણો વધુ આરોગ્યપ્રદ આહાર લેવાનુ શરૂ કર્યુ. મોડી રાત્રે ડ્રાઈવ થ્રુ ઉપહારગ્રહોની બારીઓ પાસે ક્ષણિક થોભવાનુ અને ડબલ માંસ-મરચાંવાળા ત્રણ ત્રણ ચીઝ પિઝા બિલકુલ બંધ, હું મારો મોટા ભાગનો સમય ઘરે જોન તથા બાળકો સાથે વિતાવવા લાગી, અને મારા સતત બહાર રહેવાને કારણે બુઝાઈ ગયેલી પ્રેમની ચિનગારીને ફરીથી પ્રદિપ્ત કરવાનો નિષ્ઠાપુર્વક પ્રયત્ન કરવા લાગી. પણ સૌથી મોટો એક બીજો ફરક પણ હતો. શહેરની સૌથી મોટી હવેલીઓમાંની એકનો ભૂતપૂર્વ માલિક, અને પોતાના પ્રખર સ્વતંત્ર મિજાજીપણાને લીધે પ્રખ્યાત જુલિયન અમારી સાથે રહેવા આવી ગયો, અને ગરેજ ઉપરનાં એક નાનકડા પણ હવા ઉજાસવાળા રૂમને તેણે પોતાનુ ઘર બનાવ્યું. મને લાગે છે કે તેણે ખરેખર પોતાનાં જીવન સંદેશ પ્રમાણે જીવવાનું નકકી કર્યુ હતું. મને તે જોઈને આનંદ થયો કે તે સાદા જીવનનાં સાર્મથ્યની હિમાયત કરતો હોવાથી તે પ્રમાણે હવે તે જીવવા લાગ્યો હતો. પણ મારે

કબુલ કરવુ પડશે કે દંતકથઓનાં હીરો સમાન મહાન જુલિયન મેંટલ, જે પોતાના અજોડ હિમાલયનાં પ્રવાસ, જે દરમ્યાન તે દુનિયાના સૌથી અદ્‌ભુત સંતોને મળ્યો હતો, તે પ્રવાસમાંથી પાછો ફરીને હવે અમારા ગેરેજ ઉપરનાં સાધારણ રૂમમાં એક સામાન્ય જીવન ગાળી રહયો હતો તે વાત હજી મારા માન્યમાં આવતી ન હતી. જીવનમાં કેટલીક વાર કેટલાંક વિલક્ષણ પરિણામો આવી જતા હોય છે.

તે છતાં મારે એમ પણ કહેવું પડશે કે મને મારા ભાઈ પ્રત્યે જરાય દુઃખ કે દયાની ભાવના ન જાગી. સ્વભાવિક છે કે તેનાં જીવનમાં તેને આટલાં બધાં આકરાં પ્રહારો જીલવા પડયાં તે બાબતની મને વ્યથા જરૂર હતી. તેની પુત્રી એલીને ગુમાવવી તે તેનાં ઉપર જરૂરતથી કયાંય વધારે આકરો પ્રહાર હતો. વાત માત્ર એટલી જ હતી કે મારા મનમાં મને એવુ લાગતુ ન હતુ કે તે કૃપાવંચિત બની ગયો છે. ખરૂં, કે તે હવે પોતાની ઝગમગતી ફેરારીમાં શહેરમાં ફરી વળતો નહીં. તેણે પોતાની ભવ્ય હવેલી વેચી નાંખી હતી અને હવે તે માત્ર એક નાની ઓરડી જે તેની પહેલાની ઓફીસનાં બાથરૂમ કરતા માત્ર થોડી જ મોટી હતી, તેમાં વસી રહયો હતો. ખરૂં, કે તે હવે શહેરનો માનીતો નામાંકિત પુરૂષ રહયો ન હતો, જે મોડી રાત સુધી વીસ-પચ્ચીસ વયની સુંદર મોડેલો સાથે સમય વિતાવતો, અથવા તો એવા અતિઆધુનિક ઈન્વેસ્ટમેન્ટ બેંકરો સાથે સમય વિતાવતો જેઓ નાસોનાં કસીનો (ધુતગૃહો) માં રાત્રિની મોજ માણવા જેટ વિમાનમાં નીકળી પડવાને જરાય અજુગતું ગણતા નહીં. પણ મને એમ લાગ્યાં કરતુ કે ભલે તેની પાસે તેનાં પૂર્વાશ્રમની ભૌતિક સાહ્યબી ન હતી પણ તેવી બધી સાહ્યબી કરતાં પણ કયાંય વધુ મહત્વનું કંઈક તે પામી ચુકયો હતો. જુલિયનની તંદુરસ્તી ઉત્તમ હતી. તેનાં બાળપણનુ ઉલ્લાસપૂર્ણ ચૈતન્ય તેનામાં પાછું જાગૃત થયું હતું અને તેનામાં મારા રૂંવાડા ઉભા કરી દે તેટલું સંગીન જ્ઞાન અને સમજણ આવીને વસ્યા હતાં. તેનુ જીવન સંપુર્ણપણે જટિલતાભર્યું હોવામાંથી સંપુર્ણપણે સરળ બની ગયુ હતું. સતત અકળાયેલાં હોવાને બદલે તેનું અસ્તિત્વ એક ઉલ્લાસભર્યો ઉત્સવ બની ગયું હતું. ના.જુલિયન કૃપાવંચિત નહોતો બની ગયો. તેણે કૃપા પ્રાપ્ત કરી હતી.

મળસ્કે ફરવા જવાનો પોતાનો નિત્યક્રમ પતાવીને એક દિવસ જુલિયન અમારા સુર્યના પ્રકાશથી ભરેલાં રસોડામાં આવી ચડયો. “ચાલ આપણે બ્રેવલાઈફ. કોમની મુખ્ય ઓફીસે જઈએ. વર્ષોથી હું કોઈ ઓફીસનાં ટાવરમાં ગયો નથી, અને વ્યવસાય જગતમાં શું નવાજુની થઈ છે તે જોવાનુ મને કુતુહલ થાય છે.”

હું તો હવે ઘરેથી જ કામ કરવા લાગી હતી પણ અમારા કર્મચારીઓ હજી મારા ભાગીદારોનાં મૃત્યુ પહેલાં અમે જે આલિશાન ઓફીસ ભાડે રાખી હતી તેમાં જ કામ કરતા હતા. શહેરની સૌથી પ્રતિષ્ઠિત ગગનચુંબી ઈમારતોમાંની એકમાં અમે એવાં બે માળ વાપરતા હતા જેની બહારનુ દ્રશ્ય નિહાળીને તમે દંગ રહી જાઓ. આમ તો હું અવારનવાર ઓફીસે જરૂર જતીં, પણ અમુક સમય પછી મને ત્યાં જવાની ધાસ્તી લાગવા માંડી હતી.

“તારે ત્યાં શા માટે જવું છે?, જુલિયન? તું વર્ષોથી તારા જૂના મિત્રોને મળ્યો નથી. હું તો ધારતી હતી કે ધંધાકીય વિસ્તાર, જયાં તુ જયારે મિ.મહાકીર્તિમાન વકીલ હતો ત્યારે પડયો પાથર્યો રહેતો હતો, ત્યાં જવાનું તો તું જરાય પસંદ નહી કરે.”

“આમ તો હિમાલયથી પાછા ફર્યા પછી મેં મારા એકાદ બે મિત્રો સાથે વાત કરી છે, પણ તે વિશે પછી વાત” જુલિયને રહસ્યમય બની જતાં કહયુ “અને મારે શહેરમાં જવુ પડે તેમ છે.”

“તારે શું લાવવુ છે? તને ખબર છે કે તને જે કાંઈ જોઈએ તે લેતા આવવાનો મને આનંદ

થશે."

"ખરેખર તો મારે મારા પોતાના માટે નહીં, પણ તારા માટે શહેરમાં જવું છે."

"મારા માટે? મને ત્યાં જવામાં જરાય રસ નથી. મને ઘરેથી કામ કરવું ગમે છે, અને મારા વિના ઓફીસનુ કામ બરાબર ચાલે છે. અને આમ પણ" મેં ઉમેર્યું. "તું આ જે ઝભ્ભો હંમેશ પહેરી રાખવાની જીદ રાખે છે, તે પહેરીને તને ચોકીદારો અંદર દાખલ જ થવા નહીં દયે. તારે ખરેખર આ પહેરવાનું ચાલુ રાખવુ છે? આપણાં રસ્તા ઉપર બધા "ક્રુઝ પરિવાર સાથે રહેવા આવેલાં સન્યાસી" વિશે વાતો કરે છે. પેલા મિસ વિલિયમ્સન જેઓ આખો દિવસ તેમનાં અંધારિયા દિવાનખંડમાં તેમની ચૌદ બિલાડીઓ સાથે બેઠા રહે છે, તે પણ હું બગીચામાં કામ કરતી હતી ત્યારે આવીને મને પૂછવા લાગ્યા કે તું કોણ છે. હું શરત મારૂં છુ કે તેમને તું આકર્ષક લાગે છે, જુલિયન" મેં તેને ચિડવ્યો.

"પણ તે મારી પસંદગી જેવા નથી" જુલિયને હસીને વળતું પરખાવ્યું. "મારી વાત માન, કેથરીન" તેણે આગળ ચલાવ્યુ. "આજે મારે તને એક બોધ આપવો છે, અને તે માટે તારી ઓફીસ બિલ્કુલ સુયોગ્ય સ્થાન છે. આમ તો હું તને પાંચ પ્રકારની નિપુણતાઓ શિખવવા માંગુ છું. ટુંકમાં કહું તો પરિવારનાં આગેવાનની પાંચ નિપુણતાઓ "

"નિપુણતા એટલે?"

"નિપુણતા એટલે અવિરત એકાગ્રતાપુર્વક સતત અભ્યાસ દ્વાર જે પારંગતતા પ્રાપ્ત કરી શકાય તે. આવતા કેટલાંક અઠવાડિયાઓ દરમ્યાન હું તને પાંચ એવા સનાતન તથા મૂળભૂત સિધ્ધાંતો સમજાવીશ કે જે તારી માતા તરીકેની કાર્યદક્ષતા અને તારા કૌટુંબિક જીવનની ગુણવત્તામાં સંપૂર્ણ પરિવર્તન લાવી દેશે. આ પરિવારનાં આગેવાનની પાંચ નિપુણતાઓનો સીધેસીધો આધાર સિવાનાનાં સંતો દ્વારા શિખવવામાં આવેલ બોધ ઉપર છે. મેં તેમાં પુરતા પ્રમાણમાં મારૂં જ્ઞાન પણ ઉમેર્યું છે" જુલિયને જાણકારની છટાથી ઉમેર્યું. "આજે તું પ્રથમ નિપુણતા વિશે જાણવાને યોગ્ય બની છે"

"અને તે નિપુણતા છે?." મેં અધ્ધર શ્વાસે પૂછયું.

'દુનિયામાં આગેવાની કરવાની શરૂઆત ઘરમાં આગેવાની કરવાથી થાય છે"

'રસપ્રદ. મને વધારે કહે."

"આપણે શહેરમાં પહોંચીએ ત્યાં સુધી નહીં" જુલિયને મકકમતાપૂર્વક

કહયું. "આજુબાજુનું બધું જ સુયોગ્ય હોવું જરૂરી છે"

'ભલે, ચાલ જઈએ. મને ખબર છે કે 'પાંચ નિપુણતાઓ' મારી જીંદગી બદલી નાંખશે. મને તેની ખાત્રી લાગે છે. મને ખરેખર લાગે છે કે તું જે જ્ઞાન મને આપી રહયો છે તે મારા વિચારો, વાણી અને વર્તનમાં ક્રાંતિકારી ફેરફારો લાવશે" મેં મારી કારની ચાવીઓ ઉઠાવતાં ઉઠાવતાં કહયું. "મારે ફરીથી થોડા જોખમો ખેડવાનો સમય આવી ગયો છે"

"બિલકુલ ઉચિત વલણ, નાનકડી બહેન, નવું નવું જ્ઞાન પ્રાપ્ત કરવું અને વધુને વધુ મોટા જોખમો ખેડવા, એનુ નામ જ જીંદગી. ખરૂં કે નહીં? વધુને વધુ મોટા જોખમો ન ખેડવા તે જ જીંદગીનુ સૌથી મોટુ જોખમ છે." "પીટર ડ્રેકરે જ કહ્યું હતુ કે નહી, કે એક સાહસ એવા પ્રકારનુ હોય છે જે બિલકુલ ખેડવું ન જોઈએ, અને એક બીજા પ્રકારનું સાહસ હોય છે, જે ન ખેડવાનુ જોખમ તમે બિલકુલ ન લઈ શકો?'

"બરાબર છે. અને તેમની પૂર્વેનાં જમાનાની વાત કરીએ તો રોમનાં તત્વજ્ઞાની સેનેકા કહી

ગયા છે કે 'મુશ્કેલીઓને કારણે આપણે સાહસ નથી ખેડતાં એવુ નથી હોતું. આપણે સાહસ નથી ખેડતાં એટલે મુશ્કેલીઓ આવતી હોય છે' મારા પોતાનાં જીવનમાં હું રોજ માપસરનું જોખમ જરૂર લઉ છું, ભલે તે સાવ નાનું હોય. તેમ કરવાથી હું દરરોજ વિકાસ અને પ્રગતિ કરૂં છું."

"મેં થોડા અઠવાડીયાઓ પહેલાં વિડીયો ઉપર 'રાઉંડર્સ' ફીલ્મ જોઈ. તેં તે જોઈ છે?"

"મેં ઘણાં વર્ષોથી કોઈ ફીલ્મ નથી જોઈ, નાનકડી બહેન!અમે સંન્યાસીઓ સાધારણ રીતે વી.સી.આર સામે બહુ સમય નથી ગાળતાં" જુલિયનનાં મુખ ઉપર એટલું પહોળું સ્મિત હતું કે મને લાગ્યું કે કદાચ તેનું મોઢું તરડાઈ જશે. "આમેય પોપકોર્ન હંમેશા મારા દાંતમાં ફસાઈ જતાં. બરાબર આ જગ્યાએ." તેણે મોઢું ખોલીને પાછલા બે દાંતો વચ્ચેનો ખાડો દેખાડયો.

"મને ન ગમે તેવી વિગતો કહેવાની જરૂર નથી, જુલિયન. પણ તે ફીલ્મ ખરેખર સારી હતી. જીવનમાં તેમ કરવું બહુ સહેલું ન હોવા છતાં ગણત્રીપુર્વક જોખમ ખેડી પોતાનાં નસીબમાં જે હોય, તે પ્રાપ્ત કરવા બાબતનો તેનો વિષય હતો."

"રસપ્રદ લાગે છે"

"હતી. અને તે ફીલ્મમાં પપ્પા વાલેન્ડા....."

"પેલાં ઉંચે બાંધેલાં દોરડાં પર ચાલનારા મહાન કલાકાર?" જુલિયન ઉત્સાહપૂર્વક વચ્ચે બોલી ઉઠયો.

'હા, તેઓ જ, જુલિયન. ખેર, આ ફીલ્મમાં પપ્પા વાલેંડાને કહેતા સાંભળ્યા હતા કે "દોરડા ઉપર ચાલવુ તે જ ખરી જીંદગી છે, બાકીનું તો માત્ર રાહ જોવુ હોય છે."

"અરે, આ તો સરસ છે. ખરેખર સરસ, અને સાવ સાચી વાત, કેથરીન. જીવનમાં આગળ તે જ લોકો વધી શકે છે, જેઓ મોટા સ્વપ્નો સેવે છે અને તેમને સાકાર કરવા માટે જે જોખમો ખેડવા પડે તે ખેડે છે. તેઓ પોતાના ભયનો સામી છાતીએ સામનો કરે છે, જીવનની હોડમાં ઉતરીને હીંમતથી જીવે છે. ભલે ને તેમને ગમે તેટલો ડર લાગતો હોય, તેઓ ભયના બંધન તોડી નાંખે છે. યાદ રાખજે, આખી જીંદગી બકરી બનીને જીવવા કરતાં એક દિવસ સિંહ બનીને જીવવું સારૂં "

"વાહ, ખૂબ જ ગહનતાપૂર્ણ વાકય, જુલિયન."

"એટલા માટે જ" જુલિયને અટકયા વિના કહયું. "હું જાણુ છું કે આટલા લાંબા સમયથી ત્યાં ન ગયા પછી તને ત્યાં જવું આકરૂં લાગશે. પણ તે શકયતા પ્લીઝ સ્વીકરી લે. સારા પરિણામો જરૂર આવશે."

"ભલે ડર લાગે, તે છતાં પણ કરી તો લેવું જ."

"બરાબર. મેં તને હોસ્પિટલમાં કહ્યું હતું તેમ ભયની પાછલી બાજુએ તને ચોક્કસ મુક્તિ મળી આવશે. "

એક જમાનામાં જે ઝગમગતી ઓફીસમાં હું મારી જાગ્રત અવસ્થાનાં સૌથી મહત્વનાં કલાકો ગાળતી, તે માં જુલિયન સાથે દાખલ થતાં હું જરા ગભરામણ અનુભવી રહી. ત્યાંની સુગંધ માત્રથી જ મારૂં હૈયું કંપવા માંડયું. આ સ્ટીલ અને કાચની બનેલી ઈમારતના સૌથી ઉપલા માળે આવેલી અમારી બ્રેવલાઈફ. કોમની ઓફીસમાં જવા માટે જયારે જુલિયન અને હું એલેવેટર્સની લોબી તરફ આગળ વધ્યાં ત્યારે એક ચોકીદાર અમારી તરફ આવ્યો.

"હાઈ, મીસીસ ક્રુઝ, તમને ફરીથી અહીયાં જોઈને આનંદ થયો. મેં પેલી વિમાન હોનારત

વિશે સાંભળ્યુ. અહીં અમારા સુરક્ષા કક્ષમાં બધાને તે વિશે સાંભળીને દુઃખ થયું. તમારા ભાગીદારો વિશે હું ખૂબ જ દિલગીર છું. તેઓ ખરેખર સારા માણસો હતા."

"હા, મેટ. તેઓ સારા માણસો હતાં, અને મને તેમની ખોટ ખુબ જ સાલે છે. તેમને યાદ કરવા બદલ આભાર. જયારે હું સાંભળું કે તેઓ કેટલા બધા લોકો પ્રત્યે માયાળું વર્તન રાખતાં ત્યારે મને તેમની ખોટ જીરવવાનુ સાંત્વન મળી રહે છે. તને જોઈને આનંદ થયો. આજકાલ હું અહીં ખાસ આવતી નથી. મારા ઘરેથી જ કંપનીનુ સંચાલન કરૂં છું, જેથી કરીને મારા કુટુમ્બ સાથે હું વધુ સમય ગાળી શકું. ફરીથી અહીં આવવું જરા વિચિત્ર લાગ છે."

"તમે તો ખાસ્સા બદલાઈ ગયાં, મીસીસ ક્રુઝ, હું તો કહીશ કે આ ટાવરમાં હું જેટલાં લોકોને ઓળખું છું. તેમાં તમે સૌથી વધુ મહેનતુ હતા. હું અને અન્ય ચોકીદારો શરત મારતાં કે તમે કેટલાં વહેલાં આવશો, અને કેટલાં મોડા જશો" "ખેર, તે દિવસો ઈતિહાસ બની ચુકયાં છે, મેટ" મેં સંકોચપૂવંક જવાબ આપ્યો.

"તમારા નિર્ણયથી તમારા બાળકો ખૂબ જ રાજી થયાં હશે. મારે ઘેર ત્રણ નાના બાળકો છે. અને હું જાણું છું કે એક પિતા તરીકે હું તેમનું સૌથી વધુ ભલુ તેમની સાથે વધુમાં વધુ સમય ગાળવાથી કરી શકું છું."

"સાચું, મેટ. પોતાની મા પાછી મેળવીને મારા બાળકો ખુબ જ ઉત્સાહમાં આવી ગયાં છે. સાચુ કહું તો તેમને આટલા બધા ખુશ મેં કદિ નથી જોયાં"

ત્યારબાદ તે ચોકીદારનો ચહેરો જરા ગંભીર થયો. "પૂછવા બદલ માફ કરશો, મીસીસ ક્રુઝ, પણ તમારી સાથે આવેલાં આ સાહેબ પાસે કોઈ ઓળખપત્ર છે? તમે જાણો છો તેમ આ ખૂબ જ કડક સુરક્ષાવાળું બિલ્ડીંગ છે, અને મારે તમને આ સવાલ પૂછવો જ પડશે, નહીંતર મારા બોસ મને મારી નાંખશે" પછી તેણે જુલિયન સામે જોયું "નારાજ ન થશો, દોસ્ત, પણ આંહી સન્યાસીઓ ખાસ આવતા નથી હોતા."

"મેટ, આ મારો ભાઈ જુલિયન છે. જુલિયન મેંટલ."

"જુલિયન મેંટલ? પેલા પ્રખ્યાત ટ્રાયલ વકીલ?"

"હા, પેલાં પ્રખ્યાત ટ્રાયલ વકીલ."

ચોકીદારના તો હોઠ જ સિવાઈ ગયાં. "ઓહ... હેલ્લો મિ. મેન્ટલ હું કાયમ અખબારોમાં તમારા વિશે વાંચતો હું તમારો એક ખરેખર મોટો પ્રસંશક હતો" અને તેણે સામી વ્યકિતે ખુશ કરવા માટે જેમ કરવામાં આવે છે, તેમ બંને હાથોથી જુલિયન સાથે હસ્તધુનન કર્યુ. "તમે કેટલાંક કેસો જે રીતે જીતી ગયાં હતાં તે તો માન્યમાં જ ન આવે, સાહેબ. પેલો કેસ યાદ છે જયારે તમે પેલી રેસ્ટોરાં પર તમારા અસીલનાં ખોળામાં ગરમ કોફી ઢોળાઈ જવાથી લાખો ડોલર્સનો દાવો કર્યો હતો?"

"બરાબર યાદ છે, મેટ. તે કેસ જીતવાની મજા આવી હતી" જુલિયને વિવેકથી કહયું.

"તમે પેલા ભભકાદાર સુટસ પહેરતાં હતાં, તેનું શું થયું, મિ. મેન્ટલ? અને પેલી ચપળ લાલ ફેરારી? અરે! તે તો ખરખર મજાની કાર હતી. આંહી અમે બધા તમને તેને ઉઘાડે છાપરે પુરપાટ ચલાવી જતાં જોતાં.તમારી સાથેની સ્ત્રીઓને જોઈને તો અમે મુગ્ધ થઈ જતાં." શાળામાં ભણતો કિશોર પહેલીવાર કોઈ બાળાને ફરવા લઈ જતો હોય તેવા ઉત્સાહથી તેણે કહયું.

"પ્રાચીન ઈતિહાસ, દોસ્ત. પ્રાચીન ઈતિહાસ" જુલિયને કહયું અને પોતાનાં ઠાઠમાઠવાળા પુર્વાશ્રમ વિશે ક્ષોભ અનુભવી રહયો હોય તેમ તેણે નજર ફેરવી લીધી.

“તમે હવે સંન્યાસી થઈ ગયા છો?” ચોરીદાર વાતનો છેડો મુકે તેમ ન હતો.

“મેં આવા કપડાં પહેરવાનું પસંદ કર્યુ છે. મેટ. મારા ગુરૂઓ આવા વસ્ત્રો પહેરતાં. આ કપડા મને હું કોણ છું અને મેં જે લક્ષ્ય સાધવાનું નકકી કર્યુ છે તે વિશે યાદ અપાવતા રહે છે. મેં હવે ઘણી સાદગીભરી જીંદગી જીવવાનુ પસંદ કર્યુ છે. હવે કોઈ ફેરારી નહી.” જુલિયને ચોકીદારની પીઠ થાબડી અને એલેવેટર્સ તરફ ચાલવા માંડયું.

“ભલે, આપ ઉપર જાઓ, મી.મેન્ટલ. આપને મળવુ એક ગૌરવની વાત છે. અને તમે પોતાની જાતની સંભાળ રાખજો, મીસીસ ક્રુઝ. તમારા બાળકો સાથે મજા કરજો. તમને ખ્યાલ આવે તે પહેલાં તો તેઓ મોટા થઈ જશે”

બ્રેવલાઈફ. કોમની શાનદાર ઓફીસમાં જયારે જુલિયન અને હું પહોચ્યા ત્યારે મારી સમક્ષનું અત્યંત વ્યસ્તતાભર્યું દ્રશ્ય મને અસર કરી ગયું. એવું લાગતું હતુ કે જાણે લોકો વ્યસ્ત રહેવામાં જ વ્યસ્ત થઈ ગયાં હતાં. કર્મચારીઓ ઉતાવળે આમથી તેમ આવજા કરી રહયા હતા. ફોનો રણકી રહયા હતા. કોમ્પ્યુટરો ગુંજી રહયા હતાં અને થોકબંધ ફેકસની આદાન-પ્રદાન થઈ રહી હતી.

“માન્યામાં નથી આવતુ કે મારૂં જીવન પણ આવું હતું.” મેં હળવેકથી જુલિયનને કહયું.

“પોતાની જાત ઉપર બહુ કઠોર ન બન, કેથરીન. તારે ગીરવીની રકમ ચુકવવાની હતી અને બિલો ભરવા પડતાં હતાં. ખરેખર, આપણા જમાનાના લોકો પ્રત્યે મને ખૂબ જ દયા આવે છે. અત્યંત મોંઘવારી અને આર્થિક ઋણોનો તો અંત જ નહીં. તેઓ પોતાનાં પરિવારનુ સારી રીતે ભરણપોષણ કરવા ઈચ્છતા હોય, એટલે વધુ લાંબો સમય અને વધુ મહેનતથી કામ કરતા હોય છે. પરિણામે તેમનાં જીવનનુ સત્વ હણાઈ જતુ હોય છે. તેઓ પોતાની જાતનાં પડછાયાં જેવાં બની જતા હોય છે. દિવસના અંતે તેઓ પોતાની પરિતાપની પેટીમાં બેસીને ઘરે પાછા ફરે છે. મંદગતિથી પોતાનાં ઘરમાં સરકીં પોતાનાં કુટુંમ્બ સાથે વાતચીત રૂપે ઉંહકારો કરી, ઢીલાં વસ્ત્રો પહેરીને પથારી ભેગા થઈ જતાં હોય છે. આવા લોકો માટે મને ખૂબ લાગી આવે છે”

“પરિતાપની પેટી? એ વળી શું?”

“અરે હા,” જુલિયને હસી પડતા કહયું. “એ શબ્દો હું કાર માટે વાપરૂં છું! પોતાનાં કામમાં એક કપરો દિવસ કાઢયા પછી મોટા ભાગનાં લોકો એટલા બધા વ્યથિત થઈ ચુકયાં હોય છે કે તેમની કાર તેમને પોતાનાં ઘરે પાછા પહોંચાડનારી એક ‘પરિતાપની પેટી’ જ બની રહે છે.”

હું હસી પડી. હું તેના દરેક શબ્દો કેટલાં ધ્યાનપૂર્વક સાંભળી રહી હતી, તે જોઈને તે ખુશ થતો હતો. તેણે આગળ ચલાવ્યું.

“આવા લોકો અધુરી જીંદગી જીવતા હોય છે, કેથરીન. વિલિયમ રોઝનાં કહેવા પ્રમાણે વ્યકિતનો સૌથી દુઃખદ અનુભવ એ હોય છે કે એક અનઉત્પાદક જીવનનાં લગભગ અંતે જયારે તેનાં વાળ સફેદ થઈ ગયાં હોય અને ચહેરા પર કરચલીઓ પડી ગઈ હોય, ત્યારે તેને ભાન થાય છે કે આટલાં વર્ષો સુધી તેણે પોતાનાં વ્યકિતત્વનાં એક અંશ માત્રનો જ ઉપયોગ કર્યો હતો.”

આ ઉપરથી બોધ તો એ જ લેવાનો છે કે ખરી રીતે તો કામ કરવામાં પોતાની જાતને એટલી બધી હોમી ન દેવી જોઈએ કે તમે જે લોકોને પ્રેમ કરો છો, તેમના માટે તમારી પાસે કશું ન બચે. નિયમો તોડી નાંખો – ના, નિયમોને બદલી નાંખો, અને સમજી લ્યો કે કામ જીવનનિર્વાહ માટે કરવાનુ હોય છે, અને નહીં કે કામ માટે જ જીવવાનુ. તમારૂં કામ નિપુણતાથી કરો. તે કરવામાં આનંદ લ્યો, અને તમારા ગ્રાહકોને નિષ્ઠાપૂર્વક સેવા આપો. પણ સાથે સાથે તેટલી સમજણ પણ

રાખો કે જીવનમાં પૈસાથી ખરીદી શકાતી સરસ ચીજોથી અન્ય પણ ઘણું બધું હોય છે. જેમ કે સરસ મજાનાં બાળકો, સરસ પરિવાર અને પ્રેમાળ કૌટુંબિક જીવન હોય તો કેવું? આ બધું ત્યારે જ પ્રાપ્ત થાય જયારે તમે પારિવારિક સભ્યતા ઉન્નત બનાવવા માટે કટિબધ્ધ થઈ જાઓ. અને મારી નાનકડી બહેન, તેમ કરવા માટે સમય લાગે છે. કોઈ દિવસ ભૂલીશ નહીં. તમારા બાળકોને જે સર્વોત્તમ ભેટ તું આપી શકે, તે છે તારો સમય."

"ખરેખર?"

"ચોકકસ. તે દર્શાવે છે કે તું તેમને ખરેખર પ્રેમ કરે છે, અને તેમની કદર કરે છે. આનાથી વધુ મહત્વનું કે કીંમતી બીજું કશું જ નથી. આ વાત ઉપરથી કહેવા દે કે હું તને આંહી શા માટે લઈ આવ્યો છું."

"હું એજ વિચારી રહી હતી"

"બ્રેવલાઈફ.કોમ શું છે?"

"આ એક કંપની છે જે તેની ગ્રાહક સંસ્થાઓનાં કર્મચારીઓને વધુ કાર્યદક્ષ, અસરકારક અને સફળતાપૂર્વક કામ કરતાં શીખવે છે. અમે ઈન્ટરનેટ ઉપર ઈ-તાલીમ આપનારી અગ્રગણ્ય કંપની છીએ."

"એ ઉપરાંત?"

"અમારી અજોડ ટેકનોલોજી દ્વારા આ કર્મચારીઓ સગવડતાપૂર્વક પોતાનાં ડેસ્ક (કાર્યસ્થળ) ઉપર જ રહીને વિશ્વનાં ઉત્તમ નિષ્ણાંતો પાસેથી તે જ્ઞાન મેળવે છે"

"આ તારો છેવટનો જવાબ છે?" જુલિયને ગેમ શોનાં હોસ્ટની જેમ મરકતાં મરકતા્ પૂછયું.

"હા."

"તારા બધા જ જવાબો સાચા છે, પણ હું જે જવાબ મેળવવા ઈચ્છતો હતો, તે આ છે. તારી કંપની આખરે તો એક જનસમાજ છે"

"એમ?"

"ચોકકસ. તેં જે કંપનીને વિકસાવવા માટે અવિરતપણે નિષ્ઠાપુર્વક કામ કર્યુ છે તે એક સર્વસામાન્ય હેતુ સિધ્ધ કરવા એકત્રિત થયેલાં જનસમાજ સિવાય બીજું કશું નથી. બ્રેવલાઈફ. કોમ કોઈ કોર્પોરેટ કંપની નથી. તે અમુક ખાસ લક્ષ્ય સાધવા ઈચ્છનારા લોકોનો સમુહ જ છે."

"પૈસા કમાવાનુ લક્ષ્ય?" મારા તિરસ્કારપૂર્ણ વલણની મને પોતાને પણ નવાઈ લાગી.

"ના, જરાય નહીં. તેઓ બધા હેતુપૂર્ણતા ઝંખે છે. તેઓ બધા સંતોષ ઝંખે છે. તેઓને પોતાને તે વાતનો ખ્યાલ હોય કે ન હોય તેઓ બધા જ હું જેને એક અનિવાર્ય ઉદ્દેશ કહું છું તેને ઝંખી રહયાં હોય છે, જે તેમનાં હૃદયમાં જુસ્સો ભરી તેમનાંમાં જે ગુણો રહેલાં છે, તેનો ઉપયોગ કરવા પ્રેરે" વિસા (VISA) નાં પ્રણેતાં ડીહોકનાં શબ્દોમાં કહું તો "દરેક પ્રકારની સંસ્થા એક અત્યંત પ્રાચીન અને મૂળભૂત ભાવનાનું મૂર્ત સ્વરૂપ જ હોય છે – સમાજની ભાવનાનું – તેની સદસ્ય વ્યકિતઓની માન્યતાઓ તેમની લાક્ષણિકતાઓ, તેમની સમજણ, તેમના અને પ્રયત્નોના સમૂહ સિવાય બીજું કશું જ નથી હોતી."

"રસપ્રદ. મેં કંપનીનો તે દ્રષ્ટિકોણથી કદિ વિચાર કર્યો ન હતો"

"હું ખરૂં કહું છું. અને આપણી આ કહેવાતી અદ્યતન વાણિજય પ્રથા, જેને લીધે આપણે ઈન્ટરનેટ ઉપર જ આપણો વ્યવસાય, બેન્ક સાથેનો વ્યવહાર અને કોઈ ખાદ્ય સામગ્રીની ખરીદી પણ કરી શકીએ છીએ, તેમાં જો ખરેખર કોઈ ત્રુટિ હોય, તો તે છે સામાજીક ભાવાનાનો

અભાવ. આપણે તે અનિવાર્ય જનસંપર્ક ગુમાવી બેઠાં છીએ જે આનંદ અને ઉત્સાહપૂર્વક કામ કરવા માટે અને જીવવા માટે આવશ્યક હોય છે. ઈન્ટરનેટને લીધે સીમા રહીત બની ગયેલાં આ વિશ્વમાં આપણે બધા એક એવું સ્થળ અને મોકળાશ મેળવવા ઈચ્છીએ છીએ જયાં આપણને લાગે કે આપણે ચાહના, વિશ્વાસ અને મહત્વ પ્રાપ્ત કરી રહયાં છીએ. એક એવું સ્થળ, જેને "આપણું ઘર" કહી શકીએ."

"તું ઈન્ટરનેટ વિશે આટલું બધુ કેવી રીતે જાણે છે, જુલિયન? તું તો અનંતકાળ લાગે તેટલા લાંબા સમય સુધી હિમાલયમાં એકાંતવાસમાં રહયો હતો"

"હું એક ઉત્સાહપુર્વક શીખનારો જ વિદ્યાર્થી છું, કેથરીન. આ આધુનિક જમાનામાં આપણે આપણી છેલ્લી પરીક્ષા પાસ કરીએ એટલે આપણું શિક્ષણ પુરૂં નથી થઈ જતું. આપણે આપણો છેલ્લો શ્વાસ લઈએ, ત્યારે જ તે પુરૂં થાય છે. વર્ષો પહેલાં ઈરેસમસ લખી ગયાં કે "મારી પાસે જયારે થોડા પૈસા આવેત્યારે હું પુસ્તકો ખરીદું અને જો તેમાંથી થોડા બચે તો હું ખાદ્યસામગ્રી અને કપડાં ખરીદું"

"વાહ,"

"હું પણ એવો જ છું, નાનકડી બહેન, હું જ્ઞાન મેળવવા તરસતો રહું છું. ઘણીવાર તે મેળવવાની મારામાં તીવ્ર ઉત્કંઠા જાગ્રત થાય છે. અધિકાંશ સમય ભલે હું બોધ જ્ઞાન આપનારા પુસ્તકોનું વાંચન અને મનન કરૂં, પણ દુનિયામાં શું ચાલી રહયું છે, તે જાણવા માટે પણ હું સમય જરૂર કાઢું છું. વર્તમાન પરિસ્થિતીમાં તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે જ જો તમને ન આવડતું હોય, તો તે જ્ઞાન મેળવવાનો શું ફાયદો?"

"સાચી વાત," મેં અચકાયા વિના કહયું. "તો કહો, મોટા ભાઈ. આપણા જીવનમાં સામાજીક ભાવના ફરીથી સ્થાપિત કરવા માટે આપણે શું કરવું જોઈએ?"

"ઉત્તમ સવાલ, કેથશીન. હું આશા રાખતો જ હતો કે તું આ સવાલ પૂછશે. સમાજમાં અને કોર્પોરેશનોમાં જે બદલાવ આવી ગયો છે તેને લીધે લોકોમાં એક વખત રહેલી સામાજીક ભાવના અદ્રશ્ય થઈ ગઈ છે. ધંધામાં વફાદારીનું કોઈ સ્થાન રહયું નથી, અને ધંધાકીય માળખાની પુર્નરચના (રીસ્ટ્રકચરીંગ વીધીન બિઝનેસ)ની પ્રથાને કારણે ઘણાં કર્મચારીઓ માનવા લાગ્યાં છે કે જો તેઓ ટકી રહેવાની જરા પણ આશા રાખતા હોય, તો દરેકે દરેક વ્યકિતએ પ્રતિકાર કરી પોતાની જાતનો બચાવ કરવો જરૂરી છે."

"તો પછી આપણે બધા જ જે ઝંખીએ છીએ તે સામાજીક ભાવના લોકો કેવી રીતે મેળવી શકે?"

"પોતાનાં કુટુંબમાંથી." જુલિયને તરત જ જવાબ આપ્યો. "લોકો ફરીથી કૌટુંમ્બિક જીવન તરફ પાછા ફરીને તેને સૌથી વધુ મહત્વ આપવા લાગ્યાં છે. લોકો સમજવા લાગ્યાં છે કે એક જમાનામાં પોતાનાં કામ દ્વારા જે સામાજીક સંતોષ તેઓ મેળવતાં હતાં, તે તેઓ પોતાનાં ઘરે જ પ્રાપ્ત કરી શકે છે. તેઓને ભાન થવા લાગ્યું છે કે સમાજનાં એક અંગ હોવાને કારણે મળતાં લાભ મેળવવા માટે તેમણે પોતાનાં ઘરનો ઉંબરો ઓળંગવાની જરૂરત નથી. પોતાનાં, ઘરની ચાર દિવાલો વચ્ચે જ તે પ્રાપ્ત થઈ શકે છે."

"અને જે લોકાને તમે સૌથી વધુ ચાહતા હો, તેમનાં પાસેથી જ" જુલિયન જે કહી રહયો હતો તેમાં સંપૂર્ણપણે ઓતપ્રોત થઈ જતાં મેં ઉમેર્યું.

"બરાબર, કેથરીન. એટલે તારા પરિવારને પણ તું તારો પોતાનો સમાજ ગણ જેમાંથી તું

તારો અંગત સંતોષ મેળવી શકીશ, તે દ્રષ્ટિકોણથી જોવા લાગ. એક વાત સમજી લે કે તારા કુટુંબ થકી તું તારા પોતાનાં વિશે વધુ ઉંડી સમજ મેળવી શકીશ, અને વધુ ઉંડી સુઝ, સમજ અને જ્ઞાન પ્રાપ્ત કરી શકીશ. તારા કુટુંબ થકી તું તારી માનવીયતામાં વધારો કરી તારી આંતરિક શકિત પ્રકટ કરી શકીશ. હું માત્ર એટલું જ કહેવા માંગુ છું કે જીવનમાં આગેવાની કરવાની શરૂઆત ઘરમાં આગેવાની કરવાથી થાય છે. " તારૂં કુટુંબ જ તારો પાયો છે. એક રોકેટનાં લોંચિંગ પેડ જેવો. એકવાર તે સુદ્રઢ અને સંપૂર્ણપણે ક્ષતિરહિત બની જાય, ત્યારબાદ તેં કદિ કલ્પના પણ ન કરી હોય તેટલી ઉંચાઈએ તું પહોંચી જઈ શકીશ"

"ભલે. શરૂઆત કયાંથી કરૂં?"

"એ વાત સમજવાથી કર કે તારૂં કુટુંબ અન્ય સંસ્થાઓથી જરાય જુદુ નથી – બ્રેવ લાઈફ. કોમ સહિત"

"ખરેખર?"

"ખરેખર. સામ્યતાઓ સ્પષ્ટ છે. તારા કુટુંબની અને તારી કંપનીની. બંનેના આગવા સાંસ્કૃતિક રીતરિવાજો છે, ખરૂં ને?"

"વેલ, બ્રેવલાઈફ.કોમમાં જરૂર પોતાની ખાસ લાક્ષણિક પરંપરાઓ છે. અમારી વસ્ત્રપરિધાનની એક ખાસ રીત છે, અમે અમુક ખાસ નિયમોનું પાલન કરીએ છીએ, અને એક બીજા સાથે અમુક ખાસ પ્રકારનું જ વર્તન રાખીએ છીએ, જેને લીધે અમારા વ્યવસાયની અન્ય કંપનીઓની સરખામણીમાં અમે એક આગવું સ્થાન ધરાવીએ છીએ"

"અને તારૂં કુટુંબ તેનાંથી જુદું છે?"

"ના. એમ જોવા જઈએ તો જરાય નહીં. ઘરે પણ અમારી એક સાંસ્કૃતિક સભ્યતા છે. અમારા અમુક નિયમો, મુલ્યો અને કાર્ય પધ્ધતિઓ છે."

"અને અન્ય સંસ્કૃતિઓ તથા સંસ્થાઓની જેમ જો તમે પણ પ્રગતિ કરવા ઈચ્છતા હો, તો તેનાં માટે એક આવશ્યતા છે."

"એક સરમુખત્યારની?" મેં હસીને કહયું.

"લગભગ, પણ સિગાર વિનાના, નાનકડી બહેન! મજાની રમુજ, કૌટુંબિક સંસ્કૃતિને જીવંત તથા ભવ્ય બનાવવા માટે આગેવાનીની ખાસ જરૂરત હોય છે"

"આગેવાની?. મને જરાય કલ્પના ન હતી કે કુટુંબમાં અને ઘરમાં આગેવાની મહત્વની હોય છે."

"બ્રેવલાઈફ. કોમએ આટલી જવલંત સફળતા કેવી રીતે પ્રાપ્ત કરી?" જુલિયને કહયું. "એટલે કે, મેં નવી દિલ્હીનાં એક હાઈ-ટેક મેગેઝીનમાં મુખપૃષ્ઠ ઉપર તારો ફોટો જોયો હતો!"

"મને લાગે છે કે મુખ્યત્વે કુશળ વહીવટને લીધે"

"ના. ઉત્તમ આગેવાનીને કારણે, કેથરીન. અને હું માત્ર તું, તારા ભાગીદારો અને તારા અમલદારોની ટીમની આગેવાની વિશે જ વાત નથી કરતો. હું એમ કહેવા માંગુ છું કે કંપનીનાં દરેકે દરેક વ્યકિતએ કંપનીની સફળતાને પોતાની જવાબદારી અને પોતાની અંગત સફળતા ગણી, તેં તેના માટે જે માનસચિત્ર ખડું કર્યુ હતું, તે પ્રત્યે તેઓએ સંપૂર્ણ જવાબદારી તથા એકનિષ્ઠા દાખવી અને એટલે જ કંપનીએ સિંહગર્જના કરીને સમૃધ્ધિ હાસલ કરી. આ જ વાત તારા કુટુંબને પણ લાગુ પડેછે. તારે તારા કુટુંબની આગેવાની કરીને બધાને તે સંસ્કૃતિ વિકસાવવા માટે ફાળો આપવાની પ્રેરણા આપવી જોઈએ. તારા કુટુંબ માટે તું જે ઈચ્છે છે તેવા ઉજજવળ

ભવિષ્યનું માનસચિત્ર ખડું કરીને તે અનિવાર્ય ઉદ્દેશમાં જોન તથા બાળકોને સામેલ કરવાં જોઈએ. આ બધુ તેમને મનમાં રૂચિ જાય, અને તેમને ઉત્સાહિત કરે, તે રીતે કરવું જોઈએ.તો જ તારૂં કુટુંબ જે બની શકવાની ઉચ્ચતમ ક્ષમતા તેનામાં છે તેવુ બની શકશે."

"આ તો ખરેખર વધુ પડતું લાગે છે, જુલિયન. તું કહે છે તો પણ. મારા કહેવાનો મતલબ એમ છે કે જોન પોતાના ધંધામાં વ્યસ્ત છે, અને બાળકો હંમેશા કંઈને કંઈ કરતા રહેતા હોય છે. મને એમ કહે, મોટાભાઈ, કે હું તેમને ઘરમાં આગેવાન તરીકે વર્તવાનું શરૂ કરવા કેવી રીતે કહું?"

"સાવ સહેલું" તેણે તરત જ કહયું. "પહેલાં તારે આગેવાન થઈને બતાવવાનું. ગાંધીજીએ કહયું છે તે મુજબ, તમે તમારા જીવનમાં જે ફરક લાવવા ઈચ્છતા હો તેવા પહેલાં તમારે પોતે બનવું પડે, તારો પોતાનો દાખલો બેસાડ, અને હું ખાત્રી આપું છું કે જોન અને બાળકો તેને અનુસરશે"

"સાચે જ?"

"હા. આપણે એવી દુનિયામાં જીવી રહયા છીએ જયાં બધા જ ઈચ્છે છે કે બીજા લોકો પહેલાં બદલાય. આપણી મુશ્કેલિઓ માટે આપણે સરકારનો વાંક કાઢીએ છીએ. આપણી તંગદિલી માટે આપણે આપણાં બોસનો વાંક કાઢીએ છીએ. આપણી હેરાનગતિ માટે આપણે ટ્રાફિકનો વાંક કાઢીએ છીએ. પણ બીજાઓ ઉપર દોષારોપણ કરવું તે પોતાને દોષરહિત ઠેરવવાનો એક અનુકુળ ઉપાય માત્ર છે. પોતાની નબળાઈઓને ઓળખી તેમનો સામનો કરવાની હિંમત દાખવવાને બદલે પોતાની જીંદગીમાં જે કાંઈપણ ખોટુ બની રહયુ છે તેને માટે બીજાઓ ઉપર દોષનો ટોપલો ઓઢાડવો બહુ સહેલું છે. તે જાતનું જીવન ખરેખર કાયરતાભર્યુ છે અને તે રીતે વ્યકિત વધુને વધુ ઓજસહીન બનતી જાય છે. ધ રોડ લેસ ટ્રાવેલ્સ નાં લેખક એમ. સ્કોટ પેક આ વાતને આ શબ્દોમાં રજુ કરે છે. "જયારે પણ આપણે પોતાનાં વર્તન માટેની જવાબદારી ટાળવા માંગતા હોઈએ છીએ, ત્યારે આપણે અન્ય કોઈ વ્યકિત, સંસ્થા કે અન્યને જવાબદારી ઠેરવવાનો પ્રયાસ કરતાં હોઈએ છીએ. પણ આમ કરવાથી આપણે પોતાની સત્તા તે અન્યને સુપ્રત કરી દઈએ છીએ"

જુલિયનનો અવાજ ઉંચો થતો જતો હતો, અને હું જોઈ શકતી હતી કે તેની દ્રઢ માન્યતાઓ ઉભરાઈને બહાર આવી રહી હતી. જુલિયન પોતાનો બોધ જુસ્સાભેર આપી રહયો હતો, તે દરમ્યાન અમે એક બોર્ડરૂમમાં આવી પહોંચ્યા હતા. "સાવ સાચી વાત તો એ છે, કેથરીન, કે જયારે તમે કોઈપણ બાબત માટે બીજા કોઈને જવાબદાર કે દોષી ગણાવો ત્યારે ખરા અર્થમાં તમે એમ પણ કહી રહયા છો કે તે મુશ્કેલી ઉપર કાબુ મેળવવાનું તમારામાં સામર્થ્ય નથી. તમે એમ પણ કહી રહયા છો કે એ બાબત માટે તમારી પાસે કોઈ વિકલ્પ નથી, અને તેનાં પરિણામ ઉપર કોઈપણ રીતે અસરકારક બનવાની તમારામાં ક્ષમતા નથી. એટલે પેક કહે છે કે તે પ્રમાણે બીજાઓને દોષ દેવાથી તમે પોતાની સત્તા તેને આપી દેતા હો છો. તમે કહેતા હો છો કે "હું કશું સુધારી શકું તેમ નથી. તેઓ જ તેમ કરી શકે છે. તમારા કહેવાનું તાત્પર્ય એમ નીકળતુ હોય છે કે મારા જીવનની પરિસ્થિતિઓ હું સુધારી શકું તેમ નથી. અન્ય લોકો જ તેમ કરી શકે છે." અને તે જાતની વિષમય વિચારધારા તમને અધોગતિ તરફ ધકેલીને છેવટે એક એવી જગ્યાએ લઈ જશે, જે જગ્યાને 'કયાંય નહી' કહી શકાય."

"મેં તેનો આ રીતે તો કદિ વિચાર જ કર્યો ન હતો. હાલમાં જ મેં વાંચ્યુ હતુ કે વિંસ્ટન ચર્ચીલ કહેતા કે 'જવાબદારી તે મહાનતાની કિંમત છે' તેઓ શું કહેવા માંગતા હતા તે હવે હું

બરાબર સમજી શકી છું”

“જો, નાની બહેન. આખરે તો એક માનવી તરીકે દરેકે દરેક વ્યકિતમાં કોઈપણ પરિસ્થિતિ પ્રત્યે પોતાની પ્રતિક્રિયા નકકી કરવાની ક્ષમતા તો હોય જ છે. પોતાની સંપત્તિ ગુમાવી બેસવાની બાબતને કોઈ એક વ્યકિત જીવનનાં એક એવા બોધપાઠ તરીકે ગણે કે જે તેને વધુ સમજણ આપીને તેમાંથી પણ વધુ મોટો ધંધો વિકસાવવામાં મદદરૂપ થાય. જયારે તેનાંથી થોડી ઉતરતી સમજણવાળો બીજો માણસ માત્ર ટ્રાફિક જામને કારણે પિત્તો ગુમાવી બેસતો હોય છે. તમે ભલે ગમે તે હો, કે ગમે તેવા વાતાવરણ કે સંજોગોમાંથી આવતા હો, પણ તમારા જીવનની ઘટનાઓ પ્રત્યે તમારી પ્રતિક્રિયા નકકી કરવાની સત્તા તમારામાં અવશ્ય હોય છે. મનુષ્યને કુદરતે આપેલું મોટામાં મોટું સામર્થ્ય છે તેનાં પર જે વીતે તેનું શું અર્થઘટન કરવું તે નકકી કરવાની ક્ષમતા. એટલે તારી પરિસ્થિતિ સુધરી શકે તેનાં માટે બીજાઓ બદલાય તેવી અપેક્ષા ન રાખતી. તું જ આગળ વધીને ઉત્તમ માર્ગ અપનાવ. જે કાંઈપણ બદલાવ આણવાનાં હોય, તે તું જ આણ. હું ખાત્રી આપું છું કે કુટુંબનાં બાકીનાં સભ્યો તેનું અનુકરણ કરશે જ.”

“ભલે” હું મારી સુંવાળું લેધર જડેલી ખુરસીમાં આરામથી ગોઠવાતા ગોઠવાતા જુલિયન જે જ્ઞાન આપી રહયો હતો, તેને પચાવવાનો પ્રયત્ન કરી રહી. “એનો અર્થ એમ કે ઘરમાં સામાજીક ભાવના વિકસાવવા માટે મારે આગેવાની કરવી જોઈએ.”

“બરાબર” જુલિયને પોતાનાં સુંદર સન્યાસીનાં ઝભ્ભાની બાંયો ગોઠવતાં ગોઠવતાં કહયું. તે આ અત્યંત અદ્યતન બોર્ડરૂમમાં મશરૂમની વાડીમાં ટયુલીપનુ ફુલ જેવું લાગે તેવો લાગી રહયો હતો.

“બીજાઓ પાસેથી બદલાવાની અપેક્ષા રાખતા પહેલા મારે બદલવું પડે. વધુ વિવેકી બનવા માટે બાળકો પર ગુસ્સે થવાને બદલે મારે તેમની સાથે વધુ વિવેકપુર્ણ વર્તાવ કરવો રહ્યો. તેઓ વધુ સુઘડ લાગે એટલા માટે તેમને પોતાનો રૂમ સાફ કરવાનું કહેવાને બદલે મારે ઘરમાં મારી ઓફીસ વ્યવસ્થિત કરવી જોઈએ, અને અમારૂં ગૃહસ્થજીવન વધુ ઉલ્લાસ અને ઉમંગભર્યુ બનાવવાને માટે જોન પર કટકટ કરવાને બદલે મારે તે બાબતમાં આગેવાની કરવી જોઈએ. તારા શબ્દોમાં કહું તો અમારા કુટુંબની સંસ્કૃતિમાં બદલાવ લાવવા માટે મારે નિયમિત બનવું રહયું.”

“હા” જુલિયને ટુંકમાં કહયું. “તારા બાળકો મોટા થઈને જેવા બને તેવી જ અપેક્ષા તું રાખતી હોય, તેવા બનવાની તેમને પ્રેરણા આપવા માટેની ઉત્તમ રીત છે કે પહેલાં તારે તેવા બનવું પડે. બધા બાળકો, ખાસ કરીને પોર્ટર અને સરિતાની ઉંમરના બાળકો માનતા હોય છે કે તેમનાં મા-બાપ જે જાતનુ વર્તન કરે તે બરાબર કહેવાય. તું જે રીતે વર્તે તેવું વર્તન કરવાનુ તું તેમને શિખવાડતી હોય છે. તારા માન્યતાઓ તથા મૂલ્યો તેમનાં મૂલ્યો અને માન્યતાઓ બની જતાં હોય છે. તારી નકારાત્મક રીતો અનિવાર્યપણે તેમની નકારાત્મક રીતો બની જતી હોય છે. તારે યાદ રાખવું જરૂરી છે, કે તારા બાળકો હંમેશા તારા દરેકે દરેક કાર્યને ધ્યાનપૂર્વક નિહાળતા હોય છે અને જો તું એમ માનતી હો કે તને નિહાળી રહેલી તે નાનકડી આંખો ઉપર તારા દરેકે દરેક શબ્દ અને કાર્યની ઉંડી અસર નથી થઈ રહી, તો તે તારી મોટી ભૂલ છે. યાદ રાખજે, કેથરીન, કે ગુણવત્તાભર્યાં સમય પછીની, તારા બાળકોને તું આપી શકે તેવી બીજા નંબરની સર્વોત્તમ ભેટ છે, સારૂં ઉદાહરણ આપવું”

“ખરેખર અદ્‌ભૂત સમજદારી છે, જુલિયન”

“ખબર છે? થોડા દિવસો પહેલાં મેં એક રિપોર્ટ વાંચ્યો જે મને ખૂબ જ ચિંતાજનક લાગે

છે”

“કેવો રિપોર્ટ?”

“કે ઉત્તર અમેરિકાનાં સામાન્ય બાળકો દિવસનાં લગભગ પાંચ કલાક ટીવી સામે અને પાંચ મિનિટ પોતાનાં મા-બાપ સાથે ગુણવત્તાભર્યો સમય ગાળવામાં વિતાવે છે. વધુને વધુ મા-બાપો પોતાનાં બાળકોને ઉછેરવાની જવાબદારી નેશનલ નેટવર્કનાં પ્રોગ્રામ ડાયરેકટરોને સોપી રહયા છે. હું તો તેને એક ગુનો ગણું છું.”

“તો પછી આપણા આ વિચિત્ર આધુનિક યુગમાં આપણે બધા જ જેને ઝંખી રહયાં છીએ તેવી સામાજીક ભાવના જાગ્રત કરવા, પારિવારિક નેતૃત્વ દાખવવા અને કુટુંબમાં આગેવાની કરવા માટે મારે શું કરવું જોઈએ?”

“સૌથી પહેલાં તો તારે આંખો ઉઘાડવી જોઈએ.”

“એટલે?”

“હેલન કેલર આ વાતને ખૂબ જ સુંદર રીતે રજુ કરતાં કહે છે કે “દુનિયામાં સૌથી બિચારી તે વ્યકિત છે, જે જોઈ તો શકે છે, પણ તેનામાં દ્રષ્ટિ નથી હોતી.” મોટા ભાગનાં મા-બાપો દિશાહીન રીતે રીતે રોજીંદું જીવન જીવતા હોય છે, તેઓ પોતાની ઈચ્છા પ્રમાણેનું પોતાનું જીવન બનાવવાને બદલે તેઓ જે તેમના પર આવી પડે તેને અનુકુળ બનીને આશા રાખતા હોય છે કે અંતે બધુ બરાબર થઈ જશે. તેણે જીંદગી તેવી નથી. આકસ્મિક રીતે આવી પડેલું જીવન એવી પ્રાર્થનાસહ જીવવું કે અંતે બહુ સારાવાના થશે, બાળકો અનાયાસે મહાન બની જશે, તે રીતે જીવવું તે પોતાની જીંદગી જુગારનો દાવ ખેલવા જેટલું બુધ્ધિમતાભર્યુ કાર્ય ગણાય”

“તેની કલ્પના માત્ર પણ ભયાનક લાગે છે” જુલિયન સાથેના વાર્તાલાપમાં હું પૂરેપૂરી તલ્લીન થઈ ચુકી હતી.

“અને મને કહેવા દે, કેથરીન. જો તું દરરોજ એક જ રીતનું વર્તન કરતી રહીશ, તો તારા ભાગ્યમાં એક જ જાતનું પરિણામ આવશે”

“કોઈએ કહયું છે કે ગાંડપણની વ્યાખ્યા એ છે કે દરરોજ એક જ પ્રકારનું વર્તન કરવું અને જુદા પ્રકારનાં ફળની આશા રાખવી”

“સાચી વાત, એટલે ખેલનાં મેદાનમાં આવી જા, અને તારા કૌટુંબિક જીવનની નૌકાનું સુકાન તારા હાથમાં લઈ લે. નિત્સેએ બરાબર કહયું છે કે ‘પુરૂષનું કાર્ય સરળ છે. તેણે પોતાનાં અસ્તિત્વને એક વિચારહીન અકસ્માત ન બનવા દેવું જોઈએ.’

“લિંગભેદ રાખવા બદલ હું તેને માફ કરીશ” મેં કહયું.

“તે માટે હું પણ તેને માફ કરીશ, કારણ કે તેનો બોધ ખૂબ જ સરસ છે. આજથી પાંચ વર્ષ પછી તારી જીંદગી કેવી હશે તે જો તારે જાણવું હોય, તો તારી કોઈ પણ આદતો, તારી વિચારધારાઓ, તારી મૂળભૂત માન્યતાઓ બદલાય નહીં તેનો ખાસ ખ્યાલ રાખજે. તને પાંચ વર્ષ પછી ખ્યાલ આવશે કે તારી તે સમયની જીંદગી તારી હાલની જીંદગી જેવી જ હશે”

“તે બહુ રોચક વાત નથી લાગતી.” મેં બિલકુલ સચ્ચાઈપૂર્વક કહયું. “મારા કુટુંબનાં ભવિષ્ય વિશેની મારી કલ્પનાઓ ઘણી જ ઉન્નત છે. મારે મારા બાળકો સાથે વધુ મજા કરવી છે. હું ઈચ્છું છું કે તેઓ વધુ શકિતાળી, સમજદાર અને સ્વતંત્ર બને. હું ઈચ્છુ છું કે મારા જોન સાથેનાં સંબંધો વધુ ગાઢ અને પ્રેમાળ બને. મારૂં સ્વપ્ન એ છે કે આધુનિક જીવનની કઠીનાઈઓ વચ્ચે અમારૂં ઘર અમારા માટે એક ઉષ્મા, ઉન્નતિ અને આનંદભર્યુ આશ્રયસ્થાન બની રહે.”

“તો પછી કેથરીન, એક વાત સમજી લે, કે જો તું તારા કૌટુંબિક જીવનને સુધારવા ઈચ્છતી હો, તો તારો દુનિયા વિશેનો દ્રષ્ટિકોણ તારે સુધારવો પડશે. તારી કલ્પનાનાં ચિત્રપટ ઉપર તું તારી જે જાતની કૌટુંબિક સંસ્કૃતિ ઈચ્છતી હો, તેનું એક નકકર માનસ ચિત્ર ખડું કરવું પડશે. પછી તે વિચારને તારે વધુ સ્પષ્ટ બનાવી તેને વધુ સુરેખ, પ્રબળ અને ક્ષતિરહિત બનાવવો પડશે, અને છેવટે તારે તેને એક કાગળ ઉપર લખી લેવો પડશે”

“કેમ?”

“કારણ કે જયારે તારા કુટુંબમાં ભવિષ્ય વિશેનું તારૂં માનસ ચિત્ર તું કાગળ ઉપર લખી લઈશ, ત્યારે તે એક કાયદેસરનો કરાર બની જશે.”

“એમ?” મને નવાઈ લાગી.

“ચોકકસ”મારા ભાઈએ કહયું. ‘તેં તારી પોતાની સાથે કરેલો એક જાતનો કાયદેસરનો કરાર, પોતાની જાતને આપેલું એક જાતનું વચન બની જશે. તારી માન્યતાઓ, તારા જીવનની પરિસ્થિતિઓ વિશે તેં પોતાની જાત સાથે કરેલી સમજુતિઓ સિવાય બીજું કશું નથી. કેટલાંક લોકો માનતા હોય છે, કે પોતાનાં બાળકો પ્રતિ પોતાનો પ્રેમ વ્યકત કરવા માટે તેમને દિવસમાં અવારનવાર ભેટવાનો તેમની પાસે સમય નથી. આમ માનવામાં તેઓ તે ‘હકીકત’ને યોગ્ય ઠરાવવા માટે પોતાની જાત સાથે એક સમજુતી કરતાં હોય છે. કેટલાંક લોકો માનતા હોય છે કે પોતાનાં કપરાં ભૂતકાળને લીધે તેઓ કદિ પણ સારૂં જીવન જીવી નહીં શકે. આમ કરવામાં પણ તેઓ તે ‘હકીકત’ને આધીન થઈને જીવવાનું સ્વિકારી લેતા હોય છે. પોતાની જાત સાથે કરેલાં કરારો અત્યંત શકિતશાળી હોય છે, કેથરીન”

“મેં આપણી માન્યતાઓ વિશે આવું કદિ વિચાર્યું ન હતું. જુલિયન” “તો હવે તારે હું કહું તે પ્રમાણે કરવાનુ છે.તું જાણે છે કે તું કયા પ્રકારનું કૌટુંબિક જીવન ઈચ્છે છે, અને તે પ્રાપ્ત કરવા માટે જે કાંઈ પણ કરવું પડે તે કરવા માટે તું કટિબધ્ધ છે.”

“બરાબર.”

“હવે એક ‘કૌટુંબિક માનસચિત્ર કરાર’ ઘડ, જે તારે તારા દિવસો કેવી રીતે ગાળવા અને તારો સમય કઈ બાબતો માટે ફાળવવો, તે માટેની એક દૈનિક માર્ગદર્શિકા બની રહેશે. તે એક જાતનું વચન, વિધાન બની જશે જે તારૂં ધ્યાન ‘ખરેખર મહત્વની બાબતો’ ઉપર કેન્દ્રીત રાખશે.”

“એટલે આ ‘કૌટુંબિક માનસ ચિત્ર કરાર’ ઘડીને તેને કાગળ ઉપર લખી લેવાથી હું મારૂં જીવન ઘટનાઓ ઉપર આધારિત નહીં. પણ મારી ઈચ્છા મુજબનું કરી શકીશ?” જુલિયન મને જે વ્યુહરચનાની તરકીબ બતાવી રહયો હતો તેનાંથી હું ખરેખર પ્રભાવિત થઈ ગઈ હતી.

“હા, આખરે તું તારા નસીબ ઉપર કાબુ મેળવી શકીશ. તારો કૌટુંબિક માનસચિત્ર કરાર તારા માટે એક દિવાદાંડી બની જશે, જે તારો ભવસાગર ભલે ગમે તેટલો તોફાની બને, પણ તને હંમેશા ‘ઘરે’ – પ્રેમ અને શાંતિભર્યા નિવાસ સ્થાને – પાછી લઈ આવશે. તે તને આશા પ્રદાન કરશે અને તારામાં ભવિષ્યમાં સારા વાના થવાની ખાત્રી હોવાની ભાવના જાગ્રત કરશે, અને તે તારી અને તારા કુટુંબની રક્ષા કરશે”

“અમારી રક્ષા કરશે?”

“હા, તારા કુટુંબના ભવિષ્ય માટે તું યથાર્થ શું ઈચ્છે છે તે જાણવાથી જીવનમાં ઘુસી આવવાનાં પ્રયત્નો કરનારી તે તમામ નકારાત્મક અસરો સામે રક્ષણ મળે છે. જયારે તારા

પોતાનાં વિચારો દિવા જેવા સ્પષ્ટ હોય, અને તું તારા કુટુંબના ભવિષ્ય વિશેનાં માનસચિત્ર પ્રત્યે સંપૂર્ણ વચનબધ્ધ હો, ત્યારે બીજાઓનાં મંતવ્યોનું જરાય મહત્વ રહેતું નથી. આદર્શ કૌટુંબિક જીવન કેવું હોવું જોઇએ તેનો આદેશ આપતી વશીકરણ કરનારી ટીવી ઉપરની જાહેરાતો તને જરાય અસર નહીં કરે. તારા પાડોશીઓ અને સહકાર્યકરો સાથે ચડસાચડસીમાં ઉતરવાની જરૂરત બાજુએ રહી જશે. તું અને તારૂં કુટુંબ સ્વતંત્ર બની જશો, અને તેમ કરવા જતાં તમે એક વધુ ઉચ્ચ સમજણભર્યુ વધુ વિવેક વિચારયુકત ગૃહસ્થ જીવન ગાળી શકશો."

"બાળકો સ્વતંત્ર બને તે મને ખૂબ ગમશે, જુલિયન. હું સમજી ચુકી છું કે વ્યવસાયમાં સફળતા મેળવવા માટે સ્વતંત્ર રીતે વિચાર કરી શકવું અત્યંત મહત્વનું હોય છે. ઓકલે સનગ્લાસીસનાં વાઈસ પ્રેસિડેંટ ઓફ ડિઝાઈન્સ, કોલિન બેડનએ 'ફાસ્ટ કંપની' મેગેઝીનમાં કહયું છે કે ...."

"અરે! તે પ્રકાશન તો મને ખૂબ જ ગમે છે" જુલિયન વચ્ચે જ બોલી ઉઠયો.

"તું 'ફાસ્ટ કંપની' વાંચે છે?" મેં અચંબાથી કહયું.

"મેં તને કહયું તો ખરૂં કે હું જ્ઞાનનો ભૂખ્યો છું. તે સારૂં વાંચન છે"

"ભલે, ઠીક છે" મે વાત આગળ ચલાવી. આ શબ્દો એક સિનિયર એકઝેકયુટિવનાં છે. 'જો તમે કોઈ અમુક એક કાર્ય અમુક રીતે જ એટલા માટે કરતા હો છો કે તે હંમેશાં તે જ રીતે થતુ આવ્યું છે, તો કદાચ તમે તે ખોટી રીતે કરી રહયા છો' મને આ શબ્દો ખૂબ જ ગમ્યાં, કારણ કે તે ખૂબ જ સચોટ છે. આજકાલ જો આપણે ધંધામાં ઉત્કૃષ્ઠતા મેળવવા ઈચ્છતાં હોઈએ તો આપણને સ્વતંત્ર રીતે વિચારનારાઓ જરૂરત રહે છે"

"અને આજકાલનાં જીવનમાં પણ તેમની જરૂરત રહે છે. એટલે હિંમત કરીને તું તારો કૌટુંબિક માનસચિત્ર કરાર ઘડી નાંખ જેથી કરીને તું તારી રીતે કામ કરવાનું શરૂ કરી શકે, અને તારૂં દિલ..."

"અને જોનનું દિલ પણ" હું વચ્ચે જ બોલી ઉઠી.

જુલિયને ભૂલ સુધારતાં કહયું. "અને જોનનું દિલ પણ જેને નિતિમત્તાનુસાર સાચું કહે. અને ભવિષ્યમાં તું તારૂં કૌટુંબિક જીવન કેવું ઈચ્છે છે તેનાં તારા માનસ ચિત્રને મૂર્તિમંત્ર સ્વરૂપ આપવું તે મારી જાણ પ્રમાણે તારા કુટુંબ પ્રત્યે તારી વચનબધ્ધતાને એક વધુ ઉંચા સ્તરે લઈ જવાનો ઉત્તમ રસ્તો છે"

"કેમ?"

"કારણ કે મારા જીવનમાં હું જાણી શકયો છું કે કાગળ ઉપર લખાયેલાં વચનો જીવનમાં અમલમાં મુકાનારા વચનો બની જતા હોય છે "

'સાવ સાચું" મેં ઉત્સાહપૂર્વક કહયું. "મારા વ્યવસાયિક જીવનની સફળતાનાં રહસ્યોમાંનુ એક રહસ્ય એ પણ હતુ કે હું જે પરિણામો ઈચ્છતી હતી તે વિશે હું અત્યંત સ્પષ્ટ હતી. દર નેવુ દિવસ પછી હું મારા વ્યવસાયિક ધ્યેયોને લખી લેતી, અને તે સાધવાની કોઈ તક હું ચુકી ન જાઉં અને મારૂં ધ્યાન સતત તેમનાં ઉપર કેન્દ્રિત રહે તેટલા માટે લગભગ રોજ હું તે વાંચી જતી"

"સરસ. તારા કૌટુંબિક જીવનમાં પણ તેમ કર. મારૂં સુચન એમ છે કે તું તારો કૌટુંબિક માનસચિત્ર કરાર લઈને તેને ધ્યાનપૂર્વક વાંચી લે. પછી જે સૌથી મહત્વની બાબતો હોય, તેને પ્રાથમિકતા આપી, તે પ્રમાણે અમુક સમય મર્યાદામાં તે દરેક પ્રાથમિકતાને સિધ્ધ કરવાનાં ધ્યેયો બનાવ."

“તે જાતની વ્યુહાત્મક વિચાર શૈલિને લીધે જ અમે બ્રેવલાઈફ. કોમની આટલી સફળતા મેળવી.”

“અને તે જાતની વ્યુહાત્મક વિચારશૈલિ હવે તને તારા કૌટુંબિક જીવનમાં તેનાંથી પણ વધુ સફળતા અપાવશે. મને સમજાતું નથી કે લોકો પોતાનું વ્યવસાયિક જીવન આટલી બધી ચોકસાઈપૂર્વક પ્લાન કરે છે, પણ તેઓ પોતાનાં ઘરે કઈ રીતેજીવી રહયા છે તે બાબત પર જરાય ધ્યાન નથી દેતા”

જુલિયન બોલતાં બોલતાં અટકયો અને ટેબલ પર પડેલી પિત્તળની ઢાંકણી પર આંગળીઓ ફેરવતા ફેરવતાં વિચારમગ્ન થતો ગયો. થોડી ક્ષણો નીચું જોઈ રહયાં બાદ તેણે ફરીથી બોલવાનુ શરૂ કર્યુ. “મહાન નેતાઓ અન્ય લોકો કરતાં વધુ વિચારશીલ હોય છે, કેથરીન. તેઓ સમય કાઢીને માત્ર વિચાર કરવા જ એકાંતમાં જતાં રહેતાં હોય છે. તને ખબર છે? આઈન્સ્ટાઈન પણ તેમ કરતા.”

“મને ખબર નહોતી.”

“હા. મેં વાંચ્યું છે કે તેમની એક ખાસ ‘વિચારવાની ખુરસી’ હતી જેમાં તેઓ કોઈ એકાંત સ્થળે બેસી રહેતાં, અને તેમાં બેસ્યા પછી તેઓ વિચારવા સિવાય બીજું કશું કરતા નહીં”

“અમારા સર્વોત્તમ સેલ્સપર્સન પણ તેમ જ કરે છે” મેં કહયું. “દર બીજે અઠવાડિયે એક દિવસ – જેને તેઓ ‘ખોવાઈ જવું’ કહે છે – તે માટે ફાળવે છે. તેઓ પોતાનું પેજર તથા સેલફોન ઓફીસમાં મુકતા જાય, અને એવી કોઈ જગ્યાએ જતાં રહે કે જયાં કોઈ તેમનો સંપર્ક ન કરી શકે. તેઓ પોતાની સાથે માત્ર એક લીગલ સાઈઝનું નોટ પેડ અને પેન્સિલ રાખે, અને આખો દિવસ માત્ર વિચાર જ કરે”

“હું પ્રભાવિત થયો” જુલિયને હળવા સ્મિત સાથે ડોકું ધુણાવતાં કહયું. “મને લાગે છે કે મને તે વ્યકિત ગમશે.”

“અમે બધા તેમને ગાંડો ગણતાં..... તેમના પરિણામો આવ્યાં ત્યારે તેમના સૌથી નજીકનાં હરીફ કરતાં તેમનું વેચાણ પાંચ ગણુ વધારે હતું. પાંચ ગણુ વધારે! એટલે તેમની કાર્યપધ્ધતિ સમજવા માટે મેં તેમને એક દિવસ મારી પાસે બેસાડયા. તેમણે મને કહયું કે તેઓ પોતાના તે દિવસ, જેને તેઓ ‘રણનીતિ દિન’ કહેતાં, તે દિવસે તેઓ પોતાનાં ભવિષ્ય વિશે વિચારતાં, કે તેમની કલ્પના મુજબ તે કેવું હોવું જોઈએ. તે બધું તેમનાં મગજમાં વધુ સ્પષ્ટ રીતે બેસી જાય એટલા માટે તેઓ તેની નોંધ કરી લેતા”

“જોયું?” પહેલાં સ્પષ્ટતા અને પછી નિપુણતા” જુલિયન ખુશ થઈને બોલી ઉઠયો.

“તેમનાં કિસ્સામાં તો ખરેખર તેમ બન્યુ હતુ” મેં કહયું. “તેમણે મને કહયું કે એકાંતમાં બેસીને તેઓ પોતાનાં જીવનમાં જે અપેક્ષાઓ રાખતાં હતા તે વિશે જેટલું વધુ ચિંતન કરતા, તેટલાં તે બાબતનાં વધુ આઈડિયાઓ તેમનાં મનમાંથી ઉઠતા, અને જેમ જેમ તે ઉઠતા જાય તેમ તેમ તેઓ તેની નોંધ કરતા જતાં, તેમનું સમગ્ર ચિત્ત તેમની પ્રાથમિકતાઓ પ્રત્યે એકાગ્ર થઈ જતું. તેઓ તે સિવાય બીજા કશાની કલ્પના, વિચાર કે વાત કરતાં નહીં. ત્યારબાદ તેઓ આ બાબતોનાં ખાસ ધ્યેયો બનાવતા અને તેને સાધવા માટે એક સમય મર્યાદા બાંધતા. તેમણે મને કહયું કે આ ખાસ દિવસો તેમનામાં એટલી બધી આશા અને ઉમંગ ભરી દેતાં કે તેઓ મહામહેનતે પોતાની જાતને સંભાળી શકતા, અને આ રીતે પોતાનાં લક્ષ્યને ફરીથી ધ્યાનમાં લાવીને તેઓ ઓફીસે પાછા ફરતાં અને બધાને આંજી દેતાં.”

અને પછી જુલિયને એવું કંઈક કર્યુ જે જોઈને હું અવાચક બની ગઈ. તે તરત જ ઉભો થઈ ગયો અને કુદકો મારીને મીટિંગ માટેના ચમકતા ટેબલ ઉપર ચડી ગયો. અને પછી તે નાચવા લાગ્યો પહેલાં ધીરે ધીરે, અને પછી ઉન્મત થઈને.... જાણે કે તે કોઈ જાતની સમાધિમાં ઉતરી ગયો હોય.

"જુલિયન! આ શું કરે છે? ગાંડો થઈ ગયો છે? મહેરબાની કરીને હમણાંને હમણાં બંધ કર. મને બીક લાગે છે. મહેરબાની કરીને આ બંધ કર!" હું જે જોઈ રહી હતી તેનાંથી ગભરાઈ જઈને મેં આજીજી કરી.

"ચિંતા નહી કર, નાનકડી બહેન" રેકોર્ડોનાં ચાર્ટમાં અગ્રીમ સ્થાન પ્રાપ્ત કરી ચુકેલાં રેપ સંગીતનાં કરોડપતિ સ્ટારની અદાથી જુલિયને કહયું. "હું તો માત્ર થોડો આનંદ માણી રહયો છું"

"રહેવા દે, જુલિયન. આ કરોડાધિપતિ કંપનીની કોર્પોરેટ ઓફીસ છે. આંહી તારે થોડો સંયમ રાખવો જોઈએ"

"દરેક દિવસ, અને તેને અનુશાસન અને સુવ્યસ્થિત રીતે ગાળવામાંથી રાહત મેળવવા માટે સભાનતાપૂર્વક થોડી મજા મસ્તી અને નરી મુર્ખતા કરતાં

રહેવું જોઈએ" તેણે માર્મિક વાણી ઉચ્ચારી.

"શું કહયું?"

"આ મે સાર્ટનનાં શબ્દો છે, અને હું તે પ્રમાણે જીવું છું. હું અત્યંત અનુશાસકતાપૂર્વકનું પવિત્ર જીવન જીવું છું. પણ તેમ કરતાં કરતાં હું આનંદ પણ મેળવી લેવાની ચોકસાઈ રાખુ છું. એટલે અહીં ઉપર ચડી આવ અને મારા નાનકડા નૃત્યમાં જોડાઈ જા. હું તને કંઈક સમજાવવા માંગું છું."

મેં જુલિયનની અવનવી માંગણી ઉપર વિચાર કર્યો. હું કબુલ કરૂં છું કે મારા ભાઈનું વર્તન વિલક્ષણ હતું, પણ મારા મનમાં લેશમાત્ર શંકા રહી ન હતી કે જુલિયને પર્વતોમાં મેળવેલાં જ્ઞાન દ્વારા જે સમજણ પ્રાપ્ત કરી હતી, તેને જો હું અપનાવી લઉં, તો તે મારા જીવનને પરિવર્તિત કરી નાંખવાની ક્ષમતા ધરાવતી હતી.

જુલિયન કોઈ અગમ્ય રીતે જાણી ચુકયો હતો કે પ્રગતિ કરવા માટે મારે ખાસ શું શીખવું જરૂરી છે, અને હું સમજી ગઈ કે જો હું તેની વાત નહીં માનું તો હું જ હેરાન થઈશ, તે નહીં.

"ભલે. તું જીત્યો" મેં અનિચ્છા હોવા છતાં બુટ કાઢયા વિના જ મીટિંગ ટેબલ ઉપર ચડતાં કહયું.

"હવે નૃત્ય કર" જુલિયને હસતાં હસતાં કહયું. "તારી અંદર રહેલાં બાળકને બહાર લાવ.તે બહાર આવીને રમવાની આજીજી કરી રહયું છે. તારા આત્માને તેનાંથી લાભ થશે"

મેં મારા પગ થોડા આમથી તેમ હલાવ્યાં, પણ તેનાંથી વધુ કંઈ કરવાનો મને સંકોચ થતો હતો.

"નૃત્ય કર, નહીંતર હું ગાવા લાગીશ, કેથરીન" સ્મિતથી ચમકી રહેલી આંખો સાથે જુલિયને ધાક બતાવી.

'ભલે.' જોન ટ્રાવોલ્ટા 'સેટર ડે નાઈટ ફીવર' ફીલ્મમાં જે રીતે હાથ હલાવતા હતા તેની નકલ કરતા મે કહયું. પણ આમ કરવામાં મને ખુબ આનંદ આવવા લાગ્યો હતો "અરે, જુલિયન આમાં તો ખૂબ મજા આવે છે" મારૂ શરીર એક બાજુથી બીજી બાજુ વાળતા મે કહયું.

"મને ખબર છે. કોઈ દિવસ એટલી વ્યસ્ત નહીં થઈ જતી કે નૃત્ય કરવાનો સમય ન મળે,

નાનકડી બહેન." પોતાની બંને તામ્રવર્ણી મુઠીઓને હવામાં ઉછાળતાં ઉછાળતાં ગોળ ઘુમીને તે પોતાનાં અંગબળનાં ખેલનું અદ્‌ભુત પ્રદર્શન કરી રહયો હતો. તેવામાં જ મારા સિનિયર વાઈસ પ્રેસિડેંટ બોર્ડરૂમ પાસેથી પસાર થયાં, અને થોડી જ ક્ષણોમાં ફાટેલી આંખોએ અને આશ્ચર્યચકિત ચહેરે તેઓ પાછા ફર્યા. અમને બોર્ડરૂમનાં ટેબલ પર જોઈ તેઓ અમારી સામે તાકી રહયાં. હું તરત જ અટકી ગઈ. જુલિયને મસ્તીથી પોતાનું ઉન્મત નૃત્ય ચાલુ રાખ્યું. મને લાગે છે કે અમે પકડાઈ ગયાં તેથી તે રાજી થયો હતો. મારા સહકર્મચારી તો તેમનાં અને અમારા વચ્ચેનાં ફાચનાં પાર્ટિશનમાંથી આ વિચિત્ર દ્રશ્ય જોઈને સ્તબ્ધ થઈ ગયાં હતાં. અને પછી તેઓ હસવા માંડયાં. તેમણે બોર્ડરૂમમાં ડોકિયું કર્યુ.

"તું બિલકુલ સાજી થઈ ગઈ છે તે જોઈને આનંદ થયો, કેથરીન. જયારે તને સમય મળે ત્યારે એકઝીકયુટીવ ટીમનાં બાકીનાં સભ્યો સાથે તેં શોધી કાઢેલી આ નવી મેનેજમેન્ટ પધ્ધતિ વિશે જરૂર વાત કરજે" તેમણે મજાક કરી.

"જરૂર, લેસ. હું વચન આપું છું કે હું કરીશ" મેં જવાબ આપ્યો. મારા વિચિત્ર વર્તન પ્રત્યે તેમનાં સાનુકુળ વલણથી નિરાંત થઈ.

તે વી.પી.ના ગયા પછી મેં જુલિયન સામે જોયું. "જુલિયન, આનો અર્થ શું છે? આવું જો હું કાયમ કરતી રહીશ, તો આખી કંપનીની હાંસી પાત્ર બની જઈશ"

"ભલે, કેથરીન. હું તો તારી સાથે થોડી મસ્તી કરતો હતો. હવે મારૂં શિક્ષણ આગળ ચલાવું. મારો મુદ્દો એ છે, કે આ ટેબલ ઉપર ચડવાથી તને એક નવો દ્રષ્ટિકોણ મળે છે. તું એક ઉંચાઈ ઉપરથી બધું જોઈ શકે છે. અંતરિક્ષયાત્રિઓનું ચંદ્ર ઉપરનું ઉતરાણ યાદ છે?"

"હાસ્તો"

"વેલ, જયારે તેઓ પાછા ફર્યા ત્યારે તેઓ વારંવાર એક જ વાત કરતાં હતાં કે તે ઉંચાઈથી જયારે તેઓ નીચે પૃથ્વી તરફ જોવા લાગ્યાં, ત્યારે તેઓ એક બિલકુલ નવા જ દ્રષ્ટિકોણથી આપણી દુનિયા નિહાળી શકયાં. અને તેનાંથી પણ વધુ મહત્વની વાત તેઓએ એ કરી કે આપણાં ગ્રહને એક ઉંચાઈથી જોવાથી તેનાં પર રહેલી જીવસૃષ્ટિને તેઓ વધુ સારી રીતે સમજી શકયા"

"એટલે કે આ ટેબલ ઉપર ચડીને જોવાથી હું દુનિયાને વધુ સારી રીતે નિહાળી શકીશ?" જુલિયને આપેલો રૂપક અર્થાલંકાર મને ગુંચવણભર્યો લાગતો હતો.

"તેનો સંબંધ હું જેની વાત કરી રહયો હતો, તે કૌટુંબિક માનસચિત્ર કરાર સાથે છે. જેવી રીતે આ ટેબલ ઉપર ચડીને તું તારી ઓફીસને વધુ વિસ્તૃત રીતે જોઈ શકે છે, તેવી જ રીતે તારો પોતાનો કૌટુંબિક માનસ ચિત્ર કરાર ઘડીને તું તારા જીવન પ્રત્યે વધુ વિસ્તૃત દ્રષ્ટિકોણ રાખી શકીશ. તને હંમેશા સંપૂર્ણ ચિત્રનો ખ્યાલ રહેશે, અને આ જીવનરૂપી ઈશ્વરીય દેનના સુખો અને આનંદો માણવામાંથી આપણે વંચિત રાખનારા ભૌતિક વિકલ્પોમાં ખૂંપી જવાથી તને બચાવશે. જે નાનકડા જન સમાજને તું તારા કુટુંબ તરીકે પ્રેમ કરે છે, તેનું તું સદૈવ વિહંગાવલોકન કરી શકશે. નાનકડી વાતોને મોટું સ્વરૂપ આપવામાં તારા દિવસો ગાળવાનુ તુ બંધ કરી દઈશ, અને તેને બદલે તું તારો સમય થોડી પરમાવશ્યાકતાઓ પર ધ્યાન કેન્દ્રીત કરવા માટે ફાળવી શકીશ"

"થોડી પરમાવશ્યકતાઓ? મેં પૂછયું. આ પારિભાષિક શબ્દ પ્રયોગ મેં પહેલાં? કદિ સાંભળ્યો ન હતો."

"હા, થોડી પરમાવશ્યકતાઓ. તારી કંપનીના, અને તેનાંથી પણ વધુ મહત્વપુર્ણ રીતે તારા

ઘરનાં એક મહાન આગેવાન તરીકે તારે ઘણી ભૌતિકતાઓને બદલે થોડી પરમાવશ્યકતાઓ પર તારૂં ધ્યાન કેન્દ્રીત કરવું જરૂરી છે મોટા ભાગનાં લોકો પોતે જેને આદર્શ જીવન ગણતા હોય તે તરફ આગળ ન વધવા ધ્યે તેવી પ્રવૃત્તિઓમાં અટવાઈ જઈને પોતાનાં જીવનનાં ઉત્તમ વર્ષો વેડફી નાંખતા હોય છે. તેઓ ટીવી જોવામાં વધુ પડતો સમય ગાળે, પોતાનાં જીવનમાં શું સારૂં છે તે વિચારવાને બદલે શું ખોટું છે તે વિશે સતત વિચાર્યા કરે, ટેલિફોન પર પારકી પંચાત કરે, અને બાળકોનાં વાંક કાઢયા કરતાં હોય છે. કૌટુંબિક માનસચિત્ર કરાર તને એવા અર્થપૂર્ણ કાર્યો પર કેન્દ્રિત રાખશે, જેને કરવાથી તારા જીવનમાં વધુ સકારાત્મક પરિણામો આવશે, અને તું જે સ્થાન પ્રાપ્ત કરવાની આશા રાખે છે, તે સ્થાને તને ચોકકસ પહોંચાડશે.”

જુલિયન ટેબલ ઉપરથી ઉતરીને દિવાલને અઢેલીને ઉભો રહયો અને નાટયાત્મક અસર ઉભી કરવા માટે થંભ્યો.

“તારો કૌટુંબિક માનસચિત્ર કરાર અને તારા ઘરની સંસ્કૃતિને વધુ સમૃધ્ધ કરનારા ધ્યેયોને કાગળ ઉપર નોંધી લેવાથી બિલકુલ તે જ પરિણામ આવશે. તારા કુટુંબને વધુ ઉન્નત બનાવવા માટે તું એવી તકો શોધી કાઢી શકીશ, જે આ પહેલાં તું ચુકી રહી હતી. કારણ કે તું તે શોધતી ન હતી. જો, જીવનમાં તું જેના પર લક્ષ્ય કેન્દ્રિત કરે તે વિકાસ પામે છે અને જેનાં પર ધ્યાન આપે છે તેનુ મહત્વ વધે છે ”

“જેનાં પર લક્ષ્ય કેન્દ્રિત થાય, તે વિકાસ પામે તે વાત સાથે હું સહમત છું. મારો અનુભવ એ છે કે જયારે મને કોઈ નવો ગ્રાહક મળે તેના બીજે દિવસે હું જયારે શહેરમાં ડ્રાઈવ કરતી હોઉં ત્યારે મને દરેક સ્થળે તે નવા ગ્રાહરનાં ચિન્હો નજરે ચડે. કવચિત ફ્રી વે ઉપર હું તેમનાં લોગોવાળા કોઈ ટ્રકને મારી બાજુમાંથી પસાર થતા જોઉં, અથવા તો અખબારમાં તેમની જાહેર ખબર જોઉં, જે ઘરે જતાં રસ્તામાં પહેલાં પણ અસ્તિત્વમાં હતી જ, પણ મારૂ લક્ષ્ય તે તરફ દોરાયું તે પહેલાં હું તે બધુ જોઈ શકી ન હતી, પણ ત્યારબાદ હું તેમને સર્વત્ર જોવા લાગતી.”

“આ ખૂબ જ મહત્વનું નિરિક્ષણ છે. જેનો મને લાગે છે કે આપણે બધા નિયમિત રીતે અનુભવ કરતાં હોઈએ છીએ. કોઈપણ વાત પ્રત્યે તમે એકવાર ધ્યાન આપવાનું શરૂ કરો, પછી તે પ્રત્યે તમારી સભાનતા વિકસિત થાય છે, અને તે પ્રત્યે તમે સંપૂર્ણપણે જાગ્રત બની જાઓ છો. એટલા માટે જ હું હંમેશા કહુ છું કે સચેત બન્યા પછી જ બદલાવ આવે છે. તમારા જીવનમાં તમે કોઈપણ બદલાવ લાવી શકો તે પહેલા તે પ્રત્યે જાગ્રત બનવું પડે, અને તેનાં ઉપર ખાસ ધ્યાન આપવું પડે. તમારે તે બાબત સચેત બનવુ પડે. જો તમે કોઈ નબળાઈ વિશે જાણતા જ ન હો, તો તમે તેને દૂર ન કરી શકો.”

“હું સમજી છું તે પ્રમાણે તું એમ કહેવા માંગે છે કે મારા કૌટુંબિક માનસચિત્ર કરાને કાગળ ઉપર લખી લેવાથી, જેથી કરીને તે એક માન્ય કરાર બની જાય, અને ત્યારબાદ તેને અમુક ખાસ ધ્યેયોમાં વિભાજીત કરવાથી હું મારા જીવનમાં તે બાબતો પર વધુ ધ્યાન આપી શકીશ”

“હા,”

“અને તું એમ પણ કહી રહયો છે કે તેમ કરવાથી હું ગ્રહસ્થજીવન સુધારવાની તે તકો પણ જોઈ શકીશ, જે મોટા ભાગનાં અમારા જેવા વ્યસ્ત મા-બાપો જોઈ શકવાનુ સાવ ચુકી જાય છે, કારણ કે તેમની જાગ્રત અવસ્થાની દરેકે દરેક પળ કોઈને કોઈ નાનકડી કટોકટીને હલ કરવામાં જતી હોય છે?”

“બરાબર, તેના ઉપરથી મને હોલીવુડનાં એક સ્ક્રીનરાઈટર (પટકથા લેખક) યાદ આવ્યા

જેમની સાથે બેસીને હું દારૂ પીતો”

“મને તેઓ બરાબર યાદ છે. તેઓ કાઉબોય બુટસ્ પહેરતાં અને હાથમાં ઈવિયન વોટરની બોટલ વિનાં કયાંય જતાં નહી”

“હા, તે જ. તેમણે મને એકવાર કહયું હતું કે હોલીવુડમાં તેમની સફળતાની ચાવી એ હતી કે તેઓ વાર્તાનો અંત હંમેશા પહેલાં લખતાં. સર્વપ્રથમ તેઓ એક ક્ષતિરહિત સુયોગ્ય અંત રચે, અને પાછા ચાલીને બાકીની વાર્તા તેને આધારે ઘડે.”

“ચતુર.”

“સાચું. અને મારૂં સુચન છે કે તું તારા કૌટુંબિક જીવનમાં પણ તેમ કર. તારી આંખો બંધ કરીને તું જેને સૌથી વધુમાં વધુ સુખદ અંત ગણે, તેવા અંતની કલ્પના કર, અને ત્યારબાદ ત્યાંથી પાછી વળીને આજનાં દિવસ સુધી આવ. જો, હકીકતમાં તો કૌટુંબિક માનસચિત્ર કરાર તારી જીવન કથા જ છે, કારણ કે તે તારા કુટુંબ વિશે છે. તેની વ્યાખ્યા કરી તેને લેખિત સ્વરૂપ આપવાથી તું તારા કોઈપણ એક દિવસની કોઈપણ એક પળ ઉત્તમમાં ઉત્તમ રીતે પસાર કરવા માટે શું પસંદ કરશે તે તું જાતે નકકી કરી શકીશ. જો કોઈપણ કાર્ય કે વર્તન તેં રચેલી કથાનાં સુખદ અંત તરફ ન દોરી જાય, તો તારે તે કરવાનું જ નહીં.”

‘સમજી ગઈ. તે વિચારધારાનુ મહત્વ મને છેવટે સમજાયું. આ બધું જ્ઞાન તને સિવાનાનાં સંતોએ આબ્યું?”

“તેઓએ મને ઉન્નત જીવન રચવા માટેનાં સિધ્ધાંતો સમજાવ્યાં. તેમણે મને શિખવ્યું કે પ્રેમાળ સંબંધો સુંદર જીવનના પાયાઓ છે. તેમણે મને શિખવ્યું કે આપણાં વિચારો આપણાં વિશ્વનું સર્જન કરે છે, એટલે આપણે જો આપણું જીવન સુધારવા માંગતા હોઈએ, તો સૌ પ્રથમ આપણે આપણાં વિચારો સુધારવા જોઈએ. આ ઉપરાંત તેઓએ મને બીજું ઘણું બધું શિખવ્યું. હિમાલયનું તેમનું નાનકડું ગામડું છોડયા બાદ ઘણાં મહિનાઓ સુધી આ વિશિષ્ઠ વ્યકિતઓએ મને આપેલ જ્ઞાનનું હું મનન કરતો રહયો. તેમણે આપેલ જ્ઞાનને આધારે મેં ઉત્તમ રીતે જીવવા માટેનાં મારા પોતાના વિચારો ઘડયાં. મને એવા એવા આઈડિયાઓ આવ્યા જેની મને પોતાને પણ નવાઈ લાગે છે અને તે વિચારો હું આજે તને પ્રદાન કરી રહયો છું. મારી વહાલી બહેન!”

“ટુંકમાં ‘બેનલડી’! મેં આંખ મિચકારતાં કહયું. જુલિયન હસી પડયો.”

“પણ જુલિયન, ઘરે ખરી આગેવાની દર્શાવવા માટે અને કુટુંબમાં સામાજીક ભાવના જાગ્રત કરવા માટે હું બીજું શું કરી શકુ?”

“તારા ઘરને આશ્રયસ્થાન બનાવી દે” સરળ જવાબ મળ્યો.

“વધારે વિસ્તારપૂર્વક સમજાવીશ, મોટા ભાઈ?”

“ઉંચા હિમાલયમાં આવેલાં સિવાના ગામમાં સંતો પોતાના ઘરોનું મોટું મૂલ્ય આંકતા. મેં કદિ ન જોયું હોય તેવા શાંત તથા ઉપાધિ વિનાનાં સ્થળમાં હોવા છતાં તેમની નાનકડી ઝુંપડીઓ તેમના ખરાં આશ્રમો હતા. તે લોકો હંમેશા તકેદારી રાખતા કે તેમનાં નાનકડા સાદા ઘરો હંમેશા સ્વચ્છ અને સૂર્યનાં તેજ કિરણોવાળા હોય. તેઓ ખાસ કાળજી રાખતા કે ત્યાં તેમની રહેવાની જગ્યામાં ચોખ્ખી હવાની પુરતા પ્રમાણમાં આવજા રહેતી હોય, અને ત્યાં બધે જ પુષ્પો હોય અને તેઓ ખંતપૂર્વક તકેદારી રાખતા કે ભલે તેઓ તત્વજ્ઞાન તથા વિવેકપૂર્ણ વિચારોની આપલે કરવા એક બીજાને પોતાનાં ઘરે આમંત્રિત કરે, પણ તેમને પોતાને પોતાના ઘરે મૌન મનન, આત્મચિંતન અને આત્મનિરિક્ષણ કરવાનો પુરતો સમય મળી રહે. હું એમ કહેવા માંગું છું કે

આપણાં આ ધાંધલ ધમાલિયા જગતમાં તું ખરી કૌટુંબિક આગેવાની દાખવીને ચોકસાઈ રાખ કે તારૂં ઘર તારા, જોન અને બાળકો માટે એક ખરૂં આશ્રયસ્થાન બની રહે."

"અને તારે માટે પણ, જુલિયન. તું અમારી સાથે રહે તે અમને ખૂબ જ ગમે છે. તું ભલે આટલો યુવાન લાગે, પણ પોર્ટર અને સરિતા તારૂં ડહાપણ અને તારી ઉંમર કળી શકે છે. તું અમારી સાથે છે એ વાતથી તેઓ ખૂબ જ ઉત્સાહમાં આવી ગયાં છે. તેઓ તને તેમનાં દાદા ગણે છે, જે તેમને કદિ મળ્યા જ ન હતાં"

"અરે વાહ, આભાર" જુલિયનને કહયું.

"મજાની વાત તો એ છે કે તારા પ્રભાવથી તેઓ શાંત બની જાય છે. જોન અને હું તેમને હંમેશા ઉતાવળ કરવાનું કહેતા હોઈએ છીએ, જયારે તું તેમને હંમેશા ધીરા પડવાનું યાદ કરાવતો રહે છે"

"દાદા-દાદીઓ તો એવાં જ હોય ને! આપણી સંસ્કૃતિનાં સમગ્ર ઈતિહાસમાં બધાં જ કુટુંબોમાં વડીલોને માન સન્માન અપાતું આવ્યું છે, અને જીવન વિશેનાં મહત્વનાં બોધપાઠ તેમનાં ચરણોમાં બેસીને મેળવાતાં આવ્યાં છે. હિમાલયમાં સંયુકત કુટુંબની પ્રથા છે. માતા-પિતા વિના રહેવાની તો કલ્પના પણ તે સંતો કરી શકે નહીં. તેમના વડિલો પાસેથી તેમને સતત સાંત્વન, જ્ઞાન અને પ્રેમ મળ્યાં કરે."

"અને હું શરત મારીશ કે યુવાન સાધુઓને તેનો સૌથી વધુ લાભ મળતો હશે"

"હા, સાચું. આંહી પશ્ચિમમાં પણ કોઈ શાળાનાં શિક્ષકને તું પૂછે કે શું તેઓ કહી શકશે કે તેમનાં કયા કયા નાનકડા વિદ્યાર્થીઓનાં જીવનમાં તેમના દાદા-દાદીનો પ્રભાવ છે તો તેઓ જરૂર હા પાડશે. આવા બાળકો વધુ સ્વસ્થ, શાંત અને લોકો ઉપર વધુ વિશ્વાસ રાખનારા હોય છે. આવા બાળકો વધુ સ્વતંત્ર, વિચારશીલ અને દયાળુ હોય છે. આપણાં કુટુંબના જ દાદા-દાદી મેંટલનો દાખલો લે, કેથરીન, તેઓને લીધે મને હંમેશા લાગતુ કે જીવનમાં અંતે સહુ સારા વાના થશે"

"સાચી વાત છે, જુલિયન. મને તેમની ખોટ બહુ સાલે છે"

"મને પણ. છોકરાંઓને મારૂં આંહી રહેવું ખૂબ ગમે છે તે જાણીને ખૂબ રાજી થયો. હું તેમને અત્યંત ચાહું છું. જયારે પોર્ટર મારા ઘુંટણ ઉપર ચડીને બેસે અને સરિતા મારા ખોળામાં ગોઠવાઈ જાય, અને પછી તેઓ મારા ભારતનાં પ્રવાસની વાતો કરવા મને કહે ત્યારે મને એટલો બધો આનંદ થાય છે! અને મને ખ્યાલ આવે છે કે જેટલું હું તેમને શિખવું છું. તેટલું જ તેઓ મને શિખવે છે. સંતો માને છે કે બાળકો આધ્યામિક રીતે મોટાંઓ કરતાં વધુ વિકાસ પામેલાં હોય છે, અને આપણને જે પાઠ શિખવા જરૂરી છે, તે શિખવવા માટે આપણને તેઓ પ્રાપ્ત થાય છે. પોર્ટર અને સરિતા તે વાત ચોકકસ સાર્થક કરે છે. તેઓ મને રમતિયાળ, જીજ્ઞાસુ અને હંમેશા દયાળુ રહેવાનું શિખવાડે છે. તેઓ મને પ્રાચીન તત્વજ્ઞાની હેરાકલીટસનાં શબ્દો યાદ અપાવે છે, કે માણસ લગભગ માનવી ત્યારે બને છે જયારે તે એક રમત રમતા બાળક જેટલી ગંભીરતા મેળવે"

"તારે તારી લાગણીઓને વધુ થનગનતી કરવાની જરૂરત નથી, જુલિયન. તું કાયમ કેટલો બધો સકારાત્મક રહે છે! મને લાગે છે કે તને તારી આ નવી પ્રતિભા માફક આવી ગઈ છે. તારા વિશે હું અત્યંત ખુશ છું"

"આભાર. હેલન કેલર, જેમનાં પ્રત્યે મને અત્યંત માન છે, તેઓ કહી ગયાં છે કે કોઈપણ

નિરાશાવાદી વ્યકિત કદિ પણ તારામંડળનાં રહસ્યો ઉકેલી શકયો નથી. દરિયાની સફર ખેડી જયાં પહેલાં કોઈ ન પહોચ્યું હોય તેવી અજાણી ભૂમિ પર પગ મૂકી શકયો નથી, કે માનવની ભાવનાઓ માટે નવું સ્વર્ગ ખડું કરી શકયો નથી"

"સુંદર શબ્દો"

"છે ને? જયારે હું વકીલાત કરતો હતો ત્યારે સકારાત્મક વિચારો વિશે વાતો કરનારાઓ અને પોતાની જાતને સુધારવામાં મદદરૂપ થાય તેવા પુસ્તકો વાંચનારાઓ ઉપર હું હસતો. દિવસનાં અંતે 'મેગા લિવિંગ (વિશાળ જીવન)અને હુ વિલ ક્રાઈ વેન યુ ડાઈ' (તમે મૃત્યુ પામશો ત્યારે કોણ રડશે) જેવા વિચિત્ર શીર્ષકો વાળા પુસ્તકો હાથમાં પકડી જયારે હું લોકોને સબ વે તરફ ઘસારો કરતા જોતો, ત્યારે તેમનાં કરતાં હું ચઢિયાતો હોઉં તેવી ભાવનાથી સ્મિત કરતો" તે જમાનામાં હુ એમ વિચારતો કે જો તમે સ્વભાવિક રીતે જેવા હોવા જોઈએ તેવા હો, તો પોતાની જાતને સુધારવાનાં પુસ્તકો તમે શા માટે વાંચો પણ હવે મારા વિચારોમાં સુધારો થયો છે. પેલા સંતો સાથે સમય વિતાવ્યા બાદ મને સમજાયું છે કે એક વ્યકિત તરીકે તમે જો કાંઈપણ ડહાપણભર્યુ અને સામાન્ય રીતે તમારે જે કરવુ જોઈએ તે તમે કરવા માંગો તો તમારે તમારી જાતને સુધારવાનો પ્રયત્ન કરવો જોઈએ. તમારા મન, ચરિત્ર અને ભાવનાઓને સુધારવામાં ગાળવા કરતાં તમારા સમયનો વધુ સદઉપયોગ બીજો કશો નથી. બુધ્ધે આ વાતને ઉત્તમ રીતે રજુ કરતાં કહયું છે કે સુથાર લાકડાને આકાર આપે છે, લુહાર તીર-કામઠાં વાળે છે, અને ડાહયાં માણસો પોતાની જાતને ઘડતાં હોય છે"

"તારા કહયા પ્રમાણે જયારે હું તારા રૂમમાં તાજાં ફુલો ગોઠવી રહી હતી ત્યારે છત ઉપર તેં ચોંટાડેલા આવા બધા સુવાકયો મેં જોયાં"

"સારા લાગે છે, ને? "જુલિયને ગર્વથી કહયું. "રાત્રે બાળકો સુઈ જાય પછી હું મારા રૂમમાં જઈ પથારીમાં પડયા પડયાં તે દરેકે દરેક સુવાકય મોટેથી વાંચી જાઉં છું. માનવ જાતિને લાગુ પડતા સફળતા વિશેનાં સનાતન સિધ્ધાંતોનો જીવનમાં નિષ્ઠાપૂર્વક અમલ કરવાની મારી પ્રતિજ્ઞાનું પાલન કરવામાં તે મને મદદરૂપ થાય છે"

"મને તે પ્રાચીન ભારતીય સુવાકય બહુ ગમ્યું જે કહે છે કે બીજાઓ કરતાં વધુ સારા બનવામાં કોઈ મહાનતા નથી. સાચી મહાનતા તો તેમાં સમાયેલી છે કે તમે પહેલાં હતા તેના કરતા વધુ સારા બનો" મેં ગંભીરતાપૂર્વક કહયું.

"પ્રબળ અને અસરકારક શબ્દો છે ને? તે શબ્દોએ જીવનમાં આપણે શું કરવું જોઈએ તેની જડ પકડી લીધી છે. બીજાઓ સાથે હોડમાં ઉતરવાનુ નથી. પોતાની જાત ઉપર વિજય મેળવવાનો છે. એક વ્યકિત તરીકે દરરોજ વિકાસ પામતા જઈને પોતાની જાતને એક વધુ મૂલ્યવાન વ્યકિત બનાવવાની વાત છે"

"જેથી કરીને આપણે આપણી આજુબાજુનાં બધાને વધુ મૂલ્યવાન બનાવી શકીએ"

"તું બરાબર સમજી ગઈ, કેથરીન." જુલિયને મારા સાચા ઉત્તરથી પ્રસન્ન થઈને પુષ્ટિ કરી. "હવે ફરીથી આપણે તારા ઘરને એક આશ્રયસ્થાન બનાવવાની વાત ઉપર આવીએ"

"મને તેમાં ખૂબ જ રસ છે"

"મારી સલાહ છે કે તું તારા ઘરમાં સારા પુસ્તકો વસાવવાથી શરૂઆત કર. પોર્ટર અને સરિતાને સમજાવ કે જો મોટા થઈને તેમને આગેવાન બનવું હોય, તો આ ઉંમરે તેમણે વાંચન કરવું જોઈએ. એક માતા પોતાનાં બાળકોને જો કોઈ સારામાં સારી ભેટ આપી શકે તો તે છે

વાંચનનો શોખ, સારા પુસ્તકો પ્રત્યે અત્યંત પ્રેમ, બાળકોનાં જીવનમાં જે કોઈપણ પ્રશ્નો ઉઠી શકે, તે બધાનાં ઉત્તરો પુસ્તકોમાંથી મળી આવશે. દરરોજનાં વાંચનને એક શિસ્ત બનાવવાથી તેઓ આ પૃથ્વી પરનાં શ્રેષ્ઠ વ્યકિતઓ સાથે સમય ગાળી શકશે. ઈતિહાસનાં સૌથી ઉમદા તત્વજ્ઞાનીઓનાં મનમાં ઉંડા ઉતરી તેઓ તે લોકોની ઉંડી સમજણનો લાભ લઈ શકશે. મારી સલાહ છે કે તું બાળકો સાથે રોજ રાત્રે અડધી કલાક વાંચન કરવાનો કાર્યક્રમ ઘડ. તેમને કોઈ એક ખાસ લેખક કે કોઈ રોચક વાર્તાશ્રેણીમાં રસ જગાવ, જેથી કરીને તેઓ આ નિત્યક્રમની અધીરાઈથી રાહ જુએ. હું ખાત્રી આપું છું કે આ સાદી દૈનિક પ્રથા તેમનાં જીવન ઉપર ખુબ જ સકારાત્મક અસર લાવશે"

"ઉત્તમ વિચાર છે, જુલિયન. હું તો એમ માનતી હતી કે આ બધું તેમને શાળામાં શિખવવાપાં આવતું હશે"

"શાળાઓ તો મા-બાપનાં શિક્ષણની માત્ર પૂર્તિ કરે છે. આ જમાનામાં જયારે મા-બાપોને બહુ થોડા સમયમાં ઘણુ બધુ કરવુ પડતુ હોય છે, ત્યારે એવી આશાથી બેસી રહેવું સહેલું છે કે જો તમે તમારૂં ધ્યાન માંગી લ્યે તેવી અન્ય બાબતો કરવામાં વ્યસ્ત ન હોત, તો તમે જે બધુ તમારા બાળકોને શિખવત, તે બધું તેમને શાળામાં શિખવા મળશે. પણ તેમ કરવું બરાબર નથી. માતા તરીકે આગેવાની દાખવવાનો અર્થ એ છે કે તારે એવી બધી જ ચીજો કરવી રહી જે તારૂં દિલ કહે કે તે કરવી જોઈએ. ભલે પછી તેમ કરવું બહુ સહેલું ન હોય"

"દાખલા તરીકે?" મે જરા ગુંચવાઈને પુછયું.

"જેમ કે આખો દિવસ કામ કર્યા પછી તને છેવટે માત્ર સોફા ઉપર બેસીને ટીવી જોવાનુ મન હોય, પણ ધારો કે સરિતા તને કહે કે તું તેને કંઈક વાંચી સંભળાવ, તો સહેલામાં સહેલી વાત એ હશે કે તું તેને ટાળી દે, અને જોન ને કહે કે તેને ચાલવા લઈ જાય. પણ ખરેખર તો તારે ટીવી બંધ કરી, પુસ્તક ઉપાડી તારી દિકરીને તેમાંથી વાંચી સંભળાવવું જોઈએ. તેમ કરવુ તે ઘરમાં સારી આગેવાની કરી ગણાય."

"સાચી વાત"

"બીજા દાખલા તરીકે પોર્ટર સાથે તારે તારી સચ્ચાઈપૂર્વક વાત કરવી"

"મારી સચ્ચાઈપૂર્વક એટલે?"

"સચ્ચાઈપૂર્વક એટલે ખરા દિલથી. દુનિયામાં ઘણા બધા લોકો એ જ બોલતાં હોય છે, જે સામેવાળા સાંભળવા ઈચ્છતા હોય, પોતાની ખરી લાગણીઓ વ્યકત કરી વધુ પ્રેમ ઉપજાવે તેવી સમજણ ઉત્પન્ન કરવાને બદલે તેઓ પોતાના શબ્દો બીજાઓ ઉપર અંકુશ રાખવા કે તેમનો ઉપયોગ કરવા માટે વાપરતા હોય છે. પોતે શું કહેવા માંગે છે તેનો ભાવાર્થ અથવા તો પોતાની સાચી લાગણીઓ વ્યકત કરતાં હોય, તેવા શબ્દો દંભી હોય છે. માત્ર તારા સચ્ચાઈપૂર્વક બોલવાથી – તારી ખરી લાગણીઓ, જે કંઈ તું ખરેખર માનતી હો, કે જાણતી હો – તે જ બોલવાથી તું જે કુટુંમ્બની આગેવાની કરવા સર્જાઈ છો, તે તું કરી શકીશ"

"વાહ" હું માત્ર એટલું જ બોલી શકી.

"હવે ફરીથી ઉદાહરણની વાત ઉપર આવીએ. જીંદગીમાં મોટે ભાગે આપણે આપણા ભયોથી નાસતા ફરતા હોઈએ છીએ, જયારે સમજદાર, જ્ઞાની અને પૂર્ણવિકાસ પામેલાં વ્યકિતઓ સામે ચાલીને પોતાનાં ભયોનો સામનો કરતાં હોય છે. કોઈનાંથી આપણને ખોટું લાગ્યું હોય તો તે વાત તે વ્યકિતને કહેવાનું આપણને જરાય ગમતુ નથી હોતું. જો કોઈ આપણને નીચા

પાડે કે આપણી સાથે ખરાબ વર્તન કરે, તો તેની સાથે હિંમતપૂર્વક ઠાવકાઈથી તે વિશે ચોખવટ કરવાને બદલે આપણે એવી રીતે વર્તન કરીએ છીએ જાણે કંઈ બન્યુ જ નથી. પણ ત્યાં વાંધો એ આવે છે કે તે વાતનો આપણાં મનમાં ડંખ રહયા કરે છે"

"અને તેમ થવાથી આપણી શકિત હણાઈ જાય છે."

"સાવ સાચી વાત, કેથરીન. એટલે આવા નાના મોટા ડંખોનો એક વજનદાર ટોપલો આપણે આખી જીંદગી માથે લઈને ફર્યા કરતાં હોઈએ છીએ. આગેવાની દર્શાવવી એટલે જયારે આવા પ્રસંગો બને, ત્યારે તેનો સમજદારીપૂર્વક, ઠરેલ રીતે અને સાચા દિલથી ઉકેલ લાવવો. ભલે પછી તેમ કરવાનો તમને ગમે તેટલો ક્ષોભ હોય. એટલે એમ ધારો કે પોર્ટર જરા વધુ મોટો થાય – લગભગ કિશોરવસ્થાનો અને ત્યારે તે એવું કંઈક કરે જે તને સંકોચ પમાડનારૂં હોય, તો તારી પાસે બે રસ્તા છે. કાં તો તું તે વિવાદનો સામનો કરે, અથવા તો તેનાંથી મોઢું સંતાડે. તેનાથી મોઢું સંતાડવા જઈશ, તો તેનો ડંખ ચોકકસ રહયા કરશે. તેનો યોગ્ય રીતે સામનો કરવાથી પોર્ટરને પોતાનાં વર્તનનુ ભાન થશે, અને તમારા બંને વચ્ચે વધુ સમજણ પેદા થશે"

"એટલે ઘણી રીતે, આગેવાની કરવાનો અર્થ એ કે સાચો માર્ગ અપનાવી અઘરૂં કાર્ય પસંદ કરવું, પછી ભલેને મને તે બાબતનો ગમે તેટલો ક્ષોભ હોય"

"હા, અને મને કહેવા દે. તારી જાત પ્રત્યે તું જેટલું કઠોર વલણ અપનાવીશ, તેટલી જ સરળ તારી જીંદગી બનશે. તારી જાત પ્રત્યે તું જેટલી કડક બનીશ, તેટલું જ નરમ વલણ જીંદગી તારા પ્રત્યે અપનાવશે "

"એટલે?"

"એટલે હું એમ કહેવા માંગુ છું કે તું જયારે તારી જાત સાથે કડક બની તારી નબળાઈઓ ઉપર કાબુ મેળવીશ, અને હંમેશા જે સાચુ હોય, તે જ કરવાની શીસ્તતા અપનાવીશ, ત્યારે તારી જીંદગી ખરેખર સરસ બની જશે. જે કરવું સહેલું હોય, તેને મુલત્વી રાખીને જો તું એવા કાર્યો કરવાનું પસંદ કરીશ. જે તારૂં દિલ કહે કે સાચા છે, તો તું ઈચ્છે છે તેવું જીવન તને પ્રાપ્ત થશે. "

"જેની વ્યાખ્યા મેં મારા કૌટુંબિક માનસ ચિત્ર કરારમાં કરી હોય તેવું"

"બિલકુલ તેવું, નાનકડી બહેન, બિલકુલ તેવું" જુલિયને દમામદાર અદાથી પોતાનાં ઝભ્ભાનું 'હુડ' પોતાનાં માથા ઉપર ઓઢયું. તેણે બારીમાથી બહાર દ્રષ્ટિ કરી અને ક્ષિતિજને નિરખી રહયો. તે ક્ષિતિજ એવી ગગનચુંબી ઈમારતોથી ભર્યુ હતું. જેમાં મારા જેવા લાખો લોકો મારી મુશ્કેલિઓ જેવી જ મુશ્કેલિઓની સાથે મથામણ કરી રહયાં હતાં.

"મારે નિકળવું પડશે, કેથરીન. મારી કોઈની સાથે મીટિંગ છે"

"હું પૂછી શકું કે કોની સાથે? અત્યંત કુતુહલતાવશ મારાથી બોલી પડાયું.

"મારે એક કારીગરને મળવાનુ છે. તે મારા માટે કંઈક ખાસ બનાવી રહયો છે. સમય આવ્યે તને ખબર પડશે કે તે શું છે" જુલિયન માત્ર એટલું જ જણાવવા તૈયાર હતો "પણ જતાં પહેલાં હું તારો આ પાઠ પૂરો કરી દઉં. હું એમ કહેવા માંગતો હતો કે તારા બાળકોનાં નૈતિક વિકાસની જવાબદારી તું સંભાળી લે. સ્કુલ પાસેથી આશા ન રાખ કે તે બધુ સંભાળી લેશે. આ વાત તારા બાળકો પ્રત્યે કે તેમની સ્કુલ પ્રત્યે વ્યાજબી નથી. આ ઉપરાંત પોર્ટર અને સરિતામાં મહાન પુસ્તકો પ્રત્યે અત્યંત પ્રેમ જાગ્રત કર. હેન્રી ડેવીડ થોરોએ પોતાનાં પ્રાચીન સાહિત્યિક ગ્રંથ 'વોલ્ડન' માં તેવા પુસ્તકોને 'સર્વોત્કૃષ્ટ પુસ્તકો' ગણાવ્યા છે. તેઓ કહે છે કે તે માનવ જાતિનાં ઉચ્ચતમ વિચારોનો સંગ્રહ હોય છે?"

“પણ સરિતાને તો હજી વાંચતા નથી આવડતું,અને પોર્ટર તો ‘આર્થર’ અને ‘કયુરિઅસ જોર્જ’ (કુતુહલતાભર્યો જોર્જ)નાં પુસ્તકોમાં હાલમાં જ રસ લેતો થયો છે. જયારે તેને હજી સરખું વાંચતાય ન આવડતું હોય, ત્યારે અમારા ઘરમા મહાન વ્યકિતઓનાં જીવનચરિત્રો અને તત્વજ્ઞાનીઓનાં જ્ઞાનપૂર્ણ ગ્રંથો ભરી મુકવાનો શો અર્થ છે?”

“તે પોતે ભલે ન વાંચી શકે, પણ તું તો તેમને વાંચી સંભળાવી શકે. જો તું ખરેખર તારા બાળકોને મહાન બનવાની પ્રેરણા આપવા ઈચ્છતી હો, તો તારે તેમનાં પુર્વગામી મહાપુરૂષોનાં જીવનો વિશે તેમને જાણકારી આપવી જ રહી. મેં કહયુ તેમ બાળકો ઉપર દ્રષ્ટાંતથી વધુ અસરકારક બીજી બહુ ઓછી ચીજો હોય છે. જો તું તારા બાળકોને શીખવામાં રસ જગાડવા ઈચ્છતી હો, તો રાતનાં ટીવી બંધ કરી એકાદ કલાક તેમને કશુંક વાંચી સંભળાવ. જો તું ઈચ્છતી હો કે તારા બાળકો શ્રેષ્ઠતા હાસલ કરવામાં માનતા થાય, તો પહેલાં તું તેમ કર. તારા ઘરમાં ઉત્તમ પુસ્તકો વસાવ, પછી ભલે તું દરરોજ રાત્રે માત્ર પંદર મિનિટ તેમાંથી વાંચી સંભળાવે, પણ ત્યારે તું તેમને ખૂબ જ ભારપૂર્વક સમજાવી રહી હોઈશ કે વાંચન કરવું મહત્વનુ છે. એટલું જ નહીં પણ તારા વારસા તરીકે, પૃથ્વી પર અવતરેલાં સૌથી મહાન પુરૂષોનાં જ્ઞાનથી ભરેલાં પુસ્તકોની લાઈબ્રેરીથી વધુ ઉત્તમ તું બીજું કંઈ જ નહીં આપી શકે. પોર્ટર અને સરિતાને હું જે રીતે જાણું છું તે રીતે જીંદગીભર તેઓ તારો પાડ માનતા રહેશે”

“કેવો અદ્‌ભૂત આઈડિયા, જુલિયન. મહાપુરૂષોને શ્રધ્ધાંજલિ રૂપે મારા બાળકો માટે તેમનાં સર્વોત્તમ પુસ્તકોની એક લાઈબ્રેરી વસાવવી.”

“તે ખરેખર અદ્‌ભુત રહેશે, કેથરીન. એટલે તું જયાં જાય ત્યાં તેમનાં સંગ્રહમાં ઉમેરો કરવા માટે ખાસ પુસ્તકો શોધતી રહેશે. રોજ રાત્રે તે પુસ્તકોમાંથી તેમને વાંચી સંભળાવજે. તને લાગશે કે તેઓ તે બધુ સમજી નહીં શકે, પણ તેઓ જે જ્ઞાન પ્રાપ્ત કરશે, તે તેમનાં મનમાં ઉંડે ઉંડે સુધી ઉતરી જશે, અને તેમનાં ચરિત્ર ઘડતરનાં આવા જે બીજ તું રોપશે, તેમાંથી જયારે તેઓ મોટા થશે, ત્યારે મહાન કાર્યો રૂપી વૃક્ષો ઉગી નિકળશે” જુલિયને કહયું.

“જયારે અમે બ્રેવલાઈફ. કોમ વિકસાવી રહયા હતાં. ત્યારે અમે કેટલાંક નિષ્ણાંતોની સલાહ લીધી હતી. તેમણે અમને શીખવ્યું કે કામ કરતાં કરતાં શીખતાં જવાની પધ્ધતિ અપનાવવી. તેમણે અમને કહયું કે જો અમે ખરેખર સર્જનાત્મક અને ઉત્પાદક કર્મચારીઓ ઈચ્છતા હોઈએ તો અમારી સંસ્થાના આગેવાનો તરીકે અમારી ફરજ બને છે કે આંહીનું વાતાવરણ એવું બનાવવું જયાં લોકોને શીખવાનું મન થાય.”

“બરાબર છે. હાલની દુનિયામાં આઈડિયાઓ સફળતા મેળવવાનું એક સાધન બની ગયાં છે. પહેલાનાં જમાનાનાં અર્થતંત્રમાં ઈંટ અને સ્નાયુઓનાં હિસાબથી કિંમતો અંકાતી. તમારી પાસે કેટલી ઓફીસો છે, તમે કેટલાં કર્મચારીઓને નોકરીએ રાખ્યા છે, તે હિસાબે. આધુનિક અર્થતંત્રમાં કોઈ એક સંસ્થાની સફળતાનુ માપ તેમાં કામ કરનારાં લોકોની બુધ્ધિમતા, તેમની માન્યતાઓ અને તેઓએ રજુ કરેલાં આઈડિયાઓથી અંકાય છે. એક જ વ્યકિતનાં મગજમાંથી ઉદ્‌ભવેલો એક જ આઈડિયા આખી દુનિયા બદલી નાંખી શકે છે. જો તને માન્યામાં ન આવતુ હોય, તો તારા આઈ-ટેક ક્ષેત્રના જ બે ઉદાહરણો, બિલ ગેટસ્ અને સ્ટીવ જોબ્સનો વિચાર કર. કોમ્પયુટરની ક્ષમતા વિશેનાં તેમનાં આઈડિયાઓએ આપણી આખી જીવનશૈલિ બદલી નાંખી છે. એક જ આઈડિયા, જો તેનાં પર દ્રઢ ઉત્સાહપૂર્વક અને અવિરત નિષ્ઠાપૂર્વક કામ કરવામાં આવે, તો તે ખરેખર આખી દુનિયા બદલી નાંખી શકે છે”

“અને માત્ર વ્યવસાયિક જગતમાં જ નહીં” મેં ઉમેર્યું.

“નેલ્સન માંડેલાએ શરૂઆત માત્ર એક જ આઈડિયાથી કરી, કે તેમની પ્રજાને સ્વતંત્ર બનવાનો હકક છે.”

“મહાત્મા ગાંધીની જેમ જ.”

“એમિલિયા યરહાર્ટને ઉડયન વિશે એક સરળ આઈડિયા આવ્યો હતો.”

“તે પણ એક સારૂં ઉદાહરણ છે.” જુલિયને સંમતિ દર્શાવી.

“અને આઈન્સ્ટાઈનનાં આઈડિયાએ વિજ્ઞાન શાસ્ત્ર જ બદલી નાંખ્યુ.”

“સાચી વાત, નાની બહેન. ઉત્તમ ચિંતકો જ આધુનિક જગતનાં મહાન નેતાઓ બની શકશે. એટલે એક માતા તરીકે તારી ફરજ બને છે કે તું જેમને બોલાવી લાવી હતી તે મોંઘાદાટ નિષ્ણાંતોની સલાહ માન, અને માત્ર તારી કંપનીમાં જ નહીં, તારા ઘરમાં પણ એક શીખવાનું વાતાવરણ ઉંભું કર. શીખવું તે એક જાતની મજા છે, તેમ રજુઆત કર. તારા ઘરને આઈડિયાઓને રમવા માટેનું મેદાન બનાવ જયાં તારા બાળકો જ્ઞાન મેળવવા બાબત અત્યંત આતુર હોય ‘કયુરિઅસ જયોર્સ’ની જેમજ”

“કયુરિઅસ જયોર્જની જેમ?” મે આશ્ચયંથી પૂછયું.

“પોર્ટર અને સરિતાને કયુરિઅસ જયોર્જ ખૂબ જ ગમે છે ને?”

“એ તો તેમનો હીરો છે”

“અચ્છા. કયુરિઅસ જોર્જની દરેકે દરેક ચોપડી એક જ વાકયથી શરૂ થાય છે. તને તે યાદ છે?”

“ચોકકસ. ‘જયોર્જ આમ તો બહુ ડાહયો નાનકડો વાંદરો હતો, પણ તેને હંમેશા બધી વાતનું બહુ કુતુહલ થતુ’.”

“બરાબર. હું એમ કહેવા માંગુ છું કે એક માતા તરીકે તારી ફરજ છે, કે તું પોર્ટર અને સરિતામાં અત્યંત કુતુહલતા જાગ્રત કર. તેમને જ્ઞાન માટે ભૂખ્યાં અને ડહાપણ માટે તરસ્યા બનાવ. તેમનામાં પુસ્તકો, સંગીત અને આઈડિયાઓ પ્રતિ પ્રેમ જગાડ. આ નિરંતર બદલાતી દુનિયામાં તેમનાં માટે સફળતા મેળવવાની આ એક ચાવી છે”

“ઘરમાં શીખવાનું વાતાવરણ ઉભું કર્યા બાદ મારે મારા ઘરને એક આશ્રયસ્થાન બનાવવા માટે બીજું કંઈ કરવાનુ રહે છે?”

“પુષ્પો” જવાબ મળ્યો. “કોઈપણ ગ્રોસરીની દુકાનમાંથી તું $૩.૪૯માં ફુલોનો એક ગુચ્છો ખરીદી શકશે જેની તારા ઘરના વાતાવરણ ઉપર લાખો ડોલરની કીંમતની અસર થશે.”

“ખરેખર?”

“તારા ઘરમાં એકાદ બે પુષ્પ ગુચ્છો મુકવા જેવી સરળ વાતથી તારા ઘરમાં શાંતિ અને સ્થિરતાનું વાતાવરણ સર્જાશે. સિવાનાનાં સંતો તેમનાં નાનકડાં ઘરો ફુલોથી ભરી દેતાં અને જીવનમાં જે બધું શુભ હોય છે, તેનાં પ્રતીક તરીકે તેમની પૂજા કરતાં. ફુલો તારા ઘરમાં રંગ ભરશે, જીવનનાં નાનકડા સુખો સાથે તેને જોડી રાખશે, અને બાળકોને શીખવશે કે આપણાં જીવનમાં કુદરત એક સકારાત્મક શકિત છે.”

“હું તારી વાત સાથે સહમત છું. જુલિયન. ઘરે પાછા આવ્યાં પછી મેં દર અઠવાડિયે વનમાં ફરવા જવાનું શરૂ કર્યુ છે. આપણે નાના હતા ત્યારે રમવા જતાં તે જ વનમાં જયારે બની શકે ત્યારે, જો બાળકો ટીવી જોતાં હોય તો તે પણ બંધ કરીને મેં તેમને મારી સાથે વનમાં ફરવા લઈ

જવાનું શરૂ કર્યું છે. અમે પાંદડાઓ એકઠાં કરીએ, સંતાકુકડી રમીએ, અને જે તળાવમાં તું ઉઘાડે શરીરે ડુબકી મારતો તે તળાવમાં પથ્થરો ટપવા જઈએ છીએ."

જુલિયને ખુબ જ હસી પડયો. "મને યાદ છે. આપણે નાના હતાં ત્યારે ખૂબ જ મજા કરતાં, નહી?"

"ખરેખર. પણ તારી વાત સાવ સાચી છે. બાળકો અને હું કુદરતી વાતાવરણમાં જે સમય ગાળીએ છીએ, તે અમારે માટે ખાસ બની જાય છે તે અમારી વચ્ચે એક જોડાણ સર્જે છે, અને અમારા દિલોમાં જે સર્વોત્તમ હોય, તે પ્રકટ કરે છે. અને મને ખબર છે કે બાળકોની સર્જનાત્મકતા માટે તે અત્યંત લાભદાયી છે."

"મારી સલાહ એ છે, કે તારા ઘરની અંદર તું બને તેટલી સુંદરતા લાવ. સુંદરતાની કદર કરતાં શીખ. સુંદરતાને ઓળખતાં શીખ. જેમ જેમ તે વિશે તારી સમજણ વધતી જશે – જેમ કે તારા આખા ઘરમાં યોગ્ય સ્થળોએ ફુલોનો ઉપયોગ કરવાથી તેમ તેમ તારા ઘરમાંની અને તારા જીવનમાંની સુંદરતા તું જોઈ શકીશ"

"મન ખરેખર અદ્‌ભુત ચીજ છે ને, જુલિયન?"

"સાચી વાત અને તે કેવી રીતે કામ કરે છે અને તેની અદ્‌ભૂત લાક્ષણિકતાઓ વિશે મને સંતોએ ઘણું બધું શીખવ્યુ છે."

જુલિયને વાતનો તાલ ચુકયા વિના ચાલુ રાખ્યું. 'મારૂં એ પણ એક સૂચન છે, કે તારા ઘરને એક આશ્રયસ્થાન બનાવવા માટે સંતોની એક બીજી પ્રણાલિ પણ અપનાવ, અને તારા ઘરનાં દરેકે દરેક રૂમમાં તાજી હવાને પસાર થવા દે"

"શા માટે?"

"પૂર્વનાં દેશોની તે એવી એક પ્રણાલિ છે, જે હું પણ હજી પૂરેપૂરી સમજી શકયો નથી. પણ કેથરીન, હું તને આગ્રહ કરૂં છું કે માત્ર તેનાં પરિણામો ઉપરથી જ તું તે વિશે તારો અભિપ્રાય બાંધ. મારા નાનકડા રૂમની બારી હંમેશા ખુલ્લી રહે છે, અને મને ખબર છે કે મારી આટલી બધી શકિત અને ઉત્તમ તંદુરસ્તીનું એક કારણ તે પણ છે. કદાચિત તે પ્રણાલિનું કારણ એ છે કે આપણે આપણાં ફેફસામાં જેટલો વધુ પ્રાણવાયુ દાખલ થવા દઈએ, તેટલી આપણી ઉર્જાશકિત વધે. સંતો કહેતા કે સરખી રીતે શ્વાસ લેવો, તે સરખી રીતે જીવવા બરાબર છે' મારા પોતાનાં જીવનમાં હું ચોકસાઈ રાખુ છું કે હું દરરોજ તાજી હવામાં શ્વાસ લઉં. સવારે જયારે હું ચાલવા જાઉ ત્યારે હું ધ્યાનપૂર્વક ઉંડા અને પૂરેપૂરા શ્વાસ લઉ' આ સરળ પધ્ધતિ મારા શરીરમાં પ્રાણશકિત અને તેજસ્વી ઉર્જા ભરી ધ્યે છે. જન્મ લીધાં પછી આપણે પહેલામાં પહેલું શું કરીએ છીએ?

"આપણે શ્વાસ લઈને આપણાં શરીરમાં હવા ભરીએ છીએ."

"સાચી વાત, એટલે મહેરબાની કરીને યાદ રાખજે કે સરખી રીતે શ્વાસ લેવો, તે જીવવા માટે અનિવાર્ય છે?"

"ભલે. અમારા કુટુંબની એક સંસ્કૃતિ બને અને અમે જયાં પહોંચવા ઈચ્છીએ છીએ ત્યાં પહોંચી શકીએ તે માટે અમારા ઘરને એક ખાસ આશ્રયસ્થાન બનાવવા માટે મારે બીજું શું કરવાનુ રહેશે?"

"જતાં પહેલાં ત્રણ છેવટના સૂચનો કરતો જાઉં, પહેલું તારાં ઘરમાં પુષ્કળ પ્રમાણમાં સૂર્યનો તડકો આવવા દે. તે ખરેખર આત્માને હુંફ આપે છે, અને બધું વધારે મનોરમ્ય બનાવે છે. ફરીથી

મારા રૂમનો વિચાર કર. આ જ કારણસર મેં છતમાં સ્કાઈલાઈટ મુકાવી છે, અને સુર્યનાં કિરણો મને આખો દિવસ સ્મિત કરતો રાખે છે. બીજું, કુટુંબ સાથે એક શાંત સમય ફાળવ. ખાસ કરીને સાંજે, જયારે જોન કામેથી પાછો ફર્યો હોય, અને બાળકો સ્કુલેથી આવી ગયાં હોય, ત્યારે. મોટા ભાગનાં મા-બાપો ઘરનાં વાતાવરણમાં થતાં ઘોંઘાટને બહુ મહત્વ આપતા નથી. પણ શાંત મગજ કેળવવા માટે આ અત્યંત મહત્વની બાબત છે. તમારૂં વાતાવરણ તમારા વિચારોનું ઘડતર કરે છે. જો આખો વખત ટીવી ચાલતુ હોય, અને વિડિયો ગેમ્સ પણ ચાલતી હોય, અને રેડિયો જોરથી વાગી રહયો હોય, તો તારૂં ઘર કદિ પણ શાંતિનો રણદ્વીપ – બહારની દુનિયામાંથી આવવાનું એક આશ્રયસ્થાન નહીં બને. તારા કુટુંબને જયાં સમય ગાળવો ખૂબ જ ગમે તેવું એક આશ્રયસ્થાન જો તું તારા ઘરને બનાવવા ઈચ્છતી હોય તો તકેદારી રાખજે કે તે સ્થળ શાંતિમય હોય."

"તું જયારે તેનું વર્ણન કરે છે, ત્યારે તે ખૂબ જ સારૂં લાગે છે" મેં ઉત્સાહપૂર્વક કહયું.

"તારા બાળકોને એકાંતની કદર કરતાં શિખવ. તેઓ મોટાં થતાં જાય, તેમ તેમ તેમને બતાવ કે તેઓએ આખો વખત રેડિયો વગાડવાની કે કોમ્પયુટરને ગુંજતું રાખવાની કે ટેલિફોનને રણકતો રાખવાની જરાય જરૂર નથી. તેમને એકબીજાને પ્રોત્સાહન મળે તેવી વાતચીત કરવા પ્રેરિત કર. તેમને સૂચન કર કે તેઓ પત્રલેખનની ટેવ કેળવે અને સુંદર સુર્યાસ્તો નિહાળતા નિહાળતા મોટા સ્વપ્નો જોવા તેમને પ્રેરિત કર."

"બાળકોને તે બધું ગમવા માંડે તો હું ખુબ રાજી થઈશ" મેં ઝંખના કરી.

"તારા કુટુંબમાં દાખલ કરવા જેવી એક સુંદર પ્રથા એ છે, કે દરરોજ એક વખતનું ભોજન આખા કુટુંબે એકબીજાની સોબતનો આનંદ માણતા માણતા લેવુ. વર્ષો પહેલાં સહકુટુંબ ભોજન લેવું તે લગભગ દરેક પરિવારની પ્રિય પ્રણાલિ હતી. દુઃખની વાત તો એ છે, કે આપણાં સમય ઉપર જાત જાતનાં દબાણને લીધે તે પ્રણાલિ નષ્ટ પામી છે. મારૂં સૂચન એ છે કે આ શુભ સમય દરમ્યાન એકબીજા સાથે તેમનો દિવસ કેવો ગયો, તે દિવસ દરમ્યાન તેમને શું શીખવા મળ્યું, તે વિશે વાતો કરો. તારા કૌટુંબિક માનસચિત્ર કરાર વિશે, કે તેવી બીજી કોઈ મહત્વની બાબત જે તું તેમને જણાવવા ઈચ્છતી હો, તે વિશે વાત કર. કોઈ રસપ્રદ ઘટના વિશે કે કોઈ રમુજી વાત તેં સાંભળી હોય, તે વિશે વાત કર. મુદ્દાની વાત એ છે કે દિવસનાં અંતે એકબીજા સાથે સંપર્ક સાધવાની આ ઉત્તમ તક છે. અને હા, આ સહકુટુંબ ભોજન દરમ્યાન બધા ફોન બંધ કરી દેવાની ચોકસાઈ રાખજે, જેથી કરીને તે દરમ્યાન કોઈ વિક્ષેપ ન આવી પડે."

"વોઈસમેઈલનો ઉપયોગ તે માટે જ કરવાનો હો છે, ને?"

"હા"

"અને તે છતાંય જો ફોન રણકે તો આપણે બાળકો સાથે કંઈ મહત્વનું કરતાં હોઈએ તે છોડીને પણ તેને ઉપાડવા જવાનુ મન થાય છે."

જુલિયને ડોકું ધુણાવ્યું. મને ખ્યાલ આવ્યો કે તેને જવાની ઉતાવળ હતી, પણ જતાં પહેલા તે મને જેટલું જ્ઞાન આપી શકે તેટલું આપી દેવા ઈચ્છતો હતો. "સહકુટુંબ ભોજનની પ્રણાલિ દાખલ કરવી તે ઘરમાં આગેવાની દાખવવાની એક ઉત્તમ રીત છે. અને યાદ રાખજે. એક માતા તરીકે તું એક આગેવાન છે. આગેવાની માત્ર સી.ઈ.ઓ.એ જ કરવી તેવા કોઈ કાયદા નથી. તું તારા બોર્ડરૂમમાં કામ કરતી હોય, કે ઘરમાં ફુલ ટાઈમ માતા તરીકે કામ કરતી હોય. આગેવાન તો તું છે જ. "

“અને છેવટનો મુદ્દો?”

“કોઈ દિવસ ભૂલતી નહી. જે કુટુંબ સાથે રમે છે, તે કુટુંબ સંયુકત રહે છે. અમુક અઠવાડિયાઓ જાય એટલે એક ‘હાસ્ય નાઈટ’નું આયોજન કર. જયારે તું હસાવે તેવી ફીલ્મો ભાડે લઈ આવ, અથવા તો તમે ઘરમાં એવું કંઈક ગાંડુઘેલું કરો જે ખાત્રીપૂર્વક બધાને હસાવે. તારો જે મજાનો રમુજી સ્વભાવ છે, તે કદિ ગુમાવતી નહીં, કેથરીન. અને તારા બાળકોને ખુલ્લા દિલે હસવાની શકિતનું મહત્વ સમજાવજે. હાસ્ય તે ખરેખર બે વ્યકિતઓ વચ્ચેનું ટુંકામાં ટુંકું અંતર છે અને માનવ સંબંધો વધુ ગાઢ બનાવવાનું ઉત્તમ સાધન. જીવનમાં કોઈ કોઈવાર મુશ્કેલિઓ આવી પડે છે. પણ તે પ્રત્યે તારૂં દ્રષ્ટિબિંદુ જાળવી રાખ, અને નિયમિત રીતે ભેગા મળીને હસવાનો સમય કાઢતી રહે. તું જેટલી વધુ હસતી હશે, તેટલું પોર્ટર અને સરિતાને લાગશે કે અંતે તો મોટા થવું તે એટલું બધુ ગંભીર કાર્ય નથી. બાળકોને તારો અને જોનનો અભિનય કરતાં જોયાં છે?”

“હા.”

“ત્યારે તેઓ ખૂબ જ ગંભીર બની જતાં હોય છે, ને?”

“તારી વાત સાચી છે. તેઓ થઈ જાય છે” તે હકીકતનું ભાન થતાં હું ધ્રુજી ઉઠી.

“જયારે તેઓ તમારા બન્નેનો અભિનય કરતાં હોય, ત્યારેતેઓ હસતાં કે કિલકિલાટ કરતાં હોય છે”

“ના.” મેં ગંભીરતાથી કહયું.

“એટલે મેં શરૂઆતમાં જ કહયું તે સાચુ હોઈ શકે. બાળકો પુખ્તવયનાં લોકો કરતાં વધુ વિકસિત થઈને આપણને બોધ આપવા આપણને પ્રાપ્ત થતા હોય છે. અને મારી નાનકડી બહેન જેને હું અત્યંત ચાહું છું, તારા માટેનો બોધ એ છે કે તારે હળવું મન કેળવવું.”

“પણ મે આ ટેબલ ઉપર નૃત્ય તો કર્યુ” મેં હસીને કહયું.

“તે તો તેં કર્યુ” જુલિયને મને જોરથી બાથ ભરીને મારા કપાળ ઉપર તેનું ખાસ ચુંબન આપતા કહયું. “મને ખાત્રી છે કે તમે બધા ખૂબ જ સારી જીંદગી જીવશો, અને તમારા બાળકો મજાનાં યુવાનો અને ઉત્તમ પુખ્તવયનાં વ્યકિતઓ બનશે. તે બાબતની તારે જરાય ચિંતા રાખવાની જરૂર નથી. આજની સવારે મેં તને જે બધુ શીખવ્યુ છે તે બરાબર મનમાં ઉતારી લેજે. આજનો બાકીનો દિવસ તે વિશે ઉંડું મનન કરવામાં ગાળજે, કે કેવી રીતે તું આ બધા જ્ઞાનનો સમન્વય સાધી એક સમૃધ્ધ પારિવારિક સંસ્કૃતિ સર્જી શકે, અને એક એવું ઘર, જે તમારો પોતાનો વિશિષ્ઠ, પ્રેમભર્યો સમાજ હોય. તારૂં જીવન સામાન્યતાનાં કોશેટોમાંથી બહાર આવી અસામાન્યતાની દુનિયામાં પહોંચી જશે.”

અને આ શબ્દો સાથે મારો ભાઈ, મહાન જુલિયન મેન્ટલ, મને મધ્યાહ્નનાં ભવ્ય સૂર્યકિરણોમાં નહાતી છોડીને ઉતાવળે ત્યાંથી નિકળી ગયો. તે સવારે હું જે શીખી હતી, તેનાંથી હું એટલી બધી ખુશ થઈ ગઈ કે મને ટેબલ પર ચડીને નાચવાનું મન થઈ આવ્યું.

પરિવારનાં આગેવાનની બીજી નિપુણતા

બાળકને ઠપકો આપવાને બદલે તેને એક આગેવાનનાં ઢાંચામાં ઢાળો.

એવો નિયમ બનાવો કે શકય હોય ત્યાં સુધી 'આજે મેં એક વ્યકિતે થોડી વધુ સમજણવાળી, કે વધુ સુખી, કે વધુ સારી બનાવી' તેમ તમે કહી શકો તે પહેલાં રાત્રે કદિ નિંદ્રાધીન થવું નહીં.
ચાર્લ્સ કિંગ્સલી

મેં પુરતા પ્રમાણમાં પ્રેમ ન કર્યો, હું વ્યસ્ત હતી, વ્યસ્ત .... જીવન જીવવાની તૈયારી કરવામાં એટલી બધી વ્યસ્ત કે એટલામાં જીંદગી મારી બાજુમાંથી રિગાટા નૌકાસૈન્ય જેવી નિરવતા અને ઝડપથી પસાર થઈ ગઈ.
લોરેના કેરી

જુલિયનની સલાહ કે પરિવાર એક સંસ્થા છે, જેમાં અન્ય સંસ્થાઓની જેમ જ આગેવાનોની જરૂરત હોય છે, તે પ્રત્યે હું બેદરકાર ન રહી. શહેરમાં બ્રેવલાઈફ.કોમની ઓફીસમાં અમારી અજબ મીટીંગ પછીનાં અઠવાડિયાઓમાં મેં અમારા ઘરની પ્રણાલિઓમાં મહત્વના ફેરફારો કર્યા. જોન અને હું પોતાને આગેવાનો અને પરિવર્તનના નિમિત્તો ગણવા લાગ્યાં. અમને સમજાયું કે જુલિયનની વાત સાચી હતી. મા-બાપો આગેવાનો જ હોય છે, અને અમારે અમારા જીવનમાં જે સરળ હોય તે કરવાનું બંધ કરીને જે સાચું હોય તે કરવાનુ શરૂ કરવાનુ હતું. અમે ઘણીવાર લાંબે સુધી ચાલવા જતાં. જે દરમ્યાન જુલિયન પોર્ટર અને સરિતા સાથે રમતો, અને આવી રીતે ચાલવા ગયાં હોઈએ ત્યારે અમે બન્નેએ અમારા કૌટુંબિક માનસચિત્ર કરારને આકાર આપવાની શરૂઆત કરી, અને એક બીજાને વચનો આપ્યાં કે અમે તે કરાર પ્રમાણે વર્તીશુ. અમે અમારી જીવનશૈલિ દ્વારા બાળકોને કઈ જાતનુ ઉદાહરણ પુરૂં પાડતાં હતાં તેનું અમે સમીક્ષણ કર્યુ અને જે બધા સુધારા કરવાની અમે જરૂરત સમજાઈ, તેનું એક લાંબુ લીસ્ટ બનાવ્યું.

સેંકડો વર્ષો પહેલાં થોમસ ફુલર લખી ગયાં હતા કે જે પોતાની શ્રધ્ધા પ્રમાણે ન જીવતા હોય, તેનામાં શ્રધ્ધા હોતી નથી. એનો અર્થ હું એવો કરૂં છું કે તમે જે મૂલ્યોમાં માનો છો તેમ દાવો કરતા હોય તે મૂલ્યો પ્રમાણે જો તમે ન જીવતા હો, તો તમે તે મૂલ્યોમાં માનતા જ નથી, તેમ ગણાય. તમે ભલે ગમે તે કહો. બોલવાનું સહેલું હોય છે, પણ પુરાવાઓ કદિ ખોટું નથી બોલતાં , તમે ભલે દુનિયાને કહો કે તમારા માટે તમારો પરિવાર સૌથી મહત્વનો છે, પણ જો અઠવાડિયાનાં મોટા ભાગનાં દિવસોમાં તમે બિઝનેસ મીટીંગોને કારણે કુટુંબના સહભોજનમાં હાજર ન રહેતા હો, તો હકીકત એ બની જાય છે કે તમારૂં કુટુંબ હકીકતમાં તમારે માટે સૌથી વધુ મહત્વનુ નથી. તમે સારા વાંચનનાં ફાયદઓ વિશે ભલે ગમે તેટલાં વ્યાખ્યાનો આપો, અને

તમારા બાળકોને સારાં પુસ્તકો લાવી આપો, પણ જો તમે તમારી ફુરસદનો મોટા ભાગનો સમય ટીવી ઉપર સિરિયલો જોવામાં ગાળતા હો, તો હકીકત એ છે કે તમે જે કહો છો કે જ્ઞાન મેળવવું એક પ્રાથમિકતા છે, તેમાં તમે માનતા નથી. વિમાન દુર્ઘટના પછી મારા મનમાં લેશમાત્ર શંકા રહી ન હતી કે મારો પરિવાર જ મારા માટે સૌથી મહત્વનો છે. હવે મારે તે માન્યતા પ્રમાણે જીવવાનુ હતું.

દુર્ઘટના પછીનાં તે દિવસો, જયારે જુલિયન ગેરેજ ઉપરની એક નાનકડી રૂમમાં અમારી સાથે રહેતો હતો, તે અત્યંત મૂલ્યવાન સમય હતો. જેમ જેમ દિવસો પસાર થતાં ગયા તેમ તેમ જોન અને હું એકબીજાની વધુ નજીક આવતાં ગયા. જેમ જેમ અમે અમારા કુટુંબની સંસ્કૃતિને સુધારીને અમારા ઘરને એક આશ્રયસ્થાન કેવી રીતે બનાવવું તે વિશે ચર્ચા કરતાં ગયાં, તેમ તેમ અમારા વચ્ચેની પ્રેમની ચિનગારી જેને અમે બુઝાઈ ગઈ છે તેમ સમજતાં હતા, તે ફરીથી પ્રદિપ્ત થવા લાગી. જોનનાં ચારિત્રની શકિત અને તે જે જાતનો પુરૂષ હતો તેની મને વધુને વધુ કદર થવા લાગી. અને જોને મને કહયું કે તેને મારી બુધ્ધિ, શિસ્તબધ્ધતા તથા જીવન પ્રત્યેનાં નવા ઉત્સાહ માટે માન છે. અમે એક બીજાનો આદર કરવા લાગ્યાં, અને આ પહેલાં એકબીજાને કદિ ચાહતા ન હતાં એટલું ચાહવા લાગ્યાં.

પણ બાળકો અને જોન સાથેનાં મારા સંબંધો ફરીથી બાંધવાનુ કામ હંમેશા સરળ ન હતું. હા, મુખ્યત્વે મારી મારા કૌટુંબિક જીવનને સુધારવા પ્રત્યેની એક નિષ્ઠાને કારણે અમે ધાર્યા કરતાં ઘણાં ઓછા સમયમાં ઘણી પ્રગતિ તો કરી પણ આ પ્રત્યેની મારી વર્ષોની બેદરકારીને લીધે સ્વભાવિક છે કે મુશ્કેલિઓ તો આવવાની જ હતી.જોનનાં મનમાં કોઈવાર અમે ગુમાવેલાં વર્ષો અને મેં ગુમાવેલાં કુટુંબ સાથેના ખાસ પ્રસંગો વિશે કડવાશ પેદા થતી. તે બહુ વાચાળ ન હોવાથી આ કડવાશ ઘણીવાર ઉદાસીનતા રૂપે પ્રગટ થતી. તેવા વખતે તે મને કહેતો કે તેને પિકનિક ઉપર નથી જવુ કે હું જે નવી વાનગી તેની સાથે મળીને બનાવવા ઈચ્છતી, તે બનાવવાની તેને મરજી ન હતી. મહાન લોકનેતા મહાત્મા ગાંધીએ એકવાર કહયું હતું કે જો આપણે આપણા વિરોધીઓની જગ્યાએ પોતાની જાતને મુકી, તેમનાં દ્રષ્ટિકોણને સમજીએ, તો દુનિયાનાં પોણાં ભાગનાં દુઃખો અને ગેરસમજો દુર થઈ જાય. જોન મારો વિરોધી તો હતો જ નહીં. પણ તેની સાથે મારે જયારે કોઈ વિખવાદ થાય, ત્યારે હું ગાંધીજીનાં આ વાકયનો સહારો લેતી. હું મારી જાતને પૂછતી કે 'અત્યારે તેને કેવુ લાગતુ હશે અને તે દુર કરવામાં હું તેને કેવી રીતે મદદરૂપ થઈ શકું' હું સાચા દિલથી તેની નજરે જોઈને તેને મારો દ્રષ્ટિબિંદુ સમજાવવાનો પ્રયત્ન કરતી. આપણે બધા જ દુનિયાને આપણી પોતાની રંગબેરંગી કાય મઢેલી બારીમાંથી જોતાં હોઈએ છીએ. આપણાં અંગત અનુભવ, વલણ તથા માન્યતાઓ તે બારીનાં કાચનાં વિવિધ રંગો જેવાં હોય છે. જોનની બારીમાંથી જોવુ મને કામ લાગ્યું.

સમય જતાં મને ખ્યાલ આવ્યો કે જોનને માત્ર મારા સમય કરતાં મારી પાસેથી કંઈક વધારેની જરૂરત છે. તે ઉંડી સમજ ઝંખતો હતો. તે એવી સહચરી ઈચ્છતો હતો જેને તે અત્યંત પ્રેમ કરે, અને જેને તે પોતાનો સંપૂર્ણ પ્રેમ આપી શકે. તે એવી સહચરી ઈચ્છતો હતો, જેની સાથે તેણે ધંધામાં મેળવેલી નાની મોટી સફળતાઓનો આનંદ માણી શકે, અને જયારે પાસો અવળા પડે, ત્યારે દિલ ખોલીને તે વિશે વાત કરી શકે. તે એવી એક સહચરી ઈચ્છતો હતો જેની સાથે તે મસ્તી મજાક કરી શકે, એક એવી પ્રેમિકા ઈચ્છતો હતો જેની પાસેથી તેને પણ કંઈક શીખવા મળે, એક એવી પત્નિ ઈચ્છતો હતો જે ફરીથી તેની ખાસ મિત્ર બની જાય.

હું ખરા દિલથી એ પણ કબુલ કરીશ કે પોર્ટર અને સરિતા પણ હંમેશા મને સહયોગ આપતાં નહીં. હું તેમની સાથે વધુ સમય ગાળતી, અને મેં મારી ઓફીસ ઘરે શરૂ કરી દીધી હતી, તે વાતથી તેઓ ચોકકસ અત્યંત ખુશ હતાં. હું તેમની સાથે પહેલાં હતી તેનાથી ઘણી ઓછી ગંભીર, વધુ રમતિયાળ અને વધુ પ્રેમાળ હતી, તેનો તેમને ખૂબ જ આનંદ હતો. પણ આટલો વખત તેમનાંથી દૂર રહેવાની માઠી અસર પણ થઈ જ હતી. કોઈવાર તેઓ મને વળગી જ રહે, અને મારી પાસેથી ખસતાં નહીં. જયારે કોઈવાર તેઓ એવી બાબતોમાં ઉશ્કેરાઈ જતાં, જે વિશે તેમની ઉંમરનાં બીજા બાળકો વિચાર પણ ન કરે. મને ખ્યાલ આવ્યો કે તેઓ એટલા માટે અસુરક્ષિતતા અનુભવતાં હતાં કે તેમને લાગતું કે ખબર નહીં કયારે આ નવું સ્વપ્ન પુરૂ થાય અને કયારે તેમની મમ્મીને પાછું કામે લાગી જવું પડે અને તેની પહેલાંની જીવનશૈલી તેને ફરીથી અપનાવવી પડે. મને એ પણ ખ્યાલ આવ્યો કે પોર્ટર અને સરિતાનો વિશ્વાસ ફરીથી જીતવામાં મને થોડો સમય લાગશે. થોડા મહિનાઓ એક આદર્શ માતા તરીકે ગાળવા, તે પોતાનાં બાળકો પ્રત્યે આજીવન નિષ્ઠા અને દરકારની ગરજ ન સારી શકે.

મને સમજાયું કે મારી આદર્શ માતા બનવાની કલ્પના સતત 'કામ-ચાલુ-છે' વાળી છે. મારી જાત પ્રત્યે નરમાશભર્યુ વલણ રાખી હું મારી ભૂતકાળની ભૂલોને સહજતાપૂર્વક સ્વિકારતા શીખી. હું સમજી શકી કે મારા સ્વવિકાસ માટે તે અનિવાર્ય હતી. 'દરેક બાબત કોઈ ખાસ કારણસહ બનતી હોય છે' હું મારી જાતને યાદ અપાવ્યાં કરતી. દરેક જીવનનો વિકાસ એક પ્રક્રિયા હોય છે. આપણે જીવન જીવીએ, ભૂલો કરીએ, તેમાંથી શીખીએ અને આગળ વધીએ. મેં માત્ર મારી જાતને વચન આપ્યુ કે હું જુલિયનની ડહાપણ ભરી સલાહનો ખુલ્લે દિલે સ્વીકાર કરીશ, અને તેનાં આઇ ડિયાઓને ઓને વિનમ્ર શ્રધ્ધાપૂર્વક અમલમાં મુકીશ. મને ખાત્રી લાગતી હતી કે સારા પરિણામો જરૂર આવશે અને અંતે હું મારા જીવનને ઉત્તમ પ્રકારનું જોઈ શકીશ.

મોડી રાતો સુધી ચાલતી ઘણી ચર્ચાઓ અને ઘણા આત્મનિરિક્ષણ બાદ જોન અને હું અમારા ઘરમાં જે ચાલી રહયું હતું તેને માટે વધુ ને વધુ જવાબદારી અનુભવવા લાગ્યાં. જેમ જેમ સમય વીતતો ગયો, તેમ તેમ જોનની વધીઘટી ઉદાસીનતા કરૂણામાં પરિવર્તીત થતી ગઈ અને તેને કદર થવા લાગી, કે જે જાતની સંસ્કૃતિ અમે જાણતા હતા કે અમારા ઘરમાં આવી શકે છે, તેવી સંસ્કૃતિ સ્થાપવા હું કેટલી મહેનત કરી રહી હતી. અમે વધારે પ્રસંગોએ હસી શકવા લાગ્યા અને હાસ્ય ચેપી હોવાથી થોડા સમયમાં બાળકો પણ તેનું અનુકરણ કરવા લાગ્યા. અમે દિવસમાં એકબીજાને વધુ વાર ભેટવા લાગ્યાં, અને હું તને પ્રેમ કરૂં છું. કહેવાનુ અમારા ઘરમાં દૂધ ઢોળાય તેટલું અને શનિવારે સવારે જોવામાં આવતાં કાર્ટુન જેટલું સામાન્ય બની ગયું. અને અમે બધા કશું કર્યા વગર માત્ર એકબીજાની સોબતનો જ આનંદ માણવા લાગ્યાં.

જુલિયન સાથે શહેરમાં થયેલી મીટિંગ પછી અમે અમારૂં પરિવર્તન કેવી રીતે શરૂ કર્યુ તે તમને જણાવું. સૌ પ્રથમ તો જોન અને મેં જુલિયને અમને ભલામણ કરી હતી, તે જાતનો કૌટુંકિ માનસચિત્ર કરાર ઘડયો. તેમ કરવું અમને બિલકુલ ઉચિત લાગ્યું. જે લક્ષ્ય આપણે જોઈ શકતા ન હોઈએ તે સાધવુ અસંભવ હોય છે. જો અમારે અમારા કૌટુંબિક જીવનમાં પૂરેપૂરો સુધારો કરી અમારી સંસ્કૃતિને પ્રેમ તથા સુખ ઉપર આધારિત કરવી હોય, તો અમારે પરિણામ વિશેનું એક સ્પષ્ટ ચિત્ર નજર સામે રાખી તેને કાગળ ઉપર વ્યકત કરવું જોઈએ. અમે જયારે કુટુંબના કોમન રૂમમાં ભેગાં મળીને આનંદ કરતાં હોઈએ, ત્યારે જુલિયન જોન તથા મને વારંવાર એક જ વાકય કહયા કરતો 'સ્પષ્ટતા પછી જ નિપુણતા આવે છે.'

અમારા ભવિષ્ય વિશે સ્પષ્ટતા કર્યા બાદ અમારા મૂલ્યોની પરિભાષા કર્યા બાદ અને અમારી પ્રાથમિકતાઓ વિશે મનન કર્યા બાદ અમે વધારે સમજી વિચારીને જીવવા લાગ્યાં. હવે જીંદગી અમારા ઉપર હુકમ ચલાવતી ન હતી. અમે અમારી જીંદગી ઉપર કાબુ મેળવીને અમારી શરતો પ્રમાણે જીવવા લાગ્યાં. વ્યકિતગત રીતે હું વધારે શાંતિ અનુભવવા લાગી અને મને લાગ્યું કે હું પોતે નિયંત્રણ કરી શકુ છું. આ નિરંકુશ અને મુશ્કેલીભરી દુનિયામાં જયારે આપણે ફુલ-ટાઈમ નોકરીની સાથે સાથે કરિયાણાની ખરીદી, સોકકર રમતની પ્રેકટીસ, સ્વયંસેવાનાં કાર્યોને હાથચાલાકી જેવી કુશળતાથી પહોંચી વળવા મથતાં હોઈએ, ત્યારે જે કચડાઈ જવાની ભાવના થાય, તેવી મારી ભાવના ધીરે ધીરે ઓછી જવા લાગી. જીંદગી ફરીથી મજાની બની ગઈ હતી.

જુલિયનની વાત કરૂં, તો તે પોતાનો મોટા ભાગનો સમય ગેરેજ ઉપરની તેની નાનકડી સ્વચ્છ રૂમમાં વાંચનમાં અથવા તો ધ્યાન ધરવામાં ગાળતો. કોઈ કોઈવાર હું ઠોકવાનાં કે લાકડું વહેરવાનાં અવાજો સાંભળતી, પણ જુલિયનને આવશ્યક એવી સ્વતંત્રતા તેને આપવા માટે મેં ત્યાં જવાનું લગભગ બંધ કર્યુ હતું. કોઈ કોઈવાર તે લાકડાનાં વહેરથી ખરડાયેલો અમારા ફેમિલી રૂમમાં બબડતો બબડતો આવી ચડતો કે "પેલા નકામા કારીગરો! તેઓ શું કરી રહયા છે, તેનો તેમને ખ્યાલ હોય તો સારૂં!" તે શું કહેવા માંગે છે, તે હું પૂછતી નહીં.

જુલિયનની જરૂરિયાતઓ ખુબ જ ઓછી હતી, મને જયારે સમય મળે ત્યારે તેનાં માટે તાજા ફુલો લઈ આવવાના, ભરપૂર તાજી હવા, અને પોર્ટર અને સરિતા સાથે ઘણો બધો સમય. અઠવાડિયાઓ વીતતાં ગયાં, તેમ તેમ બાળકો પ્રત્યે જુલિયનનો પ્રેમ વધુ ગાઢ થતો ગયો. એલિનાં અત્યંત ટુંકા જીવનકાળ દરમ્યાન તેની માટે તે ખૂબ જ સારો પિતા હતો, પણ જો તે ફરીથી બાળકો પેદા કરવાનું નકકી કરે, તો તેણે મેળવેલી નવી સમજણ અને કરૂણાને લીધે તે ખૂબ જ સારો પિતા બની શકે તેમ મને લાગતું. એક સવારે મેં તેની સાથે તે વાત ઉખેળી.

"હાઈ, જુલિયન" તેનાં નિત્યક્રમ મુજબની સવારની ટહેલ પછી સ્પ્રીંગ વોટરની બોટલ હાથમાં લઈ જયારે તે ઘરમાં દાખલ થયો, ત્યારે મેં કહયું.

"ગુડ મોર્નિંગ, કેથરીન. મને લાગે છે કે આજે ખૂબ જ પ્રકાશમાન દિવસ રહેશે. આટલો ઝળઝળતો સૂર્ય હોવા છતાં પણ આકાશમાં ચંદ્ર દેખાઈ રહયો છે. તે જોયું?"

"મારૂં ધ્યાન ન હતુ, પણ પોર્ટરને સ્કુલે ઉતારીને સરિતાને જોનનાં મમ્મીનાં ઘરે મુકી આવું પછી નજર કરીશ. જોનનાં મમ્મી વેકેશન ઉપર ગયાં હતાં, અને આજે તેમને સરિતા સાથે ચિત્રો અને હસ્તકલા કરવામાં ગાળવો છે. તેઓ ખૂબ જ સારાં છે, જુલિયન."

"મેં પણ તેમ સાંભળ્યું છે. હું તારી સાથે કારમાં આવી શકું?"

"જરૂર. બહુ મજા આવશે. તું જયારે સરિતા સાથે પાછલી સીટમાં બેસીને ખડખડાટ હસાવી દયે તેવું તારૂં ટુરિસ્ટ ગાઈડનું નાટક કરે છે ત્યારે તેને ખૂબ મજા આવે છે"

"તેને ખુશ કરવા માટે હું કંઇ પણ કરી શકું." જુલિયને કહ્યું.

"મને ખબર છે."

અમે છોકરાંઓને ઉતાર્યા પછી મારા મનમાં જે ઉઠી રહયા હતાં તે સવાલો મેં જુલિયનને પૂછવા માંડયા.

"જુલિયન?"

"શું કેથરીન"

"તું ફરીથી લગ્ન કરવાનું વિચારી શકીશ?"

“શું?” ઉદ્‌ગારીને તે હસી પડયો.

“ના, હું ગંભીરતાથી પુછું છું. તારી પ્રતિભા અત્યંત આકર્ષક છે. તારા જેટલા સમજદાર કોઈ વ્યકિતને હું હજી સુધી મળી નથી. તારી સાથે રહેવાની મજા આવે છે, અને તારૂં વલણ કલ્પી ન શકાય તેટલું સકારાત્મક છે. કોઈ ખાસ વ્યકિતને મળવાની તારી પાસે ઘણી તકો છે અને કદાચિત એક બાળક પેદા કરવાની.”

જુલિયન બારીમાંથી બહાર જોવા લાગ્યો અને બિલકુલ મૌન થઈ ગયો. હું આગળ એક પણ શબ્દ બોલી નહીં. થોડી જ વારમાં તેની આંખોમાં આંસુ છલકાઈ આવ્યા પછી તે તેનાં સુવાળાં ગાલો પરથી વહીને તેના નિત્ય ધારણ કરાનારા લાલ ઝભ્ભા ઉપર પડવા લાગ્યાં.

“સોરી, જુલિયન. હું વસમી યાદો તાજી કરવા માંગતી ન હતી” મેં માફી માંગી.

“હકીકતમાં તો તેં સારી યાદો તાજી કરી છે” જુલિયને મીઠાશથી કહયું. “એલી સાથેનાં મારા દિવસો મારી જીંદગીનાં સૌથી સારા દિવસો હતાં. પોર્ટર અને સરિતા સાથે રહેવાથી તે દિવસોનો આનંદ મને ફરીથી પ્રાપ્ત થયો છે. મને બાળકો ખૂબ જ ગમે છે”

“મને ખબર છે”

“અને પોર્ટર અને સરિતા તો વિશિષ્ઠ બાળકો છે. આ થોડા સમયમાં મેં તેમનામાં ખૂબ જ સુધારો જોયો છે.”

“આભાર. હું તેના માટે પ્રયત્ન કરી રહી છું”

“મને ખબર છે” જુલિયને કહયું.

“એકની એક વાત પકડી રાખવી મને જરાય ગમતી નથી, પણ હું તારી બહેન છું, અને મને તારા પ્રત્યે ખૂબ જ લાગણી છે. તો તારો શું વિચાર છે? ફરીથી લગ્ન કરવાં છે?”

“હાલ તુરત તો નહીં, કેથરીન. પણ કદાચિત ભવિષ્યમાં.” તેણે મોટા સ્મિત સાથે કહ્યું. તેને તે પોતાનાં સુવર્ણ દાયકામાં હોવા છતા પોતે પોતાની ઉંમર કરતાં દાયકાઓ નાનો દેખાઈ રહયો છે તે વાત ખૂબ જ રોચક લાગી.

“ભલે, હું તને આગ્રહ નહીં કરૂં – હાલ પુરતું. પરંતુ મારી થોકબંધ સુંદર, ચતુર બહેનપણીઓ છે જેને તારા જેવા વ્યકિતને મળવું ખુબ જ ગમશે”

“હું યાદ રાખીશ, નાની બહેન, પણ અત્યારે મારી પ્રાથમિકતાઓ બીજી છે.”

“તો આપણે કયાં જઈ રહયાં છી?” જુલિયનને બારીનો કાચ ઉતારીને ઉનાળામાં ગરમ દિવસો દરમ્યાન બાળકો હાથ બહાર કાઢીને જે રીતે ઉંચો-નીચો ચલાવે, તેમ કરતો જોઈને મેં પુછયું.

“મારી ઈચ્છા હતી કે આજે આપણે કોટેજ ઉપર જઈએ. હું વર્ષોથી ત્યાં નથી ગયો. મને લાગે છે કે પરિવારની આગેવાની માટેની બીજી નિપુણતા વિશે વાત કરવા માટે આજે સારો દિવસ છે.”

“ખરેખર?” મેં ખુશ થઈને પૂછયું. “હું વિચારતી જ હતી કે તે તું મને કયારે સમજાવશે. તેમાં શું કરવાનુ હોય છે?”

“પરિવારની આગેવાની કરવા માટેની બીજી નિપુણતા વિશ્વાસ પેદા કરવા વિશે અને માણસાઈ દાખવવા વિશે છે”

“માણસાઈ દાખવવા વિશે?”

“હા, કેથરીન. ઘણી બધી વખત આપણે માનવતાને દબાવી રાખતાં હોઈએ છીએ. આપણે

લોકોને આપણે તેમને કેટલો પ્રેમ કરીએ છીએ કે તેમની કેટલી કદર કરીએ છીએ, તે કહેતાં નથી હોતા તેમ કરવાનું ચુકવાથી આપણે તે પ્રેમભર્યા સંબંધો બાંધી શકતાં નથી જેનાં દ્વારા એક સુંદર કૌટુંબિક સંસ્કૃતિ ઉત્પન્ન થઈ શકે. પરિવારનાં આગેવાનની બીજી નિપુણતાનો સિધ્ધાંત કહે છે કે બાળકને ઠપકો આપવાને બદલ તેને એક આગેવાનનાં ઢાંચામાં ઢાળો. અને તે થઈ શકે છે, ઘરમાં તમારા સંબંધો વધુ ગાઢ બનાવવાથી."

"ભલે, જુલિયન. ચાલ આપણે કોટેજ પર જઈએ. મને તારો આઈડિયા ખૂબ જ ગમ્યો. જોન કોઈ મોટા પ્રોજેકટ ઉપર કામ કરે છે. તેણે કહયું છે કે તેને ઘરે આવતાં મોડું થશે. હું તેના મમ્મીને ફોન કરીને કહી શકું કે પોર્ટરને આજે સ્કુલેથી તેઓ લઈ આવે. મને ખબર છે કે બાળકો સાથે આખો દિવસ ગાળવાનુ તેમને ખૂબ જ ગમશે."

"સરસ" જુલિયને કહયું. અમે આખો દિવસ સાથે ગાળી શકીએ તે પ્રમાણે મારો કાર્યક્રમ બદલવાની મારી તૈયારી જોઈએ તે ખુશ દેખાતો હતો.

"સાચું કહુ તો મને પણ થોડો છુટકારો ગમશે, બાળકો સાથે હું એટલો બધો સમય ગાળું છું કે શહેરની બહાર થોડો વખત ગાળવાનુ મને બહુ ગમશે"

"તારા પોતાના માટે પણ સમય ફાળવવાનું મહત્વનુ છે, કેથરીન. ઘણાં મા-બાપોને જો તેઓ પોતાનાં માટે ખાસ સમય કાઢે તો પોતે અપરાધ કરી રહયા હોય તેવું તેમને લાગતું હોય છે. તેમને લાગે છે કે તેમ કરવું સ્વાર્થીપણુ છે, પણ હકીકતમાં તો ફરીથી તાજગીભર્યુ થઈને નવી શકિત પ્રાપ્ત કરવી તે એક નિસ્વાર્થ કાર્ય છે"

"ખરેખર?"

"હાસ્તો. તે તમને તમારા આખા કુટુંબ પ્રત્યે વધુ સારા બનાવે છે. તમે ખુશ હો તેઓ પણ ખુશ થાય. જયારે તમે તણાવમુકત અને સ્વસ્થ હો, ત્યારે તમે પોતાની ઉત્તમ સ્થિતિમાં હો છો. અને તેનો તમારા કુટુંબને સૌથી વધારે લાભ મળે છે.

"અત્યંત મહત્વનો મુદ્દો છે. હું આ વાત યાદ રાખીશ"

"તો ચાલ, આપણે સીધા શહેરની બહાર ડ્રાઈવ કરી જઈએ. મારે તને થોડા બીજા સિધ્ધાંતો સમજાવવા છે, જે હું જાણું છું કે તારૂં ગ્રહસ્થજીવન હજી પણ વધુ સારૂં બનાવશે. આજકાલ તું ઘણી બધી ઉત્તમ ચીજો કરી રહી છે. તારા પ્રયત્નોથી હું ખુબ જ પ્રભાવિત થયો છું. આપણે બ્રેવલાઈફ. કોમમાં જે વાતો કહી હતી તેણે ખરેખર અસર કરી હોય, તેમ લાગે છે."

"તે દિવસ તેં ઘણી બધી બાબતો વિશે મારી આંખો ખોલી, જુલિયન. પેલો મૂળભૂત સિધ્ધાંત કે મારે મારા ઘરે આગેવાની કરીને એક અનોખી કૌટુંબિક સંસ્કૃતિ સર્જવી જોઈએ, તે સિધ્ધાંત મારા હૃદય ઉપર રામબાણ અસર કરી ગયો"

"મને આનંદ થયો" મૃદુતાથીભર્યો ઉત્તર મળ્યો.

જુલિયન જેને કોટેજ કહી રહયો હતો તે હકીકતમાં તો તમે કલ્પના પણ ન કરી શકો તેટલી સુંદર બેતાલીસ એકર જમીનનાં અમુક ભાગમાં અમારા દાદાજીએ બાંધેલું એક ભવ્ય અને આલિશાન ઈમારત હતી, અમારૂં તે મકાન એક સુંદર તળાવને કિનારે બાંધેલું હતું. અમે નાના હતા ત્યારે ઘણીવાર તે તળાવમાં તરવા કે નૌકા વિહાર કરવા જતાં. આજે ત્યાં સર્વત્ર ફુલો ખિલી ઉઠયાં હતાં, અને આખી જગ્યામાં પક્ષીઓનો કલરવ સંભળાયા કરતો. અહીં પાછા આવવાથી મને ઘણું સારૂં લાગ્યું.

અમે એસ્ટેટ ઉપર દાખલ થઈ ઘર તરફ જઈ રહયા હતા ત્યારે મારા મનમાં ભૂતકાળનાં

અનેક સ્મરણો ઉભરાઈ આવ્યાં. અમારા સ્કુલનાં અભ્યાસનુ છેલ્લુ વર્ષ પુરૂ થયું, ત્યારે અમારાં મમ્મીએ અમને એક હોડી ખરીદી આપી હતી. મને યાદ આવ્યુ કે તે હંકારવાનુ મને જુલિયને શિખવ્યુ હતું. અમે બન્ને અમારા વર્ગોમાં પ્રથમ નંબરે પાસ થયાં હતાં. અને તેમણે કહયું હતું કે તેઓ અમારા માટે કોઈ ખાસ ભેટ ખરીદી આપશે. ઉનાળાનાં તે પ્રવૃત્તિ વિનાનાં દિવસો દરમ્યાન અમે મોટે ભાગે તે હોડીમાં બેસીને ખુબ જ ગમ્મત પડે તેવી વાર્તાઓ ઉપજાવી કાઢતાં, અને અમે મોટા થઈને શું બનશું, તેનાં સ્વપ્નો રચતાં, તે દિવસો દરમ્યાન પણ જુલિયનનું એક જ સ્વપ્ન હતું. "હું એક મહાન ટ્રાયલ એટર્ની (વકીલ) બનીશ" તે કહેતો.

એક વાત યાદ કરીને મારા મુખ પર સ્મિત આવી ગયું કે અમે નાના હતાં ત્યારે રાત્રે ઘરની બહાર તારલાંઓથી ભર્યા ખુલ્લા આકાશ નીચે સુતા સુતા એકબીજાને ભૂત અને નટખટ જીવાત્માઓની વાર્તાઓ કહેતાં કહેતાં એટલાં બધા ગભરાઈ જતાં કે અમારે અમારા પિતાજીની બુમો પાડીને બોલાવવા પડતા કે તેઓ ટોર્ચ લઈને આવે અને અમને સહી સલામત ઘરમાં પાછાં લઈ જાય. મને આ સુંદર રસભર્યા વાતાવરણમાં અમો આખા પરીવાર સાથે ભેગા મળીને જે ખૂબ જ આનંદ કરતાં,તે સમય યાદ આવ્યો. તે સમય એટલો અદ્‌ભુત હતો કે એવુ લાગતુ કે અમે જેનાં શ્વાસ ભરી રહયા છીએ, તે હવામાં પણ નર્યો પ્રેમ અને આનંદ ભર્યો છે.

"વસંત ઋતુનાં આ ફુલોની સુગંધ મને હંમેશા ખુબ જ ગમતી" જુલિયને હળવાશભર્યા અવાજમાં કહયું.

"મને પણ, આવડા મોટા ફુલો તો શહેરમાં મને શોધ્યા જડતાં નથી" મે કહયું.

ઘરમાં જવાના રસ્તા ઉપર ચાલતાં ચાલતાં જુલિયને મારા ખભાઓ ફરતો પોતાનો હાથ વિંટાળ્યો અને અમે મુંગા મુંગા ચાલતાં રહયાં.

"તને ખબર છે કે આપણને બન્નેને આ જગ્યા આટલી બધી શા માટે ગમે છે?" તેણે થોડીવાર પછી પુછયું.

"તું મને કહીશ?"

"આંહીનાં સ્મરણોને લીધે, કેથરીન"

"સ્મરણો?"

"હા, આ જગ્યા અતિસુંદર છે, તે વાત સાચી, પણ આખરે તો તે આપણા હૃદયમાં આટલું ખાસ સ્થાન આપણે આંહી માણેલી બધી સુંદર માનવીય પળોને લીધે ધરાવે છે."

"માનવીય પળો?" જુલિયનની આ બીજી નવી શબ્દરચના વિશે કુતુહલતાથી મેં પુછયું.

"હા, માનવીય પળો . થોડા વર્ષો પહેલાં "ધ હાર્વડ બીઝનેસ રિવ્યુમાં તે વિશે એક લેખ આવ્યો હતો. તેનાં લેખકનુ કહેવું એમ હતુ કે લોકો હવે સુખી, સર્જનાત્મક અને પ્રેરણાભર્યા એટલા માટે નહી રહયા કે આધુનિક કાર્યસ્થળો એટલા બધા વ્યસ્ત બની ગયા છે કે ત્યાં માનવીય પળોનુ સ્થાન રહ્યું નથી"

"માનવીય પળો એટલે શું?"

"માનવીય પળો એવો ખાસ સમય છે, જયારે લોકો એકબીજાની સાથે મળીને ખુલ્લા દિલે એક નિકટનો સંબંધ સ્થાપે. કોર્પોરેટ જગતમાં આટલું બધુ વ્યસ્ત અને ત્વરીત બની ગયું, તે પહેલાં આપણે વોટર કુલર પાસે ભેગા થઈને આપણે શનિ-રવિની રજાઓમાં શું કર્યુ?. તેની વાત કરવા અથવા તો આપણાં સહકાર્યકરોને તેમનાં બાળકોની પ્રગતિ વિશે પૂછવાનો સમય કાઢતાં. આપણે આપણાં સહકાર્યકરોની ઓળખાણ રાખતાં અને તેમને આપણી જીંદગીનાં એક

મહત્વનાં અંગ ગણતા. હવે લોકો કામે આવે ત્યારે તેમની ઉપર ઈ-મેઈલનો હુમલો થયો હોય, વોઈસમેઈલનો ધોધ આવતો હોય, અને ફેકસોનો માઈલ ઉંચો ઢગ ખડકાયો હોય. આધુનિક કારોબાર જગતમાં આપણને ધીરા પડી લોકો સાથે ઉષ્માભર્યો સંબંધ બાંધી એકબીજાની સોબતનો આનંદ મેળવવાનો સમય જ નથી મળતો. આપણે જે લોકો સાથે લગભગ આખો દિવસ ગાળતાં હોઈએ, તેમને આપણે ખાસ ઓળખતાં પણ નથી હોતાં."

"અને વક્રોકિત તો એ છે" મેં ઉમેર્યું. "કે જયારે આપણે તેવા સંબંધો કેળવીએ, ત્યારે તું જે સર્જનાત્મકતા, ઉત્પાદકતા અને કામની અસરકારકતા વિશે વાત કરી રહયો છે તે વધીને આકાશને આંબવા લાગે છે"

"તે નિષ્ણાંતે પોતાનાં લેખમાં તે જ વાત લખી હતી. પણ મને લાગે છે કે તેમનો મૂળ મુદ્દો એ હતો કે કારોબાર જગતમાં જે કંપનીઓ અગ્રણી બની હોય છે તે પોતાનાં જનસમાજને તેમનાં કાર્યકાળ દરમ્યાન માનવીય પળો ગાળવા પ્રોત્સાહિત કરીને તેમનો ઉત્સાહ વધારી શકે છે."

"મને લાગે છે કે તું આગળ ઉપર શું સમજાવવા માંગે છે, તેનો ખ્યાલ મને આવી ગયો" સહજતાથી સમજી જઈને હું બોલી ઉઠી.

"આ જ સિધ્ધાંત તારા કૌટુંબિક જીવનમાં અપનાવ" જુલિયને વિધાન કર્યું.

"રસપ્રદ."

"તારા કુટુંબમાં આગેવાની કરીને બધાને એકબીજા સાથે માનવીય પળો ગાળવાનું પ્રોત્સાહન આપ. બાળકોને તારા બિનશરતી પ્રેમનો ઉપહાર આપી તેમને ધમકાવવાને બદલે તેમને એક ઢાંચામાં ઢાળી તેમનું નેતાઓ તરીકે ઘડતર કરવા લાગ. બધા જ પ્રભાવશાળી નેતાઓ પોતાનાં ઓર્ગેનાઈઝેશન(સંસ્થા)માં પરસ્પર સંબંધો વિશે ખૂબ જ કાળજી રાખતાં હોય છે. તારે પણ તે જ પ્રમાણે કરવું જોઈએ"

"બરાબર છે"હું વિચારમાં પડી ગઈ. હું જાણતી હતી કે મારે મારા પિત્તા ઉપર કાબુ રાખવા વિશે હજી મહેનત કરવાની જરૂર હતી. જયારે બાળકો બુમબરાડા પાડતા હોય. ટેલિફોનની ઘંટડી એકધારી વાગ્યા કરતી હોય અને મારૂં કામ પુરૂં કરવાની સમય મર્યાદા નજીક આવતી હોય, ત્યારે કોઈ કોઈવાર હું મારો પિત્તો ગુમાવી બેસતી.

"ધંધામાં તો તું એકકો છે, કેથરીન" જુલિયને આગળ ચલાવ્યું, અને તે સાંભળીને મને જરા સારૂં લાગ્યું. "આંતરરાષ્ટ્રિય કક્ષાનો ધંધો વિકસાવવાની કળા વિશે તને ભાષણ આપવાનું મારૂં ગજું નથી. તું તે કરી ચુકી છો, અને તેમાં તેં પ્રશંસનીય સફળતા પણ પ્રાપ્ત કરી છે"

"થેંકસ, જુલિયન"

"અને એક અનુભવી કોર્પોરેટ લીડર તરીકે તું જાણે છે કે ધંધાને ખરેખર આગવો બનાવવા માટે આગવી ઈશ્વરદત્ત આવડત હોવી જરૂરી છે તે માટે એવાં મહાન, સર્જનાત્મક, સ્ફુર્તિલાં લોકોની જરૂરત હોય છે. જેઓ પોતાનાં કાર્યમાં અત્યંત ખંતીલા હોય"

"સાવ સાચું" ઘરનાં આલેશાન દિવાનખાનામાં દાખલ થતાં થતાં મેં કહયું.

"અને હું જાણુ છું કે તું એ વાત સાથે પણ સહમત થશે, કે લોકોની સર્વોત્તમ અસ્મિતા બહાર લાવવાની ઉત્તમ રીત છે, તેમને દર્શાવવું કે તમને તેમની ખરેખર કાળજી અને કદર છે"

"હું સહમત છું."

"એટલે લોકોનાં હૃદયને સ્પર્શી લેવું તે વ્યવસાયિક સફળતાનું હાર્દ છે. લોકોનું ખરૂં નેતૃત્વ કરવા માટે તેમનાં ગુણોનાં વખાણ કરવાની જરૂર હોય છે, તેમને વખોડી કાઢવાની નહીં. તમે

લોકો સાથે જેટલા ગાઢ સંબંધો કેળવી શકશો, તેટલી વધારે અસરકારક રીતે તમે તેમનાં પર નેતૃત્વ કરી શકશો. પણ જો લોકોને તમારામાં વિશ્વાસ ન હોય, તો તેઓ તમને અનુસરશે નહી અને મુખ્ય બોધપાઠ તો એ છે" જુલિયને વધુ ભારપૂર્વક કહયું "કે કોઈ તમારી તરફ મદદનો હાથ લંબાવે, તે પહેલાં તમારે તેમનાં હૃદયને સ્પર્શ કરવું પડશે "

"કોઈ તમારી તરફ મદદનો હાથ લંબાવે, તે પહેલાં તમારે તેમનાં હૃદયને સ્પર્શ કરવું પડશે." આ વાકય મને ખુબ જ ગમ્યું. જુલિયન"

"તને શું કામ ખુબ જ ગમ્યું ખબર છે?"

"ના. શું કામ?"

"કારણ કે તે સત્ય છે. દરેક વ્યકિત – ભલે તેઓ સ્વઉત્ક્રાંતિના ગમે તે સ્તર ઉપર હોય – તે માનવજાતિનાં સનાતન સત્યને સમજવાની ક્ષમતા ધરાવતા હોય છે અને હમણાં મે જે વાકય કહયું, તે આવા સત્યોમાંનું એક છે."

"વાહ, આનાં ઉપરથી મેં હાલમાં જ વાંચેલ જર્મન કવિ ગોથેનું વાકય યાદ આવી ગયું. તેઓ કહે છે કે "લોકોએ જેવા હોવુ જોઈએ તેવા તેઓ છે, તેવી રીતે તેમની સાથે વર્તન કરો, અને તેઓ જેવા બનવાની ક્ષમતા ધરાવતાં હોય, તેવા બનવામાં તેમને મદદરૂપ થાઓ"

"માનવ પળો એટલે તે જ વાત. અન્ય કોઈને તમારી માનવતા દર્શાવવાની પેલી નાનકડી તકો. અન્ય કોઈ પ્રત્યે પ્રેમ તથા અનુકંપા દર્શાવવાની રોજ અનાયાસે મળી આવતી તકો, જે ઝાજે ભાગે ઝડપ્યાં વિનાં જ જતી રહેતી હોય છે, કારણ કે આપણે વ્યસ્ત રહેવામાં જ વ્યસ્ત થઈ ગયાં હોઈએ છીએ"

"અને માનવી પળો સર્જવાની આ તકો ઝડપી લેવાથી આપણાં સંબંધો વધુ વિસ્તૃત અને ગાઢ બને છે,નહી?"

"બરાબર, એટલું જ નહીં, પણ આ માનવી પળો એવી અવિસ્મરણીય યાદો છોડી જાય છે, જે છેવટે જીવનની સૌથી મૂલ્યવાન બાબતો બની જાય છે. જો કેથરીન. મહાન જીવન તે મહાન સ્મૃતિઓની ગુંથેલી એક શ્રુંખલા સિવાય બીજું કશું નથી."

"મુગ્ધ કરી દેનારી વાત"

"પણ સાચી વાત છે.ઘણીવાર આપણે એવી માન્યતાઓમાં અટવાઈ જતાં હોઈએ છીએ કે આપણી જીંદગીનુ વજુદ સાબિત કરવા અને મહાન સફળતા હાસલ કરવા માટે આપણે અમુક વીરતાભર્યા કાર્યો કરવા જરૂરી છે. આપણે એવી માન્યતા ધરાવવાની ભૂલ કરી બેસીએ છીએ કે અંતે પરિપૂર્ણતા પ્રાપ્ત કરવા માટે આપણે મોંઘાદાટ રમકડાં અને વધુ પડતી સાધન સામગ્રીઓ વસાવવી જરૂરી છે. પણ સાચુ સુખ તે રીતે પ્રાપ્ત થતું નથી. સાચું અને શાશ્વત સુખ પ્રાપ્ત થાય છે એકધારી રીતેસંપાદિત કરવામાં આવેલાં સુંદર સ્મરણો અને ખાસ વિશિષ્ઠ પળોનાં સંગ્રહ દ્વારા. તું તારા કુટુંબ સાથેનાં વધુમાં વધુ સુસ્મરણો એકઠાં કરવાનો પ્રયત્ન કર અને યાદ રાખજે જીવનમાં અત્યાધિક સફળતા મેળવવાનો ઉત્તમ રસ્તો છે અત્યાધિક કરૂણા ભાવ રાખવો . કારોબારી દુનિયાનાં સામાજીક ભાવના વિકસાવવા વિશેનાં તથા માનવ પળો વિશેનાં સિધ્ધાંતોનો તારા કૌટુંબિક જીવનમાં ઉપયોગ કર. વાણિજય જગતનાં નેતૃત્વ વિશેનાં ચકાસીને સત્ય ઠરાવવામાં આવેલા આ સિધ્ધાંતોનો તારા ઘરની ચાર દિવાલો વચ્ચે ઉપયોગ કર."

"પણ કેવી રીતે?" હું મુંઝવણમાં પડી ગઈ.

"એમ વિચારવા લાગ કે જોન તથા બાળકો સાથે તારા સંબંધો જેટલા ગાઢ હશે, તેટલી વધુ

અસરકારક રીતે તું ઘરમાં આગેવાની કરી શકીશ. પોર્ટર અને સરિતાને ધમકાવવાનું બંધ કર, અને મહાન વ્યકિતઓ બનાવવા માટે તેમનુ ઘડતર કરવા લાગ.આપણે બન્ને જાણીએછીએકે તેઓ તે બની શકે તેમ છે"

"અને તેમને વખોડી કાઢવાને બદલે તેમના વખાણ કરૂં?" મેં જુલિયનનુ વાકય ઉધાર લેતાં પૂછયું.

"બિલકુલ સાચું" જુલિયન ટ્રેંપોલિન ઉપર કુદતો હોય, તેમ ઉછળતા ઉછળતા ઉત્સાહપૂર્વક બોલી ઉઠયો. "તારા બાળકો જયારે કંઈ પણ સારૂં કામ કરે ત્યારે તેમનાં વખાણ કર. કોઈ દિવસ ભૂલતી નહી કે જે વર્તનને બિરદાવવામાં આવે છે તે વર્તનનું પુનરાવર્તન થતુ રહે છે . જયારે તેઓ તને રસોઈ કરવામાં કે વાસણ ઘસવામાં મદદ કરે, ત્યારે તેની નોંધ લઈ તેની કદર કર. જયારે તેઓ કોઈ નવી આવડત કેળવે કે કોઈ નવી રમત રમતા શીખે, ત્યારે સાચા દિલથી તેમની ખૂબ જ પ્રશંસા કર. સાચા દિલથી કરવામાં આવેલી પ્રસંશા માનવ હૃદયને પ્રોત્સાહીત કરવાનો ઉત્તમ રસ્તો છે, પણ આપણે ભાગ્યે જ તેનો ઉપયોગ કરતાં હોઈએ છીએ "

"મને લાગે છે કે તારી વાત સાચી છે, જુલિયન. આપણે આપણી સ્વભાવિકતાને અંકુશમાં રાખતા હોઈએ છીએ"

"અને જયારે તેઓ થોડું દૂધ ઢોળે કે તદ્દન નવી ડીશ ફોડી નાંખે ત્યારે તરત જ ગુસ્સે નહીં થઈ જતી. તેઓ બાળક છે અને બાળકોથી તેવુ બધુ થઈ જાય. તેમ કરતાં કરતાં જ તેઓ શીખે. મારા જહોજલાલીવાળા દિવસોમાં હું જે ઈન્વેસ્ટમેન્ટ બેન્કરોની સોબત રાખતો, તેમાંના એક એ મને તેણે બાળપણથી મેળવેલાં અદ્‌ભુત આત્મવિશ્વાસનું રહસ્ય મને એકવાર કહયું હતું"

"તે શું હતુ?"

"વેલ, તેને તેનાં પિતાએ ઉછેર્યો હતો, અને જયારે તે કંઈ ઢોળે, ફોડે કે કોઈ ભૂલ કરે, ત્યારે તેનાં પર ગુસ્સો કરવાને બદલે તેઓ તેને પૂછતાં. "અચ્છા,તો જેરી, આમાંથી તને શું શીખવા મળ્યું?" આ સીધા સાદા સવાલે મારી ઓળખાણોમાંનુ એક સૌથી બળવાન ચરિત્ર ઘડયું. યાદ રાખજે, કેથરીન. ભૂલને ત્યારે જ ભૂલ ગણવી જોઈએ જયારે તે બીજી વાર કરવામાં આવે. પહેલી વાર થાય, તેને શીખવા માટેનો અનુભવ ગણવો જોઈએ, જે વિકાસ માટે આવશ્યક હોય છે"

"ખરેખર?"

"હાસ્તો. તું એટલું તો માનીશ કે નહીં કે એક વ્યકિત તરી આપણો વિકાસ આપણી નિષ્ફળતાઓ અને ભૂલો દ્વારા જ થાય છે?"

"જરૂર માનીશ. એક રીતે વિચારીએ તો મારી મોટામાં મોટી નિષ્ફળતાઓ પછી જ મારો મોટામાં મોટો વિકાસ થયો છે"

"બિલકુલ સાચું, નિષ્ફળતા એ સફળતા તરફનો રાજમાર્ગ છે. નિષ્ફળ થવું એ સફળ થતાં શીખવાની એક પધ્ધતિ માત્ર છે. સારા માતા-પિતા ઉત્તમ નિષ્ફળતાઓને બિરદાવે છે " જયારે પોર્ટર અને સરિતા કંઈ પણ નવું કરવાની હિંમત દાખવે, અને નિષ્ફળ જાય, ત્યારે તેમને બિરદાવી તેમની પ્રસંશા કર. તેમ કરવાથી તેમનામાં ભરપૂર વિશ્વાસ જાગશે, અને તેમને આગળ વધવાની અને પોતાની ક્ષમતાઓનો વધુ બહોળો ઉપયોગ કરવાની પ્રેરણા મળશે. જયારે તેઓ ભૂલ કરે, ત્યારે તેમાં શું ખોટું થયું તે શીખીને તેમાં આગળ વધવામાં તેમને મદદ કર, અને તેમની સાથે

કયારેય પણ નકારાત્મક, ટિકાત્મક ભાષા નહીં વાપરતી. છોકરાંઓને વખોડી કાઢવાથી તેઓ અંદરને અંદર ચિમળાઈ જાય છે, અને તેમનાંમાં રહેલી તે જ ચિનગારી બુઝાઈ જાય છે, જે તેમની ખાસ વિશિષ્ઠતા હોય છે. જયારે ગ્રોસરી સ્ટોરમાં કોઈ નાનકડા અકસ્માતને કારણે હું મા-બાપોને તેમનાં બાળકોનો ઉધડો લઈ લેતાં સાંભળુ છું ત્યારે મને લાગે છે, કે તે પાપ છે. તેનાં ઉપરથી લાગે છે, કે બાળકોએ નહીં, પણ તેમનાં મા-બાપોએ પોતાનું વર્તન સુધારવાની જરૂર છે.

"બાપ રે! તારી સમજણ તો અદ્‌ભુત છે. જુલિયન! તેં આ બધી બાબતો ઉપર મનન કરવામાં કલાકો ગાળ્યાં હશે"

"ના, વર્ષોના વર્ષો" જુલિયન પોતાનાં ઝભ્ભા ઉપર હાથ ફેરવતાં ફેરવતાં ઉંડા વિચારોમાં ગરકાવ થઈ ગયો હોવાથી તેણે હળવેકથી કહયું.

"અને મેં તને જે અત્યંત મહત્વનો નેતૃત્વ વિશેનો સિધ્ધાંત કહયો હતો કે લોકો જો તમારા ઉપર વિશ્વાસ નહીં કરે, તો તેઓ તમને અનુસરશે નહીં, તેના ઉપરપણ ગંભીરતાપૂર્વક વિચાર કરજે. સો વાતની એક વાત સમજી લેજે કે એક માતા તરીકે તારી પ્રથમ ફરજ માનવસહજ વિશ્વાસ કેળવવાની બને છે ."

"મારે માનવસહજ વિશ્વાસ કેળવાનો છે?"આ વાકય રચના મને કુતુહલતાભરી લાગી.

"હા, કેથરીન. વિશ્વાસ તે દરેકે દરેક કુટુંબની સંસ્કૃતિનો પાયો છે. મેં કહયું તેમ, કોઈ તમારી તરફ મદદનો હાથ લંબાવે, તે પહેલાં તમારે તેમનાં હૃદયનો સ્પર્શ કરવો જરૂરી છે. અને અંતે તો જયારે તેમનો વિશ્વાસ પ્રાપ્ત થાય, ત્યારે જ તેમનાં હૃદયનો સ્પર્શ થઈ શકે."

"એટલે કે જો હું ઈચ્છતી હોઉ કે પોર્ટર અને સરિતા પોતાનાં રમકડાંથી રમી લ્યે પછી તેને પાછાં ગોઠવી દઈને મને મદદરૂપ થાય તો મારે વધારેને વધારે વાર તેમનાં હૃદયોને સ્પર્શ કરવો જોઈએ?"

"હા, ચોકકસ"

"તો જેને તું 'વિશ્વાસ પ્રાપ્ત કરવો' કહે છે તે કરવા માટે કેવો વ્યવહાર કરવો જોઈએ? તું કહે છે તેવાં સુંદર ગ્રહસ્થજીવન રચનારા ગાઢ સંબંધો અને સુસ્મરણો સર્જવા માટે મારે શું કરવા માંડવુ જોઈએ?"

"વેલ, તું ઘણું બધુ કરી શકે છે. પહેલામાં પહેલી અને સૌથી મહત્વની વાત એ છે કે તારે તારા વચનો નિભાવવા જોઈએ અને નિષ્ઠાપૂર્વક તે જે કરવાનુ નકકી કર્યુ હોય તે કરવુ જોઈએ . તે પેલાં નિપુણ કડિયાની વાર્તા સાંભળી છે જે થોડા વખતમાં પોતાનાં કાર્યમાંથી નિવૃત્તિ લેવાનો હતો?"

"મને નથી લાગતુ કે મેં સાંભળી છે"

"વેલ, તે કડિયો મકાનો બાંધવાનાં લાંબા અને નિષ્ઠાપૂર્વક નિભાવેલાં વ્યવસાયકાર્યમાંથી નિવૃત્તિ લેવાનો હતો, પણ એક પ્રતિષ્ઠિત કોન્ટ્રાકટર સાથે જયારે તેણે પોતાનાં પ્રતિભાશાળી કાર્યકાળની શરૂઆત કરી, ત્યારે તેને એક ખાસ વચન આપવું પડયું હતું.?"

"શું વચન?"

"તેને કોન્ટ્રાકટરને એવુ વચન આપવું પડયું હતું કે તે જે કોઈ પણ મકાન બાંધે, તેને પોતાને આપવામાં આવેલું સૌથી મહત્વનું કાર્ય ગણવું. તેને વચન આપવું પડયું કે તે દરેકે દરેક મકાન નિષ્ઠા, ખંત અને પ્રેમપૂર્વક બાંધશે. નિવૃત્ત થવાના સમયે આ કડિયો પોતાના શેઠની ઓફીસે તેમને જણાવવા ગયો કે હાલમાં જે મકાન તે બાંધી રહયો હતો, તે તેનું છેલ્લુ કાર્ય હશે. તેનાં

શેઠે તેને કહયું કે તે કામ કરવાનુ છોડી દેવા માંગે છે તે જાણીને તેમને ખેદ થયો પણ મહેરબાની કરીને શું તે તેમને એક છેલ્લી મદદ કરી શકે કે કેમ "મને માત્ર એક વધારે ઘર બાંધી આપ. પછી તું જઈ શકે છે" શેઠે તેને વિનંતી કરી. તે કડિયાને પોતાનાં શેઠ પ્રત્યે ખુબ જ માન હોવાથી તેણે હા પાડી અને તરત જ કામે લાગી ગયો. પણ આટલા વર્ષો દરમ્યાન દરેક ઘર બાંધવામાં તે પોતાની સંપૂર્ણ કારીગરી વાપરતો તે તેણે આ વખતે ન વાપરી અને પોતે જેટલાં જાણતો હતો તેટલા ટુંકા રસ્તાઓ અપનાવી, ઓછામાં ઓછા સમયમાં તેણે તે કામ પતાવ્યું, જેથી કરીને તે પોતાનું નિવૃત્ત જીવન ગાળવાનુ શરૂ કરી શકે. તેણે અમુક ચીજો કરવાની ટાળી, હલકો સામાન વાપર્યો અને ઉતાવળે કામ પતાવ્યું."

"તેણે શરૂઆતમાં જે વચન આપ્યું હતું તેનો ભંગ કર્યો." હું જુલિયનની વાત રસપૂર્વક સાંભળતાં સાંભળતાં વચ્ચે જ બોલી ઉઠી.

"હા, કેથરીન." જુલિયને આગળ ચલાવ્યું. "થોડા જ અઠવાડિયાઓમાં તે મકાન તૈયાર થઈ ગયું અને તે કડિયાએ પોતાનાં શેઠને તેની જાણ કરી. 'મારૂં આટલું કામ કરવા બદલ આભાર' શેઠે નરમાશથી કહયું. અને પછી તેમણે તે ઘરની ચાવીઓ કડિયાનાં હાથમાં મુકતાં કહયું 'આ તારા માટે છે. આટલા વર્ષોની તારી મહેનત અને નિષ્ઠા માટે મારા તરફથી તને આ છુટા પડતી વખતની ભેટ છે.' પેલો કડિયો તો આશ્ચર્યચકિત થઈ ગયો. તેનાં માન્યામાં આવતું ન હતું કે તેણે હાલમાં જ બાંધેલુ મકાન તેનું પોતાનું હતું. જો તે આ વાત જાણતો હોત, તો તેણે પોતાની સર્વોત્તમ કારીગરી તેમાં વાપરી હોત."

"વાહ, ખૂબ મજાની વાર્તા"

"જોયું? પેલો કડિયો પોતાનાં શેઠને અને પોતાની જાતને આપેલું વચન પાળવાનું ચુકી ગયો કે તે પોતાની ઉત્તમ કામગીરી વાપરીને કામ કરશે. અને તેણે પોતાનાં આ મૂળભૂત વચનનો ભંગ કર્યો હોવાથી તેને પોતે બાંધેલાં એકમાત્ર નિમ્નકક્ષાનાં ઘરમાં રહેવું પડયું. આપણાં જીવનનું પણ તેવું જ હોય છે. આપણે આપણાં વચનોનો ભંગ કરવાથી એવી નિમ્નકોટિની પરિસ્થિતિઓમાં જીવવું પડે છે, જે પરિસ્થિતિઓ આપણે જાતે જ પોતાના વર્તન દ્વારા સર્જી હોય છે."

"એટલે કે પરિવારનાં વડાઓએ હંમેશા પોતાનાં વચનો પાળવા જોઈએ, અને પોતાનાં બોલ પ્રમાણે વર્તવું જોઈએ"

"હા. જો તેઓ નિમ્નકક્ષાનાં અને દુઃખી પરિવારોમાં જીવવા ન માંગતા હોય તો. અને પોતાની જાતને આપેલાં વચનો પણ પાળવા જોઈએ, કેથરીન. આપેલાં વચનો પાળવાથી કુટુંબનો વિશ્વાસ પ્રાપ્ત થાય છે અને પારિવારિક સંસ્કારિતા વધે છે. વચનો પાળવાથી આત્મવિશ્વાસ વધે છે અને પોતાનાં ચારિત્રનું ઘડતર થાય છે."

"સાવ સાચી વાત છે, જુલિયન. તું જાણે છે કે તેમ મેં નિયમિત કસરત કરવાનું શરૂ કર્યુ છે."

"મારૂં ધ્યાન છે. આવી સરસ તું કયારેય લાગતી ન હતી."

"આભાર, મોટા ભાઈ. હા, કોઈવાર જો હું મે નકકી કરેલાં કાર્યક્રમ મુજબ કસરત ન કરી શકું, તો મને ખુબ જ ખરાબ લાગે છે, જાણે કે હું મારા પ્રત્યેની કોઈ ફરજ ચુકી ગઈ હોઉં"

"તું ચુકી જ ગઈ હો છો તેં પોતાની જાતને આપેલાં વચનો. ભલે પછી તે કસરત કરવાનું, કે નિર્સગ સાથે સંપર્ક સાધવાનુ, કે કોઈ એક અત્યંત વ્યસ્ત અઠવાડિયા પછી માલીશ કરાવવાનું વચન હોય, પણ જયારે તું તે પાળે છે, ત્યારે તું પોતાની જાત પ્રત્યે વફાદાર રહે છે. જયારે તું પોતાની જાતની વધુ કાળજી લેવાનું વચન પાળે, ત્યારે તું પોતાની જાતનો આદર કરતી હોય છે.

જયારે તું આવા વચનો તોડે, ત્યારે ધીમે ધીમે તું પોતાની જાતમાં વિશ્વાસ ગુમાવતી જાય છે. તારો આત્મવિશ્વાસ નબળો પડે છે. તું જેટલાં વચનો ભંગ કરે, તેટલો તારો આત્મવિશ્વાસ તું ગુમાવતી રહે છે, અને છેવટે એક વ્યકિત તરીકેનો તારો સંપુર્ણ આત્મવિશ્વાસ તું ગુમાવી બેસે છે. અને જયારે તું તે ગુમાવી બેસે, ત્યારે તું સર્વસ્વ ગુમાવી બેસે છે." જુલિયને નાટયાત્મક ઢબે કથન ઉચ્ચાર્યુ. તેનાં ઝભ્ભાની કોર ઉપરનું સોનેરી ભરતકામ સૂર્યનાં તડાકામાં ચમકી રહયું હતું.

"સાવ સાચી વાત, જુલિયન. આવું મને આ પહેલાં કદિ કોઈએ શીખવ્યું ન હતું. સ્કુલમાં નહીં. બિઝનેસ કોલેજમાં પણ નહીં. પ્લીઝ, આગળ કહે."

"ઘરમાં હોય કે કાર્ય સ્થળે. વિશ્વાસ એ માનવ સંબંધોનો પાયો હોય છે. તારા પરિવાર સાથેનાં તારા સંબંધો વધુ ગાઢ બનાવવા માટે તારે તેમનો વધુ વિશ્વાસ સંપાદન કરવો પડશે, અને તેમ કરવાની સૌથી સક્ષમ રીત છે, પોતાનો બોલ પાળવો. શબ્દોમાં ખૂબ જ શકિત હોય છે. જો તને ખાત્રી ન હોય કે તું કંઈક કરી શકીશ, તો તું તે કરીશ તેમ કહેતી નહીં, તેં આપેલું દરેકે દરેક વચન પાળવાનો પ્રયત્ન કર. શબ્દોને ચીવટતાથી વાપરવાનો પ્રયત્ન કર . હું તને ખાત્રી આપું છું કે તું તારા જીવનમાં સંપૂર્ણ પરિવર્તન લાવી શકીશ."

"મારા શબ્દોને ચીવટતાથી વાપરવાની વાત અઘરી લાગે છે. મારો કહેવાનો અર્થ એ છે, કે મેં એટલા બધાં વાયદાઓ કર્યા હોય છે, કે તે દરેકે દરેકને પાળવું સહેલું નથી હોતું."

"તો પછી એટલાં બધા વાયદાઓ કરવાનુ બંધ કર. તું પુરા કરી શકે તેનાંથી ઓછા વાયદાઓ કરવા લાગ, જેથી કરીને તેં કહયું હોય, તેનાંથી વધુ તું કરી શકે. તું માત્ર ચુનંદા વચનો જ આપતી જા. પરિવારનાં અચ્છા આગેવાન બનવા માટે તારે પ્રમાણિકતાનો દાખલો બેસાડવો જોઈએ. તારે એવાં વ્યકિત બનવું જોઈએ જેનો વ્યવહાર હંમેશા સુયોગ્ય હોય, જે પોતાનાં આદર્શ મૂલ્યો પ્રમાણે જીવતી હોય. એમ કરવાથી તું લોકોનો આદર મેળવશે. તેનાંથી પણ વધુ મહત્વની વાત એ છે કે વચન પાળનારા લોકો જ વિશ્વાસ સંપાદન કરે છે . તેમનો પરિવાર તેમના ઉપર ભરોસો કરવા લાગે છે, અને તેઓ જે કહે, તે વિશ્વાસપૂર્વક માનવા લાગે છે."

"કારણ કે તેમનો પરિવાર જાણતો હોય છે કે તેમની વાત સાચી હોય છે." હું ઉત્સાહપૂર્વક વચ્ચે બોલી ઉઠી.

"હા. કારણ કે તેમનો પરિવાર જાણતો હોય છે, કે તેમની વાત સાચી હોય છે. અને સત્ય જ તને મુકિત અપાવશે, નાનકડી બહેન."

"મારા કુટુંબનો ભરોસો પ્રાપ્ત કરવો આટલું બધું મહત્વનુ હશે, તેનો તો મને ખ્યાલ જ ન હતો. મને તો એમ જ હતું કે એક સહચરી અને એક માતા તરીકે મારી અન્ય પ્રાથમિકતાઓ છે"

"ભરોસો જ ચાવી છે, કેથરીન. ભરોસાથી વિશ્વાસ ઉત્પન્ન થાય છે, અને મેં કહયું તેમ દરેકે દરેક ગુઢ અર્થપૂર્ણ સંબંધોનાં હાર્દમાં વિશ્વાસ હોય છે. એટલે મારૂં તને એ સૂચન છે કે જો તને ખાત્રી ન હોય કે તું તે વચન પાળી શકીશ અથવા તો તેં જે કરવાનુ સ્વિકાર્યુ હોય, તે કરી શકીશ, તો તેમ કરવાનો વાયદો કરતી નહીં. જો તને ખાત્રી ન હોય કે તું તેમ કરી શકીશ, તો પોર્ટર અને સરિતાને શનિ-રવિ દરમ્યાન સર્કસ જોવા લઈ જઈશ, તેમ કહેતી નહીં.

બાળકોનાં મનમાં મા-બાપે કરેલાં વચનનું ખૂબ જ મહત્વ હોય છે. ધ્યાનમાં રાખજે કે જયારે તું તેમને આપેલાં વચનો તોડે, ત્યારે તું તેમનું દિલ તોડી નાંખતી હોય છે. અને જો તને ખાત્રી ન હોય કે તું તેમ કરી શકીશ, તો જોન જે બીઝનેસ પ્લાનની વાતો કરતો હોય, તે લખવામાં મદદ કરીશ તેમ તું કહેતી નહીં. થોડા જ વખતમાં તું તારા જીવનમાં કશુંક અદ્‌ભુત બનતું જોઈ

શકીશ. તારા પરિવારનાં સભ્યો પણ આ પહેલાં કદિ સાંભળતાં ન હતાં તે રીતે તને સાંભળવા લાગશે. તેઓ તારો ખૂબ જ આદર કરશે. તેઓ તને એક એવી વ્યકિત તરીકે જાણશે અને પ્રેમ કરશે, જે હંમેશા પોતાનો બોલ પાળતી હોય. અને આ રીતે તમારા બધા વચ્ચે પ્રેમ ઉત્પન્ન થશે."

"અત્યંત ગુઢ જ્ઞાન અને છતાંય તે અત્યંત સરળ અને સહજ છે."

'અત્યંત ગુઢ જ્ઞાન' તે શબ્દ પ્રયોગ હું સંતોએ મને આપેલા ડહાપણ તથા જ્ઞાન માટે વાપરવાનુ પસંદ કરીશ." જુલિયને મારા શબ્દપ્રયોગને ચતુરાઈથી પલટાવીને વાપરી શકવાથી ખુબ ખુશ દેખાતો હતો.

"ભલે, જુલિયન. હું મારા વચનો અને વાયદાઓ પાળવાની બાબતને ખૂબ જ ગંભીરતાથી લઈશ. મારા શબ્દો ચીવટતાથી વાપરીશ. જયારે હું કહું કે અમુક વસ્તુ કરીશ, તો મારામાં એટલી આત્મનિષ્ઠા હશે કે હું તે કરીશ જ. હું મારા બોલ પાળવાની ખૂબ જ મહેનત કરીશ – મારો બોલ પાળીશ અને મારા જીવનમાં જે સહેલું હોય તે નહીં, પણ જે સાચુ હોય, તે કરવા લાગીશ. અમારા કુટુંબમાં વધુ ગાઢ સંબંધો સ્થાપવા માટે મારે બીજું શું કરવું જોઈએ?"

"ફરીથી કહીશ"

"મેં કહયું કે અમારા કુટુંબમાં વધુ ગાઢ સંબંધો સ્થાપવા માટે બીજું શું કરવું જોઈએ?"

"શું કહયું?"

"મેં કહયું કે ..." મેં મારો સાદ ઉંચો કરતાં કહયું, અને વિચારવા લાગી કે આવી સારી તંદુરસ્તી હોવા છતાં જુલિયનને સાંભળવાની તકલીફ થવા લાગી છે કે શું "... કે હું એકબીજા સાથે વધુ ગાઢ સંબંધો કેળવવા માટે બીજું શું કરી શકું?"

"મને ફરીથી એકવાર કહેને, નાની બહેન.?"

"તું મજાક કરે છે, જુલિયન. મેં તને એકનો એક સવાલ ત્રણ વખત પૂછયો. તું સાંભળતો કેમ નથી? તું મને જરા અકળાવી રહયો છે."

"આહ, હું આ જ જવાબની આશા રાખતો હતો." જુલિયને પોતાનાં ચહેરાનાં એક છેડાથી બીજે છેડે પહોંચે તેવા પહોળા સ્મિત સાથે બોલી ઉઠયો. "તેં મને ઘરમાં સંબંધો બાંધવા વિશેનાં મારા બીજા મુદ્દામાં સરળતાથી સરકી જવામાં મને મદદ કરી છે"

"એમ?"

"હા. તારા લોકો સાથેનાં સંબંધોને વધુ ગાઢ બનાવવા માટે અને તારૂં ગ્રહસ્થજીવન સુધરે એટલા માટે તારા પરિવારજનોનાં હૃદયોને સ્પર્શ કરવા માટે તારે, હું જેને 'આક્રમક શ્રોતા' કહું છું, તેવા બનવું પડશે."

"પણ તારી આખી વાતનો મૂળ મુદ્દો જ એ નથી કે જો આપણે લોકો સાથેનાં સંબંધો વધુ મજબુત બનાવવા ઈચ્છતાં હોઈએ, તો આપણે વધુ નરમાશવાળું અને દયાળું વલણ અપનાવવવું જોઈએ? તો આ આક્રમક બનવાની વાત કયાંથી આવી, જુલિયન? હું આક્રમક બનીને થાકી ગઈ છું. આખો દિવસ પોતાની જાતને ઘસી ઘસીને અને બીજા લોકો પાસેથી અવિરત કામ કરાવી કરાવીને હું થાકી ગઈ છું. હું જયારે શહેરમાં કામ કરતી, ત્યારે હું તે જ કરતી હતી."

"હું એમ કહેવા નથી માંગતો કે તું તારી પુરાણી કાર્યશૈલિ અપનાવ, કેથરીન. એ તારૂં અગાઉનું વ્યકિતત્વ હતું. પોતાની જાતને તેવી રીતે નિહાળવાનું પણ બંધ કરી દે. તારી કલ્પના પ્રમાણે જીવવા લાગ. તારી સ્મૃતિ પ્રમાણે નહીં."

“વાહ! આ વાકય મને ખૂબ જ ગમ્યું. જુલિયન. તે ખરેખર સારૂં છે.” જુલિયને પોતાનો ઉપદેશ ચાલુ રાખ્યો. “આક્રમક શ્રોતા બનવુ એટલે આક્રમક વ્યકિત બનવું તેમ નથી હોતું. આજનાં ત્વરિત યુગમાં ઘણાં બધાં લોકો એમ સમજતાં હોય છે કે સાંભળવુ એટલે સામેની વ્યકિત બોલવાનું પતાવે ત્યાં સુધી રાહ જોઈને પછી વાતમાં કુદી પડવું. આધુનિક જમાનાની અતિ વ્યસ્ત જીવનશૈલિમાં પાવરધાં શ્રોતા બનવાની કળા લુપ્ત થઈ ગઈ છે, અને છતાંય, પરિવારમાં વિશ્વાસ જાગ્રત કરવા માટે તે અનિવાર્ય છે. તેમ કરવાથી તારા કુટુંબની સંસ્કારીતામાં જે સમૃધ્ધિ આવશે, તેની કલ્પના પણ તું નહીં કરી શકે, વાત એમ છે, કે માનવસહજ ક્ષુધાઓમાંની એક અત્યંત ઉંડી ક્ષુધા છે....”

“માનવ સહજ ક્ષુધા એટલે?”

“આપણને બધાને અમુક આવશ્યક માનવસહજ જરૂરીયાતો હોય છે. સંતો તેને ‘માનવ સહજ ક્ષુધાઓ’ કહેતાં, અને તેમણે સમય કાઢીને તે દરેકે દરેક ક્ષુધાની પરિભાષા કરી હતી. તો હું કહેતો હતો તે પ્રમાણે આપણને બધાને માનવસહજ ક્ષુધાઓ હોય છે. દાખલા તરીકે, આપણી ઈશ્વરદત્ત કલાઓને રજુ કરવાની, પ્રેમ તથા સમાજની, તે જાણવાની કે આપણે વિકાસ કરી રહયા છીએ, અને શીખી રહયાં છીએ, અને આપણાં જીવનપંથમાં આગળ વધતાં વધતાં આપણે બીજાઓનાં જીવનોમાં કંઈ ફાળો આપી રહયા છીએ તેમ માનવાની. અન્ય એક માનવસહજ ક્ષુધા છે આપણા પ્રત્યે વહાલ તથા સમજણ પ્રાપ્ત કરવાની. આપણને બધાને ખાસ જરૂરત હોય છે તે જાણવાની, કે આપણે જેની સાથે વાત કરી રહયાં હોઈએ, તેણે આપણાં શબ્દો સાંભળ્યા છે. જયારે તમે આક્રમક રીતે સાંભળતા હો, ત્યારે તમે તમારૂં સંપુર્ણ ધ્યાન બોલનારી વ્યકિતનાં શબ્દો ઉપર કેન્દ્રિત રાખતા હો છો, અને અત્યંત કાળજીપૂર્વક અને સહાનુભૂતિપૂર્વક સાંભળી રહયાં હો છો. આમ કરવાથી બોલનારા વ્યકિતને શકિતશાળી સંકેત મળે છે, કે તેઓ જે બોલી રહયાં છે, તે પ્રત્યે તમને આદર, કિંમત અને રસ છે. અને આ રીતે તે વ્યકિત સાથેનાં તમારા સંબંધમાં વિશ્વાસનું પ્રમાણ વધે છે.”

“મને લાગે છે કે તું જે વાત કરતો હતો કે જયાં સુધી તમે લોકોનાં હૃદયને ન સ્પર્શો,ત્યાં સુધી તેઓ મદદનો હાથ લંબાવતા નથી, તેની સાથે આ વાતનો સંબંધ છે. કોઇનાં હૃદયને ને ખરેખર સ્પર્શી જવા માટે આક્રમક રીતે સાંભળવું, તે એક ઉત્તમ રસ્તો લાગે છે.”

“હા, તે ખરેખર ઉત્તમ રસ્તો છે, કેથરીન. જે વ્યકિત સાથે તમે હો, તેની વાત એવી રીતે સાંભળવી કે તેને ખાત્રી થાય કે તે પોતાનીવાત બરાબર સમજાવી શકયાં છે, તે રીતે સાંભળી શકવાની માનવતા બીજી ભાગ્યે જ કોઈહશે. આ એક એવું અનોખું માનવસહજ કાર્ય છે, જે એમ લાગે છે કે આપણે કદી કરતાં જ નથી. ધ્યાનપૂર્વક સાંભળવાથી એક બીજાને વધુ સારી રીતે સમજી શકાય, અને આ દુનિયા વધુ સારી જગ્યા બની જાય. સમજણ તે પ્રેમનો પાયો હોય છે. પોર્ટરનો જ દાખલો લે. અત્યારે ભલે તે માત્ર છ વર્ષનો છે, પણ મને બરાબર ખબર છે, કે જયારે તું તારૂં પૂરેપૂરૂં ધ્યાન તેને આપે, ત્યારે તે ખૂબ જ રાજી થાય છે. એટલે કે જયારે તે તને સ્કુલમાં પોતાનો દિવસ કેવો ગયો તે વિશે, કે સ્કુલનાં મેદાનમાં તેણે પોતાનાં દોસ્તો સાથે શું કર્યું. તેની વાતો કરતો હોય, ત્યારે માત્ર તારૂં શરીર જ નહીં, તારૂ મન પણ ત્યાં હોવું જોઈએ. તારી ઓફીસમાં કોઈ કટોકટીનો સામનો કરીને ભલે તું ગમે તેટલી થાકી ગઈ હોય, પણ તારૂં પુરેપૂરૂં ધ્યાન તેના શબ્દો ઉપર હોવું જોઈએ. મને ખબર છે, કે તેમ કરવું ઘણીવાર અઘરૂં હોય છે, પણ અન્ય બાબતો તરફથી તારૂં ધ્યાન હટાવીને વાતોચિતો ઉપર તેને કેન્દ્રિત કરવાની તું જેટલી

પ્રેકટીસ કરતી રહીશ, તેટલી તું તેમ કરવામાં વધુ પાવરધી થતી જશે. સાંભળવું તે એક ઈશ્વરવત્ત દેન કરતા એક વિકસાવી શકાય તેવી નિપુણતા વધારે છે. તું જેમ જેમ તે કરતી જઈશ,તેમ તેમ તેમાં તું વધારે પારંગત થતી જશે"

"તારી વાત સાચી છે. હું જયારે પોર્ટરને તેની અત્યંત પ્રિય બાબતો વિશે પુછું અને પછી તે જે જવાબ આપે તેને ધ્યાન તથા પ્રેમપૂર્વક સાંભળુ, ત્યારે તેની આંખોમાં ચમક આવી જાય છે. હું જાણું છું કે મારા તેમ કરવાથી તેને લાગે છે કે તે મહત્વની વ્યકિત છે."

"અને તું તેને સમજી શકી છે." જુલિયને ઉમેર્યું.

"હા." મેં કહયું "બીજુ કાંઈ?"

"એક છેલ્લી શીખામણ કેથરીન. હું તે જલ્દી પતાવીશ કારણ કે આજની સવારે મેં તને મનન કરવા માટેની ઘણી બાબતો કહી છે."

"સાચું કહું છું, જુલિયન.મને આ જ્ઞાન મેળવવું ખૂબ જ ગમે છે. તે આપવાનુ ચાલુ રાખ"

"ભલે. પરિવારનાં આગેવાનની બીજી નિપુણતાનો છેલ્લો મુદ્દો છે, જુસ્સાપૂર્વક સત્યનિષ્ઠ બનવું."

"એટલે?"

"એટલે એમ, કે કોઈ એક પરિસ્થિતિમાં સાચુ બોલવું ભલે ગમે તેટલું કપરૂં લાગતુ હોય, કે તારા સાચાં વિચારો વ્યકત કરવું ગમે તેટલું અઘરૂં લાગતુ હોય, પણ તું સત્યનિષ્ઠ રહે. તારા મનમાં જે તું કહેવા ઈચ્છતી હોય, તે જ તું બોલ."

"મારૂં સત્ય ઉચ્ચારૂ?" મેં જુલિયનના આ અગાઉનાં બોધપાઠમાંથી શબ્દો લઈને કહયું.

"વાહ, તું હુશિયાર છે, નાની બહેન. સાવ સાચી વાત કહી. હવે મારે પણ સ્પષ્ટ કરવું રહયું કે જુસ્સાપૂર્વક સત્યનિષ્ઠ બનવુ એટલે હું એમ કહેવા નથી માંગતો કે તારે એટલા આખાબોલા બનવું કે તું કોઈનુ અપમાન કરી બેસે કે કોઈનું દિલ દુભાવે. હું જે કહી રહયો છું. તે જુદુ છે. હું એમ કહું છું કે તારા શબ્દો ચીવટતાથી વાપર. તારા શબ્દો પ્રત્યે બેદરકાર ન રહે. શબ્દોમાં ખૂબ જ શકિત હોય છે. જયારે તું કાંઈ કહે, ત્યારે ખાસ ધ્યાન રાખજે કે તું જે કહેવા માંગે છે તે જ કહી શકી છે. જયારે કોઈપણ બાબત વિશે તને ખાસ કંઈ લાગી રહયું હોય, દાખલા તરીકે જોન સાથેની કોઈ પરિસ્થિતિમાં-ત્યારે તે જ વ્યકત કરજે.તારી બધી વાતોચીતો દરમ્યાન ખોટી પ્રશંસા અને દંભ છોડી મૂળ મુદ્દા ઉપર વાત કરજે."

"જુસ્સાપૂર્વક સત્યનિષ્ઠ થવાની શું અસર થાય?" મેં પૂછયું.

"અત્યંત નાટયાત્મક અસર થાય." જુલિયને જવાબ આપ્યો. "તું જયારે તારા વચનો પાળે અને વાયદાઓ નિભાવે ત્યારે જેવી અસર થાય, તેવી જ. લોકોને તારામાં વધુ વિશ્વાસ આવશે. તેઓ જાણી જશે કે જયારે તું કંઈપણ કહે, ત્યારે તે સત્ય જ હશે. તેમનાં મનમાં તારા પ્રત્યે અત્યંત માન ઉત્પન્ન થાય, અને દરેક પરિસ્થિતિમાં માત્ર સત્ય જ બોલવાથી વ્યકિતગત રીતે તું વધુ શકિતમાન બને. લોકો તને બરાબર સમજી શકે અને તારા વિશે કશું જ અસત્ય ન રહે. આપણા ચરિત્રને ઉપરછલ્લી રીતે શોભા આપનારી બધી જ બાબતો સરી પડે, અને આપણે જેવાં છીએ તેવા દેખાઈએ. અને તેમાં જ ખરી શક્તિ છે, કેથરીન. ખરેખરી શક્તિ. તું એક વ્યક્તિ કરતાં પણ વિશેષ બની રહે છે. તું કુદરતની એક શકિત બનીને તારી આજુબાજુ એક તેજનું વર્તુળ ઉત્પન્ન કરે છે. મારી વાતની ખાત્રી રાખજે, કે લોકોને તારા સાર્મથ્યની અનુભૂતિ થવા લાગે છે."

“પેલા સંતોમાં તેવું સાર્મથ્ય હતું?”

“ગજબનું.’જુલિયને આકાશ તરફ જોતાં કહ્યું. “એ પ્રેમાળ ગુરૂઓની તે બાબત મને સૌથી વધારે યાદ રહી ગઈ છે. તેઓ બધા જ સત્ય પ્રત્યે અત્યંત નિષ્ઠાવાન હતાં. માત્ર તેમની વાણીમાં જ નહીં, તેમના વર્તનમાં પણ. તે વાત ઉપરથી મને મહાન રોમન તત્વજ્ઞાની સેનેકાનાં શબ્દો યાદ આવે છે. ‘હું મારી જીંદગી અને મારા વિચારોનું એવી રીતે સંચાલન કરીશ જાણે કે આખી દુનિયા પહેલી બાબત (જીંદગી)ને જોઈ શકતી હોય, અને બીજીને (વિચારોને) વાંચી શકતી હોય.”’

“આ વાકય સાંભળીને મારા તો રૂંવાડા ઉભા થઈ ગયાં.” મેં કહયું. “બહુ જ શકિતશાળી શબ્દો છે, ને?” જુલિયને કહયું. “અને તે સંતો પોતાની જીંદગી તે પ્રમાણે જીવતાં. તેઓ સત્ય પ્રત્યે સંપૂર્ણ નિષ્ઠા સેવતાં. પરિણામે તેઓ મારા ઉપર જાદુઈ અસર કરી ગયાં. સાચું બોલવાથી અને જુસ્સાપૂર્વક સત્યનિષ્ઠ બનવાથી તારા કૌટુંબિક જીવનમાં અત્યંત સુધારો થશે, કેથરીન.”

“મને ખાત્રી છે કે મારા વ્યવસાયિક જીવનમાં પણ.”

“બહુ સારી વાત રહી. આ જમાનામાં જયારે લોકો એમ સમજે છે કે ખોટું બોલવાથી તેઓ પ્રગતિ કરી શકશે, ત્યારે તેવા બધાં લોકો વચ્ચે તું પ્રમાણિકતાની દીવાદાંડી બની ઉન્નત ઉભી હોઈશ. અને ખાત્રી રાખજે, નાની બહેન. પ્રમાણિકતા અને નીતિમત્તા તને ધંધાની હોડમાં કોઈપણ અદ્યતન વ્યવસાયિક પ્રણાલિ કદિ પણ રાખી શકે તેનાંથી વધારે અસરકારક રીતે મોખરે રાખશે.”

“મને લાગે છે કે આપણે આપણાં જીવનનાં દરેકેદરેક ક્ષેત્રમાં આગેવાની દાખવવી જોઈએ. આ ઉપરથી મને મહાત્મા ગાંધીનાં શબ્દો યાદ આવ્યાં કે ‘જીવનનાં કોઈ એક વિભાગમાં ખોટું ચાલતું હોય, તો અન્ય વિભાગમાં સાચું કરી શકાતું નથી. જીવન એક અવિભાજય એકમ છે’ તું આ જે બધી શિખામણો મને આપે છે, તેનાંથી હવે મને સમજાઈ રહ્યું છે કે સારો ધંધો વિકસાવવા માટે કારોબારી અમલદારોએ નેતૃત્વનાં જે સિધ્ધાંતો અપનાવવા પડે છે, તે સિધ્ધાંતો કુટુંબની બાબતમાં પણ લાગુ પડતાં હોય છે, અને તેનાંથી વિપરીત રીતે, કુટુંબને લગતાં સિધ્ધાંતો ધંધાની બાબતમાં પણ લાગુ પડતાં હોય છે, હું જાણું છું કે આ વાત તું મને મહીનાઓથી કહી રહ્યો છે, પણ હવે મને તે ખરેખર સ્પષ્ટ રીતે સમજાઈ રહી છે. અને તારી વાત સાવ સાચી છે. નેતૃત્વ કરવું તે માત્ર સી.ઈ.ઓ. વ્યકિતઓનો જ ઈજારો નથી. હું લોકો સાથે સારો સંબંધ બાંધી, તેમનો વિશ્વાસ જીતીને તેમની આગેવાની કરીશ, તો મારા કુટુંબ સાથેનાં અને વ્યવસાયિક જગતનાં લોકો સાથેનાં મારા સંબંધો ખૂબ જ સુધરી જશે.”

“હવે તું સમજી.”જુલિયને સૂર્યનાં કિરણોથી ઝળહળતાં સરોવર સામેનાં અમારા વિશાળ પ્રાંગણમાં જતાં જતાં કહ્યું. સરોવરની લહેરો ઉપર સૂર્યનાં ઝળહળતાં તેજ કિરણો આંખો અંજાય જાય તેવી રીતે નાચી રહ્યાં હતાં. જુલિયને પોતાનાં ઝભ્ભાનાં એક ખિસ્સામાં હાથ નાંખ્યો, અને તેમાંથી ગોગલ્સ કાઢીને પહેરી લીધાં, તે ખૂબ જ હાસ્યજનક લાગતો હતો.

“ગોગલ્સ બહુ સરસ છે, ભાઈ” મેં તેની મશ્કરી કરી.

“મારી આંખો આ સૂર્યનું તેજ ખમી શકતી નથી.” જુલિયને કહયું.

“આંખો ઉપરથી યાદ આવ્યું.મારે તને એક કવિતા સંભળાવવી છે”. તેણે ફરીથી ખિસ્સામાં હાથ નાંખ્યો અને એક પીળો પડી ગયેલો કાગળ કાઢયો, જે બહુ નાજુક અને પુરાણો લાગતો હતો. તેનાં ઉપર કંડારાયેલાં શબ્દો વાંચતાં પહેલાં તેણે કહયું.

“તું તારા બાળકોનાં જીવનની લેખિકા છે.”

જુલિયનનાં શબ્દો સાંભળીને હું ચોકી ઉઠી. તે શબ્દો હું બરાબર સમજી ન હોવા છતાં મને લાગ્યું કે તે ખૂબ જ માર્મિક છે, અને અત્યંત સમજદારી ભર્યા છે.હું મુંગી રહી.

“તારી જીંદગી જીવતાં જીવતાં તું જે રીતનું વર્તન કરીશ, અને જેવી આદતો કેળવીશ, તેની અસર પોર્ટર અને સરિતા ઉપર જીંદગીભર રહી જશે. માતા તરીકેનો તારો વ્યવહાર તારા બાળકોના જીવનનું ઘડતર કરે છે . તારૂં વર્તન તેમની આખી જીંદગી સુધી રોજ તેમનાં ઉપર અસર કરતું રહેશે. બધાની નજર તારા ઉપર છે, કેથરીન.આ વાત કોઈ દિવસ ભૂલતીનહી”તેણે ગંભીરતાપૂર્વક કહ્યું અને તેનાં ઝભ્ભામાંથી કોઈ છુપાવી રાખેલો કિંમતી ખજાનો કાઢતો હોય, તેવી રીતે એક કાગળ મને કાઢીને આપ્યો, જેનાં ઉપર લખવામાં આવેલાં શબ્દો હતાં...

નાનકડી આંખો તારા ઉપર મંડાયેલી છે,
અને તે રાત દિવસ તને નિહાળી રહી છે,
નાનકડાં કાનો છે, જે, તું ઉચ્ચારે છે,
તે દરેક શબ્દ તરત જ ગ્રહણ કરી રહ્યાં છે.
નાનકડાં હાથો છે, જે, તું કરી રહી છે.
તે દરેકે દરેક ચીજ કરવા માટે ઉત્સુક છે.
અને એક બાળક છે,
જે એવા દિવસની કલ્પના કરી રહ્યો છે,
કે જે દિવસે તે તારા જેવો જ બનશે.

તું તે નાનકડા છોકરાની આરાધ્ય મૂર્તિ છે.
તું જ્ઞાનીઓથી પણ જ્ઞાની છે.
તેનાં કુમળા મનમાં તારા વિશે
કદી કોઈ શંકા જાગ્રત થતી નથી.
તે તારામાં શ્રધ્ધાપૂર્વક વિશ્વાસ રાખે છે,
અને તું જે કંઈ પણ કહે અને કરે તેને માને છે,
તે તારી જ રીતે બોલશે અને વર્તન કરશે,
જયારે તે મોટો થઈને તારા જેવો જ બની જશે.

એક ભોળો, મુગ્ધ બાળક છે,
જે માને છે કે તું હંમેશા સાચી હોય છે,
અને તેની આંખો હંમેશા ઉઘાડી હોય છે
અને તે રાત દિવસ જોતો રહેતો હોય છે.
દરરોજ તું જે કંઈ પણ કરે, તે દ્વારા
તું એક દ્રષ્ટાંત બેસાડી રહી છે,
એક નાનકડા બાળક ઉપર, જે મોટો થઈને
તારા જેવો જ બનવાની રાહ જોઈ રહ્યો છે.

આ કવિતા વાંચતાં વાંચતાં મારી આંખોમાંથી અશ્રુઓની ધારાઓ વહેતી ગઈ. મેં જે વાચ્યું, તે અને શબ્દો દ્વારા વ્યકત કરવામાં આવેલી તે ભાવના મારા ઉપર ઉંડી અસર કરી ગયાં. જુલિયનની વાત કેટલી સાચી હતી કે શબ્દોમાં શકિત હોય છે, અને મારે મારા શબ્દો કાળજીપૂર્વક ચુણવા જોઈએ. આ જ સમયે મને ભાન થવા લાગ્યું કે મારા કુટુંબનાં આગેવાન થવું અને દુનિયાની સર્વોત્તમ માતાઓમાંની એક બનવું એક ઉમદા બાબત હતી. એક મહાન માતા અને એક પરિવારનાં આગેવાન થવાની હિંમત દાખવવી એક વીરતાભર્યુ કાર્ય ગણી શકાય.

આખો દિવસ મહેનત કરી, આખી રાત ઘરકામ કર્યા પછી પણ જે માતાપિતાઓ તેમનાં બાળકોને વાંચી સંભળાવવાનો સમય કાઢે,તેઓને એક રીતે વીર ગણી શકાય. તેવા બધા એકાકી માતાપિતાઓ, જે કઠિન પરિસ્થિતિઓમાં માંડ ભાણા પુરતું મેળવી શકતાં હોય, અને તે છતાં પોતાનાં બાળકોને ખાતર પોતાનું ઘર જ્ઞાન, નેતૃત્વ અને પ્રેમભર્યુ બનાવતાં હોય, તેઓને ખરેખર શુરવીર ગણી શકાય. જે લોકો સજાગતાપૂર્વક નકકી કરે કે ભલે ગમે તેટલું કપરૂં હોય, પણ તેઓ પોતાનાં બાળકોને પોતાનું સર્વોત્તમ પ્રદાન કરશે, તેઓ તે માનનીય, આદરણીય અને ખરેખર પૂજનીય ગણવા જોઇએ.

અમે જયારે ઉછરીને મોટાં થઈ રહ્યાં હતાં ત્યારે એકવાર મને જુલિયને કહ્યું હતું કે જીંદગીમાં મારી સામે મૂળ બે વિકલ્પો છે. હું કાં તો અંધકારને ભાંડતી રહી શકું અથવા તો હું જયોત પ્રકટાવનારી બની શકું. હાલમાં આ ભાવનાઓને જ રજુ કરતું પ્રાચીન તત્વજ્ઞાની પ્લેટોનું એક કથન મારા વાંચવામાં આવ્યું હતું. 'અંધકારથી ડરનારા બાળકને આપણે સહેલાઈથી માફ કરી શકીએ. જીવનમાં મોટામાં મોટી દુઃખની બાબત ત્યારે બને છે, જયારે પુખ્તવયનાં વ્યકિતઓ પ્રકાશથી ડરવા લાગે.' મને ખ્યાલ આવ્યો કે મારા ઘરમાં આગેવાની કરવાથી જીંદગીમાં પહેલીવાર કદાચિત હું તેજોમય બની શકીશ. તે કરવાથી હું ઉમદા બની શકીશ, તે રીતે હું વધુ મોટાઈ મેળવી શકીશ, ને હું એક વીર બની શકીશ. તે સમયે, સૂર્યનાં તડકામાં નાહી રહેલાં તે પટાંગણમાં, જેણે અમારા પરિવારનાં ઘણાં આનંદભર્યા પ્રસંગો નિહાળ્યાં હતાં, તેમાં ઉભા રહીને મને જ્ઞાન થયું કે મારી આ જીંદગીમાં મારા બંને બાળકોને સભ્ય, કાળજીભર્યા અને શકિતશાળી વ્યકિતઓ બનાવવા જેટલું ઉત્તમ કાર્ય કદાચ હું બીજું કોઈ નહીં કરી શકું. અને આ જ્ઞાને મારા હૃદયનાં દ્વારોને તે પહેલાં કદી ખુલ્યાં ન હતાં, તેવી રીતે તે ખોલી નાંખ્યાં.

મેં જુલિયનનો આભાર માનવા ઉંચું જોયું, પણ તે કયાંય દેખાતો ન હતો. મને લાગ્યું કે હું સાવ એકલી પડી ગઈ છું. હું જુલિયનને શોધવા પહેલાં લીવિંગ રૂમમાં અને પછી રસોડામાં ગઈ, પણ તે કયાંય દેખાયો નહીં. હું ઘરનાં આગલા બગીચાની વિશાળ લોનમાં ગઈ. તે વસંતની આ અલૌકિક પ્રભાતનાં ઝાકળબિંદુઓથી હજી પણ ભિંજાયેલી હતી, પણ મારો ભાઈ ત્યાં પણ કયાંય દેખાયો નહીં. હવે મને ચિંતા થવા લાગી. પછી હું તળાવ પાસે ગઈ અને ત્યાં મેં જે જોયું તેનાંથી હું આશ્ચર્યચકીત બની ગઈ. ત્યાં, સરોવરની મધ્યમાં તરતાં બોય તરફ જવા જુલિયન અધવચ્ચે પહોંચી ચુકયો હતો. તેણે પોતાનો ઝભ્ભો સરોવરનાં કિનારે મુકયો હતો, અને અમે ઉનાળાની રજાઓ પડતાં જ આ તળાવમાં પહેલી વાર તરવા પડીએ ત્યારે જુલિયન જે રીતે તરતો, તેવી જ રીતે આજે પણ તરી રહયો હતો. મેં જરા ધ્યાનથી તેની તરફ જોયું તો હું તેનાં મુખ ઉપર એક પહોળું સ્મિત નિરખી શકી. અને મેં જરા ધ્યાનથી સાંભળ્યુ તો હું તેને કશુંક ગાતા સાંભળી શકી. તે ગીત હતું અમને બાળપણમાં ઉંઘાડતી વખતે અમારી માતા જે ગાતી, તે હાલરડું.

પરિવારનાં આગેવાનની ત્રીજી નિપુણતા

તમારા બાળકનું ધ્યાન મહાનતા ઉપર કેન્દ્રિત કરો. નબળાઈ ઉપર નહીં.

મારી બધી જ ઉચ્ચાભિલાષાઓ દૂર દૂર ત્યાં સૂર્યનાં તેજ કિરણોમાં વસી છે. કદાચિત હું તેમને આંબી નહીં શકું પણ હું ઉંચે જોઈ તેમની સુંદરતા જરૂર માણી શકું, તેમાં વિશ્વાસ જરૂર રાખી શકું અને જરૂર તેને અનુસરી શકું.
લુઈસા મેય આલ્કોટ

આપણાંમાંનાં મોટાભાગનાં લોકો માટે સૌથી વધુ જોખમ એ વાતનું નથી કે આપણે ખૂબ જ ઉંચું લક્ષ્ય સેવિએ છીએ, પણ જોખમ એ વાતનું છે, કે આપણે બહુ નીચું લક્ષ્ય સેવિએ છીએ, અને તેને સાધી લઈએ છીએ.
માઈકલ એંજલો

નેશનલ મ્યુઝિયમ ઓફ આર્ટ એન્ડ હિસ્ટ્રી, જયાં આ વરસાદવાળી બપોરે મને જુલિયને મળવા બોલાવી હતી, તેનાં ભોંયતળિયાનાં પાર્કિંગ લોટમાં જયારે મેં ગાડી પાર્ક કરી, ત્યારે તેનાં છાપરા ઉપર વરસાદની ધારાઓ વરસી રહી હતી. અમે અમારી કોટેજમાં જે દિવસ ગાળ્યો હતો, તેને આજે બરાબર બે અઠવાડિયા થયાં હતાં, અને તેણે મને ત્યાં જે શીખવ્યું હતું તેને લીધે એક માતા તરીકેનાં મારા કાર્યમાં અને એક વ્યકિત તરીકેના મારા વ્યવહારમાં કેટલાંક ગજબના સુધારા થયાં હતાં. મારી વિચારધારાને નિત્ય ઘડનારી મારી વૃત્તિઓ બદલાઈ રહી હતી, અને હું નવા વલણો, નવી માન્યતાઓ, અને નવી સમજણોને અનુસરીને વર્તન કરવા લાગી હતી. અમારા ઘરમાં હું પહેલાં હતી તેનાં કરતાં વધુ સકારાત્મક બની હતી, અને તેનાથી પણ વધુ આનંદ મને અમારૂં જીવન જે પ્રકારનું બની રહયું હતું, તે વાતનો હતો.

હું મારા બાળકોને જે આગેવાની દાખવી રહી હતી, અને જોનને નવેસરથી જે રીતે પ્રેમ આપી રહી હતી, તેણે અમારા ગ્રહસ્થજીવનને એક આધ્યાત્મિક કહી શકાય તેવી ગુણવત્તા પ્રદાન કરી હતી, જે તેને એક નવી જ દિશામાં દોરી જઈ રહી હતી. હું ધારૂં છું કે જેમ જેમ અમારા સંબંધો વધુ ગાઢ થતાં ગયા, તેમ તેમ અમારામાં સુષુપ્ત રહેલાં વ્યકિતગત સદ્‌ગુણો જાગ્રત થવા લાગ્યાં. જેમ જેમ અમારા કુટુંબમાં આદર, વિશ્વાસ અને સત્યનું સન્માન થવા લાગ્યું, તેમ તેમ અમે દરેક જણાં, અમારી લાગણીઓ અને ઇશ્વરદત્ત દેનો, જે અમને એક આગવું વ્યક્તિત્વ પ્રદાન કરી રહી હતી, તેને વધુ મુક્ત રીતે વ્યક્ત કરી શકવા લાગ્યાં.

દુનિયાનાં સૌથી સુખી પરિવારો તેટલાં બધાં સુખી શા માટે હોય છે, તે વિશે યુનિર્વસીટી ઓફ નેબ્રાસ્કાનાં સંશોધનકર્તાઓએ કરેલ અભ્યાસ વિશે મૈં હાલમાં જ વાચ્યું હતું. તે અભ્યાસ ધ્વારા

આવા પરિવારો વચ્ચે કેટલીક સર્વ સામાન્ય ખાસિયતો બહાર આવી હતી. પહેલી વાત તો એ, કે સૌથી સુખી પરિવારો એ હતાં જે પોતાનાં કૌટુંબિક જીવનને અધિકતમ પ્રાધાન્ય આપવા પ્રત્યે નિષ્ઠ હતાં. જુલિયનનાં શબ્દોમાં કહું તો તેઓ સમજી ચુક્યાં હતાં કે 'જીવનમાં આગેવાની કરવાની શરૂઆત પરિવારમાં આગેવાની કરવાથી થાય છે.' બીજી વાત એ હતી, કે પરિવારનાં સભ્યો એકબીજા પ્રત્યેનો પ્રેમ ખુલ્લી રીતે વ્યકત કરતાં. જુલિયન 'માનવસહજ પળો'અને પરિવારની સુસંસ્કારિતામાં સહાનુભૂતિનાં મહત્વની સચોટ શિખામણ આપી ફરી એકવાર સાચો સાબિત થયો હતો. સંશોધકોએ ત્રીજી વાત એ શોધી કાઢી હતી, કે બધાં જ સૌથી વધુ સુખી પરિવારોનાં સભ્યો સકારાત્મક રીતે એકબીજા સાથે વાતચીત અને વિચારવિનિમય કરી શકવાની બાબતને ખુબ જ અગત્યની ગણતા. જુલિયને મને સલાહ આપી હતી, તે જ પ્રમાણે આવા પરિવારોમાં ઘણી બધી નિખાલસ ચર્ચાઓ થવી અતિ આવશ્યક હતું. અને ચોથી વાત એ બહાર આવી કે આવા પરિવારોનાં સભ્યો એકબીજા સાથે ખૂબ સમય ગાળતાં. જુલિયનનાં કહેવા મુજબ રસભર્યા અને સંતોષકારક કૌટુંબિક જીવનને ઘડતી વખતે સભ્યોએ એકબીજા સાથે માત્ર ગુણવત્તાભર્યો જ નહીં, પણ પુરતા પ્રમાણમાં પણ સમય ગાળવો જરૂરી છે.

આ અભ્યાસ દરમ્યાન એ વાત પણ બહાર આવી કે સુખી દાંપત્ય આખા પરિવારનાં સુખી થવામાં મહત્વનો ભાગ ભજવે છે. જયારે માતા-પિતાનાં સંબધો પ્રેમ ભર્યા અને એકબીજા પ્રત્યે આદરભાવવાળા હોય, ત્યારે ઘણીવાર, આખો પરિવાર એક એકમ તરીકે વધુ પ્રેમાળ હોય છે, અને પરિવારનું દરેક સભ્ય એકબીજાની જરૂરિયાતોને વધુ માન આપતુ હોય છે. જયારે એક દંપતિને એકબીજા સાથે સારૂ બનતું હોય છે, ત્યારે આખા પરિવારને એકબીજા સાથે સારૂં બનતું હોય છે.

પણ જુલિયન અમારી સાથે રહેતો હતો ત્યારે તેણે આપેલી પ્રેરણા મુજબ જેમ જેમ હું સફળ પરિવારો વિશે વધુ વાંચતી ગઈ, તેમ તેમ મને ખ્યાલ આવતો ગયો કે આપણા સમકાલીક પરિવારોનું બંધારણ ઘણું જ બદલાઈ ગયું છે. મેં એકાકી પિતાઓ વિશે વાંચ્યુ જેઓ ઉત્તમ માતા-પિતા બનીને સારા મજાનાં બાળકો ઉછેરતાં હોય છે. મેં નિષ્ઠાવાન એકાકી માતાઓ વિશે વાંચ્યું જે આખો દિવસ મહેનતવાળી નોકરીઓ નિભાવી રાતનાં ઘરે પાછી ફરે ત્યારે તેમનું શરીર દુઃખતુ હોય, પગ કળતાં હોય, તે છતાં ઘેર પોતાનાં બાળકો માટે સુંદર વાતાવરણ સર્જતી હોય છે. મને જાણવા મળ્યું કે ઘણી જાતનાં કારણોને લીધે વધુને વધુ દાદા-દાદી, નાના-નાનીઓ જ મુખ્યત્વે તેમનાં પૌત્ર-પૌત્રીઓને ઉછેરતાં હોય છે, અને આ કાર્ય તેઓ અત્યંત સારી રીતે કરતાં હોય છે. મને મારી બિઝનેસ સ્કુલની એક બેનપણીને મળવાનો મોકો મળી ગયો. તેણે હાલમાં જ દુઃખદાયક રીતે છુટાછેડા લીધાં હતાં, અને એકલે હાથે ત્રણ નાના બાળકોને ઉછેરી રહી હતી. પણ આમ કરતાં કરતાં તેને ખ્યાલ આવ્યો હતો, કે ભલે તે પૂરેપૂરી વ્યસ્ત રહેતી, અને તેને ઘણું કરવું પડતું, પણ તેણે પોતાની આખી જીંદગીમાં આટલી પરિપૂર્ણતા કદી અનુભવી ન હતી.

વ્યકિતઓની એક સંસ્થા, જેને આપણે પરિવાર કહીએ છીએ, તે વિશે જયારે મેં વધુ ઉંડાણપૂર્વક અભ્યાસ કર્યો, ત્યારે મને ખ્યાલ આવ્યો કે વિશ્વની બીજી બધી જ સંસ્થાઓ હાલમાં જે જાતનાં નાટયાત્મક ફેરફારો અનુભવી રહી છે, તે જ પ્રકારનાં ફેરફારો આ સંસ્થામાં પણ થઈ રહ્યા છે. માતા-પિતા તરીકે બે વ્યકિતઓવાળું રૂઢિગત મોડેલ (નમૂનો), જેમાં પુરૂષ ઘરની બહાર કામધંધો કરતો હોય, અને સ્ત્રી ઘરકામ કરતી હોય, તે હવે પ્રચલિત રહ્યું નથી. હું મારી 'આંખો ખોલીને' જેટલું વધારે અવલોકન કરતી ગઈ, તેમ તેમ મેં ઘરે રહેનારા પિતાઓને

ભરી બપોરે તેમનાં બાળકો સાથે ગ્રોસરીઝની ખરીદી કરતાં જોયાં. મને મહેનત કરનારી એકઝકયુટિવ સ્ત્રીઓ નજરે ચડતી ગઈ, જેઓએ પણ મારી જેમ ઘરે ઓફીસ શરૂ કરવાનું પસંદ કર્યું હતું. મને એવા અતિઆધુનિક પિતાઓ દેખાયા, જેઓએ પોતાનાં બાળકોને ઉછેરી શકવા માટે થોડા વર્ષો માટે કામ કરવાનુ બંધ કરવાનું પસંદ કર્યું હતું. મેં એવાં મિશ્ર પરિવારો જોયાં, જેની તેમના પાડોશીઓ ઈર્ષ્યા કરતાં, અને મેં બહુવિધ પેઢીઓવાળા પરિવારો જોયાં જેમાં બાળકો, તેમના માતા-પિતા અને તેમનાં દાદા-દાદી / નાના-નાની રાત્રિનું ભોજન સાથે બેસીને ખૂબ જ આનંદપ્રમોદ પુર્વક માણતા. આપણાં જમાનાનો મહત્વનો ફેરફાર હાઈ-ટેક કંપનીઓને કારણે રચાયેલું નૂતન અર્થતંત્ર અને નૂતન વાણિજય પધ્ધતિ જ નથી. આપણે વિવિધ અને બિનપારંપરિક રૂપરેખાઓવાળા નૂતન પરિવારને પણ ધ્યાનમાં લેવો જોઈએ, જે આપણી માનવસંસ્કૃતિને એક નવું સ્વરૂપ આપી રહ્યો છે.

પાર્કિંગની જગ્યામાંથી મ્યુઝીયમમાં જતી વખતે મારા વિચારો મારા પોતાનાં માતા-પિતા તરફ વળ્યાં. મારા પિતાજી ખૂબ જ બાહોશ હતાં, જેમની મહત્વકાંક્ષાએ તેમને કાનૂની જગતનાં ઉચ્ચતમ શિખરે પહોંચાડયાં હતાં, અને તેમનાં વિશાળ હૃદયને કારણે તેઓએ મારા હૃદયમાં સર્વોત્તમ સ્થાન લઈ લીધું હતું. મારા માતાજી એક તેજસ્વી લેખિકા હતાં. જેઓનો કલા પ્રત્યેનો પ્રેમ લગભગ તેમનાં બાળકો પ્રત્યેના પ્રેમ જેટલો જ હતો, જયારે હું ઉછરીને મોટી થઈ રહી હતી, તે વર્ષો દરમ્યાન મને કાયમ લાગ્યાં કરતું કે તેમને મારા કરતાં જુલિયન ઉપર વધુ પ્રેમ છે, પણ તેમનાં છેલ્લા વર્ષોમાં તેમણે મને જણાવ્યું હતું કે તેવું કદી પણ બન્યુ ન હતું. તેઓ અમને બન્નેને સરખો જ પ્રેમ કરતાં હતાં. અને જુલિયન ભલે તેમના વિશે ભાગ્યે જ વાત કરતો, પણ હું જાણતી હતી કે તેને પણ તેમની ખોટ મારા જેટલી જ સાલતી હતી. કોઈએ મને એકવાર કહયું હતું કે 'જયારે તમે તમારા બાળકોને ઉછેરો છો, ત્યારે તમે તમારી આવનારી પેઢીઓ ઉછેરતાં હો છો' હું નસીબદાર હતી, કે મારા માતા-પિતા બન્ને જ મહાન હતાં,અને મને હવે ખ્યાલ આવે છે, કે તેઓ ઘરમાં સારી આગેવાની દાખવતા હતાં. હું માનું છું કે તેઓએ તેમની આવનારી પેઢીઓને એક સુંદર શરૂઆત કરી આપી હતી.

લીફટનાં બારણાં ઉઘડયાં ત્યારે હું મ્યુઝીયમનાં મુખ્ય હોલમાં આવી પહોંચી. આ જગ્યા મને તેમાં રહેલાં પિકાસોનાં અદ્‌ભૂત ચિત્રો અને મોહક પ્રતિમાઓને લીધે ખૂબ જ ગમતી. આજકાલ હું બને તેટલાં શનિ-રવિ દરમ્યાન પોર્ટર અને સરિતાને અહીં લઈ આવવાનો પ્રયત્ન કરતી. જોન જીમમાં પોતાની કસરત પતાવ્યાં બાદ અમને અહીં મળતો. વધુ ઉન્નત જીવન જીવી અમારા બાળકો માટે આદર્શરૂપ બનવાનાં અમારા નિર્ણય બાદ તેણે કસરતની આ નવી આદત અપનાવી હતી. હું માનતી હતી કે બાળકોને કલાની સારી કદર કરતાં શિખવવું જોઈએ, અને એટલે તેમને મહાન કલાકૃતિઓથી વાકેફ કરાવવાનો હું મારાથી બની શકે તેટલો પ્રયાસ કરતી. હું જાણતી હતી કે આખરે તેની સકારાત્મક અસર જરૂર થશે.

જુલિયને મને માઈકલાંજલો રૂમમાં મળવાનુ કહ્યું હતું. હું જાણતી હતી કે આ મહાન કલાકારનાં જીવન વિશે જુલિયન ઘણું વાંચન કરી રહ્યો હતો, અને કલાને સર્વોત્તમ રીતે કંડારવાની તેમની નિષ્ઠા પ્રત્યે તેને માન હતું. રૂમમાં દાખલ થઈને હું એક ભભકાદાર લાલ ઝભ્ભાધારી ઉંચા, અત્યંત દેખાવડા માણસને શોધી રહી, પણ જુલિયન કયાંય દેખાયો નહીં. ત્યાં માત્ર એક ટુરીસ્ટ ગાઈડ સાથે પ્રવાસીઓનું એક નાનું જુથ હતું. મેં મારા ભાઈની રાહ જોતાં જોતાં એક લાકડાનાં બાંકડા ઉપર બેસીને ત્યાંનું દ્રશ્ય નિહાળવાનું નકકી કર્યું. મારા જીવનને

સરળ બનાવવાનાં એક ભાગ રૂપે, જીંદગીની દરેકે દરેક પળને આવેશપૂર્વક વ્યસ્ત બનાવવાની મારી જીંદગીભરની ટેવને મારે સુધારવાની હતી. હવે જીંદગીની સામાન્ય પણ સુંદર બાબતો, જેવી કે વરસાદ પછી કોઈ કરોળિયાનું ઝાળું કેવું ઝળકવા લાગે છે, કે કોઈ શાંત વાદળહીન રાત્રિએ આકાશનાં તારલાઓ કેવા નાચી ઉઠે છે, તે માણવા થોડી પળો હું સહજતાપૂર્વક વિતાવી શકવા લાગી હતી. કોઈવાર જોન મને એકલાં જ અમારા ઘરની નજીક આવેલાં સેકંડ હેન્ડ બુક સ્ટોરમાં એકાદ કલાક ગાળવા, અથવા તો અમારા ઘરની પાછળ આવેલાં જાહેર ઉદ્યાનમાં સમય વિતાવવા માટે પ્રોત્સાહન આપતો.

મને જીંદગીની આ શાંત પળો મારા કુટુંબ સાથેની ધોંઘાટવાળી મસ્તીભરી પળો જેટલી જ ગમવા લાગી હતી. એમરસને કહયું છે કે 'શ્રીમંત હૃદય વિનાની સંપતિ કઢંગા ભિખારી જેવી હોય છે' જે બધા વર્ષો મેં સંપત્તિની પાછળ દોડવામાં અને તેને પ્રાપ્ત કરવામાં ગાળ્યાં હતાં. તે વર્ષો દરમ્યાન મારામાં શ્રીમંત હૃદયની ખામી હતી. હાલમાં હું જે આંતરિક પ્રવૃત્તિઓ કરી રહી હતી, તેને લીધે અંતે મારા શરીરમાં પણ એક શ્રીમંત હૃદય ધબકવા માંડયુ હતું.

હું રૂમમાં ગોઠવાયેલી આરસની પ્રતિમાઓ નિહાળતાં નિહાળતાં પેલો ટુર ગાઈડ જે સમજાવી રહયો હતો, તે સાંભળવા લાગી. મ્યુઝિયમની ઉત્તમ કલાકૃતિઓ વિશેનાં તેનાં જ્ઞાન અને તેનાં સ્પષ્ટ પ્રેમથી હું પ્રભાવિત થઈ, અને મને તેના પહેરવેશ વિશે પણ થોડું આશ્ચર્ય થયું. તેના ટુરીસ્ટ ગાઈડ તરીકેના યુનિફોર્મ, સફેદ શર્ટ, કાળી ટાઈ અને મેચિંગ પેન્ટના સાથે તેણે પહેરેલી એક વધુ પડતી મોટી સાઈઝની બેઝબોલ કેપથી તેનું મોટા ભાગનું માથું ઢંકાયેલુ હતું, અને તે કેપનાં ફલેપને કારણે તેનો મોટાભાગનો ચહેરો દેખાતો ન હતો. મેં વસંતઋતુનાં વેકેશનમાં ફલોરિડાના દરિયા કિનારે વિપુલ પ્રમાણમાં બિયર ઢીંચી રહેલાં કોલેજના વિદ્યાર્થીઓને સૂર્યના તડકામાંથી બચવા માટે આવી કેપો પહેરતાં જોયાં હતાં. મને થયું કે આ ટુરીસ્ટ ગાઈડ જરા અસામાન્ય લાગે છે, પણ તેના આ અયોગ્ય લિબાસ પ્રત્યે બીજા કોઈનું પણ ધ્યાન ગયું હોય તેવું લાગતું ન હતું. કદાચ આ ટુરિસ્ટો સમજતાં હશે કે ટૂરીસ્ટ ગાઈડ સામાન્ય રીતે આવો લિબાસ પહેરતાં હશે, આને કદાચ પોતે પણ ટૂરનાં અંતે આવી એકાદ ટોપી ખરીદવાનું વિચારી રહ્યાં હશે.

તે ગાઈડે બોલવાનું ચાલુ રાખ્યું અને ટુરિસ્ટો શિષ્ટતાપૂર્વક સાંભળી રહ્યાં. તેમનામાંથી કોઈએ એક પણ સવાલ પૂછયો નહીં. એવામાં જ એક વાકય બોલતાં બોલતાં અધવચ્ચે જ પેલાં ગાઈડે એવું કંઈક કર્યુ જે જોઈને હું હસી પડી. તેણે પોતાનાં પેંટના ખિસ્સામાં હાથ નાંખીને એક ખૂબ જ મોટી સાઈઝનો હોટ-ડોગ (બર્ગર, ભરેલી સેંડવીચ), જે તેણે ઢાંસી ઢાંસીને ભરી રાખ્યો હતો, તે બહાર કાઢયો, અને તે ખાતાં ખાતાં તેણે ધૃષ્ટતાપૂર્વક પોતાનું ભાષણ ચાલુ રાખ્યું. આ દરમ્યાન તેના મોઢામાંથી તેનાં ખોરાકનાં ટુકડાઓ આજુબાજુ ખરતાં રહયાં.

અચાનક આ ટુરિસ્ટ જૂથનાં પાછળનાં ભાગમાંથી એક પ્રૌઢ મહિલાએ પોતાની પર્સમાંથી દીઝોં મસ્ટાર્ડ સોસની બોટલ અને ચમચી કાઢયાં અને પેલાં ગાઈડ પાસે પહોંચી ગઈ. તે ગાઈડને કંઈ પણ કહ્યાં વિના પેલા હોટ-ડોગ ઉપર મસ્ટાર્ડનો મોટો થર ચોપડવા લાગી. પેલો ગાઈડ પણ કાંઈ જ બોલ્યો નહીં, અને બાકીનાં જૂથે આ બધું જોયું પણ ન હોય, તેવું લાગ્યું. આ સેવા બજાવી પેલી સ્ત્રી પોતાના સ્થાને પાછી ફરી અને તે ગાઈડે હોટ-ડોગ ખાતાં ખાતાં પોતાનું પ્રવચન ચાલુ રાખ્યું. આ આખું દ્રશ્ય અત્યંત અવાસ્તવિક લાગતું હતું – જાણે કે જયારે આખી દુનિયા નિંદ્રાધીન હોય અને તમે કોઈ બ્લેક એન્ડ વ્હાઈટ ફીલ્મનું દ્રશ્ય નિહાળી રહ્યાં હો તેવું. પણ મને

લાગ્યું કે મારે આમા ન પડવું જ ઉચિત રહેશે. હું પ્રાર્થના કરવા લાગી કે જુલિયન જલ્દી આવી પહોચે.

“બધા જ મહાન મૂર્તિકારો પોતાનાં ઓઝારો હાથમાં લ્યે, તે પહેલાં તેમની કલાકૃતિનું માનસચિત્ર ઘડી લેતા હોય છે” પેલા ગાઈડે આગળ ચલાવ્યું. તેનાં મોઢામાંથી મસ્ટાર્ડ સોસ ટપકી રહયો હતો. “વાત એમ છે, સજજનો અને સન્નારીઓ, કે જીંદગીમાં બધી જ વસ્તુઓ બે વખત આકાર પામતી હોય છે. પહેલી વખત જયારે આપણે તેની કલ્પના કરીએ ત્યારે, અને બીજી વખત જયારે આપણે તેની રચના કરીએ ત્યારે”

“અરે, આ માણસ તો ખરેખર હોંશિયાર છે” મને વિચાર આવ્યો. ‘હવે સમજાય છે, કે મ્યુઝીયમ શા માટે તેને આવી રીતે સજજ થવા દેતું હશે અને તે જે કરે તે કરવા દેતું હશે”

“તમારા પોતાનાં જીવનમાં” તે પોતાના બીજા ખિસ્સામાંથી એક ગ્રેનોલા બાર કાઢીને ખાવા લાગ્યો. “તમારે તમારા માનસપટ ઉપર એક પ્રબળ ચિત્ર ખડું કરવું જોઈએ અને તેને આદર્શ બનાવીને તે પ્રમાણે જીવવા લાગવું જોઈએ”

“અરે! એક મિનિટ!” હું મારી જાતને રોકી ન શકી અને જોરથી બોલી ઉઠી. “આ શબ્દો મેં પહેલા કયાંક સાંભળ્યા છે, અને વિચાર કરવા જાઉં તો આ અવાજ પણ મેં પહેલાં સાંભળ્યો છે” આ વિચિત્ર કોયડાની ઘડ બેસાડતાં મારા ઉદ્‌ગાર સરી પડયા. “આ આખું દ્રશ્ય એટલું વિલક્ષણ છે, કે તે સાચું ન હોઈ શકે. હું ધારૂં છું કે આ કોઈ જાતની ટિખળ છે. નાનપણથી જ ટિખળી સ્વભાવનાં બાલીશ મોટાભાઈએ રચેલી કોઈ બાલીશ ટિખળ છે.”

આખો રૂમ શાંત પડી ગયો. ટુરિસ્ટો ડઘાઈ ગયાં. છેવટે તેમનામાંથી કોઈક બોલ્યું. તે બોલનાર વ્યકિત પેલાં મસ્ટાર્ડવાળા મહિલા હતાં.

“માફ કરજો, મેડમ.”તેમણે મારી આંખોમાં આંખો પરોવીને પૂછયું. “તમે શું બકવાસ કરી રહયા છો?”

“આ બધું એક ટિખળ છે, ને?” મેં જીદ કરી. “જુલિયને મને અહીં બોલાવી હતી, અને તમે બધા ટુરિસ્ટો હોવાનો ડોળ કરી રહેલા તેનાં મળતિયાઓ છો, ને? હું તમારી બનાવટની ચાલ સમજી ગઈ, હવે મને જરાય નવાઈ નથી લાગતી. પણ તમે સારૂં કામ કરી ગયાં. થોડીવાર માટે તો હું પણ ભોળવાઈ ગઈ હતી.” મેં વધુ અસર ઉપજાવવા માટે તાળીઓ પાડતાં અને પરાણે કરડાકું સ્મિત કરતાં કહયું.

તેઓ બધાં શાંત રહ્યાં. પછી પેલો ગાઈડ બોલ્યો.

“સન્નારીઓ અને સજજનો મારે સિકયોરિટી ગાર્ડને બોલાવવા પડશે,. જરાક પ્રોબ્લેમ જેવું લાગે છે” તેમ કહેતાં કહેતાં તેણે મુર્તિઓની બાજુની દિવાલ ઉપરનો લાલ ટેલિફોન ઉંચકયો.

મારો મારી વાત ઉપરનો વિશ્વાસ જરા ડગી ગયો અને હું મુંજાઈ ગઈ. કદાચ આ બધું જુલિયનની પ્રખ્યાત ટિખળોમાંનુ એક ટિખળ ન પણ હોય. “હે ભગવાન!” મેં વિચાર્યુ. “જો આ લોકો ખરેખર ટુરિસ્ટો હશે, અને આ ગાઈડ ખરેખર કાયદેસર નિમાયેલો ગાઈડ હશે તો?” મને પરસેવો છુટી ગયો. મારો શ્વાસ ફુલવા લાગ્યો. પછી મેં મારી જાતને સંભાળી લીધી, અને મારી અંદરથી આવનારા એક શાંત, ધીમા અવાજને સાંભળી રહી, જે મને કહેતો હતો કે આ વિચિત્ર દ્રશ્યની પાછળ જુલિયનનો હાથ હોવો જ જોઈએ. આ બાબતમાં હું ચોકકસ સાચી જ છું.

મારો આત્મવિશ્વાસ પાછો આવ્યો. હું દમામભેર પેલા ગાઈડ પાસે ગઈ, અને તેનાં માથા ઉપરની ટોપી ખેંચી કાઢી. પેલું જુથ ડઘાઈ ગયું. હું હસવા લાગી. ખરેખર, તે જુલિયન જ હતો.

“એય, નાની બહેન! કોઈ માણસ શું હવે શાંતિથી હોટ-ડોગ પણ ખાઈ ન શકે?” તેણે ખડખડાટ હસી પડતાં પૂછયું. પેલાં ‘ટુરિસ્ટો’એ પણ તેનું અનુકરણ કર્યુ અને ખડખડાટ હસતાં હસતાં તેઓ જુલિયન સાથે તાળીઓ લેવા લાગ્યાં. “આપણે તેને બનાવી, મિ.મેન્ટલ.” પેલાં મસ્ટાર્ડવાળા મહિલા બોલી ઉઠયાં. “આપણે તેને ખરેખર બનાવી!”

જુલિયન મારી પાસે આવીને મને ભેટી પડયો, અને હસતાં હસતાં મને જોરથી વળગી રહ્યો. “થોડીવાર સુધી તો અમે તને ખરેખર બનાવી.” તેણે મારા કાનમાં કહયું.

“સજજનો અને સન્નારીઓ” જુલિયને અંગ્રેજી નાટકોનાં કોઈ મહાન અદાકારની છટાથી કહયું. “હું તમારી સમક્ષ રજુ કરૂં છું, મારી નાની બહેન કેથરીન”

તે જૂથ તાળીઓનાં ગડગડાટ સાથે ગર્જના કરી રહયું. તેઓને જુલિયને રજુ કરેલાં નાટકમાં સ્પષ્ટ રીતે ખુબ જ મજા આવી હતી.

“આજે મારી મદદ કરવા બદલ આભાર, સાથીઓ.” જુલિયને ખૂબ જ પ્રેમપૂર્વક કહયું.

“આ બધા કોણ છે?” મેં મારા ભાઈને પૂછયું.

“આ બધા મજાના લોકો અભિનેતાઓ છે. તેઓ ફર્નબ્રુક સોસાયટીનાં છે.”

“તું એમ કહેવા માંગે છે, કે તેઓ તે અભિનેતાઓની મંડળી છે, જે દર વર્ષે બધા જ મુખ્ય પારિતોષિકો જીતી લ્યે છે?”

“હા, તેઓ ખરેખર સારા છે, ને? હું જયારે વકીલાત કરતો હતો ત્યારે તેમના માટે હું એક મહત્વનો મુકદ્દમો જીતી ગયો હતો. હોલીવુડનાં એક સ્ટુડિઓએ તેમનો આઈડિયા ચોરી લઈને એક ચલચિત્રમાં વાપરવાનો પ્રયત્ન કર્યો હતો. આજે મેં તેમનાં પાસેથી વળતો ઉપકાર પ્રાપ્ત કરવાનું નકકી કર્યુ.”

“ગમે ત્યારે બોલાવજો, મિ.મેન્ટલ.” પેલાં મસ્ટાર્ડવાળા મહિલા, જે દેખીતી રીતે આ જુથનાં નેતા લાગતાં હતાં, તેમણે વિવેક કર્યો.

અભિનેતાઓનાં આ જુથનાં દરેક સભ્યોએ જતાં જતાં જુલિયન સાથે હાથ મિલાવ્યાં અને તેની પીઠ થાબડી. તેઓ જુલિયન પ્રત્યે ખૂબ જ માન દર્શાવી રહયાં હતાં. થોડી જ ક્ષણોમાં જુલિયન અને મારી હાજરી સિવાય આખો રૂમ ખાલી થઈ ગયો.

“કહેવું પડશે, જુલિયન. તું હજી પણ મનોરંજન કરવામાં માહેર છો.”

“આભાર, કેથરીન.” જુલિયને મોટું સ્મિત કરતાં કહયું. “આપણને બધાને કોઈ કોઈ વાર મજામસ્તી કરવાની જરૂર હોય છે”

“અરે, પણ તારા ઝભ્ભાનું શું? આજે પહેલીવાર મેં તને તેના વગર જોયો.”

“ડ્રાયકિલનર્સમાં ગયો છે” જુલિયન હસી પડયો. તેનાં મુખ ઉપર નરી ચેતના નિતરી રહી હતી.

“અચ્છા. આપણે આંહી શા માટે આવ્યાં છીએ?” હું કામની વાત ઉપર આવી. “મને ખબર છે કે આપણી આ મીટિંગનું હમણાં તેં મારી સાથે જે ટિખળ કરી, તેનાથી વિશેષ પણ કંઈ કારણ છે. અને હા, તારી આ ટિખળે તો મારૂં હૈયું ધડકાવી મુકયું. તે મારી સાથે જાત જાતની ટિખળો કરી છે, પણ આજની ટિખળ તેમાંની સારામાં સારી ગણાય.”

“હા, બહુ રમુજી હતી, ને?” જુલિયન હજી હસી રહયો હતો. “આવી ખેલદિલી દાખવવા બદલ આભાર. પણ તારી વાત સાચી છે, કેથરીન. આજે હું તને એક બીજો બોધ આપવા માંગુ છું. તે છે, પરિવારનાં આગેવાનની ત્રીજી નિપુણતા. અને તે ખરેખર અગત્યની છે.”

“અને તે ત્રીજી નિપુણતા છે...?” મેં આતુરતાથી પૂછયું.

“પરિવારનાં આગેવાનની ત્રીજી નિપુણતા છે, ‘તમારા બાળકોનું ધ્યાન મહાનતા પ્રત્યે દોરો, નબળાઈ પ્રત્યે નહી.’

“વાહ, આ પણ બીજી એક અગત્યની બાબત લાગે છે.”

“અને તમારા બાળકોને નેતાઓ અને પ્રતિભાશાળી વ્યકિતઓ બનાવવા માટે અતિ આવશ્યક પણ. આ ત્રીજી નિપુણતા પોર્ટર અને સરિતાની સારી ખાસિયતો ઓળખી તેમને કાળજીપૂર્વક વિકસાવવા બાબતની છે, જેથી કરીને તેઓ વધુ ખિલીને વિકાસ કરે. એવું બને છે, કેથરીન, કે મોટાભાગનાં લોકો પોતાની ખાસિયતો વિકસાવવાને બદલે પોતાની નબળાઈઓ પ્રત્યે ધ્યાન દેવામાં વધુ સમય ગાળતાં હોય છે. પરિણામે મહાનતા સાધવાની પોતાની ફરજ તેઓ ચુકી જતાં હોય છે. ”

“શું દરેક વ્યકિતમાં પોતાનાં જીવનમાં મહાન બનવાની ક્ષમતા હોય છે?”

“દરેકેદરેકમાં.” જરાય અચકાયા વિના ઉત્તર આવ્યો. “મેં અગાઉ કહયું હતું એમ આપણે બધાં જ આ પૃથ્વી ઉપર કોઈ ખાસ હેતુસર આવ્યા છીએ. આપણાં બધા પાસે આપણી આગવી રીતે દુનિયાને કંઈક વિશિષ્ઠ પ્રદાન કરવાની ક્ષમતા હોય છે. એક માતા તરીકે તારૂં કર્તવ્ય છે કે તારા બાળકોનાં ખાસ ગુણો અને વિશિષ્ઠ કૌશલ્યોને વિકસાવવા, જેથી કરીને તેઓની પ્રતિભા ઝળકી ઉઠે, અને તેઓ જે વિશિષ્ઠતા પ્રદાન કરવા આ દુનિયામાં આવ્યાં છે, તે કરી શકે.”

“તને ખબર છે, જુલિયન? તું જે કહે છે તેમાં ઘણું જ તથ્ય છે. ધંધામાં હું બધી બાબતોમાં નિષ્ણાંત બનવાનો પ્રયત્ન કરતી. હું એક ઉત્તમ સંપર્ક સાધનાર, તેજસ્વી વહીવટકર્તા, દીર્ઘદ્રષ્ટિવાળી નેતા અને કુશળ હિસાબ નિરીક્ષક બનવાનો પ્રયત્ન કરતી. કંપનીનાં દરેક કાર્યમાં કુશળ બનવાનો હું પ્રયત્ન કરતી, અને પરિણામે હું કોઈપણ બાબતમાં નિપુણ ન બની શકી.”

“સાવ સાચું. જાણે કે તું તારી અમુક રીતો હોવા છતાં પણ સફળ થઈ ગઈ, કેથરીન. પણ મોટાભાગનાં લોકો એટલાં ભાગ્યશાળી નથી હોતાં. મોટા ભાગનાં લોકો પોતાનું ધ્યાન બહુ બધી બાબતો પર રાખવાનો પ્રયત્ન કરે છે, અને અંતે કોઈપણ બાબતમાં હુશિયાર થઈ શકતાં નથી. એટલા માટે, સાચી રીત છે નિષ્ણાંત બનવું.”

“નિષ્ણાંત બનવું.?”

“હા. એક પ્રભાવશાળી નેતા અને જીંદગીનાં ખેલનાં ઉત્તમ ખેલાડી બનવા માટે તમે બધા માટે બધું બનવાનાં પ્રયત્ન કરનારાં એક ઉપલકિયા વ્યકિત ન રહી શકો. આપણી પહેલાં આ પૃથ્વી ઉપર આવી ચુકેલાં બધા જ જીનિયસો (વિશિષ્ઠ ક્ષમતાઓવાળા વ્યકિતઓ) વચ્ચે એક બાબત સર્વસામાન્ય હતી. તેઓ પોતાને અન્ય કરતાં વિશિષ્ઠ બનાવનારી તેમની ખાસિયતોને વિકસાવવામાં પોતાનું પુરૂં ધ્યાન કેન્દ્રિત કરતાં. દાખલા તરીકે, આઈનસ્ટાઈન. તેમનામાં એટલું જાણી લેવાની સદ્‌બુધ્ધિ હતી કે તેમનાંમાં ભૌતિકશાસ્ત્ર પ્રત્યે એક વિશિષ્ટ સ્વભાવિક ઝુકાવ છે અને તેમણે પોતાની આખી જીંદગી આ કુદરતી દેનને વિકસાવવામાં ગાળી. તેઓએ જીવવિજ્ઞાન કે રસાયણશાસ્ત્રનાં ક્ષેત્રોમાં ન જંપલાવ્યું. તેઓ પોતાની મૂળભૂત સ્વભાવિક આવડતમાં નિષ્ણાંત બન્યા, અને જે બાબત તેઓ સૌથી સારી રીતે કરી શકતાં હતાં, તેમાં નિપુણતા હાસલ કરવા તેઓએ વર્ષોનાં વર્ષો સાધના કરી, ત્યારે એક સમય એવો આવ્યો કે તેઓએ એક વ્યકિત તરીકે પણ મહાનતા પ્રાપ્ત કરી.”

“બીજું કોઈ ઉદાહરણ યાદ આવે છે, જુલિયન?”

“મને યાદ છે કે તને ‘રોક’ સંગીત ખૂબ જ ગમતું. એટલે સર્વકાલીન મહાન ગિટારવાદક જીમી હેંન્ડ્રીકસની વાત કરૂં, તો કેવું? જીમી હેન્ડ્રીકસને ખ્યાલ આવ્યો કે તેઓમાં ગિટાર વગાડવાની અસામાન્ય ક્ષમતા છે, એટલે તાલવાધ્ય તથા ટ્રંપેટ વગાડવામાં પારંગતતા મેળવવાનો પ્રયત્ન કરવાને બદલે તેમણે પોતાની કુદરતી દેનમાં નિપુણતા મેળવવા માટે સાધના-તપ કર્યું. તેઓની બાકીની જીંદગી દરમ્યાન તેમનો જાગતા રહેવાનો મોટાભાગનો સમય તેમણે પોતાનાં આ ઉત્કંઠ પ્રેમને વિકસાવવામાં ગાળ્યો, અને આઈન્સ્ટાઈનની જેમ જ એક સમય એવો આવ્યો જયારે તેમણે મહાનતા પ્રાપ્ત કરી.”

“પણ અત્યાર સુધી તું મને એવું નથી શિખવતો આવ્યો કે જીવન પ્રત્યે સંતુલિત વલણ અપનાવવું જરૂરી છે? મારો કહેવાનો મતલબ એ છે કે આપણી કુદરતી દેનોને વિકસાવવા માટે તે પ્રકારની સાધના કરવી, તે મને જરા વધુ પડતું લાગે છે.” મેં નિખાલસ દિલે કહયું. જુલિયન મને જે વિચારધારા સમજાવી રહયો હતો, તેમાં મને ઉંડો રસ હતો.

“બહુ સરસ મુદ્દો ઉઠાવ્યો છે, કેથરીન. તારી બુધ્ધિ મને હંમેશા પ્રભાવિત કરતી રહે છે, પણ શું હું એક સૂચન કરી શકું?”

“જરૂર.”

“તારા દિલની વાણી વધુ સાંભળતી જા. વાત એમ છે, કે બુધ્ધિ માત્ર વિચારી જ શકે, પણ હૃદયને હંમેશા જ્ઞાન થતું હોય છે.”

“એટલે?”

“મોટાભાગનાં લોકો વધુ પડતો સમય વિચારવામાં ગાળતાં હોય છે, લાગણીઓનો અનુભવ કરવામાં નહીં. તારા દિલની વાત વધુ વખત સાંભળતી જા. તારા અંતરાત્માની સલાહ માનતી જા. જયારે તું તારા અંતઃકરણમાંથી આવતો પેલો નાનકડો સાદ સાંભળવા લાગીશ, ત્યારે તું જીવન જીવવાની રીત જાણી શકીશ. હા, એવા ઘણાં અત્યંત તેજસ્વી લોકો હોય છે, જેમનાં જીવનને આત્યાંતિક ગણાવી શકાય. હું ચોકકસ માનું છું કે આપણે બધાએ જીવનમાં સંતુલન, સહજતા તથા શાંતિ મેળવવાનો પ્રયત્ન તો કરવો જ જોઈએ, પણ અંતે તો આપણાં બધાનું ભાવિ પહેલેથી જ નિર્ધારીત હોય છે. આઈન્સ્ટાઈન અને હેંન્ડ્રીકસની બાબતમાં તેમને માટેનો માર્ગ હતો પોતાની ઈશ્વરદત્ત કલાઓ પ્રત્યે ઉંડી નિષ્ઠા જાળવવી. પણ મોટા ભાગનાં લોકોની બાબતમાં તેમનામાં જે ઉત્તમ દેન હોય, તેના પ્રત્યે સાધારણ રીતે નિષ્ઠા રાખવાથી તેઓ યોગ્ય સફળતા પ્રાપ્ત કરી શકે. તારા હૃદયનાં ઉંડાણમાં ઝાંખીને શોધી કાઢ કે તારે શું કરવાની જરૂરત છે.”

“મારે શું કરવાની જરૂરત છે તેનો મને ખ્યાલ આવી ગયો છે, જુલિયન. હું લગમગ ખાત્રીપૂર્વક માનું છું કે હાલ પુરતું તો મારે પોર્ટર અને સરિતા માટે એક પ્રેરણાદાયક માતા બનીને તેમને તેઓ મોટાં થાય ત્યારે સમજુ, સારા, શકિતશાળી સફળ વ્યકિતઓ બનવામાં મદદ કરવાની છે. મારી વ્યવસાયિક કારર્કિદી મારા માટે મહત્વ તો ધરાવે છે, પણ છેલ્લાં કેટલાકં વર્ષો દરમ્યાન તેમાં મેં જે સફળતા હાસલ કરી લીધી છે, તે મોટાભાગનાં લોકો પોતાની આખી જીંદગીમાં પણ કદાચિત જ હાસલ કરી શકે – અને તેને હું ઈશ્વરનાં આશિર્વાદ ગણું છું. હવે મને લાગે છે કે મારે મારા બાળકો માટે જ મારો પૂરો સમય ફાળવવો રહયો.”

“હું જાણું છું કે તારે તેમ કરવું જ કહયું.” જુલિયને કહયું. “અને આ વાત હું છેલ્લાં કેટલાક

વખતથી જાણું છું.” તેણે રહસ્યમય રીતે ઉમેર્યું. “અને એટલા માટે જ પરિવારનાં અગ્રણી તરીકેની ત્રીજી નિપુણતા તારા માટે ખૂબ જ મહત્વની છે. તારે પોર્ટર અને સરિતાને તેમનાં જીવનમાં નબળાઈઓનો શિકાર બની જવાને બદલે તેમનાં સદ્‌ગુણોને વિકસાવવામાં પોતાનું ધ્યાન કેન્દ્રિત કરવાનું શિખવવાનું છે. પરિવારનાં અગ્રણી તરીકે તારી સૌથી મહત્વની ફરજ એ છે કે તારે તારા બાળકોને પોતાનાં મૂળભૂત સદ્‌ગુણો – જેને સંતો એક વ્યકિતની વિશિષ્ઠ શકિતઓ અને સારી કુદરતી દેનો કહેતાં – તેની કદર કરતાં શિખવવાનું છે. પછી તારે તેમને પોતાની આ ચિનગારીઓને એવા ભભકતા અગ્નિમાં પરિવર્તિત કરવાની પ્રેરણા આપવાની છે, જે અગ્નિની ઝળહળતી જવાળાઓ આખું વિશ્વ નિહાળી શકે.”

“પણ પોર્ટર અને સરિતા આઈન્સ્ટાઈન, જીમી હેન્ડ્રીકસ અથવા તો માઈકલાંજલો જેટલાં તેજસ્વી અને પ્રખ્યાત બને તેવી આશા રાખવી, તે તેમનાં ઉપર વધુ પડતો બોઝો નાંખવા જેવું નથી? હું એમ કહેવા માંગુ છું કે તેમ કરવાથી તેમને નાસીપાસ થઈ જવાની પૂરી શકયતા રહે છે. એ જાતનું દબાણ હું કોઈનાં ઉપર લાવવા નથી ઈચ્છતી.”

“તું મારો મુદ્દો ચુકી રહી છે, કેથરીન.” જુલિયને પ્રેમથી કહયું. “હું એમ કહેવા નથી માંગતો કે તારે તારા બાળકોને તેઓ જે કંઈ કરે તેમાં કે તેમની જીવનશૈલિમાં સર્વશ્રેષ્ઠ બનાવવા જોઈએ. હું માત્ર એટલું જ કહું છું કે તેમની જેટલી ક્ષમતા હોય તેટલી પૂરેપૂરી વિકસાવવાની તેમને પ્રેરણા મળવી જોઈએ. તારે તેમને તેઓની ક્ષમતા હોય, તેટલા અંશે તેઓ ઉત્તમ બને અને સુંદર રીતે જીવી શકે તેની સમજણ આપવી રહી. આમ કરવાથી તેં તારો માતૃધર્મ બજાવ્યો ગણાશે.”

“આ બધું તને પેલાં સંતોએ શિખવ્યું?”

“મેં તને કહયું ને, કેથરીન? તેઓ અસાધારણ ચિંતકો હતાં, અને મારે કહેવું જોઈએ કે તેઓ ખરેખર પ્રગતિશીલ વ્યકિતઓ હતાં. આખો દિવસ કોઈ પર્વતનાં ઉન્નત શિખર પર ધ્યાનમગ્ન અવસ્થામાં બેસી રહેવાથી સર્વાંગ સાર્થકતા પ્રાપ્ત થશે તેવું તેઓ નહોતા માનતા. મૌન, મનન-ચિંતન માટે દરરોજ અમુક સમય ફાળવવો જોઈએ તેમ તેઓ જરૂર માનતા, પણ સિવાનાનાં સંતો એમ પણ માનતા કે સાચી સફળતા આપણી વ્યકિતગત ક્ષમતાઓ અને સદ્‌ગુણોનો ઉત્તમ સદ્‌ઉપયોગ કરવામાં સમાયેલી છે. તેઓ એમ માનતા હતાં કે જીવનનો મુખ્ય ઉદ્દેશ્ય આપણા સર્વોત્તમ ગુણોને એવી રીતે વિકસાવવામાં રહેલો છે, જેનાંથી વિશ્વની ભવ્યતામાં ઉમેરો કરી શકાય, અને તેને પહેલાં કરતાં વધુ સારૂં બનાવી શકાય. આ વાત ઉપરથી મને આલ્બર્ટ સ્વેઈઝરનાં શબ્દો યાદ આવ્યા ‘ઈશ્વર ઈચ્છે છે કે તમે એવા બિંદુ ઉપર રહો જયાં તમારા સદ્‌ગુણોનો દુનિયાની જરૂરિયાતો સાથે સુમેળ સધાય છે.’

“પેલાં સંતો અદ્‌ભૂત હતા.” મેં હળવેકથી કહયું.

“તેઓ ખરેખર હતાં જ. અને એટલે મારૂં સૂચન છે કે તેમનાં કહેવા મુજબ તું પોર્ટર અને સરિતાને, તેમનાં વિશિષ્ઠ ગુણોને ઓળખીને તેમને વિકસાવવામાં મદદરૂપ થવાને ખાસ મહત્વ આપ, જેથી કરીને તેઓ એક દિવસ પોતાની ગુણવત્તાની પરાકાષ્ઠા પર પહોંચી શકે. તેઓ એવાં અજોડ અને અસાધારણ વ્યકિતઓ બની જશે કે તેઓ મુઠી ઉંચેરા માનવીઓ બની શકશે.”

“પણ તે બધા માટે અત્યારે તેઓ બહુ નાના નથી?”મારા હંમેશ મુજબનાં વાસ્તવિક દ્રષ્ટિકોણને લીધે મારાથી પુછાઈ ગયું.

“ના.” તરત જ વળતો જવાબ મળ્યો. ‘હકીકતમાં તો બાળકનાં જન્મનાં પહેલાં જ દિવસથી

તેનામાં રહેલી શકિતઓ અને સાચા ગુણો પારખી શકાય છે. ઘણીવાર તેની ખરી વિશિષ્ઠતાઓ પારખવામાં વર્ષો લાગી જાય છે."

"જોન અને હું તેમની ખાસ શકિતઓ અને ખરી વિશિષ્ઠતાઓ શોધી કાઢીએ, ત્યારપછી મારે આગળ શું કરવું તેનો મને હજી ખ્યાલ નથી." મેં કહ્યું.

"તેમનાં ગુણો પારખ્યા પછી તારે તે બાબત તેમનું ધ્યાન દોરવું જોઈએ, જેથી કરીને તેઓ સમજી શકે કે એવી કોઈ બાબતો છે, જે તેમને એક વિશિષ્ઠ વ્યકિત બનાવે છે. ત્યારબાદ જોન અને તારે તેમનાં ગુણો વિકસાવીને બહાર લાવવાની પ્રક્રિયા શરૂ કરવી જોઈએ. આ માટે તેમને ખાસ જ્ઞાનચર્ચા સભાઓમાં – સેમિનારોમાં – મોકલવાં જોઈએ અથવા તેમને પુસ્તકો વાંચવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ જેથી કરીને તેઓ પોતાનાં તે ગુણો વિકસાવવાનું ચાલુ રાખી શકે. પણ ખરી મહત્વની બાબત એ છે, કે તેમની વિશિષ્ઠ ગુણવત્તાઓ પ્રત્યે તેમનું લક્ષ્ય બને તેટલું વહેલું અને જેટલાં લાંબા સમય સુધી ટકે તેટલા લાંબા સમય સુધી ટકાવી રાખવા તેમને પ્રોત્સાહીત કરવાં જોઈએ."

"તો ત્રીજી પારંગતતાનો મૂળ ઉદ્દેશ છે – તમારા બાળકનું લક્ષ્ય નબળાઈઓ પ્રત્યે નહીં પણ મહાનતાઓ પ્રત્યે સ્થાપિત કરો. મા-બાપ તરીકે અમારી મુખ્ય ફરજ બની રહે છે કે અમારે અમારા બાળકમાં રહેલાં ઉત્તમ ગુણોને પ્રદિપ્ત કરવા."

"હા." જુલિયને રાહતનાં સ્વરમાં કહયું. "અને એટલે જ મેં તને આજે આ રૂમમાં આવવા કહયું હતું માઈકલાંજલો રૂમમાં. હું જાણી ચુકયો છું કે તે એક અત્યંત પ્રભાવશાળી પુરૂષ હતા."

"હવે એમ નહીં કહેતો કે માઈકલાંજલો વિશે જે બધું તું જાણે છે, તે તને પેલાં સંતોએ શિખવ્યું છે."

"નાં. મેં તેમનાં અસાધારણ ગુણો અને આવડતો વિશે વાંચીને મારી મેળે તે વિશે જાણ્યું છે. એક કલાકાર તરીકેની તેમની ક્રિયાક્ષમ પૂર્વતૈયારીનાં તેમનાં સિધ્ધાંતરૂપે તેઓ સમજી ચુકયાં હતાં કે દરેક અદ્‌ભુત કલાકૃતિ, શરૂઆતમાં તો સંગેમરમરની પ્રાકૃતિક સ્વરૂપમાં રહેલી એક શીલા જ હોય છે, પણ દરરોજ સ્થિર હાથે અને મગ્નતાપૂર્ણ દ્રષ્ટિથી, ખૂબ જ મહેનત અને લગનપૂર્વક તેને કંડારીને કોતરકામ કરવાથી તે પ્રાકૃતિક સ્વરૂપની શીલા એક જોવાલાયક વસ્તુ, એક સાચી કલાકૃતિ બની શકે છે."

"વિશ્વની એક સાચી અજાયબી." મેં ઉમેર્યું.

"બરાબર. માઈકલાંજલોએ એકવાર કહયું હતું કે 'વણકંડારેલો સંગેમરમરનો પથ્થર કોઈ ઉત્તમ કલાકારનાં દરેક વિચારને ભૌતિક સ્વરૂપમાં આલેખી શકે છે' પણ હું માનું છું કે તેમની મહાનતાની ખરી ચાવી તેમની કલ્પનાને મૂર્તિમંત કરવાનાં તેમનાં ગજબનાં કૌશલ્યમાં રહેલી હતી . તેઓ એક કાર્યશીલ વ્યકિત હતાં, તેઓ સમજતાં હતાં કે માત્ર મહાન સ્વપ્નો જોવાથી કે મહાન વિચારો કરવાથી કાંઈ ન વળે. તે સ્વપ્નને સાકાર કરવા માટે જે કાંઈપણ કરવું પડે તે કરી છુટવામાં જ જીવન જીવવાની ખરી પારંગતતા રહેલી છે. "

"તેં અગાઉ કહયું હતું તે મુજબ – બધાની શરૂઆત એક કલ્પનાથી થાય છે. ત્યારબાદ તેને સાકાર કરવાનું તેનાં સ્વપ્નદ્રષ્ટા ઉપર નિર્ભર રહે છે."

"હા, કેથરીન. અને તે જ સિધ્ધાંત તારે તારા માતા તરીકેનાં પાત્રમાં પણ લાગુ કરવાનો છે. તારા બાળકો સંગેમરમરની શીલાઓ જેવાં છે. તેમનાં ગુણો અવિકસિત છે, અને તેમનાંમાં ભરપૂર સામર્થ્ય સમાયેલું છે. પણ તારે એક મહાન કલાકાર જેવી પારંગતતા દાખવી, તેમને

કંડારી, આકાર આપીને એક ચોકકસ રૂપરેખા આપવાની છે.”

“જેથી કરીને તેઓ જે પ્રકારનું જીવન જીવવાં સર્જાયાં છે, તે પ્રમાણે તેઓ જીવી શકે.”

“બિલ્કુલ સાચું. જેથી કરીને તેઓ તેમનાં માટે શકય હોય તેટલી ઉત્તમ રીતે જીવી શકે.”

“તો આજે મારે માટે તું કયા પ્રકારની તરકીબો અને સાધનો લઈ આવ્યો છે, મોટા ભાઈ?”

“ચાર જાતનાં. સંતો તેને વ્યકિતગત મહાનતા માટેની ચાર શીસ્તબધ્ધ તાલીમો કહેતાં. સરળ ભાષામાં તેને રજુ કરીએ તો, દરરોજ માનસચિત્ર ખડું કરવું, અઠવાડિયા માટેનાં ધ્યેયો નકકી કરવા, મહાન વ્યકિતઓ સાથે નિયમિત ચાલતાં રહેવું, અને સદ્‌ભાવનાપૂર્વક આપતાં રહેવું.”

“ગુંચવણભર્યું લાગે છે. આ ચાર શીસ્તબધ્ધ તાલીમોનું પાલન શું માત્ર તે સંતોના બાળકો જ કરતાં હતાં?”

“ના, કેથરીન. તે સમાજના બધા જ આ ચાર સદ્‌ગુણોનું પાલન કરતાં. તેમની એવી માન્યતા હતી, કે જો તેઓ તેનું પાલન કરશે, તો તેઓ દરરોજ ઉન્નતી કરીને પોતાની જાતને ઓળખી શકશે.”

“મને નથી લાગતું કે હું તને બરાબર સમજી રહી છું, જુલિયન. શું તું એમ કહેવા માટે છે કે આ મહાજ્ઞાની લોકો એટલું પણ જાણતા ન હતાં કે તેઓ કોણ છે? હું જરા ગુંચવણમાં પડી ગઈ છું.”

“આખું જીવન એક ખોજ સિવાય બીજું કશું નથી.” એક મિનિટનાં મૌન ચિંતન બાદ જવાબ મળ્યો. “જ્ઞાની લોકો જાણતા હોય છે, કે જીવનનો મૂળ ઉદ્દેશ સ્વયંને પિછાણવામાં અને જીંદગીનું મૂળ લક્ષ્ય શું હોવું જોઈએ, તે સમજવામાં સમાયેલો છે. મૂળ હેતુ છે, પોતાનું મૂળભૂત તત્વ ઓળખી તેને પ્રકટ કરવું.”

“એટલે તું એમ કહેવા માંગે છે કે જીવનનો મૂળ ઉદ્દેશ્ય આપણી ‘વિશિષ્ઠ શકિતઓ’ અને ‘સાચા કૌશલ્યો’ને ઓળખવાનો છે?” મેં ગંભીરતાપૂર્વક પૂછયું.

“તે, અને તેનાંથી પણ વિશેષ. તમને વિશિષ્ઠ બનાવનારા તમારા ગુણો શોધી કાઢવા તે તો તેનો માત્ર એક ભાગ છે. આખરે તો જીવનની રમત એક આંતરિક રમત છે, જે બે કાનોની વચ્ચે રમાય છે. જીવનમાં સંપૂર્ણ પરિપૂર્ણતા સાધનસામગ્રીઓ એકઠી કરવાથી નથી આવતી. તે આવે છે પોતાની યથાર્થતા પ્રાપ્ત કરવાથી. જીંદગી માત્ર સુંદર ચીજવસ્તુઓ વસાવવા માટે જ નથી, જો કે તે વસાવવામાં કશું ખોટું પણ નથી, પણ ભૌતિક પ્રવૃત્તિઓને જ તમારા દૈનિક જીવનનો મૂળ ઉદ્દેશ ન બનાવી દેવો જોઈએ. જો તમે તેમ કરશો, તમારા કુટુંબ સાથે ગાળવાનાં, અને પોતાની જાતનો વિકાસ કરવાનાં સમયની કુરબાની આપીને જો તમે ભૌતિક પદાર્થો પાછળ દોટ મુકશો, તો અંતે તમે ખૂબ જ કરૂણ પરિસ્થિતિમાં મુકાઈ જશો. જો, કેથરીન. મારા પોતાનાં જીવનમાં વિટંબણાઓ અને અડચણો ભોગવ્યાં પછી હું સમજી શકયો છું કે જીવનમાં સુખ કશુંક મેળવવાથી પ્રાપ્ત નથી થતું. સુખ પ્રાપ્ત થાય છે, કશુંક બનવાથી. ”

“આ વાત જરા વધુ વિસ્તારપૂર્વક સમજાવીશ, પ્લીઝ? વાત એમ છે કે આ વિશે હું લગભગ રોજ વિચાર કરૂં છું. તું મને જરા વિગતવાર સમજાવશે તો મને ખૂબ આનંદ થશે.”

“જરૂર, હું એમ કહેવા માંગુ છું કે જીવનો સાચો આનંદ ડુંગળીનાં પડોને એક પછી એક ઉખેડતાં રહેવામાં છે.”

“શું?” મેં તને આ વિષય પર વધારે પ્રકાશ પાડવાનું કહયું હતું. મને વધારે અંધકારમાં ધકેલવાનું નહીં!” મેં હસતાં હસતાં કહયું.

“માનવીઓ ડુંગળી જેવાં હોય છે. આપણી ઉચ્ચતમ અસ્મિતા-આપણે ખરેખર જે છીએ – તે મધ્યભાગમાં રહેલી છે. એક વ્યકિત તરીકે આપણી પ્રાથમિક ફરજ એ છે કે આપણે આવશ્યક એવું આંતરિક કાર્ય કરીને, જયાં સુધી આપણું મૂળભૂત તત્વ, આપણું સર્વોત્તમ તત્વ શોધી ન કાઢીએ, ત્યાં સુધી આપણે એક પછી એક પડો ઉખેડતાં જઈએ. જો તમે જે પ્રકારનાં વ્યકિત બનવાને સર્જાયા છો, તેની તમે ઝાંખી ન કરી શકયાં હો, તો યોગ્ય મોટરકારો, ઘરો કે વસ્ત્રો મેળવવાનો કંઈ જ અર્થ નથી. એટલા માટે જ જીંદગીમાં વધુ મેળવવાનાં પ્રયાસ કરવાનો બદલે વધુ બનવાનો પ્રયત્ન કર. તેમાં જ શાશ્વત સુખ સમાયેલું છે. ”

“પણ મને લાગ્યું કે તેં એમ કહ્યું કે જીવનનો મૂળભૂત હેતુ છે, આપવું.-આપણે જે મૂલ્યો ઉમેરી શકીએ, તેનાં દ્વારા અન્ય લોકોનાં જીવનમાં ફરક લાવવામાં તે સમાયેલો છે.”

“અતિ સુંદર મુદ્દો, તેં ખરેખર ઉંડું ચિંતન કર્યુ લાગે છે. તારી સાથે મેં ગાળેલો સમય સાર્થક થયો છે, તેનો મને ખૂબ જ આનંદ છે. હા, કેથરીન. જીવનનો મૂળ ઉદ્દેશ્ય આપણે જે જીંદગીઓને સ્પર્શ કરીએ તેનાં દ્વારા આ વિશ્વને વધુ સારૂં સ્થળ બનાવવાનો છે. જીવનનો ખરો ઉદ્દેશ્ય ઉદ્દેશ્યપૂર્ણ જીવન છે. પણ અન્ય લોકોને ઉપયોગી થવા માટે અને તમારાથી બને તેટલો વિશ્વને ફાળો આપી શકવાની સ્થિતિએ પહોંચવા માટે પ્રથમ તમારે તમારી જાતને ઓળખવી રહી. ” મોટા ભાગનાં લોકોને પોતાનાં મૂળભૂત તત્વ વિશે, કે તેમનાં ચરિત્રનાં મૂળભૂત બંધારણ વિશે બિલ્કુલ ખ્યાલ નથી હોતો. તેમણે પોતાનાં જીવનનાં ડી.એન.એ. ને, અને તેમને કાર્યશીલ શું બનાવે છે તેને ઉંડાણપૂર્વક સમજવાને માટે સમય જ ફાળવ્યો નથી હોતો. આપણાંમાનાં મોટાભાગનાં લોકો દરરોજ જે દિશામાં પવન વહેતો હોય, તે દિશામાં તણાઈને જીવનનો પથ મહામહેનતે કાપતાં હોય છે. આપણે ખેલમાં કદિ સામેલ થતાં નથી. પણ શાણા લોકો – સાચા આગેવાનો – ખૂબ જ જુદી રીતે વર્તન કરતાં હોય છે. તેઓ પોતાની જાત માટે અને તેમનાં આંતરિક કાર્ય માટે સમય ફાળવતાં હોય છે. અને તેમ કરવાથી તેઓ પોતાની જાતને ઓળખી, સમજી શકે છે.”

“બધા જ તત્વજ્ઞાનીઓએ આ જ વાત કરી છે, નહીં?”મેં ટાપસી પૂરી. “તેમનાં બધાં વિધાનો, જેવાં કે ‘પોતાની જાતને ઓળખો’ અને ‘પરિક્ષણ વિનાની જીંદગી જીવવા લાયક નથી હોતી’ દ્વારા.”

“બરાબર. પૃથ્વીનાં બધા જ ચિંતકો જાણી ચુકયાં હોય છે, કે આપણે ખરેખર કોણ છીએ, તે સમજવા માટે આંતરિક કાર્ય કરવું આવશ્યક છે. તેમ કરીએ, તો જ આપણે અદ્‌ભૂત જીવન સર્જી શકીએ. મારી પાછળ પાછળ આવ. મારે તને આ મ્યુઝિયમમાં બીજું કશુંક પણ દેખાડવું છે.”

જુલિયને મારો હાથ પકડયો, અને મને ઉતાવળે બાજુનાં પ્રદર્શન હોલમાં દોરી ગયો. પ્રવેશદ્વાર ઉપરનાં સાઈન બોર્ડમાં લખ્યું હતું. ‘ટી.એસ. ઈલિયટ સંગ્રહાલય.’

આ રૂમમાં ટી.એસ. ઈલિયટની મોટા ભાગની પ્રખ્યાત કૃતિઓનો સંગ્રહ છે. “હું આંહી સવારે વહેલો આવ્યો હતો, અને આ ખુલ્લા પૃષ્ઠો ઉપરનાં એક ઉપરનું અવતરણ વાંચ્યું હતું. તે તેમનાં સ્વહસ્તે લખાયેલું છે. આ રહયું. વાંચ.” જુલિયને સાચવણી માટે કાચનાં કબાટમાં રખાયેલાં એક જૂના પુસ્તકનાં પીળા પડી ગયેલાં પાના તરફ આંગળી ચિંધતાં ઉત્સાહપૂર્વક કહયું.

‘આપણે સંશોધન કરવામાં કદી પણ અટકવું ન જોઈએ.અને આપણાં સર્વ સંશોધનનાં અંતે આપણે જયાં શરૂઆત કરી ત્યાં જ પાછા આવી પહોચશું અને તે સ્થાનને પહેલી વાર ઓળખી

– સમજી શકીશું.'

તે શબ્દોમાં રહેલી સચ્ચાઈથી હું આશ્ચર્યચકિત થઈ ગઈ. જુલિયન જે કહી રહયો હતો,તે અંતે હું સમજી શકી. હું એમ કહેવા માંગુ છું, કે અંતે હું તે ખરેખર સમજી શકી. આપણે ભવ્ય જીવન જીવી શકીએ, તેનાં માટે આપણને જે કાંઈની પણ જરૂરત હોય, તે બહાર નથી હોતું, તે આપણી અંદર જ રહેલું હોય છે. જુલિયન મને એમ કહેવા માંગતો હતો કે જે કોઈપણ વ્યકિત સફળતાની શોધમાં ભૌતિક ચીજો પાછળ દોટ મુકે છે, તે ખરેખર ભ્રમિત થયેલી હોય છે. તે માર્ગનાં અંતે સુખ નહીં પણ દુઃખ જ રહેલું છે. પોતાની આગવી રીતે મારો ભાઈ મને એમ કહી રહયો હતો કે અસામાન્ય જીવન જીવવા માટે આપણે 'સ્વ'ની ખોજ કરવી રહી. આપણી મહત્તમ ક્ષમતાઓ જાણવી રહી, અને આપણે મૂળભૂત રીતે કેવી વ્યકિત છીએ, તે સમજવું રહયું. આ અતિ આવશ્યક જ્ઞાન મેળવ્યા પછી આપણે દુનિયામાં જઈને, આપણે જે કંઈપણ કરવા માટે સર્જાયા છીએ, તે કરી શકીએ, અને જે કંઈપણ શુભનું સર્જન કરવા આપણને આંહી મોકલવામાં આવ્યાં છે, તે શુભનું સર્જન કરી શકીએ. આ ક્ષણે મારી ભીતરમાં રહેલી એક ચાંપ જાણે કે દબાઈને ચાલુ થઈ ગઈ. મારા અંતરનાં ઉંડાણમાં અંતે કશુંક બંધબેસી ગયું. હું સમજી શકી કે મારે જીવનમાં મૂળભૂત રીતે જ બદલાવું પડશે. મેં મારા અંતઃકરણનાં ઉંડાણમાંથી પ્રતિજ્ઞા કરી, કે મારે જોઈતી ચીજો મેળવવા પાછળ હું મારા જીવનના કલાકોનું કદી બલિદાન નહીં આપું. મેં મારી જાતને વચન આપ્યું કે આજનાં દિવસથી જ મારા જીવનનું લક્ષ્ય રહેશે એક એવી વ્યકિત બનવાનું , જેવી વ્યકિત બનવાની ક્ષમતા, હું જાણું છું કે હું ધરાવું છું.

"તો આપણે ફરીથી વ્યકિતગત મહાનતાની ચાર શીસ્તબધ્ધ તાલીમો વિશેની વાત ઉપર આવીએ." જુલિયને પોતાનાં હંમેશ મુજબનાં ઉત્સાહપૂર્વક કહયું.

"જે બાળકોને ઉત્તમ રીતે જીવવામાં મદદરૂપ થશે." મેં ઉમેર્યું.

"મારો વિશ્વાસ કર, કેથરીન. આ ચાર બાબતો તને પણ કામમાં આવશે. હા, પોર્ટર અને સરિતાને તે શીખવવાથી તેમનાં વર્તનમાં વિસ્તૃત રીતે બદલાવ આવશે,અને આપણાં બાળકો જેવા બને તેવું આપણે સ્વપ્ન સેવતાં હોઈએ, તેવાં બનવામાં તેમને મદદરૂપ થશે. અને સ્વપ્નની વાત કરીએ, તો હું સુંદર રીતે પહેલી શીસ્તબધ્ધ તાલીમ – દરરોજ એક માનસચિત્ર ખડું કરો – ઉપર આવીશ, જે આપણી સર્જનાત્મક કલ્પનાનો આપણા વિચારોને સાકાર કરવા માટે ઉપયોગ કરવા વિશે છે."

"જે મારા માટે ગોપનીય હોય, તેમ મને લાગે છે, જુલિયન."

"હકીકતમાં તો મેં તારી સાથે જે તત્વજ્ઞાનની વાતો કરી, તેમ તે પણ અત્યંત વ્યવહારૂ જ્ઞાન છે. દૈનિક માનસચિત્ર ખડું કરવું, તે તેની શકિતનો ઉપયોગ કરવા વિશે છે, અને આપણી કલ્પનાનાં ચિત્રપટ ઉપર આપણે પોતાની જાતને કેવી બનાવવા ઈચ્છીએ છીએ તેનું માનસચિત્ર ખડું કરી, આપણે વધુ કાર્યક્ષમ કેવી રીતે બની શકીએ, તે વિશે છે. મારૂં સૂચન છે, કે જયારે તને સમય મળે ત્યારે તું ચાર્લ્સ ગારફીલ્ડ, પી.એચ.ડી.નું પુસ્તક 'પીક પર્ફોમંસ' વાંચ. તેમાં વિગતવાર રીતે જણાવવામાં આવ્યું છે કે કેવી રીતે ઓલંપિક રમતોનાં ખેલંદાજો માનસચિત્રની પ્રક્રિયાનો ઉપયોગ પોતે અગાઉ કદી ન મેળવી હોય તેવી સંગીન સ્થિતિ હાસલ કરવા માટે કરે છે. આ પધ્ધતિનો નિયમિત ઉપયોગ કરવાથી તેઓ પોતાની સુષુપ્ત ક્ષમતાઓને જાગ્રત કરી પોતાનાં ખેલમાં ઉત્તમ સ્તર ઉપર કામગીરી બજાવી શકે છે. હું એક પણ એવા સર્વોત્કૃષ્ટ ખેલાડીને નથી જાણતો જે પોતાની તાલીમનાં એક અંગ તરીકે માનસચિત્ર ખડું કરવાની પધ્ધતિ વિશે જાણતો ન

હોય, અને તેનો ઉપયોગ ન કરતો હોય. પોતાનાં આદર્શ પરિણામને માનસિક દ્રષ્ટિથી નિહાળીને આ સફળ પરિણામનું વારંવાર માનસિક રીતે પુનરાવર્તન કરવાથી તેમનાં મગજનાં જ્ઞાનતંતુઓ સ્પર્ધામાં તે પરિણામ પ્રગટ કરવાનું માનસિક વલણ અપનાવી લેતાં હોય છે."

"તાજુબ કરી દેનારી વાત છે."

"હા. ખરેખર, હવે મારો મુદ્દો આ છે. જો સર્જનાત્મક માનસચિત્રની પધ્ધતિનો ઉપયોગ દરેક સર્વોત્કૃષ્ટ ખેલાડી પોતાની સર્વોત્તમ કામગીરી બજાવવા માટે કરતો હોય, તો આપણે આ શકિતશાળી પધ્ધતિ આપણાં બાળકોને શા માટે ન શીખવવી, જેથી કરીને તેઓ પોતાની સંપૂર્ણ ક્ષમતા મુજબ પોતાનું જીવન જીવી શકે?"

"બરાબર.તો હું પોર્ટર અને સરિતાને આ કેવી રીતે શીખવી શકું? કે તેઓ આ માટે હજી બહુ નાનાં છે?"

"હું ત્રણ વર્ષનાં એવા બાળકોને જાણું છું જેમને આ પધ્ધતિ શીખવવામાં આવી છે. એય! આ દુનિયાનાં સૌથી સારાં સ્વપ્નદ્રષ્ટાઓ કોણ હોય છે તે ભૂલતી નહીં."

"નાનાં બાળકો?"

"સાવ સાચું. ત્રણ-ચાર વર્ષનાં બાળકો રમતાં હોય, ત્યારે તેમને ધ્યાનપૂર્વક નિહાળ. તેઓ માઉંટ એવરેસ્ટ ચડવાનો કે ચંદ્રમા ઉપર ચાલવાનો ડોળ કરતાં હોય છે. તેઓ પોતાની કલ્પના પ્રમાણે વર્તન કરે, અને તેઓ જે કરી શકે અથવા બની શકે, તેની કોઈ સીમા બાંધતાં નથી. બાળકોને માનસચિત્ર ખડું કરતાં શીખવવું એટલે તેઓ જે સ્વપ્નો જોઈ જ રહ્યાં હોય છે, તેને એક શીસ્તબધ્ધ આકાર આપવા સિવાય બીજું કશું નથી."

"આ વાત મને ખૂબ જ સમજદારી ભરી લાગે છે."

મને ખાત્રી હતી કે તને લાગશે જ. એરિસ્ર્ટોટલએ એકવાર જે કહયું હતું, તે કદિ નહીં ભૂલતી. 'આત્મા માનસચિત્ર વિના કદી વિચાર નથી કરતો"

"મુગ્ધ કરનારી વાત."

"તો હવે મારૂં તને આ સૂચન છે, કેથરીન. દર એકાદ બે અઠવાડિયે બાળકોને તારા પાડોશમાં આવેલાં ઉદ્યાનમાં લઈ જા, અને ત્યાં વિશાળ ઓક વૃક્ષોમાંનાં એક નીચે તમે બધા બેસો. તેમને આંખો બંધ કરી ઉંડા શ્વાસ લેવાનુ કહે. તેમ કરવાથી માનસિક રીતે તેઓ વધુ સ્વસ્થ થઈ શકશે, અને તેઓ જે માનસચિત્ર ઉત્પન્ન કરે, તે વધુ ઉંડી જડ પકડી શકશે."

"ભલે. ત્યારબાદ મારે શું કરવાનું રહેશે"

"ત્યાર પછી તમે જે નવી ક્ષમતા કે આવડત મેળવવા ઈચ્છતાં હો, તે મેળવીને તમે જીવી રહયાં છો, તેવી કલ્પના કરવા લાગો. હું એક દાખલો આપું."

"સરસ. મને લાગે છે કે મને તેની જરૂર છે."

"ધારો કે તું ઈચ્છે કે તારા બાળકોમાં વધુ હિંમત આવે – તેઓ નિડર બને, તો જયારે તેઓ તે વૃક્ષ નીચે સ્વસ્થતાપૂર્વક બેસી જાય, ત્યારબાદ તું તેમને તેઓ હિંમતપૂર્વક વર્તી રહયાં છે, તેવી કલ્પના કરવાનું કહે. દાખલા તરીકે, તેઓને તેઓ કોઈ ઉંચો પર્વત ચડી ગયાં હોય તેવી કલ્પના કરવાનું સૂચન કર. અથવા તો તેઓ તેમની શાળાનાં વર્ગનાં કોઈ દાદાગીરી કરનારાં વિદ્યાર્થીનો વિરોધ કરી રહ્યાં હોય તેવી કલ્પના કરવાનું સુચન કર પણ મુખ્ય વાત એ છે, કે તેમને પોતાની કલ્પનાને વળાંક આપી તેમનાં મગજનાં જ્ઞાનતંતુઓને નવી રીતે જોડવાનુ પ્રોત્સાહન આપ, જેથી કરીને જે ભયો તેમને પાછળ પાડી રહયાં હોય, તેનું સ્થાન તેમને આગળ ધપાવી શકે તેવી

શક્તિઓ લઈ શકે."

"શું હું સર્જનાત્મક માનસચિત્રોની પધ્ધતિનો ઉપયોગ પોર્ટરને તેનાં પિઆનોનાં લેસનમાં ઉત્તમ બની શકવા માટે કરી શકું?"

"ચોકક્સ." જુલિયને મારા ખભા ફરતે પોતાનો હાથ વિંટાળતાં કહ્યું અને અમે મ્યુઝિયમનાં મુખ્ય હોલ તરફ ચાલવા લાગ્યા. "જયારે પોર્ટર સ્વસ્થ હોય, ત્યારે તેને પોતાની જાતને લીવિંગ રૂમના પિઆનો પાસે બેસેલો હોય, તેવી કલ્પના કરવાનું કહે. તેને એવું માનતો કર કે તે દ્રશ્ય ખરેખર બની રહયું છે. જેટલું સચોટ માનસચિત્ર તે ખડું કરી શકશે, તેટલું અસરકારક પરિણામ આવશે. તેણે પોતાની લાગણીઓને પણ તે દ્રશ્યમાં સામેલ કરવી આવશ્યક છે. 'જે ભાવનાઓ સર્જાય છે, તે સાકાર બને છે .' ભાવનાઓ વર્તનમાં પરિણમે છે. પોર્ટરને ખરેખર એમ લાગવું જોઈએ કે તે પિઆનો વગાડી રહયો છે, અને પોતાની ઉત્તમ ક્ષમતા મુજબ વગાડી રહયો છે. જે સુંદર રચનાઓ તે શીખી રહયો છે, તેને તે ક્ષતિરહિત રીતે વગાડી શકે, તો તેને કેવું લાગે, તેનો અનુભવ કરવાનું તું તેને કહે. તું તેને કહે કે જયારે તે એક નવા જ સ્તરે વગાડવાનું પુરૂ કરે અને તું જોન અને સરિતા તેને તાળીઓના ગડગડાટથી વધાવી લ્યો, ત્યારે તેને કેવી ભાવના થાય, તેની કલ્પના કરે, તે જયારે વગાડવાની પોતાની વિશિષ્ઠ ક્ષમતાઓ દાખવે, ત્યારે તેનાં શિક્ષક જે વખાણ કરી તેને શાબાશી આપે, તેનાં આનંદનો અનુભવ કરવાનું તેને કહે."

"આવું માનસચિત્ર ખડું કરવાનું કયાં સુધી ચાલુ રાખવું જોઈએ, જુલિયન?"

"સારો સવાલ, પુખ્તવયનાં લોકો માટે હું કહીશ કે તેઓ જેટલો લાંબો સમય તેમ કરવાનું ચાલુ રાખી શકે તેટલું સારૂ, પણ જે જાતની વ્યસ્ત જીંદગી મોટાભાગનાં લોકો જીવતા હોય છે, તે રીતે માનસચિત્રની ક્રિયા માટે ૨૦ મિનિટનો સમય તેઓ ફાળવે, તો ચાલશે. બાળકો માટે તો પાંચ મિનિટ પણ લાભકારક રહેશે. મને લાગે છે કે મુખ્ય વાત તેમને આ એક સાધન આપવાની છે. તેમને તે જણાવવાની જરૂર છે કે તેમની નબળાઈઓ દૂર થાય, તેમના વર્તનમા સુધારો આવે, તેમની ભીતિઓ ઉપર તેઓ કાબુ મેળવી શકે, અને તેમની સર્વોચ્ચ ક્ષમતા પ્રમાણે તેઓ કામ કરી શકે, તે માટે એક ખાસ પધ્ધતિ છે. જેમ જેમ તેઓ સમજણાં થતાં જાય, તેમ તેમ આ પધ્ધતિમાં પારંગત થઈ પોતાનાં જીવનમાં તેનો ઉપયોગ કરવાનો આધાર તેમના ઉપર રહેશે."

"ભલે. મને લાગે છે કે આજે રાત્રે હું ઈન્ટરનેટ ઉપર જઈને માનસચિત્ર વિશેનાં થોડા વધુ લેખો ડાઉનલોડ કરી લઈશ. મારે ખરેખર આ પધ્ધતિ વિશે વધુ જાણીને તેનાં ફાયદાઓ બાળકોને સમજાવવા છે. આ મહીનાનાં મારા લક્ષ્યોમાંનું આ એક લક્ષ્ય બની રહેશે."

"આહ. બીજી શીસ્તબધ્ધ તાલીમ માટે બિલ્કુલ સુયોગ્ય સમય આવી ગયો. બ્રહ્માંડ બધી બાબતોનું ખરેખર કેટલી ઉત્તમ રીતે ધ્યાન રાખે છે.!"

"એમ?"

"ચોક્કસ. વ્યક્તિગત મહાનતાની બીજી શિસ્તબધ્ધ તાલીમ છે. દર અઠવાડીયાનાં લક્ષ્યો નક્કી કરવા. તારા બાળકોને લક્ષ્યો નક્કી કરવાની તાલીમ આપવી અત્યંત મહત્વનું છે. કેથરીન. સ્પષ્ટ રીતે નિર્ધારિત લક્ષ્યો રાખવાનાં ઘણા બધા ફાયદાઓ છે. પહેલાં તો, વધુ પડતાં વિકલ્પોને લીધે ગુંચવાઇ ગયેલાં જીવનમાં લક્ષ્યો નક્કી કરવાથી એક જાતની સ્પષ્ટતાની ભાવના આવે છે. આપણે જે જમાનામાં જીવી રહયાં છીએ, તેમાં કોઇપણ સમયે કંઇપણ કરવામાં વધુ પડતાં વિકલ્પો મળી આવે છે. આપણું ધ્યાન બીજે દોરી જવા માટે ઘણાં વિકલ્પોની હોડ લાગતી હોય છે. લક્ષ્યો નક્કી કરવાથી આપણી ઇચ્છાઓ સ્પષ્ટ બને છે, અને આપણને એવી જ બાબતો

ઉપર ધ્યાન કેંદ્રિત કરવામાં મદદરૂપ થાય છે, જે આપણે જયાં જવા માગતાં હોઇએ, ત્યાં આપણને લઈ જઈ શકે. મને પેલાં અસામાન્ય હાથચાલાકીનાં ખેલ કરનારાં ભાઈઓ, જેઓ 'ઉડતાં કારામાઝોવ ભાઈઓ' તરીકે પ્રખ્યાત હતાં, તેમનાં શબ્દો યાદ આવે છે. 'જયારે તમે જાણતાં જ ન હો કે તમે કયાં જઈ રહયાં છો, ત્યારે તમે ત્યાં કેવી રીતે પહોંચો છો, તેનાંથી કોઈ ફરક પડતો નથી."

"સરસ રીતે મુકયું છે." મે સસ્મિત કહયું.

"સ્પષ્ટ રીતે આંકેલાં લક્ષ્યો દ્વારા વધુ વિવેકપૂર્ણ વિકલ્પો અપનાવી શકવાનું માળખું મળી રહે છે. જો તમને ચોકકસ ખબર હોય કે તમારે કયાં જવું છે, તો ત્યાં પહોચવા માટે યોગ્ય પ્રવૃત્તિઓ પસંદ કરવાનું ઘણું સરળ બની જશે. આનાં વિકલ્પમાં જો તમે જીંદગીને તમારા ઉપર કાબુ જમાવવા દેશો, તો તમે તેને એવા પ્રકારનું અસ્તિત્વ આપવા ધ્યો છો, જે તમને બિલકુલ ન જોઈતું હોય. બર્નાડ શોએ કહયું છે કે 'જો તમને જે ગમતું હોય તે ન મળે, તો તમારે તમને જે મળ્યું હોય, તેને પરાણે ગમાડવું પડશે.' તમારા લક્ષ્યોને લખીને નોંધી લેવાથી તમારા ઈરાદાઓ સ્પષ્ટ થશે. અને તારા બ્રેવલાઈફ.કોમની સફળતાનાં અનુભવ પછી તું સારી રીતે જાણે છે, કે તારા માનસચિત્રને સાકાર કરવાનું પ્રથમ સોપાન છે તેની રૂપરેખા તૈયાર કરવી. ખરા અર્થમાં લક્ષ્ય નકકી કરવાનું એટલે કે તમારા દિવસો, તમારી 'મુડ'ને બદલે તમારા જીવનનાં ધ્યેય દ્વારા સંચાલિત થતાં રહેશે."

"સુંદર રીતે રજુ કર્યુ, જુલિયન." મેં તેને પ્રોત્સાહન આપતાં કહયું.

"લક્ષ્યો નકકી કરવાનું અતિ મહત્વનું હોવાનું બીજું એક કારણ એ છે, કે તેને લીધે તમે નવી તકો પ્રત્યે સજાગ રહો છો. દર અઠવાડિયે પોતાનાં વ્યકિતગત, વ્યવસાયિક, સામાજીક અને આધ્યાત્મિક લક્ષ્યો નકકી કરવા અને તેની સમીક્ષા કરવાની શિસ્ત – આ બધા માટે રવિવારની રાત-ઉત્તમ રહેશે, તમારા મનને, તમારા લક્ષ્યોને પૂરા કરવાની તકોને લગભગ લોહચુંબકની જેમ આકર્ષી શકવાને તે સક્ષમ બનાવશે. મારો એ પણ અનુભવ રહ્યો છે કે લક્ષ્યો નકકી કરવાથી મારે અમુક ખાસ પ્રકારની કાર્યપધ્ધતિ અપનાવવાની જરૂરી બને છે. અને આપણાં બધામાં રહેલી હોય છે એવી મારી આંતરિક જવાળાનાં સંપર્ક આવી આપણાં બધાંમાં રહેલાં હોય છે, એવા મારા પ્રેરણાનાં સ્ત્રોતનો ઉપયોગ કરી શકવાનું બહુ સરળ બની જાય છે. જયારે હું લક્ષ્યો નકકી કરૂં છું, ત્યારે મારૂં જીવન વધુ સમૃધ્ધ બનાવવાની ચોકકસ શકયતાઓ ઉભી થાય છે. કોઈપણ વ્યકિતની જીંદગી ભલે ગમે તેટલી ખરાબ બની ગઈ હોય, અને તેઓ ભલે ગમે તેટલાં દુઃખી અને હતાશ બની ગયાં હોય, પણ એક સરળ કાર્યથી પણ તેમને ઘણું જ સારૂં લાગશે, અને તેમનામાં ઉત્સાહ આવશે. હું માનું છું કે સુયોગ્ય લક્ષ્યો નકકી કરવાનો અર્થ છે. આપણામાં રહેલાં સુષુપ્ત જુસ્સાને જાગ્રત કરવો."

"ખરેખર?"

"ખરેખર. ઉન્નત અને રસપૂર્ણ લક્ષ્યો નકકી કરવાથી એ જુસ્સો જાગ્રત થાય છે, જેને, જેમ જેમ આપણે મોટા થતાં જઈએ અને દુનિયા પ્રત્યે ખિન્નતા અનુભવતાં જઈએ, તેમ તેમ આપણામાંના મોટાભાગનાં લોકો દબાવી દેતાં હોય છે. લક્ષ્યો નકકી કરવાથી, આપણે બાળકો હતાં ત્યારે જે અસીમ શકયતાઓની ભાવના અનુભવતાં હતાં, તે ભાવનાઓનો ફરીથી અનુભવ કરી શકીએ છીએ, અને એ આપણને યાદ અપાવે છે કે જો આપણાં લક્ષ્યો પ્રત્યે આપણી નિષ્ઠા, પુરતાં પ્રમાણમાં ઉંડી હોય, તો આપણે આપણાં જીવનમાં જે કંઈ પણ ઈચ્છતાં હોઈએ,

તે ખરેખર પ્રાપ્ત કરી શકીએ છીએ. શીલા ગ્રાહામનાં શબ્દોમાં કહીએ તો 'જો તમે ખરેખર અત્યંત ઉત્કંઠતાપૂર્વક કંઈપણ ઈચ્છો તો તેને તમે જરૂર પ્રાપ્ત કરી શકો છો, પણ તમારી ઉત્કંઠતાનું, તમારી ત્વચામાંથી બહાર ઉભરાઈને વિશ્વની રચેતા શકિત સાથે અનુસંધાન સઘાવું જોઈએ."

"ખૂબ જ સુંદર અવતરણ. આ વિશ્વની રચેતા શકિત સાથે અનુસંધાન સાધવું મને ખૂબ જ ગમશે, જુલિયન."

"વિશ્વાસ રાખ, નાની બહેન. અત્યારે તું તે જ કરી રહી છે."જુલિયને રહસ્મય જવાબ આપ્યો.

"અરે હા, લક્ષ્ય નકકી કરવા માટે બીજી મહત્વની બાબત એ છે, કે તે લક્ષ્ય સાધવા માટે કોઈપણ પગલું લીધાં વિના તમારે તે લક્ષ્યસ્થળ કદી પણ ન છોડવાની ખાસ ચીવટ રાખવી જોઈએ. "

"ઉત્તમ મુદ્દો"મે પ્રશંસાપૂર્વક કહ્યું.'બ્રેવલાઈફ.કોમમાં અમે તે જ નિયમ રાખ્યો છે. કોઈપણ વ્યકિત કોઈ નવો આઈડિયા કે મહત્વનો સુધારો સૂચવે, તો તે આઈડિયાને ઉપયોગમાં લાવવા માટે તેમણે કંઈક કરવું રહયું. માત્ર તે આઈડિયાનું સૂચન કરવું જ પુરતું નથી હોતું. તે વ્યકિતએ તેનાં પર અમલ કરવો રહ્યો.એનો અર્થ એમ કે તે નવા આઈડિયાની ક્ષમતા જાણવા માટે કોઈ ફોન કોલ કરવો, અથવા તો મને તેનાં વિશે એક પાનાંનો પ્રસ્તાવ લખી આપવો, અથવા તો ટીમનાં બાકીનાં સભ્યોને તે આઈડિયા વિશે વિગતવાર માહિતી આપવી. મુખ્ય વાત એ છે, કે તે આઈડિયાનો ઉપયોગ કેવી રીતે કરવો, તેને આગળ કેવી રીતે ધપાવવો. નહીંતર તો આપણે જીવીએ છીએ તેમ જીંદગી ચાલતી રહે, અને તે આઈડિયાનો તુરંત અંત આવી જાય."

"સાચી વાત, કેથરીન. દુનિયાનાં દરેકે દરેક વ્યકિતને જીવનમાં ક્રાંતિકારી ફેરફારો લાવી શકાય, તેવા આઈડિયાઓ આવી શકે છે. કેટલાંક લોકો તે વિશે કશુંક કરવાનું નકકી કરે છે, અને એ રીતે જીવનને મહાન બનાવે છે, જયારે અન્ય લોકો તે વિશે કશું કર્યા વિના બેસી રહે છે, અને સામાન્ય બની રહેવું સ્વિકારી લ્યે છે."

"લક્ષ્યો નકકી કરવા, તે કોઈ જાદુઈ પ્રક્રિયા હોય, તેવી તું વાત કરે છે, જુલિયન."

"ખેર, હાર્વર્ડમાં ભણેલાં વકીલ તરીકે હું 'જાદુ' શબ્દ વાપરતાં હંમેશા અચકાઉં છું. પણ મારા પોતાનાં અનુભવથી હું શીખ્યો છું કે લક્ષ્યો નકકી કરવાનાં અદ્ભૂત પરિણામો આવે છે. આ પધ્ધતિમાં પારંગત ન બનીને તારા બાળકોને તે ન શીખવવાનો કંઈ અર્થ નથી. એ વાત સાચી કે અત્યારે તેઓ વ્યવસાયિક અથવા તો તે પ્રકારનાં અન્ય લક્ષ્યો નકકી કરવા માટે બહુ નાનાં છે, પણ મુદ્દો એ છે, કે આ પધ્ધતિની તેમને જાણ કરી તેમને પોતાને જોવા દેવું જોઈએ કે તેનાંથી કેટલાં સારાં પરિણામો આવે છે. એક માતા તરીકે તારી ફરજ બને છે કે તારા બાળકોની ઉદાત્તતા ચમકી ઉઠે તે માટે પ્રયત્નો કરવાં"

"મારા બાળકોની 'ઉદાત્તતા?' આ નવા શકિતશાળી વાક્ય પ્રયોગથી હું ચમકી ઉઠી."

"ચોક્કસ, એક માતા તરીકેની તારી પ્રમુખ ફરજ એ છે કે મોટાભાગના પુખ્ત વયના વ્યક્તિઓ જે ફાંસલામાં ફસાઇ જાય છે, તેમાં તારા બાળકો ન ફસાઇ જાય."

"અને તે ફાંસલો છે?" મેં પુછયું. મારૂં સમ્રગ ધ્યાન તેના પર કેંદ્રિત થઇ ચુકયું હતું.

"આપણામાંનાં મોટાભાગનાં લોકો નાની જીંદગીઓ જીવતાં હોય છે. આપણે નાનાં વિચારો કરીએ, નાના કાર્યો કરીએ, અને નાની રમતો રમતા હોઇએ છીએ."

“પુખ્તવયનાં લોકો અને નાની રમતો?”

“હા. આપણે જીંદગીની પાતળી નાજુક ડાળીઓ પર ચડીને હિંમતભર્યા જોખમો નથી ખેડતાં. આપણે દરરોજ એનાં એ જ વિચારો કરીએ, એનાં એ જ કાર્યો કરીએ, અને એની એ જ રીતે વર્તતાં હોઇએ છીએ. આપણે સુરક્ષિતતાનાં એક ભ્રામક ક્ષેત્રમાં જીવતાં હોઇએ છીએ, એવું માનીને, કે તે ક્ષેત્રમાં રહેવું જ સૌથી વધુ સહીસલામત છે.”

“જયારે હકીકતમાં તે સૌથી ઓછું સલામત હોય છે.” મેં ટાપસી પૂરી. મારા ભાઇ સાથે સમય ગાળીને હું જે બધા બોધપાઠ હું ભણી રહી હતી, તેનો મને ગર્વ હતો.

“સાવ સાચું. જયારે તમે અજ્ઞાત ક્ષેત્રમાં પ્રવેશ કરો, ત્યારે જ ખરી જીંદગી જીવી ગણાય. જયારે આપણે પોતાની જાત પાસે પોતાની સામાન્ય ક્ષમતાથી વધુ કામ કરાવીને એક યા બીજી રીતે સિતારાઓને આંબવાનો પ્રયાસ કરીએ, ત્યારે તે જ પળો દરમ્યાન આપણે સંપૂર્ણતઃ જીવંત હોઇએ છીએ. નાની રમતો તદ્ન મધ્યમ કક્ષાનાં જીવનની રાહે આપણને લઇ જાય છે. આપણી ઉદાત્તતાને પ્રકાશમાં લાવવાથી પારંગતતા પ્રાપ્ત થાય છે.”

“અને જોખમો ખેડવા તે ઉદાત્ત જીવન જીવવાની રીત છે.”

“હા કેથરીન. પણ તે જોખમો વિવેકવિચાર પૂર્વકનાં અને ગણત્રીપૂર્વકનાં હોવા જોઇએ. એવું કોઇ નથી કહેવા માગતું કે તું તારા બાળકોને મુર્ખાઇ કરતાં શીખવ. મારી શીખામણ એ છે, કે તું તેમને સમજાવ કે તેઓએ વધારે વખત હિંમતપૂર્વકનું વર્તન કરવું જોઇએ. તેમણે હંમેશા પોતાનું દિલ જે કહે, તે સાંભળવુ જોઇએ. જો તેમને કોઇ એવો આઈડિયા આવે જે તેમની જીંદગીનાં કોઈ મહત્વનાં ભાગમાં સુધારો લાવી શકે, તો તેને અમલમાં મુકવાની હિંમત તેમણે રાખવી જોઈએ. યાદ રાખજે. યોગ્ય બાબત ઉપર અમલ કરવો, તે જીવનમાં મહાન નેતા બનવા માટે અનિવાર્ય છે.”

“એટલે તેમને વધુ વખત ચતુરાઈભર્યા જોખમો ખેડવાની હિંમત કરતા શીખવવું. બરાબર?”

“હા. અને ફરીથી વ્યકિતગત મહાનતા માટેની બીજી શીસ્તબધ્ધ તાલીમની વાત ઉપર આવીએ. ચોકસાઈ રાખજે કે તેઓ દર અઠવાડિયે લક્ષ્યો નકકી કરવાની ટેવ પાડે. ભલે પછી તે માત્ર આવતા અઠવાડિયામાં તેમનાં જીવનમાં તેઓ જે ઈચ્છતાં હોય, તેવી એકાદ બે બાબતોનાં જ હોય. તને અને તારાં બાળકોને મારૂં ખાસ એક સૂચન છે કે તું તેમની સાથે મળીને એક ‘સ્વપ્ન પોથી’ તૈયાર કર.”

“સ્વપ્ન પોથી એટલે?”

“નોંધ કરવા માટેની એક કોરી ચોપડી જેમાં તમે દરેક જણ પોતાનાં લક્ષ્યો લખી શકો છો. તેને એક પાત્ર ગણ, જેમાં તું અને તારા બાળકો પોતાની ઈચ્છાઓ વ્યકત કરતા રહી શકો. તેમાં તમે તમારા દરેક લક્ષ્ય અને ધ્યેયને લખીને તમારી ઉચ્ચત્તમ આકાંક્ષાઓની નોંધ રાખી શકો. તમે તેમાં તમારા આદર્શ વ્યકિતઓના ફોટા ચોંટાડી શકો, તમારે શું કરવુ જોઈએ, અને તમારે જે સ્થળોની મુલાકાત લેવી છે, તે વિશે નોંધ કરી શકો. આખી ચોપડીમાં તમે ઉત્તમ અવતરણો અને પ્રેરણાત્મક સુવાકયો ટાંકી શકો. તારા બાળકોને લક્ષ્યો નકકી કરવા, અને તેનાંથી પણ વધુ મહત્વનું, તેમને પોતાનાં લક્ષ્યો સાધવા માટે પ્રોત્સાહિત કરવાની આ એક ઉત્તમ રીત છે.”

“આ આઈડિયા મને ખૂબ જ ગમ્યો, જુલિયન. ખરેખર સુંદર આઈડિયા છે. હું તો અત્યારથી જ પ્રોત્સાહિત થઈ ગઈ છું.”

“આ બાજુ, નાની બહેન.” જુલિયને મારો હાથ ઝાલીને મને એક નાનકડા રૂમમાં દોરી ગયો,

જેનાં તરફ આ પહેલાં મારૂ કદી ધ્યાન ગયું ન હતું. તેનાં દરવાજા ઉપરની તખ્તીમાં તામ્ર અક્ષરોમાં લખ્યું હતું 'મહાન વ્યકિતઓની ગેલેરી.'

"અહીં તો હું આ પહેલાં કદી નથી આવી." ઈતિહાસનાં ઘણા બધા શ્રેષ્ઠ સ્ત્રીઓ અને પુરૂષોનાં સુંદર અને જીવંત ચિત્રોની હારમાળા સામેથી પસાર થતાં થતાં મે કહયું.

"આ સાવ નવો જ છે. મને પણ આ રૂમ હાલમાં જ મળી આવ્યો છે. આ રૂમમાં હું આ મહાન વ્યકિતઓની ઉર્જાશકિતનો અનુભવ કરતાં કરતાં અને તેમનાં જીવનો વિશે મનન કરતાં કરતાં કલાકો ગાળી શકું. જયારે હું અહીંથી બહાર નિકળું, ત્યારે કાયમ મેં જે માર્ગ અપનાવ્યો છે, તેનાં પ્રતિ વધુ નિષ્ઠાની પ્રેરણા મેળવીને નિકળું છું."

"અહીં આવવાનો વ્યકિતગત મહાનતાની ત્રીજી શીસ્તબધ્ધ તાલીમ સાથે કોઈ સંબંધ છે?"

"ચોકકસ." જુલિયને એકવાર ઝડપથી ગોળ ઘૂમી, પોતાની મુઠ્ઠીઓને હવામાં ઉછાળતા કહ્યું. "વાહ! આ તાલીમ તો મને ખુબ જ ગમે છે."

"ભલે, ભલે. – હવે તેનાં વિશે સંભળાવ."

"વ્યક્તિગત મહાનતાની ત્રીજી શીસ્તબધ્ધ તાલીમ, જે મને ખાત્રી છે, કે પોર્ટર અને સરીતાનાં જીવન ઉપર ઉત્તમ અસર કરશે, તે છે, વિરાટોની સાથે નિયમિત ચાલવું."

"તું જાણે છે કે આ વિશે મને વધુ સ્પષ્ટતાની જરૂર પડશે." મેં અદબ વાળી અને રૂમની મધ્યમાં આવેલાં એક માત્ર બાંકડા ઉપર બેસીને ઉત્સુકતાપૂર્વક કહયું.

"વિરાટોની સાથે ચાલવું એટલે ઈતિહાસનાં શ્રેષ્ઠ વ્યકિતઓ સાથે સમય ગાળવો. તે મહાન વિભૂઓિને તમારા માનસનું ઘડતર કરવા દેવું. આજે રાત્રે તને મધર ટેરેસા સાથે થોડો સમય ગાળવો ગમશે?" જુલિયનની આંખો ચમકી રહી હતી.

"ચોકકસ."

"અને નેલ્સન માંડેલા સાથે આનંદ કરવો, અને ગાંધી સાથે મનન કરવા વિશે શું વિચારે છે"

"મને તારી સાથે ગણી લેજે." મેં કહયું. આ પ્રકારનાં સવાલો દ્વારા જુલીયન શું કહેવા માંગતો હતો તે હું બરાબર સમજી શકતી ન હતી.

"વાત એમ છે, કે આપણે જે જ્ઞાનયુગમાં જીવી રહ્યાં છીએ, તેનો એ ફાયદો છે, કે તું, હું અને બીજા બધાં જ જો આપણે ઈચ્છીએ તો દરરોજ આ પૃથ્વી ઉપર ચાલી ચુકેલાં દરેક શ્રેષ્ઠ ચિંતકો સાથે સમય ગાળવાનો લાભ મેળવી શકીએ છીએ. માત્ર એક લાઈબ્રેરી કાર્ડની મદદથી તું તારા બાળકોને મહાત્મા ગાંધીનાં અંતરનાં ઉંડાણનાં વિચારોથી અવગત કરાવી શકે છે. માત્ર એક ઈન્ટરનેટનાં કનેકશન દ્વારા તું હેલન કેલર કે બેન ફ્રેંકલીન, કે કન્ફ્યુસિયસ કે આલ્બર્ટ સ્વેઈટઝરનાં મનોમાં ઉંડે ઉંડે ઝાંખી શકે છે. તું જાણી શકે છે કે આ અગ્રણીઓને શું હસાવી શકતું, અને શું રડાવી શકતું હતું. તું જાણી શકે છે, કે તેઓ તકલીફોનો સામનો કેવી રીતે કરતાં. તેમની જીંદગીમાં અપનાવેલાં ક્રિયાત્મક સિધ્ધાંતો તું શીખી શકે છે. મને આ બધું અત્યંત અજાયબીભર્યુ લાગે છે. આપણે વિશ્વનાં સૌથી અજબ વ્યકિતઓ સાથે આપણી ઈચ્છા હોય ત્યારે પુસ્તકો, ટેપસ્, વિડિયો અને અન્ય શૈક્ષણિક માધ્યમો દ્વારા મિત્રતા બાંધી શકીએ છીએ. મહત્વની વાત તો એ છે, કેથરીન, કે ઈતિહાસનાં સૌથી જ્ઞાની વ્યકિતઓ સાથે સમય વિતાવ્યાનાં અનુભવમાંથી તમે મૂળભૂત રીતે એક વધુ સારા વ્યકિત તરીકે બહાર આવ્યા વિના રહી શકતાં નથી. આ ઉપરથી મને લેખિકા ડોરોથી બ્રાંડનાં શબ્દો યાદ આવે છે કે 'મને તે આઈડિયા મળી આવ્યો, જેને લીધે હું મુકત થઈ શકી. હું ખાસ તેને શોધી રહી ન હતી. હું બીજા જ વિષયમાં

સંશોધન કરી રહી હતી, પણ હું જે પુસ્તક વાંચી રહી હતી, તેમાં મેં એક એવું જ્ઞાનપૂર્ણ વાકય વાંચ્યુ, કે મેં તે પુસ્તક બાજુમાં મુકી દીધું, અને તે એક જ વાકય દ્વારા રજુ કરાયેલાં બધા જ આઈડિયાઓ વિશે વિચારવા લાગી. તે પુસ્તક જયારે મેં ફરીથી હાથમાં લીધું ત્યારે હું એક નવી જ વ્યકિત બની ચુકી હતી.' ઉત્તમ દિમાગોનાં સંપર્કમાં રહેવું તે તમારા દિમાગને સુધારવાનો એક ઉત્તમ રસ્તો છે. તે ટેનિસમાં તમારાથી વધુ સારા ખેલાડી સાથે રમો, તેનાં જેવુ છે."

"તમે હંમેશા પહેલાં કદી ન રમ્યા હો તેટલું સારૂં રમી શકો છો." આ અનુભવ મને હું યાદ રાખવા ઈચ્છું તેનાથી વધુ વખત થઈ ચુકયો હતો.

"સાચું.એટલે જયારે તમે વિશ્વના માનસિક, તત્વજ્ઞાનિક, વૈજ્ઞાનિક અને આધ્યાત્મિક રીતે વિરાટ વ્યકિતઓનાં પુસ્તકો નિયમિત રીતે વાંચો,ત્યારે તમારા વિચારો અને વર્તનમાં તે અનુસાર સુધારો આવશે જ. તમે તેમનાં ઉચ્ચ સ્તરને આંબી શકશો. તમને ખ્યાલ આવશે, કે તમે આ પહેલાં કદી ન કર્યા હોય તેવા વિચારો કરી શકો છો, અને તમને પોતાને આશ્ચયચકિત કરી દે તેવી સકારાત્મક રીતે તમે વર્તન કરી શકો છો.એટલે દર અઠવાડિયે થોડો સમય ફાળવીને પોર્ટર અને સરિતાને આપણી સંસ્કૃતિનાં વિકાસમાં જેમણે મોટું યોગદાન આપ્યું હોય. તેવા મહાન સ્ત્રી-પુરૂષો, વિરાટ વ્યકિતઓની રચનાઓ અને વિચારોથી જ્ઞાત કરાવ. ભૂતકાળનાં જીનિયસો (અત્યંત બુધ્ધિશાળી વ્યકિતઓ) અને ભવિષ્યના નેતાઓથી તેમને પરિચિત કરાવ. જયારે તું તેમને કારમાં સોકરની પ્રેકટીસ માટે કે બેલે નૃત્યનાં કલાસમાં લઈ જતી હોય, ત્યારે કારમાં આઈન્સ્ટાઈન કે મોઝાર્ટ કે થોમસ એડિસનની જીવનકથાની કોમ્પેકટ ડીસ્ક વગાડ. તું ખાત્રી રાખજે, કે તેનો તારા બાળકોનાં ચારિત્ર ઘડતર પર મહત્વનો પ્રભાવ પડશે, અને તેઓ બન્યા હોત, તેનાંથી વધુ સારા બની શકશે. થોમસ બેઈલી આલ્ડ્રીચ લખી ગયાં છે કે 'વ્યકિતની પિછાણ તેનું મન જે જાતની સોબત રાખે, તેનાં ઉપરથી થઈ શકે છે."

"અને ગાંધીએ એકવાર કહયું હતું કે 'હું કોઈને ગંદા પગે મારા માનસમાંથી પસાર થવા નહીં દઉં." હાલમાં જ આ મહાન નેતાની આત્મકથા વાંચી હોવાથી મેં ઉમેર્યુ.

"સુંદર, કેથરીન. સ્પષ્ટ વાત છે કે તેઓ સમજી ચુકયાં હતાં કે તમે તમારા મનમાં જે ભરો તેની અસર તમારી આગળ ઉપરની જીંદગી ઉપર થતી હોય છે."

જુલિયને વાત આગળ ચલાવતાં કહયું. "મારા મિત્રો હું 'વિરાટો વિશેનાં જે પુસ્તકો' હું વાંચતો રહું છું, તેમાંથી શોધી કાઢું છું. વાત એમ છે, નાની બહેન, કે મારે મન મહાન પુસ્તકો આશાનાં પ્રતીક સમાન છે. તે વધુ ઉન્નત જીવનની ખાત્રી આપતાં હોય છે. તેઓ મને વધુ જ્ઞાનપૂર્ણ અને વધુ સારા વિશ્વની કલ્પના કરવામાં મદદરૂપ થાય છે. અને આ રીતે પુસ્તકો અને તેમને દરરોજ વાંચવાની ટેવ જીવનનું એક સૌથી મહત્વનું કાર્ય બની જાય છે.

"પોર્ટર અને સરિતા હજી બહુ નાના છે,એટલે તું જે પુસ્તકોની વાત કરી રહયો છે, તેનો સંગ્રહ કરવાનું હું શરૂ કરી શકું. બ્રેવલાઈફ. કોમના મારા કામ અંગે હજી મારે કોઈ કોઈ વાર બહારગામ જવુ પડે છે, અને ઘણીવાર વિમાનમથકો ઉપર કેટલાંક કલાકો ગાળવા પડે છે. ત્યાં હંમેશા પુસ્તકોની ખૂબ જ સારી દુકાનો હોય છે."

"બરાબર છે." જુલિયને કહયું. "ખૂબ જ સફળ લોકો વિમાન દ્વારા ઘણાં પ્રવાસો કરતાં હોય છે. પુસ્તક વિક્રેતાઓ આ વાત સમજી ચુકયા છે, એટલે તેઓ તે પુસ્તકોની દુકાનોમાં ઉત્તમ કૃતિઓ રાખતાં હોય છે."

"હું તેવી પુસ્તકોની દુકાનોમાં જઈને બાળકો મોટા થતાં જાય, તે દરમ્યાન તેમને પ્રેરણા

મળતી રહે તેવા ઉત્તમ પુસ્તકો શોધી શકું."

"ખૂબ જ સારો આઈડિયા છે, કેથરીન." જુલિયને કહયું. "તે પુસ્તકોનાં ગંજમાંથી તને માનસિક, શારીરિક અને ચારિત્રની બાબતમાં સશકત બાળકો ઉછેરવા બાબતનાં ઉત્તમ જ્ઞાનપૂર્ણ પુસ્તકો મળી આવશે. તને તું જેટલી ઉત્તમ બની શકે. તેટલી ઉત્તમ બનવાની પ્રેરણાદાયક પુસ્તકો મળી આવશે, અને એવા પુસ્તકો મળી આવશે જે તારા ભવિષ્ય માટેનાં પથપ્રદર્શક બની રહેશે. તારો જે કંઈ સવાલ હોય, તેનાં જવાબોથી ઉભરાતાં પુસ્તકો તને મળી આવશે. જરૂરત છે માત્ર યોગ્ય પુસ્તકો શોધવાની શરૂઆત કરવાની અને તેને વાંચવાની શીસ્ત કેળવવાની."

"આપણે જયારે શીસ્ત વિશેની જ વાત કરી રહ્યાં છીએ, ત્યારે મને એક કહે, જુલિયન, કે બાળકોનાં શીસ્તપાલન વિશે તારા શું વિચારો છે? મારા બ્રેવલાઈફ.કોમનાં કર્મચારીઓ પાસે શીસ્તપાલન કરાવવાની મને જરાય તકલીફ નથી પડી, પણ મારા કૌટુંબિક જીવનમાં મારા માટે તે હંમેશા એક સમસ્યા રહી છે. જયારે મારા બાળકોની વાત આવે, ત્યારે તેમને ના પાડવાનું મને અઘરૂં લાગે છે."

મા-બાપ તરીકે સારી કેળવણીની વાત આવે, ત્યારે શીસ્તની બાબતમાં હંમેશા સાચો રસ્તો અપનાવવો જોઈએ. અમુક પરીસ્થિતિમાં જે સહેલો રસ્તો લાગતો હોય, તેનાં બદલે હંમેશા તારા સંસ્કારો અને નીતિમત્તાને કારણે તારૂં દિલ તથા અંતઃકરણ જ ને સાચું કહે, તે જ કરવું કહ્યું."

"તેં અગાઉ કહયું હતું તે મુજબ આગેવાની કરવા માટે જે સાચું હોય, તે જ કરવું જરૂરી હોય છે."

"હા, અને તારે એ પણ યાદ રાખવું જોઈએ કે શીસ્ત એક જાતની બક્ષીસ છે."

"એટલે?"

"ઘણાં મા-બાપો એવું માનતા હોય છે કે પોતાનાં બાળકોની બધી માંગણીઓ સંતોષવી, અને કદી ના ન પાડવી, તે તેમનો બાળકો પ્રત્યેનો પ્રેમ દર્શાવે છે. પણ તેઓ ભૂલી જાય છે કે બાળકોને અમુક સ્પષ્ટ સીમાઓની જરૂરત હોય છે. તેમનાં જીવનને માળખુ આપે તેવા એકધારા સૂમેળવાળા ધોરણો તેઓ ઝંખતા હોય છે. તેઓ તમને કદાચ આ વાત ન કહે, પણ જયારે મા-બાપો સીમાઓ બાંધે અને ખાત્રી કરે કે પરિવારનાં નિયમોનું પાલન કરવામાં આવે, ત્યારે આ પ્રકારનાં બંધારણને લીધે બાળકોને લાગતુ હોય છે, કે તેમનાં મા-બાપો તેમને પ્રેમ કરે છે. વ્યાજબી હદ સુધીનું શીસ્તપાલન બાળકોનાં ચારિત્ર ઘડતરમાં મદદરૂપ થાય છે, કારણ કે તેમને દરેક પરિસ્થિતિમાં શું સાચું અને શું નહીં, તેનો બરાબર ખ્યાલ આવે છે."

"સાવ સાચી વાત, જુલિયન. આપણાં મા-બાપ આપણને જે રીતે સીધી લાઈન ઉપર રાખતાં તે ભલે મને જરાય ગમતું નહીં, પણ મારા હૃદયમાં હું જાણતી હતી કે તે તેઓનો આપણાં પ્રતિ પ્રેમ સુચવતું હતું. મને લાગે છે, કે હું ઘણાં બધા વખતથી પોર્ટર અને સરિતાને ઘણી બધી છુટ આપી રહી છું. મને લાગે છે કે મારે તેમની સાથે થોડું કડક બનવું પડશે."

"વધારે પડતી કડક નહીં બની જતી.કેથરીન. શીસ્તનુ મહત્વ અને બાળકોને બાળકોની રીતે વર્તવા દેવાનાં મહત્વ વચ્ચે સમન્વય સાધવો જોઈએ અને એ પણ યાદ રાખજે. જયારે કોઈપણ જાતની શિક્ષા કરવાની વાત આવે, ત્યારે તે બાળકને નહીં, પણ બાળકનાં વર્તનને સુધારવા માટેની હોવી જોઈએ."

"જરા વિસ્તારથી સમજાવ, પ્લીઝ."

“બાળકનાં સ્વમાનને ઠેસ ન પહોંચે તેનું ધ્યાન રાખવું ખૂબ જ જરૂરી છે. જયારે તેઓ કાંઈ ખોટું કરે ત્યારે તકેદારી રાખીને તેમને જણાવજે કે તેમનું વર્તન ખરાબ હતું – તેઓ ખરાબ ન હતાં. તારે તેમને બિનશરતી પ્રેમ આપવો આવશ્યક છે, અને તેમને જણાવવું આવશ્યક છે, કે ભલે તેઓ ગમે તે કરે, તું તેમને હંમેશા અત્યંત પ્રેમ કરતી રહીશ. આટલું કહયાં પછી મારે કહેવું જોઈએ કે અમુક નિયમો અને હદોનું પાલન કરાવવું જરૂરી છે. તારા બાળકોને સમજાઈ જવું જોઈએ કે જયારે તેઓ હદથી બહાર જશે, ત્યારે તેમને શીસ્તબધ્ધ કરાવવામાં આવશે.”

“સમજી શકાય તેવી વાત છે, જુલિયન, વાત સાચી છે, કે બાળકોનું સ્વમાન અત્યંત નાજુક હોય છે. તેઓ નાના હોય, ત્યારે સાંભળેલાં શબ્દો તેમને ભવિષ્યમાં વર્ષો સુધી યાદ રહી જતાં હોય છે.”

“બરાબર. હું એમ પણ સૂચન કરીશ કે જયારે તું ગુસ્સામાં હોય, ત્યારે કદી પણ તારા બાળકોને શિક્ષા ન કરીશ.”

“એમ?” આ ગર્ભિત સલાહથી મને ખરેખર આશ્ચર્ય થયું.

“હા. શિક્ષા કરવાનો મુળ હેતુ એ છે, કે બાળક પોતાની શકિતઓ વધુ યોગ્ય રીતે વાપરે. મા-બાપની હતાશાને બહાર લાવવાનું એક માધ્યમ તે કદી ન બનવું જોઈએ. તારા માનસિક તણાવને હળવો કરવાનાં એક સાધન તરીકે તેનો કદી ઉપયોગ ન કરતી. જયારે તારૂં બાળક કંઈક ખોટું કરે, અને તું તેના ઉપર તારો ગુસ્સો ઉતારે ત્યારે તને જરા સારૂં તો લાગે પણ શિક્ષા કરવાનું બચાવી રાખ – અને તારા બાળકના ચારિત્ર ઘડતરનાં એક સાધન તરીકે તેનું માન રાખ. એમ કરીશ, તો જ તું ઈચ્છે છે તેવું પરિણામ આવશે.”

“અને છેલ્લી શીસ્તબધ્ધ તાલીમ, વ્યકિતગત મહાનતાની ચોથી શીસ્તબધ્ધ તાલીમ છે, સદ્‌ભાવનાપૂર્વક આપતાં રહેવું. આ તારા બાળકોને છુટા હાથે, અને ખુલ્લા દિલથી આપવાનું મહત્વ શીખવવા બાબતની વાત છે. યાદ રાખજે. જે હાથ આપતો રહે છે, તે હાથ એકઠું કરતો રહે છે. અને મેળવવાની પ્રક્રિયા આપવાથી શરૂ થતી હોય છે. જે વ્યકિત સૌથી વધુ આપે છે, તે જીતી જાય છે. આ માનવ જીવનનું એક એવું સનાતન સત્ય છે, જેને આપણે ઘણીવાર ભૂલી જતાં હોઈએ છીએ. પોર્ટર અને સરિતાને સદૈવ મદદરૂપ થવાનું મહત્વ સમજાવ, અને જે લોકો દુનિયામાં કંઈ પણ સારૂં કરતાં હોય, તેમની કદર કરતાં શીખવાડ. જે વ્યકિત નિયમિત રીતે પ્રશંસાને પાત્ર બનતી હોય, તેને પ્રશંસારૂપી પુરસ્કાર આપવાની રીત અપનાવ. જયારે તું તારા બાળકો સાથે કોઈ મિત્રનાં ઘરે જાય, ત્યારે હંમેશા કોઈ ભેટ લેતી જા. તેથી બાળકોને તેમ કરવાની ટેવ પડશે. તે ભેટ બહુ મૂલ્યવાન હોવી જરૂરી નથી. તેની પાછળની ભાવના ખરેખર મહત્વની છે. તે ભેટ કદાચિત તારા ઘરનાં પાછલા વાડામાંથી એકાદ ફુલની હોઈ શકે, અથવા તો બાળકોએ નકામાં કાગળમાંથી બનાવેલું કોઈ સુંદર કાર્ડની પણ હોઈ શકે. તે ભેટ એક ઉષ્માપૂર્ણ આલિંગન અથવા તો એક ખુલ્લા દિલનુ સ્મિત પણ હોઈ શકે. થોડા જ સમયમાં બાળકો આપતા શીખી જશે. બીજાઓની સાથે વહેંચીને માણવાનુ કેટલું સારૂં લાગે છે, તે તેઓ સમજી શકશે. તેઓ પોતાની અંદર રહેલી ઉદાત્ત ભાવનાને ઓળખી શકશે અને તેમ કરતાં કરતાં ખૂબ જ વિકાસ કરશે. હંમેશા દયાળુ અને દાતાર બનવાનુ કેટલું બધું અસરકારક છે, તે જયારે તેઓ સમજશે, ત્યારે તેઓ જીંદગી વિશે એક અત્યંત મહત્વનો પાઠ શીખ્યાં ગણાશે.”

“આભાર, મોટા ભાઈ. હું તને ખૂબ પ્રેમ કરૂં છું.”

“હું પણ તને ખૂબ પ્રેમ કરૂં છું, કેથરીન. અરે હા, હુ ભૂલી જાઉં તે પહેલાં, તારા માટે હું ખાસ

એક ભેટ લાવ્યો છું.”

જુલિયને પોતાનાં પેન્ટના ખિસ્સામાં હાથ નાંખ્યો, અને તેમાંથી રાઈનાં ડાઘાવાળો એક નેપકીન કાઢયો.

“મને ખબર છે, કે આ દેખાવમાં બહુ સારો નથી, પણ તેનાં ઉપર મેં લખેલાં શબ્દોને સુવર્ણની તોલે જોખી શકાય તેવા છે. મને લાગે છે કે તું આ શબ્દોને કોઈ તકતી ઉપર કોતરાવીને ઘરમાં કોઈ એવી જગ્યાએ ટાંગ જયાં બધા તેને વાંચી શકે. હું તને તે વાંચી સંભળાવું” જુલિયને લાગણીશીલ થઈ જતાં પૂછયું. તેની આંખોમાં આંસુ છલકાઈ આવ્યાં.

“પ્લીઝ વાંચ.” મેં પ્રેમથી કહયું.

“મને ખબર નથી કે આ શબ્દો મારા મનમાં શા માટે રમ્યા કરે છે. તેણે મારા મન ઉપર ખૂબ જ ઉંડી અસર કરી છે. તે શબ્દોમાંથી મને માર્ગદર્શન મળતુ રહે છે. મને લાગે છે કે હું જે જાતનું જીવન જીવવા માંગુ છું, તેનુ સત્વ તેમાં સમાયેલું છે, અને હું જે જાતની વ્યકિત બનવા માંગુ છું, તેને અનુલક્ષીને છે.” પછી જુલિયને તે શબ્દો વાંચ્યાઃ તે વિલિયમ પેનનું એક અનુસરણ હતું.

“જીંદગીની આ રાહ પરથી હું માત્ર એક જ વાર પસાર થઈશ. એટલે મારા સમકાલિન વ્યકિત પ્રત્યે જો હું કોઈ કરૂણા દાખવી શકું, તેમને માટે કંઈ સારૂં કરી શકું, તો મારે તે હમણાં જ કરવું રહયું. અને હું તેને મુલત્વી ન રાખું કે તેની અવગણના ન કરૂં. કારણ કે આ રસ્તેથી હું ફરીવાર પસાર થવાનો નથી.”

જુલિયન અને હું હાથમાં હાથ નાંખીને મ્યુઝિયમમાંથી બહાર આવ્યાં ત્યારે ઝરમર ઝરમર વરસાદની શરૂઆત થઈ.

“ભારતમાં ઝરમર ઝરમર વારસાદને સારા શુકન ગણાય છે.” જુલિયને એટલાં ધીમે સાદે કહયું કે હું તેને માંડ સાંભળી શકી. પછી તેણે ઉંચે આકાશ તરફ જોયું અને વરસાદનાં છાંટણાઓ તેનાં મુખ ઉપરથી ઉડીને આમતેમ નાચી રહયાં. ત્યારબાદ આંખો મીચીને એક વિશાળ સ્મિત સાથે એક પળ થંભી જુલિયન એટલા મોટા સાદે બોલી ઉઠયો કે આજુબાજુ ચાલતા લોકો થંભી ગયા. “જીંદગીનો આ ખરેખર ઉત્તમ સમય છે.”

આગેવાની વિશેનાં મહત્વનાં બોધપાઠ ભરેલું મન હોવાથી, અને આ પહેલાં કદી ન હતું તેટલું ખુલ્લુ દિલ હોવાથી હું તેની સાથે સાવ સહમત થયા વિના રહી ન શકી.

પરિવારનાં આગેવાનની ચોથી નિપુણતા

ઉત્તમ માતા-પિતા બનવા માટે ઉત્તમ વ્યકિત બનો.

જીંદગી નાટક જેવી છે. તેની લંબાઈ કરતાં તેમાં કરવામાં આવેલ અભિનયની ગુણવત્તા વધારે મહત્વની હોય છે.

સેનેકા

દુનિયમાં માત્ર તેટલાં જ શેતાનો છે, જેટલાં આપણાં મનોમાં દોડી રહ્યાં છે. જંગ ત્યાં લડવો જોઈએ.

મહાત્મા ગાંધી

તે સંદેશો ખૂબ જ વિચિત્ર હતો. મિસ વિલિયમસન, મારા એકાંતપ્રિય પાડોશી, જેમણે પોતાનં ઘરમાં ચૌદ બિલાડીઓ પાળી હતી, અને જેને માટે મેં મજાકમાં કહયું હતું કે તેઓ જુલિયનનાં પ્રેમમાં પડી ગયાં હતાં, તેમણે મારા વોઈસ બોકસમાં સંદેશો મુકયો હતો કે હું તેમનાં ઘરનાં પાછલા બગીચામાં તેમને મળું. તેનાંથી પણ વધુ વિચિત્ર વાત એ હતી, કે તેમણે મને ત્યાં બીજે દિવસે સવારે પાંચ વાગે બોલાવી હતી. “મારો વિશ્વાસ રાખજે, કેથરીન. ત્યાં ટમેટાનાં કયારા પાસે જ તારા માટે એક ભેટ રાહ જોઈ રહી છે.” તેમણે પોતાનાં તીણાં અવાજમાં કહયું હતું.

હવે મારે કહેવું પડશે, કે મિસ વિલિયમસનને વિલક્ષણ વર્તનવાળા કહેવું તે તેમનાં પ્રતિ અન્યાયપૂર્ણ ગણાય. તેઓ મારી ઓળખાણનાં સૌથી અસાધારણ વ્યકિતઓમાંના એક હતાં. તેઓ જે રીતે જીવતાં હતાં તે રીતે તેઓ શા માટે જીવતાં હતાં તે હું કદી સમજી શકી ન હતી, પણ તેઓ એક સંનિષ્ઠ પાડોશી હતાં, અને જયારે જયારે હું તે બાજુથી પસાર થાઉં ત્યારે મને સ્મિત આપતાં. એટલે મેં તેમને વળતો ફોન કરીને જણાવ્યું કે તેમણે કહયો હતો તે સમયે હું ત્યાં ખુશીથી આવીશ.

બીજે દિવસે સવારે નાહીને અને જોન તથા બાળકોને હળવું ચુંબન કરીને હું ઘરનાં બાજુનાં દરવાજામાંથી હળવેકથી બહાર આવી. રસ્તો ઓળંગીને હું મિસ વિલિયમસનનાં ઘરનાં પ્રાંગણમાં આવેલી લોન પર પહોંચી ત્યારે ત્યાં વાવેલાં નાના છોડ પાછળથી ત્રણ બિલાડીઓએ મારા પર કુદીને મારો લગભગ જીવ ઉડાડી દીધો. ચમકી જવાને કારણે ફફડી ઉઠેલ હૈયે હું થોડી પળો ત્યાં જ થંભી ગઈ. પછી તરત જ મારી જાત પર કાબુ મેળવીને હું ઘરના પાછલા વાડામાં ગઈ ત્યાં એક મોટો બગીચો હતો, જેમાં મિસ વિલિયમસન પોતાનો મોટાભાગનો સમય ગાળતાં. ત્યાં મેં જે જોયું તે મારા માન્યામાં જ આવતુ ન હતું.

બરાબર ટમેટાનાં કયારાની બાજુમાં જ એક વિશાળ કદ ચાડિયો હતો, જે છ ફુટથી પણ વધુ ઉંચો હતો. તેને એક ઝાલરવાળું વસ્ત્ર પહેરાવવામાં આવ્યું હતું જે મને લાગે છે કે મિસ વિલિયમસને કોઈ ગેરેજ સેલમાંથી ખરીદયું હશે. આ ચાડિયો, જોન, હું, અને બાળકો ડિસ્કવરી ચેનલ પર જે યોગ મુદ્રાઓ જોતાં, તેવી કોઈ વિચિત્ર યોગમુદ્રામાં ઉભો કરવામાં આવ્યો હતો. એટલી જ ન સમજી શકાય તેવી બીજી વાત એ હતી, કે તે ચાડિયાનાં શરીરથી મિસ વિલિયમસનનાં પાછલા પોર્ચ સુધી એક લાંબો બેનર ટાંગવામાં આવ્યો હતો. ઉગતા સૂર્યનાં કિરણોમાં તે પ્લાસ્ટિકનાં બેનર ઉપર લાલ શબ્દોમાં લખાયેલું માર્ક ટવેઈનનું એક અવતરણ ઉડીને આંખે વળગતું હતું. તે અવતરણમાં માત્ર આટલું જ લખ્યું હતું.

"જો બધા જ પોતાની જાતથી સંતુષ્ટ હોત, તો દુનિયામાં કોઈ આદર્શ વીરો જ ન હોત."

અને પરોઢિયાની શાંતિ ભંગ કરી રહયું હતું સંગીત. કોઈએ સુયોગ્ય સ્થળ ગણીને બાજુનાં પિકનિક ટેબલ ઉપર ગોઠવેલી મ્યુઝિક સીસ્ટમમાંથી જોરથી સંગીત વાગી રહયું હતું. ગીતને ઓળખવું જરાય મુશ્કેલ ન હતું. તે હતું મહાન લુઈ આર્મસ્ટ્રોંગનું 'વોટ અ વંડરફુલ વર્લ્ડ' (કેવી અદ્‌ભૂત દુનિયા). આ અદ્‌ભૂત દ્રશ્યની સકારાત્મક ઉર્જા માણતી હું ત્યાં જ સ્તંભી ગઈ. આ બધું શું ચાલી રહયું હતું તેની મને જરાય કલ્પના ન હતી. મને જરાય ખ્યાલ ન હતો કે મને અહીં શા માટે બોલાવવામાં આવી હતી, અને સાચું કહુ તો મને તેની જરાય પરવા પણ ન હતી. જયારથી જુલિયન પાછો આવ્યો હતો, ત્યારથી મારા જીવનમાં કંઈક ને કંઈક ચમત્કારિક બની રહયું હતું, અને આ વાત દરરોજ મારા ધ્યાનમાં આવવાથી હું અત્યંત ખુશ હતી. મને ખબર હતી કે આ અનુભવો મારા પૌત્ર-પૌત્રીઓને કહેવા માટેની અદ્‌ભૂત વાતો બની રહેશે.

"મિસ વિલિયમસન, તમે કયાં છો?" લુઈનાં ગીતનાં સુરો ઉપરથી મારો અવાજ તેમને પહોંચે તેવા ઉંચા સાદે મેં પુછયું.

કાંઈ જ જવાબ ન મળ્યો એટલે મેં ફરીવાર પ્રયત્ન કર્યો.

"હેલ્લો! મિસ વિલિયમસન. તમે આટલામાં કયાંય છો? ફરીથી કાંઈ જ જવાબ નહીં. માત્ર લુઈ પોતાનાં ગીતની છેલ્લી પંકિત ગાઈ રહયો હતો. "અને મેં મારી જાતને કહયું... કેવી અદ્‌દ્‌દ્‌દ્‌ભૂત દુ..નિ..યા..યા..યા.." અંતે બગીચામાં શાંતિ છવાઈ. હું ટમેટાના કયારા અને હસવું આવે તેવા કપડા પહેરેલા ચાડિયા તરફ આગળ વધી. અચાનક જ એક ઉંડો, ઘેરો અવાજ ગાઈ ઉઠયો. 'હું મારી જાતને કહું છું..... આ દુનિયા અદ્‌ભૂત છે' મેં આજુબાજુ જોયું પણ મને કોઈ દેખાયું નહીં. હું બગીચાની પગદંડી ઉપર ચાલતી રહી, એવામાં તે અવાજ મને ફરીથી સંભળાયો. 'અદ્‌ભૂત દુનિયા!' આ વખતે માત્ર તેટલાં જ શબ્દો ગુંજી ઉઠયાં. "આ બધું કદાચ મિસ વિલિયમસન મને જે ભેટ આપવાની વાત કરી રહયાં હતાં, તેનાં સંદર્ભમાં હશે." હું વિચારી રહી.

જેમ જેમ હું તેની નજીક પહોંચતી ગઈ, તેમ તેમ 'અદ્‌ભૂત' શબ્દ મને ચાડિયાનાં મોંમાંથી આવી રહયો હોય, તેમ લાગ્યું. પણ તેનાં હોઠ અને આખું મુખ તથા માથું એક કાળા કપડાથી ઢંકાયેલા હતાં. આ આખા નાટક ઉપર જુલિયનના નામની મહોર હતી, પણ મને ખબર હતી કે તે અહીં નહોતો. તે એક અઠવાડિયા માટે સ્વવિકાસ વિશેની સાધના શિબિરમાં ભાગ લેવા કનેકટીકટ ગયો હતો.

અમે તેને વિમાન મથકે મુકવા ગયાં, ત્યારે તેણે અમને હયું હતું કે "મારે મારા અંતરનાં હજુ પણ વધારે ઉંડાણમાં જવાની જરૂર છે."

હું ચાડિયા પાસે પહોંચી તેવામાં મ્યુઝિક સિસ્ટમમાંથી શબ્દો ગુંજી ઉઠયાં. 'જો બધા જ

પોતાની' જાતથી સંતુષ્ટ હોત, તો દુનિયામાં કોઈ આદર્શ વીરો જ ન હોત' હું જરા ડરી ગઈ. આ બધું કોનું કારસ્તાન હતું અને મને આમાં શા માટે સંડોવવામાં આવી હતી?

અચાનક તે ચાડિયો હલવા લાગ્યો. શરૂઆતમાં ધીરે ધીરે, અને ત્યારબાદ તે પોતાનાં હાથ પગ જોરથી હલાવવા લાગ્યો. થોડી જ વારમાં તે ટમેટાનાં કયારામાં ફુદરડી ફરતાં દરવીશોની જેમ તીવ્ર ગતિથી ફુદરડીઓ ફરવા લાગ્યો, પછી તેને ચક્કર આવ્યાં હોય તેમ તે જમીન ઉપર પડી ગયો, અને ત્યાં જ પડી રહયો. અને પછી તે હસવા લાગ્યો... અને હસતો ગયો... અને હસતો જ ગયો.

એ વાત સ્પષ્ટ હતી કે ચાડિયાનાં વેશમાં કોઈ માણસ હતો, અને એ પણ સ્પષ્ટ હતુ કે તે માણસને હું ઓળખતી હતી. મેં વાંકા વળીને તેનાં મોઢાં ઉપરનું કપડું ખેંચી લીધું અને ધાર્યા પ્રમાણે કારસ્તાનોનો શાહજાદો ફરીથી ત્રાટકયો હતો.

"મને એમ કે તું કનેકટીકટમાં તારી આંતરિક ઉંચાઈઓ સાથે એકાત્મતા સાધી રહયો છે?" મેં કૃત્રિમ ગુસ્સો કરતાં કહયું. મને બરાબર ખ્યાલ હતો કે હું મારૂં હસવું ખાળી શકતી ન હતી. "આવા દ્રશ્યો ખડા કરી ડરથી મારો જીવ ઉડાડી દેવા સિવાય તને બીજો કોઈ કામધંધો નથી કે શું?"

"આવા ટિખળો કરવાની મને બહુ મજા આવે છે, નાનકડી બહેન. રોજ સવારે પરોઢિયે ઉઠી જતાં હોઈએ ત્યારે ઘણીવાર થોડું એકલવાયું લાગતુ હોય છે."

"એ બધું તો ઠીક, પણ આ શું બોધપાઠ છે, તે મને કહીશ? આવા બધા ટિખળોમાં તું બિચારા મિસ વિલિયમસનને સંડોવે તે હું માની શકતી નથી.તેઓ તો લગભગ નેવુ વર્ષનાં છે, ખબર છે ને?"

"તેમને આ આઈડિયા ખૂબ જ ગમ્યો. તેમને લાગે છે કે હું ખૂબ જ ગમ્મતી માણસ છુ:" જુલિયને મિસ વિલિયમસનનાં બીજા માળનાં બેડરૂમની બાલ્કની તરફ ઉંચે જોતાં કહયું.

"હાઈ જુલિયન!" તેઓ હજી હાઉસકોટમાં જ સજજ હતાં અને છજાની પાળીને ટેકે ઉભા રહી હસતાં હસતાં તેઓ બોલી ઉઠયાં. "વાહ! તું ખરેખર સરસ છે. આવી સરસ ગમ્મત મેં ઘણાં વખતે જોઈ. કેથરીન સાથે વાત પતાવ્યા પછી ચા પીવા અંદર આવો. ભારતનાં તારા સાહસોની વધુ વાતો સાંભળવાનુ મને બહુ મન છે. ટા,ટા, સોહામણા!" મેં પહેલાં કદી સાંભળ્યો ન હતો તેવા માદકતાભર્યા અવાજમાં તેમણે કહયું.

જુલિયને માત્ર મારી સામે આંખ મિચકારી ".

"હજી પણ તેઓ ખૂબ જ મોહક છે." મેં ટિપ્પણી કરી.

"એય! તેઓ ખૂબ જ સુંદર છે અને એટલું જ નહીં, તેઓ બનાવે છે તેટલી સ્વાદિષ્ટ કેમોમાઈલ ચા મેં આ પહેલાં કદી ચાખી નથી."

"પણ ખરેખર" મેં કહયું. "મને તો એમ કે તું શિબિરમાં છે. તું પાછો કેમ આવ્યો?"

"મને ખબર છે કે મેં જરા બાલિશ વર્તન કર્યું છે, કેથરીન, અને તેમાટે હું માફી ચાહું છું. પણ મારા અંતરાત્માએ મને કહયું કે પરિવારનાં આગેવાનની ચોથી નિપુણતા વિશે વાત કરવામાં મોડુ કરવા કરતાં તે વહેલી જ કરવી સારી. સિવાનાનાં સંતો સાથે સમય વિતાવ્યા બાદ તેઓ જેને 'અંતર્નાદ' કહેતાં, તે પ્રત્યે હું ઘણો વધારે સજાગ બન્યો છું."

"જો જુલિયન.આવું બધું અષ્ટમ્પષ્ટમ્ મને ન સમજાવ."

હું જે રીતે ઉકળી ઉઠી તેની મને પણ નવાઈ લાગી. પણ તેનું કારણ આ મારા માટે

અસ્વાભાવિક રીતે વહેલો કાળ હતો, તેમ મને લાગ્યું.

“હું બિલ્કુલ ગંભીરતાપૂર્વક કહી રહ્યો છું. આપણાં જીવનની બધી જ પરિસ્થિતિઓમાં સત્ય શોધી કાઢવાની ક્ષમતા આપણાં બધામાં રહેલી હોય છે. આપણાં અંતરાત્મા સાથે સંપર્ક સાધવા આપણે જયારે આવશ્યક એવી બધી જ સાધનાઓ કરી ચુકીએ, ત્યારે આ શક્તિ જેને મોટાભાગનાં લોકો અંર્તજ્ઞાન કહે છે, તે અત્યંત સ્પષ્ટ બને છે. મારા અંર્તજ્ઞાને મને કહ્યું કે એક અઠવાડિયાનાં ધ્યાન અને વ્યકિતગત વિકાસની મને જેટલી જરૂરત છે. તેનાં કરતાં મારે તને ચોથી નિપુણતા વિશે જે કહેવાનું છે, તે સાંભળવાની તને વધારે જરૂરત છે. અને એટલે જ હું અહીં આવ્યો છું. તારી સેવામાં હાજર.” એક સેવક પોતાનાં શેઠને કુર્નિશ બજાવે તેમ વાંકા વળતાં જુલિયને કહ્યું.

“અને આ બધી ‘જો બધા પોતાની જાતથી સંતુષ્ટ હોત તો દુનિયમાં કોઈ આદર્શ વીરો જ ન હોત’ ની બાબત સાથે મારે શું નિસ્બત છે એ તો કહે!”

“તારે પૂરેપૂરી નિસ્બત છે, કેથરીન. આપણે આ બગીચામાં છીએ, તેની સાથે તારે પૂરેપૂરી નિસ્બત છે.

મિ. આર્મસ્ટ્રોગનું ગીત વગાડવાનું મેં આયોજન કર્યું, તે બાબતની સાથે તારે પૂરેપૂરી નિસ્બત છે.”

“મુદ્દાની વાત પર આવ, મોટાભાઈ,” મેં આગ્રહ રાખ્યો.

“પરિવારનાં આગેવાનની ચોથી નિપુણતા તમે જે બની શકવાને કાબેલ હો, તેવા બનવા બાબતની છે. તે બાબત તમારી સર્વોત્તમ ક્ષમતા પામી તમારી શારીરિક, માનસિક અને આધ્યાત્મિક ઉત્કૃષ્ટતા સાધવા બાબતની છે, જેથી કરીને તમે તમારા પરિવારનાં મહાન આગેવાન બની શકો. તે વાત છે, તમારા એક આદર્શ વીર બનવા બાબતની” જુલિયને મૃદુતાથી કહયું.

“પરિવારનાં આગેવાનની ચોથી નિપુણતા કઈ છે?” મેં સાલસતાથી પુછયું. જીવન વિશેનાં આ આગલા બોધપાઠમાં રસ પડવાથી મારો ‘મુડ’ સુધર્યો હતો.

“પ્રભાવશાળી જીવન વિશેનાં બધાં જ મહાન સિધ્ધાંતોની જેમ તેને પણ સરળ ભાષામાં વ્યકત કરી શકાય છે. ઉત્તમ માતા કે પિતા બનવા માટે તમારે એક ઉત્તમ વ્યકિત બનવું રહયું. આ નિપુણતા પોતાનાં પુર્નરુથ્થાન તથા નવચેતના પ્રાપ્ત કરવા વિશેની છે.”

“તેં છેલ્લા શબ્દો વાપર્યા તેનાંથી હું પરિચિત નથી.”

“સંશોધન અને વિકાસ માટે પૈસા ન વાપરે તેવા કોર્પોરેશન વિશે તું શું વિચાર?” તેનો સચોટ જવાબ મળ્યો.

“બહુ સારૂં નહીં. તેમાં હું મુડી રોકાણ કદી ન કરૂ.”

“બરાબર છે. હું પણ ન કરૂં”

“અરે! હવે એમ ન કહેતો કે તેં ફરીથી સ્ટોક માર્કેટમાં જંપલાવ્યુ છે. મને અખબારોની હેડ લાઈનો નજરે ચડી રહી છે. ‘કરોડપતિ વકીલ, જેઓ હવે આત્મજ્ઞાની સંત બની ચુકયાં છે, તેમણે માર્કેટમાં મોટો નફો કર્યો, અને તેમનાં આ વૈભવથી તેમણે એક ફેરારી કાર ખરીદી’ મેં હસતાં હસતાં કહયું.

“માર્કેટમાં નિવેષ કરવાનાં મારા દિવસો ગયા, પણ મારી પોતાની જાતમાં નિવેષ કરવાનાં દિવસો હાલમાં જ શરૂ થયાં છે. અને આ મારૂં સર્વોત્તમ મુડી રોકાણ છે. જે કંપની દૈનિક પ્રગતિ ઉપર ધ્યાન ન આપે તેમાં તું એક પૈસો ય ન રોકે. અને તે છતાં દુનિયાનાં મોટાભાગનાં લોકો

પોતાની જાતનો વિકાસ કરવા માટે મહીનામાં એક કલાક પણ ફાળવતાં નથી હોતા. એટલા માટે જ મને આ કહેવત બહુ ગમે છે કે 'જો બધા પોતાની જાતથી સંતુષ્ટ હોત, તો દુનિયામાં કોઈ આદર્શ વીરો જ ન હોત.'આ દુનિયામાં વ્યકિતગત, વ્યવસાયિક અથવા તો આધ્યાત્મિક રીતે આગળ વધી ઉન્નત જીવન જીવનારા લોકો તે હોય છે, જેઓ પોતાની જાતથી કદી સંતુષ્ટ નથી હોતા. તેઓ પોતાની ક્ષમતાઓને વધુને વધુ વિકસાવીને પોતાની જાતને વધુ શકિતશાળી, સમજદાર અને પ્રભાવશાળી બનાવતા હોય છે.

"પણ પોતાની જાત વિશે સંતુષ્ટ રહીને તમે જેવા છો તેવા જ તમારા વ્યકિતત્વ પ્રત્યે પ્રેમ રાખવા વિશેની વાતનાં કોઈ ફાયદાઓ નથી?"

"હું એમ કહેવા નથી માંગતો કે તમારૂં જેવું પણ વ્યકિતત્વ હોય, તેવા જ તમારા પોતાનાં પ્રત્યે તમે પ્રેમ ન રાખો. હું માત્ર એટલું જ કહેવા માંગુ છું કે આપણે આત્મસંતુષ્ટિનાં ફાંસલામાં ફસાઈ ન જવું જોઈએ. તેનાથી પણ વધારે મહત્વની વાત એ કહવા માંગુ છું કે આપણે પોતાનાં જીવનને અદ્‌ભૂત... ખરેખર અદ્‌ભૂત બનાવવા માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ." જુલિયને ભારપૂર્વક કહયું.

"ઓહ, હવે મને સમજાયુ કે તેં પેલું સંગીત શા માટે વગાડયું અને ગીત શા માટે ગાયું."

"હવે તારે ગળે વાત ઉતરી રહી છે." જુલિયને મારા ગાલને ચુમી લેતાં કહયું.

"પણ મને હજી એ નથી સમજાતું કે આપણે આ બગીચામાં શા માટે છીએ."

"બગીચો પોતાનાં પુનરુથ્થાન અને નવચેતના પ્રાપ્ત કરવાનાં વિચાર માટેનો એક બિલકુલ સુયોગ્ય રૂપક અર્થાલંકાર છે. કુદરત કાળજી, વિકાસ અને માવજતને કેવી રીતે પુરસ્કૃત કરે છે તેનું તે આદર્શ ઉદાહરણ છે. મિસ વિલિયમસન દિવસનો મોટો ભાગ અહીં શાકભાજીનાં છોડોની સારસંભાળ રાખવામાં ગાળે છે, કે જેથી કરીને તેમને સારી રીતે ઉગવા માટેનું ઉત્તમ વાતાવરણ મળી રહે. તેઓ જેવું વાવે છે તેવું લણે છે. તેઓ આ કાર્ય માટે ખૂબ જ સમય ફાળવે છે, અને કુદરત તેમને મબલખ ફસલ આપે છે. માણસોની બાબતમાં પણ તેવું જ હોય છે. તમારા વ્યસ્ત જીવનમાંથી થોડો સમય વ્યકિતગત પુનરૂથ્થાન અને નવચેતનાનાં સંચાર માટે ફાળવવાથી તમે તમારા જીવનનાં બધાં જ ક્ષેત્રોમાંથી સકારાત્મક પરિણામો પ્રાપ્ત કરી શકશો."

"વ્યકિતગત પુનરૂથ્થાન એટલે ખરેખર શું, જુલિયન? શું તું સારો આહાર લેવો અને કસરત કરવા માટે સમય ફાળવો તેનાં વિશે વાત કરી રહયો છે?"

"તે, અને તેનાંથી ઘણું બધુ વધારે પણ." જુલિયન અટકયો, અને પછી મને પિકનિક ટેબલ પાસે દોરી ગયો. મારા માટે ટમેટાનાં રસનો એક ગ્લાસ ભરતાં ભરતાં તેણે ચોથી પારંગતતા વિશેનું પોતાનું વકતવ્ય ચાલુ રાખ્યું.

"તું જયારે પેલી કમનસીબ વિમાનની સફરમાં હતી, તે યાદ છે?" "ખેદપૂર્વક કહેવું પડશે કે મને યાદ છે." મેં હળવેકથી કહયું.

"તે ઉડાનના ફલાઈટ એટેંડંટોએ (ઉડયન કર્મચારીઓએ) તમને શું સૂચના આપી હતી, તે યાદ કર"

"હા, તેમણે અમને શાંત રહેવાં કહયું, અમને ગભરાઈ ન જવા કહયું અને અમારા ડોકાં ઘુંટણ ઉપર રાખવા કહયું."

"તેમણે પ્રાણવાયુના મહોરાં (ઓકસીજન માસ્ક) વિશે શું કહયું હતું?"

"હું જયારે પણ વિમાનની સફર કરૂં ત્યારે કર્મચારીઓ અમને એક જ પ્રકારની સૂચના આપે

છે."

"અને તે છે?"

"ખાસ તો એ, કે બીજાઓને તેમનાં મહોરાંઓ પહેરવામાં મદદ કરતાં પહેલાં આપણે પોતાનું મહોરૂં બરાબર પહેરી લીધું છે કે નહી તેની ચોકસાઈ કરી લેવી."

"બિલકુલ સાચો જવાબ." જુલિયન મારા જવાબથી ખુશ થયો. પરિવારનાં આગેવનની ચોથી નિપુણતા અને પોતાનાં પુનરૂત્થાનનો સિધ્ધાંત બિલકુલ તે જ વાત વિશેનો છે."

"હું હજી બરાબર સમજી શકી નથી." મેં રસનો ઘુટડો લેતાં લેતાં કબુલ્યું.

"બીજાને મદદ કરતાં પહેલાં તમારે પોતાની જાતને મદદ કરવી રહી. સારા મા-બાપ બનતા પહેલાં તમારે સારા વ્યકિત બનવું રહયું. તમારા પરિવારનો ઉત્તમ રીતે સંચાલન કરતા પહેલાં તમારે પોતાની જાતનું ઉત્તમ સંચાલન કરવું રહયું. હું એમ કહેવા માંગુ છું કે બાહ્ય નેતૃત્વની શરૂઆત આંતરિક નેતૃત્વ કરવાથી થાય છે."

"તે વાત સાથે હું સાવ સહમત છું." મેં કહયું.

"જયા્ સુધી તું ઉન્નત વિચારો ન કરે, ત્યાં સુધી તું તારા બાળકો સાથે ઉન્નત કાર્યો ન કરી શકે." જુલિયન ઉત્સાહમાં આવીને બેપટીસ્ટ ધર્મગુરૂઓ (પાદરીઓ)ની જેમ ઉપદેશ વરસાવી રહયો હતો.

"સાચી વાત." હું ગાઈ ઉઠી.

"જો તને પોતાને સારૂં ન લાગતું હોય, તો તું સારૂં કાર્ય ન કરી શકે."

"ફરીથી સાચી વાત." મેં ડોકું ધુણાવ્યું.

"અને જો તું પોતાની જાતને પ્રેમ ન કરી શકે, તો તું તારા બાળકોને પણ પ્રેમ ન કશી શકે." જુલિયને રાગડો તાણ્યો.

હું સાવ ચુપ થઈ ગઈ. તેનું છેલ્લું વાકય મારા હૈયા સોંસરૂં ઉતરી ગયું, અને મારી આંખોમાં આંસુ આવી ગયાં. જુલિયનની ડહાપણભરી વાત મારા અંતઃકરણમાં ઉંડે ઉતરી ગઈ. તેણે કેટલી સચોટ વાત કરી હતી. જયાં સુધી હું મારી પોતાની જાત પ્રત્યેનો પ્રેમ શું હોય તે જાણી ન લઉ ત્યાં સુધી હું જોન અને બાળકોને સાચો પ્રેમ કેવી રીતે આપી શકું? એક વ્યકિત જો પોતાની જાતને પ્રેમ ન કરી શકે, તો તે બીજાઓ ને કેવી રીતે પ્રેમ કરી શકે? મારો ભાઈ મને એમ સમજાવી રહયો હતો કે પોર્ટર અને સરિતાને યોગ્ય માતા બનતા પહેલાં મારે વ્યકિતગત વિકાસ પ્રત્યે ધ્યાન દેવું પડશે, અને આંતરિક સુઝથી બાહય નેતૃત્વ દાખવવું પડશે.

"ભલે, જુલિયન. તો મારી જાતનું પુનરૂથ્થાન કરી એક વધુ સારી, સમજદાર અને સંપૂર્ણ વ્યકિત બનવા માટે મારે શું કરવાનું રહેશે?"

"એક રસ્તો એ છે, કે વહેલી શરૂઆત કરવી." તરત જ જવાબ મળ્યો.

"મહેરબાની કરીને સમજાવ."

"તારે જો સારાં વ્યકિત બનવું હોય, તો મારૂં સૂચન એ છે, કે તું આજની જેમ પાંચ વાગ્યાની કલબમાં જોડાઈ જા."

"તું મને રોજ સવારે પાંચ વાગે ઉઠી જવાનું કહે છે? તું ગાંડો થઈ ગયો છે કે શું?" હું બોલી ઉઠી.

"પેલા સંતો તો ચાર વાગે ઉઠતાં. તું પાંચ વાગે ઉઠીશ તો ચાલશે, કેથરીન. પલંગનો જંગ જીતીને, મનને સુંવાળી ગાદીથી વધુ મજબુત કરીને જો તું સવારે વહેલી ઉઠી જઈશ, તો તારી

જીંદગીમાંથી તું ઘણું વધારે જીવન પ્રાપ્ત કરી શકીશ. પાંચ વાગે ઉઠી જવાથી તું માનસિક રીતે એક અગ્રતાની લાગણી અનુભવીશ. બાકીની દુનિયા હજી સૂતી હોય, ત્યારે તું ઉઠીને એ બધું કરતી હોઈશ, જે આખી દુનિયા જાણતી હોય છે કે એક ઉન્નત જીવન બનાવવા માટે કરવું મહત્વનું છે, પણ તે કરી શકવા માટે તેમને કદી સમય નથી મળતો હોતો."

"જેવું કે?"

"જેવું કે સુર્યોદય નિહાળવો. વનમાં ફરવા જવું. ઉત્તમ પુસ્તકો વાંચવા. મેં પહેલાં કહયું હતું તેમ દરરોજ થોડું વાંચવાથી તારી જીંદગી બદલાઈ જશે. દિવસની શરૂઆતમાં જ લગભગ ૩૦ મિનિટ પ્રેરણાદાયક ઉત્તમ પુસ્તકો વાંચવાથી તારા દિવસની બાકીની બધી પળો તે જ્ઞાનથી ભરેલી હશે, જે બીજા લોકો ઉંઘી રહયાં હતાં, ત્યારે તેં સંપાદન કર્યુ હતું. વહેલાં ઉઠી જવાથી તારા બાળકો સાથેનાં વ્યવહારમાં સુધારો થશે. તારા કર્મચારીઓ સાથેનાં તારા સંબંધોમાં સુધારો થશે. બિલ્કુલ અજાણી વ્યકિતઓ પ્રત્યે પણ તું વધારે કરૂણાપૂર્ણ બનીશ. જયુડાહ-ઈબી-ટિબ્બને જે ડહાપણભરી વાત કરી હતી તેમ 'તારા પુસ્તકોને તારા સાથીઓ બનાવ. તેનાં કબાટો અને અભેરાઈઓને તારા ખેલકુદનાં મેદાનો અને બાગબગીચાઓ બનાવ."

"શકિતશાળી વિધાન."

"કલ્પના કર. તારી બાકીની જીંદગીમાં તને દરરોજ સવારે એકાદ બે કલાક વધારાનાં મળી રહેશે. તારી આંતરિક પ્રગતિ માટે તે કલાકો ફાળવ અને તારા જીવનને એક નવા જ સ્તર ઉપર ઉન્નત થતું નિહાળ. તે સમય ધ્યાન કરવામાં અથવા તો તારા આદર્શ દિવસ કે આદર્શ જીવનનું માનસચિત્ર ખડું કરવામાં ગાળ. તારા આત્માને શાંતિ મળે તેવું સંગીત સાંભળ અથવા તો આપણાં પ્રિય મિત્ર મિસ વિલિયમસન કરે છે, તેમ બગીચો ઉગાડીને નિર્સગ સાથે અનુસંધાન જોડ. હકીકતમાં તો તેમણે મને ગઈકાલે જ કહયું હતું કે તેઓ છેલ્લાં સિત્તેર વર્ષોથી રોજ સવારે પાંચ વાગે ઉઠી જાય છે, અને તેમણે પોતાની જીંદગીમાં પાડેલી ટેવોમાંની આ સૌથી ઉત્તમ ટેવ છે."

"મને આ વાતની ખબર જ ન હતી."

"કેથરીન, આ દુનિયામાં બધાં જ – મારો મતલબ છે કે દરેકે દરેક વ્યકિત પાસે કહેવા લાયક કોઈને કોઈ કહાની હોય છે. શીખવા લાયક કોઈ બોધ હોય છે. તકલીફની વાત એ છે, કે આપણામાંનાં મોટા ભાગનાં લોકો એટલાં વ્યસ્ત હોય છે, કે આપણી આજુબાજુનાં વ્યકિતઓ પાસેથી શિખવાનો આપણે સમય જ નથી કાઢતાં. હું તારો વાંક નથી કાઢતો, નાની બહેન. તારો પોતાનો એક વ્યસ્ત વ્યવસાય છે, અને એક સુંદર કુટુંબ છે, જે તારૂં ધ્યાન માગી લે છે. હું તને માત્ર એટલું જ યાદ અપાવુ છું કે સુંદર જીવન સુંદર સંબંધોને કારણે બને છે. જો તારે જીવનમાં વધુ સુખી થવું હોય, તો તારી આજુબાજુનાં લોકો સાથે વધુ સારા સંબંધો કેળવ અને તારી ખુશીને વધતી જતી અનુભવ કર. જીવનમાં સંતોષ વધુ સાધન સામગ્રીઓ વસાવવાથી નહીં, પણ વધુ પ્રેમની અનુભૂતિ કરવાથી પ્રાપ્ત થાય છે.

"સાવ સાચી વાત, જુલિયન. આ છેલ્લાં મહીનાઓ મારી જીંદગીનાં શ્રેષ્ઠ મહીનાઓ બની ગયાં છે. પોર્ટર અને સરિતા સાથે આટલી નિકટતા મેં આ પહેલાં કદી અનુભવી ન હતી. જોનનો આટલો પ્રેમ કદી પ્રાપ્ત કર્યો ન હતો. મારા કર્મચારીઓની આટલી પ્રશંસા કદી મેળવી ન હતી અને મારા જીવનમાં તારા અસ્તિત્વ માટેની આટલી કૃતજ્ઞતા મેં કદી અનુભવી ન હતી. મારે ઘણો લાંબો પંથ કાપવાનો છે, પણ મને ખબર છે કે હું સાચી દિશામાં થઈ રહી છું."

“તેમાં જરાય શંકાને સ્થાન નથી. તું જરૂર જઈ રહી છે.”

“તો મારી જાતનું પુનરૂત્થાન કરી વધુ સારી વ્યકિત બનવા માટે માર બીજું શું શું કરવાનું છે?”

“મંદિર ની કાળજી કરવા લાગ.?”

“આ કયા મંદિરની વાત છે?” મેં વિચારને વાણી આપી.

“તારૂં શરીર તારૂં મંદિર છે.”ચાડિયાનાં પહેરવેશનું છેલ્લું વસ્ત્ર ઉતારીને તેનાં ટ્રેડમાર્ક (વ્યાપારી પ્રતિક) સમો બની ચુકેલો તેનો મનોહર ઝભ્ભો પ્રદર્શિત કરતાં જુલિયને કહયું. “પ્રાચીન તત્વજ્ઞાનીઓની એક કહેવત હતી.”

“મેન્સ સાના ઈન કોર્પોરે સાનો.”

“તેનું ભાષાંતર તો કર. લેટીન ભાષાનું મારૂં જ્ઞાન પહેલા જેવું નથી રહ્યું” મેં આંખ મારતાં કહયું.

“તેનો અર્થ માત્ર એટલો જ છે કે તંદુરસ્ત શરીરમાં તંદુરસ્ત મન વસે છે. આ ડહાપણભર્યુ જ્ઞાન અત્યંત મહત્વનું છે, અને તે છતાં મોટાભાગનાં લોકો તે પ્રત્યે બેદરકાર રહે છે. તમારૂં શરીર ખરેખર તમારૂં મંદિર છે. તમારે તેને એક એવુ વાહન ગણવું જોઈએ કે જેનું વ્યવસ્થિત રીતે સન્માન અને કાળજી કરવાથી તે તમને જીવનનાં ઉચ્ચતમ શિખર સુધી પહોચાડી શકશે. પોતાનાં શરીર ઉપર કાબુ કરવાનો પ્રયત્ન કરવો પોતાનાં વ્યકિતત્વ ઉપર કાબુ પ્રાપ્ત કરવાનો ઉત્તમ રસ્તો છે.”

“એમ?”

“ચોકકસ. અઠવાડિયામાં પાંચ-છ વખત જીમમાં જવા માટે જે માનસિક શીસ્તની જરૂર પડે છે તેનો વિચાર કર. આપણી સુખદ શારીરિક સ્થિતિથી વધુ ખેંચાઈને કસરત કરવું કેટલું અઘરૂં હોય છે, તેનો વિચાર કર. કસરતનાં દરેક ગાળા દરમ્યાન થોડી વધુ મહેનત કરવાનો વિચાર માત્ર પણ કેટલો પડકારરૂપ લાગે છે, તેનો વિચાર કર. જયારે આપણે જયાં જઈએ ત્યાં વધુ સ્વાદિષ્ટ વાનગીઓ ધરવામાં આવતી હોય, ત્યારે દરરોજ માત્ર આરોગ્યદાયક કુદરતી વાનગીઓ ખાવા માટે અને પુરતા પ્રમાણમાં પાણી પીવા માટે મન પર આવશ્યક કાબુ રાખી શકવા વિશેનો વિચાર કર. પણ જો તારા વ્યકિત્વને પોતાની અંદર સમાવી રહેલાં તારા શરીરનું સન્માન કરવાની તારામાં હિંમત હોય, તો ‘સ્વ’ ઉપર કાબુ મેળવવો બહુ અઘરો નહીં રહે. જયારે તને કસરત કરવાનું જરાય મન ન હોય, તેવા દરેક દિવસે જયારે તું કસરત કરવા જીમમાં જા, ત્યારે તું એક વ્યકિત તરીકે વધુ શકિતશાળી બને છે. શિયાળાની ટાઢમાં દરેક દિવસે જયારે તને લાગે કે ગોદડામાં ભરાઈ રહેવાથી વધુ સારી બીજી કોઈ જગ્યા ન હોઈ શકે, ત્યારે જો તું ઉઠીને બહાર દોડવા નીકળી પડે, તો તું પોતાનું મનુષ્યત્વ થોડુ વધુ ખરૂં કરી બતાવે છે. શારીરિક સ્થિતિ સુધારવી તે તારા ચારિત્રને સુધારીને તારા જીવનની ગુણવત્તા વધારવાનો એક ઉત્તમ રસ્તો છે. આમ કરવાથી તું માત્ર એક વધુ સારી વ્યકિત જ નહીં, એક વધુ સારી માતા પણ બનીશ.”

“મને ખાત્રી નથી કે આ બન્ને વચ્ચેનાં સંબંધને હું બરાબર સમજી શકી છું. મોટા ભાઈ”

“નિયમિત કસરત કરવાથી, સુયોગ્ય આહાર લેવાથી અને નિરાંતની પળો માણીને તારા શરીરને આરોગ્યવાન બનાવવાથી તને વધુ સુખનો અનુભવ થશે. આ પહેલાં તારામાં કદી ન હતી તેવી સ્ફુર્તિ તું મેળવી શકીશ. આ બધા ફાયદાઓને લીધે તું પોર્ટર અને સરિતા માટે વધુ સારી માતા નહીં બને?” જુલિયને સામો સવાલ કર્યો.

“ચોકકસ.

’તને ભેટ તરીકે મળેલાં શરીરનું જતન કરવાથી તું વધુ સ્પષ્ટતાપર્વક અને વધુ ચોકકસ રીતે વિચારી શકીશ.અને અંતે તો તારી સૃષ્ટિ તારા વિચારોને લીધે જ ઘડાતી હોવાથી આ ફાયદો તારા માટે અમુલ્ય બની રહેશે.એક અઠવાડિયાનાં ૧૬૮ કલાકો હોય છે.આપણે બધા ભલે ગમે તેટલાં વ્યસ્ત હોઈએ, પણ તેમાંનાં ૪-૫ કલાક તો આપણે દરેકે દરેક વ્યકિત આપણી શારીરિક સ્થિતિને કાબુમાં રાખવા માટે જરૂર ફાળવી શકીએ.મને ખબર છે કે હમણાં હમણાં તેં કસરત કરવાનું શરૂ કર્યું છે,અને તારી પ્રગતિ માટે તને મારા અભિનંદન.પણ મારૂં એક એ સૂચન છે,કે તું હવે તેને આગલા સ્તર ઉપર લઈ જા.તારી શારીરિક ક્ષમતાને વધારક ઉત્તમ સ્થિતિમાં લાવવા માટે આનાથી પણ વધારો કટીબરુધ થા

“પણ મને એક વાત પૂછવા દે, જુલીયન. શું આપણાં શરીરને ઉત્તમ કક્ષાનું બનાવવા માટે હઠાગ્રહપૂર્વક ધ્યાન દેવું હાનિકારક ન ગણાય? એક સ્ત્રી તરીકે અમુક જ જાતનું દેખાવા માટે મારા મનમાં એટલો બધો ભાર રહે છે. ખાસ કરીને જયારે અમારી ચોતરફ મિડિયામાં જે જાતનાં ચિત્રો રજુ થતાં હોય છે, ત્યારે.”

“સારો મુદ્દો. તેનો જવાબ આ છે. હું એમ કહેવા નથી માંગતો કે શારીરિક સ્વાસ્થ્ય મેળવવા માટેનાં આપણાં પ્રયાસોમાં આપણું ધ્યેય કોઈ સુપર મોડેલ કે ફીલ્મ સ્ટાર જેવા દેખાવાનું હોવું જોઈએ. આપણાં બધાં જ પ્રયત્નનો સંપૂર્ણતઃ મૂળ હેતુ છે શકય હોય તેટલાં શ્રેષ્ઠ બનવું . અને તે બિંદુ ઉપર પહોંચવા માટે તારૂં ધ્યાન બાહયને બદલે વ્યકિતગત બાબતો પર કેન્દ્રિત કરવું. તારી શારીરિક પ્રગતિની સરખામણી ફેશન મેગેઝીનોમાં આવતી સ્ત્રીઓ સાથે નહીં, પણ પહેલાં તું જેવી હતી, તેનાં કરતાં અત્યારે કેવી છે, તેની સાથે કર.”

“આ એક અત્યંત ગુઢ વિચારધારા છે, જુલિયન. તેં જયારે તે વાત ઉચ્ચારી ત્યારે મારા શરીરમાં ઝણઝણાટી ઉત્પન્ન થઈ ગઈ.”

“પેલા સંતોએ મને તે વાત સમજાવી. મેં તને અગાઉ કહી હતી, તે ભારતની પ્રાચીન કહેવત યાદ છે? “બીજાઓ કરતાં વધુ સારા બનવામાં કોઈ મોટી વાત નથી. ખરી મોટાઈ પોતે પહેલાં જેવા હતાં, તેનાંથી વધુ સારા બનવામાં છે.”

“મને યાદ છે, અને મને તે ખૂબ જ ગમે છે. તે ઘણી જ વધારે સમજદારીભરી અને જ્ઞાનપૂર્ણ પધ્ધતિ છે.”

“એટલે તારી પુર્વ સ્થિતિને તારૂં શરૂઆતનું બિંદુ ગણ, અને એ પણ યાદ રાખજે કે જે વ્યકિત કસરત કરવા માટે સમય નથી ફાળવતી તેણે અંતે બીમારી માટે સમય ફાળવવો પડે છે.”

“સાચી વાત છે”

“મને એ વાતની હંમેશા અત્યંત નવાઈ લાગે છે” જુલિયને ઉત્સાહપૂર્વક આગળ ચલાવ્યું. “કે આપણે જયારે નાના હોઈએ ત્યારે એક થોડા વૈભવ માટે આપણે આપણી સંપૂર્ણ તંદુરસ્તીનો ભોગ આપવા તૈયાર હોઈએ છીએ, અને જયારે આપણે પ્રૌઢ થઈએ અને આપણાંમાં વધુ ડહાપણ આવે, ત્યારે આપણે આપણાં સંપૂર્ણ વૈભવનો ભોગ આપવા તૈયાર થઈએ છીએ....”

“માત્ર થોડી તંદુરસ્તી પ્રાપ્ત કરવા માટે” હું વચ્ચે જ બોલી ઉઠી.

“બરાબર. અને હા. સંપૂર્ણ રીતે સ્વસ્થ રહેવા માટે અને શારીરિક શ્રેષ્ઠ આકાર મેળવવા માટે જયારે તું કસરત કરતી હોય, ત્યારે એક વાત મહેરબાની કરીને યાદ રાખજે, કે દર વખતે જયારે

તું જે કરવાનું હોય, તે ન કરે, ત્યારે તું ખોટું કરવાની કુટેવ અપનાવી રહી છે."

"હું ફરીથી સમજી નથી."

"ભલે. મને આ રીતે રજુ કરવા દે. એક ગુમાવેલો કસરતનો ગાળો, માત્ર એક ગુમાવેલાં કસરતનાં ગાળા કરતાં પણ વિશેષ હોય છે."

"ચાલ હવે, જુલિયન. મજાક કરવાનું બંધ કર." મેં કહ્યું.

"ઠીક છે. હું માત્ર એટલું જ કહેવા માંગું છું કે જયારે તું કસરતનો એક કાર્યક્રમ ચુકી જાય, ત્યારે એવું નથી કે તું જે સ્તર ઉપર હતી, તે જ સ્તરે રહી જઈશ. હકીકતમાં તો તું થોડા ડગલાં પાછળ હટે છે. દર વખતે જયારે તું કસરત કરવાનું ચુકે, ત્યારે તું કસરત કરવાનુ ટાળવાની ટેવને વધુ સબળ બનાવે છે અને જેમ જેમ તું કસરત કરવાનું વધુ ને વધુ વખત ચુકતી જાય, તેમ તેમ તે ટેવ વધુ જડ કરી જાય છે. જયારે અમુક વખત સુધી કસરત કરવાનુ તું ચુકી જઈશ, ત્યારે તેં મહાનમહેનતે જે કસરત કરવાની સારી ટેવ પાડી હતી, તેનું સ્થાન કસરત નહીં કરવાની કુટેવ લઈ લેશે. એટલા માટે જ હું કહું છું કે દર વખતે જયારે તું જે કરવાનું હોય તે ન કરે, ત્યારે તું ખોટું કરવાની કુટેવ અપનાવી રહી છે. આ નાનકડો સિધ્ધાંત જીવનનાં દરેકે દરેક ક્ષેત્રમાં લાગુ પડે છે. દર વખતે જયારે તું કોઈને 'થેંકયુ' – 'આભાર' કહેવાનું ચુકી જાય છે ત્યારે કદિ પણ 'થેંકયુ' ન કહેવાની કુટેવ અપનાવવાનું એક પગલું તું લઈ રહી હોય છે. દર વખતે જયારે કોઈનો ફોન આવ્યો હોય, ત્યારે તરત જ વળતો ફોન કરવાનું તું ભૂલી જાય, ત્યારે કદી પણ સમયસર વળતા ફોન ન કરવાની કુટેવ તું અપનાવી રહી હોય છે. દર વખતે જયારે તું તારા બાળકોને સુવાડતી વખતે વાર્તા વાંચી સંભળાવવા માટે બહુ થાકી ગઈ છે, તેમ કહે, ત્યારે તું એવું કંઈક કરી રહી છે, જેને લીધે તેમને સુવાડતી વખતે કદી પણ વાર્તા ન વાંચી સંભળાવવાની કુટેવ તું અપનાવી રહી હોય છે. યાદ રાખજે, કેથરીન. જીવનમાં નાની વાતો જ મોટી હોય છે. અને તું જે જાતની સફળતા મેળવી શકી હોય છે, તેનો આધાર દરરોજ, દર કલાકે, અને દર મિનિટે તેં જે નાનકડાં નિર્ણયો પસંદ કર્યા હોય છે, તેના ઉપર નિર્ભર રહેલો હોય છે. "

"હું તારી વાત માનું છું, જુલિયન. દૈનિક નાના કાર્યો જ કેવી રીતે આપણી આગળ ઉપરની રહેણીકરણીનું સ્તર નકકી કરતાં હોય છે, તે વાત કેટલી સહેલાઈથી ભૂલી જવાય છે." મેં ઉમેર્યું. મને ખ્યાલ આવવા લાગ્યો કે જેમ જેમ દિવસો જઈ રહ્યાં હતાં, તેમ તેમ હું વધુને વધુ જુલિયનની જેમ વાત કરવા લાગી હતી. "મને લાગે છે કે આપણે જે જાતનું વ્યસ્ત જીવન જીવી રહ્યાં છીએ, તેને લીધે આપણું ધ્યાન ખરેખર મહત્વની બાબતો પરથી વિચલિત થઈને મામુલી બાબતો પર કેન્દ્રિત થવા લાગે છે. આ વાત ઉપર મેનેજમેન્ટે ગુરૂ પીટર ડ્રકરનાં શબ્દો યાદ આવે છે, કે 'જે વસ્તુ કરવી જ ન જોઈએ, તેને કાર્યદક્ષક રીતે કરવા જેવું નકામું કામ બીજું કશું નથી."

જુલિયન હસવા લાગ્યો. "ખૂબ જ અકકલવાળી વાત. આ વાત તો મારે ચોકકસ યાદ રાખવી જ પડશે. કેટલું ખરૂં વિધાન છે. પોતાનાં દિવસ દરમ્યાનનાં સૌથી મહત્વનાં કલાકોને તુચ્છ બાબતો કરવામાં ગાળવાનો કોઈ અર્થ નથી. સમજદાર અગ્રણીઓ – અને યાદ રાખજે – આપણે બધા જ કોઈને કોઈ પ્રકારનાં અગ્રણીઓ છીએ – પોતાનો સમય જીવનમાં જે અગત્યનું હોય, અને જે આવશ્યક હોય, તેના પર ધ્યાન આપવામાં ગાળતા હોય છે. – તેઓ સમય કાઢીને પોતાને જે કર્યો માટે સૌથી વધુ મહેનત કરવાની જરૂર હોય તે નકકી કરી લ્યે છે – એવા કાર્યો જે તેમની મહેનત રૂપી મુડી રોકાણનું સૌથી વધારે વળતર આપે – અને પછી તેઓ પોતાની બધી

જ કાર્યશક્તિ માત્ર તે કાર્યો જ કરવામાં વાપરે છે. પોતાની ખરી પ્રાથમિકતાઓ ઉપર પોતાનું વધુ ધ્યાન કેન્દ્રિત કરવું, તે જ તેમની સફળતાનુ રહસ્ય હોય છે. ચીનનાં મહાત્મા લીન ઉતાંગ એ કહયું હતું તેમ : કાર્યો પૂરા કરવાની ઉમદા કળામાં નિષ્ણાંત બનવાની સાથે સાથે કાર્યો અધુરા છોડવાની ઉમદા કળામાં પણ પારંગત થાઓ. અનાવશ્યકતાઓને નાબુદ કરવામાં જ ડહાપણ છે."

"મારૂ પુનરૂથ્થાન કરીને ખરા દિલથી આગેવાની કરવા માટે હું બીજું શું કરી શકું, જુલિયન?" વહેલા ઉઠવું અને મંદિરની સાર સંભાળ રાખવી તે ઉત્તમ સૂચનો છે. મને વધુ જાણવું ખૂબ જ ગમશે."

"પોતાની જાત ઉપર પ્રભુત્વ મેળવવા માટે મારો બીજો એક આઈડિયા એ છે કે તું તારા જીવન વિશે વિગતવાર નોંધ રાખ."

"ફરી પાછો શરૂ થઈ ગયો! ભલે, જુલિયન. જીવન વિશે વિગતવાર નોંધ રાખવી એટલે શું?"

"હું તને એક રોજનીશી રાખવાનો આગ્રહ કરૂં છું. એમ કરવાથી તારા જીવનની મહત્વપૂર્ણ ઘટનાઓમાંથી તું શીખી શકીશ, અને જેમ જેમ દિવસો જતાં જશે, તેમ તેમ તું વધુ ડહાપણવાળી થતી જઈશ. રોજનીશી રાખવાથી તું તારા ભુતકાળની મદદ લઈ શકીશ. તેમ કરવાથી તારા ભૂતકાળનાં અનુભવોને ભવિષ્યની સફળતાઓ બનાવવાનું એક ઓજાર તને પ્રાપ્ત થશે. તારા દિવસો દરમ્યાનની ઘટનાઓ અને તેમાંથી તું શું શીખી તે લખી લેવાથી તું પોતાનાં વિશે વધુ વાકેફ રહી શકીશ.આ રીતે તું અમુક રીતે શા માટે વર્તે છે, અને જો તારે વધુ ઉન્નત જીવન ગાળવા માટે આગલા સ્તર ઉપર પહોંચવું હોય, તો તારા વર્તનમાં શું ફેરફારો લાવવાની જરૂરત છે, તે તું વધારે સ્પષ્ટતાપૂર્વક સમજી શકીશ. રોજનીશી લખવાથી તને નિયમિત રીતે આત્મસંવાદ કરવાની તકો મળતી રહેશે. ઉંડા વિચાર અને આત્મચિંતનની કિંમત ઓછી આંકનારી આ દુનિયામાં આ શીસ્ત તને ઉંડો વિચાર કરવા માટે મજબુર કરી દેશે. આ તને વધુ જાગ્રત અને હેતુપૂર્ણ રીતે જીવવામાં મદદરૂપ થશે, જેથી કરીને જાંદગી તારા ઉપર હુકમ ચલાવી શકે, તેને બદલે તું જીંદગીને નિયંત્રણમાં રાખી શકીશ"

"રોજનીશી રાખવી તે શું એટલી બધી અસરકારક સામર્થ્યવાળી કાર્ય પધ્ધતિ છે?"

"હા." જુલિયને મિસ વિલિયમસનનાં બગીચામાંથી એક મોટું પાકેલું ટમેટું ખાતાં ખાતાં કહયું.

"તારે આ ટમેટાને ધોવું ન જોઈએ?" મેં પૂછયું.

"તું બહુ ચિંતા કરે છે, કેથરીન. મને કાંઈ નહીં થાય. અરે હા, આ ઉપરાંત, રોજનીશી રાખવાથી તને એક સારી જગ્યા મળી રહેશે. જયાં તું મહત્વનાં પ્રશ્નો વિશેની સ્પષ્ટ સુઝ નોંધ રાખી શકશે, લોકો પાસેથી શીખેલી અથવા તો તેં જોયેલી સફળતા મેળવવાની તરકીબોની નોંધ તું રાખી શકશે. તું જે ઉચ્ચકોટિનું વ્યકિતગત, વ્યવસાયિક અને આધ્યાત્મિક જીવવાની લાયકાત ધરાવે છે, તેને હાંસલ કરવા માટે જે બધી બાબતો આવશ્યક હોય છે, તે તું તેમાં લખી શકે છે."

"આધ્યાત્મિક જીવન" એટલે તું શું કહેવા માંગે છે, તે તું વધુ વિસ્તારપૂર્વક સમજાવીશ?"

"જરૂર. હકીકતમાં તો તે શબ્દ પ્રયોગ વિશે આજકાલ ખુબ જ ગુંચવણો ઉભી થઈ ગઈ છે. હું દલાઈ લામાનાં શબ્દોમાં જ કહીશ, તેમણે કહયું છે કે "જયારે હું આધ્યાત્મિક શબ્દ વાપરૂં, ત્યારે હું માનવીની મૂળભૂત સારા ગુણો કહેવા માંગુ છું. આ ગુણો છે. માનવસહજ પ્રેમ, દરકાર, સચ્ચાઈ, શીસ્ત અને સારા હેતુ દ્વારા પ્રેરિત બુધ્ધિ. જો, કેથરીન. આ ગુણો જ આપણને માનવી

બનાવે છે, અને તે આપણા બધામાં જન્મથી જ હોય છે.”

“આપણામાં જન્મથી જ હોય છે?”

“હા. આપણે જયારે જન્મ લઈએ, ત્યારે તો આપણે બધાં સદ્‌ગુણી જ હોઈએ છીએ. આપણી અપૂર્ણતાઓમાં પરિપૂર્ણ. ક્રમનસીબે, જેમ જેમ આપણે મોટા થતાં જઈએ તેમ તેમ આપણે દુર્ગુણો ગ્રહણ કરતાં જઈએ છીએ – આપણાં માતા-પિતાનાં, ત્યારબાદ આપણાં શિક્ષકોનાં, અને ત્યારબાદ આપણી આસપાસ રહેલાં બધાનાં, જેમ જેમ તેઓ મોટા થતાં જાય અને જે દુનિયા તેમને જોવા મળે તેનાંથી ત્રસ્ત થતાં જાય, તેમ તેમ મોટા ભાગનાં લોકો પોતાનાં સાચાં સ્વરૂપથી – પોતે ખરેખર જેવા છે તેનાંથી – વધુને વધુ વેગળાં થતાં જાય છે.મારૂં ધ્યેય એ છે,કે મારૂં સત્વ પાછું મેળવીને હું ખરેખર કોણ છું તે ફરીથી શોધી કાઢું. આ વિશ્વને હું જે ચશ્માથી નિહાળું છું તેનાં કાચને નકારાત્મકતાં આવરણથી ધુંધળા પડવા દેતાં પહેલાં મારામાં જે પરિપૂર્ણતા હતી, તે હું ફરીથી પ્રાપ્ત કરવા માંગુ છું.”

“વાહ! તું ખરેખર મને વિચાર કરતી કરી મુકે છે, જુલિયન. હવે ફરીથી રોજનીશી લખવાની પધ્ધતિની વાત ઉપર આવીએ. શું રોજનીશી એક જાતની ડાયરી (નોંધપોથી) છે?”

“બીજો એક ઉત્તમ સવાલ. ના. ડાયરી એટલે ઘટનાઓની નોંધ રાખવાની પોથી. જયારે રોજનીશી એટલે જેમાં તમે ઘટનાઓનું પૃથક્કરણ કરી તેનું મૂલ્યાંકન કરો.”

“સારી સમજણ.” મેં વખાણ કર્યા.

“રોજનીશી તમને તમે શું કરી રહ્યાં છો, શા માટે કરી રહ્યાં છો અને તેમ કરવાથી તમે શું શીખ્યાં, તેનો વિચાર કરતાં કરી મુકે છે. તબીબી સંશોધનકર્તાઓએ શોધી કાઢયું છે કે દિવસનાં માત્ર પંદર મિનિટ રોજનીશી લખવાથી તમારી તંદુરસ્તી, તમારી રોગપ્રતિકાર શકિત અને તમારા સંપૂર્ણ વલણમાં સુધારો થાય છે. અને યાદ રાખજે, નાની બહેન. જો તારી જીંદગી વિચારવાલાયક છે, તો તે લખવાલાયક પણ છે.”

“બહુ મજાની સલાહ.”

“અને હવે તારે વ્યકિતગત પુનરૂથ્થાન અને ‘સ્વ’ ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કરવા માટે મારી છેવટની સલાહ – દર અઠવાડિયે સબાટિકલ રજા પાળતી જા.”

“કારોબારી જગતમાં આજકાલ આવી સબાટિકલ રજાઓ ઘણી પ્રચલિત થતી જાય છે. હાલમાં જ મારા એક મેનેજરે મને નિવેદન કર્યુ છે કે તેઓ પોતાનાં પરિવાર સાથે આખા વિશ્વનો દરિયાઈ પ્રવાસ ખેડવા માટે એક વર્ષની રજા ઉપર ઉતરવા ઈચ્છે છે. તેમણે જણાવ્યું છે, કે તેમનાં બાળકો સાથે તેમની ઓળખાણ નથી રહી, અને પત્નિ સાથેનો વહેવાર તેઓ ગુમાવી બેઠા છે. અનુમાન લગાવ કે મારો જવાબ શું હશે” મેં હસીને કહયું.

“મને ખબર છે. તું સારૂં કાર્ય કરીશ. પણ હું જે સબાટિકલ રજા વિશે તને કહી રહયો છું. તે ઘણી ઓછી નાટયાત્મક પણ તેટલી જ અસરકારક થશે. પ્રાચીન યુગમાં અઠવાડિયાનાં છેલ્લા દિવસને ‘સબાથ’ કહેવામાં આવતો. તે દિવસ જીવનની મહત્વની, પણ જેનાં પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવ્યું હોય તેવી બાબતો માટે ફાળવવામાં આવતો. દાખલા તરીકે પોતાનાં પરિવાર સાથે સમય ગાળવો, અથવા તો પોતાનાં શોખો માણવા. સબાથ દિવસ મહેનતુ લોકોને નવચેતનવંતા થઈ જીવનને વધુ પરિપૂર્ણ રીતે જીવી શકવા માટેની તક પ્રદાન કરતો. જીંદગીની રફતાર જેમ જેમ વધુ વેગવાની થતી ગઈ, તેમ તેમ આ વ્યકિતગત રીતે ખુબ જ ફાયદાકારક સુંદર પ્રણાલિ લુપ્ત થતી ગઈ. હું તને તારા જીવનમાં ફરીથી આ પ્રણાલિ દાખલ કરવાની સલાહ

આપુ છું. અઠવાડિયામાં છ-સાત કલાકો એવી બાબતો માણવા માટે ફાળવ, જે તને કરવી ખૂબ જ ગમે, પણ તે તું કદિ કરી ન શકતી હોય. આ કલાકો તું અઠવાડિયાને અંતે અથવા તો તારા સહેલાઈથી બદલી શકાય તેવા સમય પત્રકને કારણે મંગળવારે કે ગુરૂવારે પણ ફાળવી શકે. મુખ્ય વાત એ છે, કે એવું એકપણ અઠવાડિયું જવું ન જોઈએ. જેમાં તું પોતાની જાત પ્રત્યે થોડી પ્રેમભરી કરૂણા ન દાખવે."

"બે સવાલ તરત જ મનમાં ઉઠી રહ્યાં છે. એક તો એ, કે આ સબાટિક દરમ્યાન મારે એકલાં જ રહેવું જોઈએ?"

"હા, તારે આ બધુ ચોકકસ એકલાં જ કરવું જોઈએ. વિચાર કરવા માટે અને તું ખરેખર જેવી છો તેવી બની રહેવા માટેની આ તારી તક છે. તારી હવે પછીની મીટિંગમાં પહોચવાની ઉતાવળ રાખવાને બદલે શેરીમાં વાજીંત્રો વગાડનારા સંગીતકારોનું સંગીત સાંભળવા માટે થોભવાની તારા માટેની એક તક છે. ગરમાગરમ ચોકલેટનાં પીણાંનાં ઘુંટ ભરતાં ભરતાં તારા મનગમતા બુક સ્ટોરની અભેરાઈઓનાં પુસ્તકોમાં ખોવાઈ જવાની એક તક છે. પગરખાં પહેર્યા વિના બાગમાં નાચવા માટેની એક તક છે. વરસાદ પછી કોઈ કરોળિયાએ બાંધેલા ઝાળાને પુરી એકાગ્રતા તથા ઉપસ્થિતિપૂર્વક નિહાળવા રહેવાની એક તક છે. ખરેખર! તારી આખી જાંદગીનાં દરેકે દરેક અઠવાડિયા દરમ્યાન સંપૂર્ણપણે જીવંત રહી શકવાની તે ઉત્તમ તક છે.

"એટલે કે સબાટિકલ એ હું મારી જાતને જે આપી રહી હોઉં તે ઉપહાર છે?" મેં કહયું.

"અતિસુંદર રીતે રજુ કર્યું. તે જ વાત છે. સારી રીતે ગાળેલાં અઠવાડિયા માટે તારો તે પુરસ્કાર છે. અને તે નિશંક તને ખુશ, તાજગીભરી, સ્ફુર્તિવાન, સ્વસ્થ અને રમતિયાળ રાખશે. તારા સમયનો તે ઉત્તમ ઉપયોગ હશે, અને એક માતા, સહચરી તથા એક વ્યકિત તરીકે તને આખા અઠવાડિયા દરમ્યાન ઉત્તમ રીતે કાર્ય કરવામાં મદદરૂપ થશે."

"તને ખબર છે? આ પ્રણાલિની ટેવ મને અત્યંત ફાયદાકારક રહેશે. મને તેની ખાત્રી છે. તે મને શ્વાસ લેવાનો સમય આપશે. મને લાગે છે કે હું આ શુક્રવારથી જ તેની શરૂઆત કરીશ. સવારે માલીશ કરાવીશ, પછી કોઈ કુદરતી સ્થાનમાં બેસીને રોજનીશી લખીશ, અને પછી નદીનાં કિનારે શરૂ થેલી નવી શાકાહારી રેસ્ટોરાંમાં બપોરનું ભોજન લઈશ."

"ત્યાંનું ખાવાનું ખૂબ જ સ્વાદિષ્ટ છે." જુલિયન બોલી ઉઠયો. "તેનો માલિક મારો જૂનો અસીલ છે. હું જયારે ત્યાં જાઉં ત્યારે તે મને શાહી સન્માન આપે છે, અને મને જે રીતે ભાવે છે, તે રીતે વાનગીઓમાં પુષ્કળ લસણનો ઉપયોગ કરે છે. વાહ! વાહ! લસણનો શું સ્વાદ! સારૂં છે કે તેવી મિજબાનીઓ પછી મારે મારો રૂમ બીજા કોઈની સાથે મળીને વાપરવો નથી પડતો." તે મોજથી હસી પડયો.

"તારી શું વાત કરવી, જુલિયન! મને કલ્પના ય નહોતી કે આજકાલ તું ત્યાં છુપાઈ રહયો હોય છે. કેટલીક વાર તો તું કલાકોનાં કલાકો અદ્રશ્ય થઈ જાય છે." મેં સાવચેતી રાખતાં કહ્યું. "કોઈવાર અમે તારા રૂમમાંથી લાકડું વહેરવાનાં અવાજો સાંભળીએ છીએ. તો કોઈવાર હથોડા ઠોકવાનાં. કોઈવાર અમે તને મધરાતે ઘરની બહાર જતાં સાંભળીએ છીએ. હું તારી સ્વતંત્રતા જરૂર ઈચ્છું છું, પણ મારે કબુલ કરવું પડશે, કે મને તારી ચિંતા રહે છે."

"ચિંતા રાખવા બદલ આભાર, પણ મારે અમુક કાર્યો કરવાનાં હોય છે, અને અમુક લોકોને મળવાનુ હોય છે." તેની પાસેથી હું માત્ર એટલો જ ઉત્તર મેળવી શકી.

"ભલે. મારી નવચેતના પ્રાપ્ત કરવા માટે દરેક અઠવાડિયે એક સેબાટિકલ રજા લેવાની

મજાની વાત ઉપર ફરીથી આવીએ. તે વિશે મારે બીજું કઇ જાણવા જેવું છે?"

"મને લાગે છે કે તું તે વિશે બરાબર સમજી છે. તેનો ઉપયોગ જમવા, નાચવા, વિચાર કરવા,તારી અસ્મિતાને પોષણ આપવા માટે કર. તારી કૃતજ્ઞતાની ભાવનાને વિકસાવવા માટે પણ તે એક સુંદર તક છે. દર અઠવાડિયે સમય કાઢીને તારી રોજનીશીમાં તને પ્રાપ્ત થયેલાં. સદ્‌ભાગ્યોની નોંધ કર. યાદ રાખજે. તારૂં લક્ષ્ય તું જેના ઉપર કેન્દ્રિત કરીશ, તે વિકાસ પામશે. જેનો તું વિચાર કરીશ, તે વિસ્તૃત બનશે અને જેનું તું મનન કરીશ, તે તારૂં ભાવિ નિર્ધારિત કરશે. તમારા જીવનનાં જે પાસાઓ ઉપર સૌથી વધુ ધ્યાન કેન્દ્રિત કરીશ, તે વધુ ઉત્કૃષ્ટ ચમત્કારો જેવાં બની જશે. એટલે તારા જીવનમાં જે બધું શુભ છે, તેનાં ઉપર તારૂં લક્ષ્ય કેન્દ્રિત રાખ, અને તું તેને વધતું જતું જોઈશ. જીવનમાં દુઃખ એટલે તારી અપેક્ષાઓ અને વાસ્તવિક હકીકતો વચ્ચેનાં ફરક સિવાય બીજું કશું નથી. જો તારી વાસ્તવિક પરિસ્થિતિઓનો તું આશિર્વાદ રૂપે સ્વિકાર કરી શકીશ, અને અન્ય લોકો કરતાં તારૂં જીવન ખોખલું છે તેમ નહીં માનતી રહે, તો તેં સાક્ષાત્કાર તરફ હરણફાળ ભરી ગણાશે. " સતત કૃતજ્ઞતાપૂર્ણ અને સકારાત્મક અપેક્ષાઓવાળી વ્યકિત બનવાનુ નકકી કરી લે. ઉંચા સ્વપ્નો સેવ, પણ તું જે પરિસ્થિતિમાં હો, તે પરિસ્થિતિને પણ માણ. રસ્તો એટલો જ સારો હોય છે, જેટલી તેના અંતે આવેલી મંઝીલ. જયારે તું આ પ્રકારનું માનસ કેળવીશ, ત્યારે બ્રહ્માંડ તારા ઉપર પોતાની વિપુલતાઓની વૃષ્ટિ કરશે. મને સિસેરોનાં આ શબ્દો ખૂબ જ પ્રિય છે. "કૃતજ્ઞતા એ માત્ર સર્વોત્તમ સદ્‌ગુણ જ નહીં, પણ સર્વ સદ્‌ગુણોની માતા છે."

ત્યારબાદ જુલિયન પોતાનાં હાથો એવી રીતે ફેલાવીને બગીચાની મધ્ય તરફ ચાલવા લાગ્યો, જાણે કે તેણે મને આપેલાં જ્ઞાન તથા પ્રેમ માટે ઈશ્વર તરફથી કોઈ પુરસ્કારની અપેક્ષા રાખતો હોય. જેવાં તેના હાથ ઉંચા ઉઠયાં ત્યાં જ આકાશનાં એક છેડેથી બીજે છેડે પહોચતો એક તેજનો લિસોટો થયો.

"તે જોયું?"અત્યંત ચેતનવંતા ચહેરે અને પહોળી આંખે તેનાં મુખમાંથી ઉદ્‌ગાર સરી પડયો.

"માન્યામાં ન આવે તેવું. તે શું હતું?"

"મને બરાબર ખબર નથી." જુલિયને કહ્યું "પણ આખી સવારથી હું તને જે વાત સમજાવવાનો પ્રયત્ન કરી રહ્યો છું તેમાં તે મને મદદરૂપ થયું છે, કેથરીન."

"અને એ વાત છે?"

"તેજોમય બન. તારા બાળકો માટે પ્રકાશ બનીને તેમને માર્ગ બતાવ. જોન માટે તેજરૂપ બની તેનું જીવન ઉજાળ. આ વિશ્વ માટે તેજોમય બની તેને વધુ સારૂં, વધુ સમજદાર, વધુ શાંત સ્થળ બનાવ. તું ખરેખર અત્યંત અસાધારણ સ્ત્રી છો. મેં જે બોધપાઠો તને આપ્યાં છે, તે ગ્રહણ કરીને – હું અંતઃકરણપૂર્વક માનુ છું કે તું જેવી બની શકવાની ક્ષમતા ધરાવે છે – તેવી બનવા માટે તેનો ઉપયોગ કર. હવેથી તું જે કંઈપણ કરે, તે તારી સર્વોત્તમ ક્ષમતા મુજબ કર, અને પૂરેપૂરી લગનથી કર. જયાં અંધકાર હોય, ત્યાં પ્રકાશનો પુંજ બન. જયાં લોકો માર્ગ ભૂલીને ખોવાઈ ગયાં હોય, ત્યાં તું પથપ્રદર્શક બન. અને કદી પણ એ વાત ભૂલતી નહીં કે એક પ્રેમાળ હૃદય અને દિવ્ય વ્યકિતત્વ, તું કલ્પના પણ ન કરી શકે તેવી રીતે આ દુનિયાને વધુ ઉન્નત બનાવશે."

આટલું કહીને જુલિયને નીચે બેસીને જમીન ખોતરવા માંડી. તેનાં ચહેરા ઉપર એવી એકાગ્રતા છવાઈ ગઈ હતી, જેને કારણે તેણે પોતાની આખી જીંદગી દરમ્યાન આટલી ભવ્ય સફળતા પ્રાપ્ત કરી હતી.

થોડી મિનિટોની આવેશપૂર્વકની મહેનત બાદ જુલિયન થંભ્યો. તેનાં કપાળ ઉપર પ્રસ્વેદનાં બિંદુઓ ઝળકી રહ્યાં હતાં, અને તેનો ઝભ્ભો માટીથી ખરડાઈ ગયો હતો. જુલીયને પોતે ખોદેલા ખાડામાં હાથ નાંખીને એક એવી ચીજ બહાર કાઢી, જેવી ચીજ મેં આ પહેલાં કદી જોઈ ન હતી. તે લગભગ પાંચ ઈંચની હતી, પથ્થરની બની હોય તેવી લાગતી હતી, અને પોતાનાં હાથ ફેલાવીને ઉભેલી માનવ આકૃતિ જેવી લાગતી હતી.

"આ શું છે?" મેં ધબકતે હૈયે પુછયું.

"આને ઈનુકશુક કહેવાય. તેનો ઉદ્‌ગમ આર્કટીક પ્રદેશમાં થયો જે વિશ્વનો સૌથી ઓછી વસ્તીવાળો પ્રદેશ હોવા છતાં કોઈ જનસમુદાયને આદર્શ રીતે કેવી રીતે જીવવું જોઈએ તે વિશે ઘણું બધું શીખવાડી શકે છે. ઈનુકશુક દંતકથા મુજબ આપણી જીવનયાત્રા સલામતીભરી રહે તે માટે એક પથપ્રદર્શક છે, અને માર્ગ ભૂલેલાં જીવનપથિકોનો માર્ગ ઉજાળવાની આપણાં બધાંની ફરજનું પ્રતિક છે. સૈકાઓથી આ માનવઆકૃતિની મૂર્તિઓ આર્કટીકનાં ઉજજડ પ્રદેશમાં પ્રવાસીઓની પથપ્રદર્શક બની રહી છે, અને દિશાસૂચનની જરૂરતવાળા વ્યકિતઓને સાંત્વન આપતી રહી છે. તું, મારી નાની બહેન, એક પ્રકાશપુંજ બની રહી છે – એક પ્રકારની માર્ગદીપિકા – જે તારા પરિવારજનોને, અને જેનાં જીવનોને તું સ્પર્શીશ એવા અન્ય વ્યકિતઓને વધુ સમજણપૂર્વક જીવવાનું માર્ગદર્શન આપીશ. મને ખબર હતી કે આવો એક દિવસ જરૂર આવશે. એટલે જયારે ભારતમાં મારી આંખો એક નવી જ સચ્ચાઈ પ્રત્યે ખુલી રહી હતી, ત્યારે મેં આ મૂર્તિને અહીં તારા માટે ગોઠવવાનું આયોજન કર્યું હતું. તે આખા સમય દરમ્યાન મને જરાય ખબર ન હતી કે હું તને આ કયા ચોકકસ સમયે ભેટ આપી શકીશ, અથવા તો આ મૂર્તિ અહીં હશે કે નહીં. પણ મેં મારા હૃદય પર વિશ્વાસ રાખ્યો, અને મને જે કહેવામાં આવ્યું હતુ, તે જ સ્થળેથી તે શોધી કાઢી."

જુલિયનનાં ખુલ્લા હાથોમાંથી મેં જયારે તે ઈનુકશુક મૂર્તિને ઉઠાવી લીધી, ત્યારે મેં તેના પાષાણ ઉપર આ શબ્દો કોતરાયેલાં જોયાં. 'જીવન પ્રત્યે ધ્યાન આપો' તેનાં ઉપરથી મને જુલિયને તેનાં રૂમની છત ઉપર મોટા અક્ષરે લખાવેલું હેન્રી મિલરનું વાકય યાદ આવ્યું.

જે ક્ષણે આપણે કોઈપણ ચીજને ચીવટથી ધ્યાન આપીએ છીએ, ભલે પછી તે માત્ર લીલા ઘાસનુ તણખલું પણ હોય, ત્યારે તે રહસ્યમય, અદ્‌ભૂત અને અવર્ણનીય રીતે એક ભવ્ય વિશ્વ બની જાય છે.

પરિવારનાં આગેવાનની પાંચમી નિપુતણા

ઉપહાર તરીકે એક વારસો આપીને તમારા બાળકોને અમર બનાવો.

ઈતિહાસને જ એક વણાંક આપવાની મહાનતા બહુ ઓછા વ્યક્તિઓમાં હોય, પણ આપણે બધાં જ થોડીઘણી ઘટનાઓને બદલવાનો પ્રયત્ન કરી શકીએ, અને આવી સમગ્ર ઘટનાઓનો સરવાળો આ પેઢીનાં ઈતિહાસમાં લખાશે.
રોબર્ટ એફ કેનેડી

દરેકે દરેક વ્યક્તિનાં જીવનમાં એક એવી ખાસ પળ આવે છે. જેને માટે તેનો જન્મ થયો હોય છે. તે અનેરી તકને જયારે તે ઝડપી લ્યે છે, ત્યારે તેનું જીવનધ્યેય સિધ્ધ થાય છે. – એક એવું જીવનધ્યેય જેની સિધ્ધિ માટે તેનામાં વિલક્ષણ યોગ્યતા રહેલી હોય છે. – અને તે પળે તે વ્યક્તિ મહાન બની જાય છે. તે તેનાં જીવનની ધન્ય ઘડીઓ હોય છે.
વિન્સ્ટન ચર્ચિલ

હું વર્ષોથી ઓકસફર્ડ મુવી હોલ (ઓકસફર્ડ ફીલ્મ થિયેટર)માં ગઈ ન હતી. તેનાં ઉત્તમકાળમાં તે ફીલ્મો જોવા માટે, સિતારોઓનાં સંપર્કમાં આવવા માટે અને યાદ રહી જાય તેવી શનિવારની સાંજ ગાળવા માટે શહેરનું સૌથી ફેશનેબલ સ્થળ ગણાતું, પણ ફેશનેબલ જગતનાં લોકોએ એવા બીજા સ્થળો શોધી કાઢયાં હતાં, અને ઓકસફર્ડનાં માલિકોએ તેની દરકાર કરવાનું છોડી દીધું હતું. ત્યાં ફિલ્મો હજી પણ પ્રદર્શિત કરવામાં આવતી, પણ તે મહત્વની ન રહેતી, અને તે થિયેટર ભાગ્યે જ અડધાથી વધુ ભરાતું.

તે મંગળવારની રાત્રે મને જુલિયને ત્યાં સાત વાગ્યાનાં શોમાં ઓસેઓલા મેર્કાટી નામનાં મહીલા વિશેની ‘ધ વોશરવુમન હુ ટચ્ડ ધ વર્લ્ડ’ (એક ધોબણ જે દુનિયામાં બધાંનાં હૃદયો સ્પર્શી ગઈ) નામની ડોકયુમેંટરી ફીલ્મ જોવા બોલાવી હતી. મને તે ડોકયુમેન્ટરી અને તે મહીલા જેના વિશે તે ડોકયુમેંટરી હતી, તેનાં વિશે કંઈ જ ખબર ન હતી, પણ જુલિયને કહ્યું કે તેમનાં જીવન વિશે વધુ જાણવું મારા માટે અગત્યનું હતું, અને મને મારા ભાઈ સાથે તે ફીલ્મ જોવાનો વિચાર ખૂબ જ રૂચિકર લાગતો હતો.

મિસ વિલિયમસનનાં પાછલાં બગીચામાં મેં પરિવારનાં આગેવાનની ચોથી નિપુણતા વિશે શીખ્યા પછીનાં છ અઠવાડિયાઓમાં મારા જીવનમાં એવા પરિવર્તનો આવ્યા હતાં, જેને માટે ‘ચમત્કારિક’ શબ્દ વાપરવો જ યોગ્ય ગણાય. મેં જુલિયનની સલાહ માની હતી, અને હું પાંચ વાગ્યાની કલબની આજીવન સભ્ય લગભગ બની ચુકી હતી. શરૂઆતમાં મને ખાત્રી ન હતી કે મારામાં રોજ સવારે પાંચ વાગે ઉઠી જવાનું સામર્થ્ય છે પણ શરૂઆતનાં કેટલાંક પીડાજનક

અઠવાડિયાઓ પસાર કર્યા બાદ તે ટેવ મને બરાબર માફક આવી ગઈ. વહેલા ઉઠવાથી મને જે થોડા વધુ કલાકો મળતાં, તેનો ઉપયોગ હું નિસર્ગ સાથે અનુસંધાન સાધવામાં, ધ્યાન ધરવામાં કે જુલિયન અમારા લિવિંગ રૂમનાં કોફી ટેબલ ઉપર જે તત્વજ્ઞાનનાં પુસ્તકો છોડી જતો, તેને વાંચી જવામાં ગાળતી અથવા તો હું તે સમય મારા દિવસોનો કાર્યક્રમ નકકી કરવા, મારા જીવન વિશેની યોજનાઓ ઘડવા અને મારા સ્વપ્નોને રૂપરેખા આપવામાં ગાળતી. ઘણાં પ્રાતઃકાળો દરમ્યાન માત્ર મારા સુઘડ સ્થાને બેસીને બારીમાંથી બહાર જોન અને મને અત્યંત પ્રિય એવા ગુલાબોનાં બગીચા સામે જોયા કરતી, અને નિરવતાની લહેજત અને શાંતિની મજા માણતી. આ એકાંતનાં સમય દરમ્યાન મને મારી બાકીની જીંદગી કેવી રીતે જીવવી, અને જો હું મારો પરિવાર જેને લાયક હતો, તેવી આગેવાન ખરેખર બની શકું તો તે રીતે હું દુનિયાને શું યોગદાન આપી શકું, તે વિશેની ઉંડી સમજ આવતી ગઈ. ફ્રેન્ચ તત્વચિંતક બ્લેઈઝ પાસ્કલએ કેટલું સાચું કહ્યું હતું કે "માનવીની બધી યાતનાઓનું મૂળ કારણ એક રૂમમાં શાંતિથી એકલાં ન બેસી શકવું હોય છે."

તે છ અઠવાડિયાઓ દરમ્યાન મારા વિચારો અને મારૂં અસ્તિત્વ વધુ ઉચ્ચ સ્તરે પહોંચ્યાં, અને મને ખ્યાલ પણ નહોતો કે હું તે ધરાવું છું, તેવા નવા વિચારો અને નવી ભાવનાઓ હું અનુભવવા લાગી. હું દુનિયાને એક વધુ સારૂં અને વધુ સુખી સ્થળ તરીકે જોવા લાગી, અને મને લાગ્યું કે તેમાં મારૂં એક આગવું સ્થાન છે. હું બાળકોને અને જોનને આ પહેલાં કદી આપ્યો ન હતો તેટલો પ્રેમ આપવા લાગી, અને બદલામાં હું કદી કલ્પના પણ કરી શકી ન હતી, તેટલો વધુ પ્રેમ તેમનાં તરફથી મેળવવા લાગી. મારા હૃદયને જે અંધકાર હંમેશા ઘેરી વળ્યો હોય તેવું મને લાગતું તે ધીરે ધીરે ઓસરવા લાગ્યો, અને હું મારી ચોતરફ એક જાતની અજાયબીની ભાવના અનુભવવા લાગી. જુલિયને કહ્યું હતું કે તેમ થશે, અને તે થયું.

મારા મંદિરની સારસંભાળ રાખવાની જુલિયનની સલાહ માનવાથી મારી સ્ફૂર્તિમાં અનહદ વધારો થયો, અને મારા 'મુડ'માં પણ ખુબ જ સુધારો થયો. હું જોન તથા બાળકો સાથે વધુ ચીજો કરી શકવા લાગી, અને મારો એકાંતનો સમય વધુ માણી શકવા લાગી. રોજનીશી રાખવાથી હું મારો દરેક દિવસ કેવી રીતે ગાળતી, તેનો મને ખ્યાલ આવવા લાગ્યો, અને ત્યાર પછીનો દિવસ વધુ સમજણપૂર્વક શકવા લાગી. અને સાપ્તાહિક 'સબાટિકલ' દ્વારા મેં વર્ષોથી ગુમાવી દીધેલો મારો આંતરિક ચેતના તથા આનંદ સાથેનો સંપર્ક હું ફરીથી સાધી શકી અને તેમ કરતાં કરતાં, જુલિયનનાં શબ્દોમાં કહું તો મને લાગ્યું કે હું મારી ઉદાત્તતા પ્રકટ કરીને મારૂં ઉત્તમ સ્વત્વ બહાર લાવી રહી છું અને મારા ભાઈએ મને ખાત્રી આપી હતી, તેમ એક વધુ સારી વ્યકિત બનવાથી હું ચોકકસ એક વધુ સારી માતા બની શકી હતી.

પણ મારે એ પણ કબુલ કરવું પડશે, કે હું થોડો રંજ અનુભવવા લાગી હતી. ભલે તે ચોખ્ખા શબ્દોમાં કહેતો ન હતો, પણ મને લાગ્યું કે જુલિયન અમને છોડી જવાનું વિચારી રહ્યો છે. એકવાર જયારે અમે રાત્રિનું ભોજન લઈ રહ્યાં હતાં. ત્યારે તેણે જોનને પૂછયું કે બસમાં મેકસીકો જવા માટે કેટલો સમય લાગે. બીજી એક રાત્રિએ તેણે પોર્ટરને ઈન્ટરનેટ ઉપરથી કેનેડાના નકશાની નકલ પ્રિન્ટ કરવાનું કહ્યું. બીજી એકવાર જુલિયનને ફેડએકસ તરફથી એક પેકેટ મળ્યું જેના ઉપર લખ્યું હતું. "આમાં તમે માંગેલી ઈટાલી વિશેની માહિતી છે" મને લાગે છે, કે મારા હૃદયમાં તો હું જાણી ચુકી હતી, કે મારે જીવનમાં જે બોધપાઠો શીખવાની જરૂરત છે, તે શીખવવા જ જુલિયન આવ્યો હતો, અને એકવાર હું તે શીખી લઉં, પછી તે પોતાની નવી

પરિયોજના શોધવા નિકળી પડશે. પણ મારૂં મન તે માનવા તૈયાર ન હતું કે મારે મારી બાકીની જીંદગી મારા આત્મજ્ઞાની ભાઈ, જેને હું આટલો બધો પ્રેમ કરતી હતી. તેની હાજરી વિના ગાળવી પડશે.

આ ઉપરાંત જુલિયનના ગેરેજ ઉપરનાં રૂમમાંથી નિયમિત રીતે આવતાં કેટલાંક વિચિત્ર અવાજો મારા અજંપામાં વધારો કરી રહ્યાં હતાં. લાકડા વહેરવાનાં, હથોડા ઠોકવાનાં અને ઘસવાનાં અવાજો ઘણીવાર કલાકોનાં કલાકો આવ્યાં કરતાં, અને છેવટે જુલિયન મોટા સ્મિત સાથે લાકડાનાં વહેરથી ખરડોલા ઝભ્ભામાં સજજ બહાર આવતો – તે શું કરતો હતો, તે મને તે જણાવતો નહીં, અને ત્યાં શું ચાલી રહ્યું હતું તે હું તેને પૂછતી નહીં. હેન્રી ડેવીડ થોરોએ લખ્યું છે, કે "જો કોઈ માણસ પોતાનાં મિત્રોનાં તાલ સાથે તાલ ન મિલાવે તો કદાચિત તે કોઈ જુદી લયવાળા તાલવાદકને સાંભળી રહ્યો છે. તે જે સંગીત સાંભળી રહ્યો છે, તે અનુસાર તેને નાચવા દ્યો, ભલે પછી તે કોઈપણ તાલમાં હોય, અથવા ગમે તેટલું દૂરનું હોય." જુલિયનને તેની મોકળાશ આપવી, તે મારે મન તેને તેનાં પોતાનાં સંગીતની લયમાં નાચવા દેવા જેવું હતું.

હું થિયેટરમાં હોલમાં પહોંચી ત્યારે મને જુલિયન કયાંય દેખાયો નહીં. તેણે મને સાતમી હરોળમાં બેસી, તે જો મોડો પડયો હોય તો તેના માટે એક સીટ રોકી રાખવા કહ્યું હતું.લાઈટો ઝાંખી પડી ત્યારે એક અશર (થિયેટર વિગેરેમાં યોગ્ય સ્થાને દોરી જનાર કર્મચારી) રૂમની મધ્યમાં આવીને ઉભો રહ્યો, અને તેનાં યુવાન ચહેરા ઉપર સ્પોટલાઈટનો પ્રકાશ આવ્યો. તેણે બોલવાનું શરૂ કર્યું. "ગુડ ઈવનીંગ (શુભ સંધ્યા), સન્નારીઓ અને સજજનો. એક વિશિષ્ઠ સન્નારી વિશેની નવી ડોકયુમેંટરી જોવા અહી પધારવા માટે તમારો આભાર. મહેરબાની કરીને આપનાં સેલફોન બંધ કરી શો નો આનંદ ઉઠાવશો." હોલમાં હવે પૂરેપૂરૂં અંધારૂં છવાઈ ગયું હતું, અને ફીલ્મની શરૂઆતનુ સંગીત શરૂ થયું. તેવામાં જ મારા હાથ ઉપર એક ટપલી થઈ, મે ઉંચુ જોયું તો જુલિયન ત્યાં પોપકોર્નની બે મોટી બેગ્ઝ, સ્પ્રીંગ વોટરની બે બોટલો અને એક જેલીબીન્સની બેગ લઈને ઉભો હતો. તેની પીઠ ઉપર એક થેલો હતો જેને લીધે તેનાં ઝભ્ભાંનાં આગલા ભાગમાં કરચલિઓ ઉઠી રહી હતી.

"મોડો પડવા બદલ માફ કરજે, નાની બહેન. હું ઘરે થોડી સાફ સફાઈ કરી રહ્યો હતો." તેણે એક દિવ્ય સ્મિત સાથે જણાવ્યું.

"કાંઈ વાંધો નહી, જુલિયન. જો કે મને લાગવા માંડયું હતું કે કદાચ તું નહી આવે." મેં હસીને કહ્યું. તેણે બેસીને મારા ભાગની વાનગીઓ મને સોપી.

"અસંભવ, કેથરીન. આજની રાતની હું આખા અઠવાડિયાથી રાહ જોઈ રહ્યો હતો. આ વાર્તા ખરેખર અદ્‌ભૂત છે." તેણે વાંકા વળીને મારૂં કપાળ ચુમી લેતાં કહ્યું.

ઓસેઓલા મકાર્ટીની જીવનકથા ખરેખર અદ્‌ભુત હતી. ગરીબાઈમાં જન્મેલાં તે મહિલા એક નાનકડા ઘરમાં ઉછેરીને મોટા થયાં. શેરીમાં કરિયાણું કે શાકભાજી લાવવા અને યર્ય જવા સિવાય તેઓ કદી ઘરની બહાર જતાં નહી. તેઓ લોકોના મેલા કપડા ધોઈને ગુજરાન ચલાવતાં, અને કાળજીપૂર્વક તેમની કમાણીનાં નિકલ્સ, ડાઈમ્સ અને કવાર્ટર્સમાંથી બચત કરતાં, તેઓ કદી પણ કાર ચલાવતાં ન શીખ્યાં, અને તેમણે કદી લગ્ન પણ ન કર્યા. જો કે તેમણે પોતાનાં એંસી વર્ષનાં દાયકાનાં છેલ્લા વર્ષો દરમ્યાન એક પત્રકારને કહ્યું હતું કે તેઓ "હજી પણ એક સારા માણસની શોધમાં છે" ઓસેઓલા એક સાદું સજજનોચિત અને કરકસરવાળું જીવન ગાળીને પોતે દરરોજ, દર અઠવાડિયે, દર મહીને કમાયેલાં પૈસામાંથી દાયકાઓ સુધી બચત કરતાં ગયાં.

સત્યાશી વર્ષની ઉંમરે એક દિવસ જયારે તેઓ પોતાની બેંકમાં ગયા, ત્યારે બેંકરે તેમને આવકાર આપીને પુછયું કે પોતાની આખી જીંદગી દરમ્યાન દરરોજની નાની બચત દ્વારા તેઓ કેટલું કમાયા છે, તેનો તેમને અંદાજ છે? જયારે તેમણે જણાવ્યું કે તેમને જરાય ખ્યાલ ન હતો, ત્યારે તે બેંકરે હસીને તેમને કહ્યું કે તેમનાં ખાતામાં પા મિલિયન ડોલર જમા થઈ ચુકયા છે. આ રકમ કેટલી હોય, તેઓ સમજી શકતા નથી તે વાતનો ખ્યાલ આવવાથી બેંકરે ૧૦ ડાઈમ કાઢીને કાઉંટર ઉપર મુકયાં "આ ડાઈમો તમારી મુડીનાં પ્રતિક છે. તમે તેનું શું કરશો?" તેણીએ પહેલા ડાઈમ તરફ આંગળી ચિંધીને તેનું ચર્ચમાં દાન કરવાનું પ્રણ લીધું. ત્યાર પછીનાં ત્રણ ડાઈમો પોતે જેમને ખૂબ જ પ્રેમ કરતાં હતાં તેવાં તેમના ભત્રીજા, ભત્રીજીઓ માટે ફાળવ્યા. બાકીનાં ડાઈમો એક અત્યંત ખાસ બાબત માટે ફાળવવાના છે, તેમ કહેતી વખતે તેમનાં મુખ ઉપર એક સુંદર સ્મિત આવી ગયું.

એક મહીના પછી ઓસેઓલાનાં ગામની યુનિર્વસીટીને તેમનાં તરફથી ડોલર ૧,૫૦,૦૦૦નો ચેક મળ્યો, જેની સાથે એક વિનંતી કરવામાં આવી હતી કે તે પૈસા ગરીબ વિદ્યાર્થીઓ પોતાનાં સ્વપ્નો સાકાર કરી શકે, માટે એક સ્કોલરશીપ ફંડ શરૂ કરવા માટે વાપરવામાં આવે. આ ડોકયુમેંટરીમાંથી મને ખબર પડી કે આ માનવતાભર્યુ કાર્ય આખા વિશ્વનાં લોકોનાં હૃદયોને સ્પશી ગયું. વડાપ્રધાનો અને રાષ્ટ્રપતિઓએ ઓસેઓલાનું સન્માન કર્યુ અને જુલિયનની આલ્મા મેટર હાર્વર્ડ યુનિર્વસિટીએ તેમને માનદ્ સનત એનાયત કરી. આ બધા માનસન્માન વચ્ચે તેઓ સતત કહેતાં રહ્યાં કે તેઓ હજી પણ એક સાદું અને સિધ્ધાંતોવાળું જીવન જીવતા રહેવાનું ઈચ્છે છે, પણ તેમનું એક સ્વપ્ન જરૂર હતું – કે તેમણે શરૂ કરેલી સ્કોલરશીપ મેળવાનારા પહેલાં ગ્રેજયુએટ થયેલાં વિદ્યાર્થીને તેઓ ગ્રેજયુએશનનાં સ્ટેજ ઉપર સન્માનિત થતા જોવા ઈચ્છતાં હતાં. પણ તેમણે ખાનગીમાં કહ્યું હતું, કે તેમની ઉંમર ખૂબ જ મોટી થઈ ગઈ હોવાથી આ સ્વપ્ન સાકાર થવાની તેમને આશા ન હતી. પણ ઓએસોલાનાં દેહાંત પહેલાં એક જ મહીના પહેલાં તેમની સ્કોલરશીપ પ્રાપ્ત કરેલી પહેલી વિદ્યાર્થીની ગ્રેજયુએશન સ્ટેજ ઉપર પોતાનો પુરસ્કાર મેળવવા આવી પહોંચી.

ઓસેઓલાનાં દેહાંત બાદ એક રિપોર્ટરે આ સ્કોલરશીપ જીતનાર યુવતીને પોતાનાં દાતાનાં મૃત્યુ વિશે પોતાની ભાવના વ્યક્ત કરવા કહ્યું. પેલી વિદ્યાર્થીની એ આ પ્રત્યુત્તર આપ્યો. "સ્વર્ગમાં તેમના કરતાં વધુ સારા દેવદુત ન હોઇ શકે. તેઓ એક પ્રેરણામૂતિ, એક આશિર્વાદ, અને વિશ્વ માટે એક અમુલ્ય ખજાનો હતાં,"

ડોક્યુમેંટરી પૂરી થઇ, લોકો ચાલ્યાં ગયાં પછી જુલિયને ખાલી પડેલાં હોલમાં બોલવાનું શરૂ કર્યુ.

"માનવ જાતિની વાસ્તવિકતા વિષેની સર્વસામાન્ય માન્યતા હંમેશ વિશ્વને વીરત્વ પ્રર્દશીત કરવા માટેનું નાટયગૃહ ગણાતી અવી છે." જુલિયનનાં પ્રથમ શબ્દો વીસમી સદીની શરૂઆતનાં કાળનાં તેજસ્વી મનોવૈજ્ઞાનિક વિલ્યમ જેમ્સનાં કથનનાં શબ્દો હતાં "આ મહત્વનો મુદો સમજાવવા માટે હું તને આ જુનાં થિયેટરમાં લઇ આવ્યો છું, જેને આપણું શહેર વિસરી ચુકયું છે."

"કેથરીન, તારૂં જીવન અંતે તો વીરત્વ પ્રદર્શન કરવા માટેનું એક નાટયગૃહ જ છે. – તારી જીંદગીનાં બાકીનાં દિવસો – અને તે ઘણાં બધા હશે – નેતૃત્વ અને કરૂણાભર્યા ઉમદા કાર્યો માટેનો એક રંગમંચ બની રહેવા જોઇએ." જુલિયન અત્યંત ઉશ્કેરાટપૂર્વક બોલ્યો. વચ્ચે

બોલવાની મારી હિંમત ન ચાલી.

"ઓસેઓલાનાં જીવનનો વિચાર કર." તેણે આગળ ચલાવ્યું. "તેમણે જીવનનિર્વાહ માટે લોકોના મેલાં કપડાં ધોયા. તેઓ એક નાનકડા ઘરમાં રહેતાં હતાં, અને દુનિયા તેમનાં વિશે કશું જાણતી ન હતી. અને તે છતાં તેમનાં યોગદાન તરીકેનાં દૈનિક નાના કાર્યો દ્વારા – તેઓ વર્ષો સુધી એક સુયોગ્ય હેતુવાળી પ્રવૃત્તિ માટે પેલા બધા સિક્કાઓ બચાવતા ગયા – તેઓએ વિશ્વને આશિર્વાદ આપ્યાં. તે સન્નારી કેવો દિવ્ય વારસો છોડી ગયાં."

"શું આપણાં બધા માટે તેવો વારસો છોડી જવાનું શકય છે?" મેં નરમાશથી પૂછયું.

"ચોકકસ. હકીકતમાં તો મને સંતો પાસેથી શીખવા મળ્યું છે, કે આપણે બધા જ આપણા જીવનમાં કશુંક વિશિષ્ઠ કરી જવાની ક્ષમતા ધરાવીએ છીએ, જેનાં દ્વારા આપણે જયારે વિદાય થઈએ, ત્યારે લોકાનાં દિલોમાં આપણું સ્થાન કરીને જઈએ. દુઃખની વાત એ છે, કે આપણે બધાં એમ સમજતાં હોઈએ છીએ કે કોઈ ગણનાપાત્ર વારસો છોડી જઈ શકવા માટે આપણે કોઈ ખરેખર મહાન કાર્ય કરવું પડે. આપણને લાગે છે કે તો જ આપણી જીંદગી સાર્થક થાય અને આપણી સૌથી મહત્વની ફરજો પૂરી થઈ ગણાય. પણ આપણા બધા પાસેથી તેવું અપેક્ષિત નથી હોતું. દુનિયામાં નોંધપાત્ર નિશાની છોડી જવા માટે આપણે માત્ર દરરોજ મહાનતાભર્યા નાના કાર્યો કરવા પર ધ્યાન દેવું જોઈએ. જયારે આપણે તેમ કરીએ, ત્યારે આપણો વારસો આપોઆપ બની રહેશે."

"જેમ કે ઓસેઓલાનાં નાનકડા, દૈનિક મહત્વહીન જણાતા કાર્યો – પોતાના ખાતામાં પેલા સિક્કાઓ જમા કરાવાથી – તેમનાં જીવનના અંતે તે અત્યંત મહાન બની ગયા?" મેં પૂછયું.

"બિલ્કુલ સાચુ." જુલિયને સંતોષપૂર્વક કહ્યું. "નાના કાર્યો અત્યંત પ્રેમપૂર્વક અને કાળજીપૂર્વક કરો, અને તે આપોઆપ મહાન બની જશે. અને પરિવારનાં આગેવાનની પાંચમી નિપુણતા તે વિશે જ છે. ઉપહાર તરીકે એક વારસો આપીને તમારા બાળકોને અમર બનાવો. "

"વાહ! આ તો માન્યમાં જ ન આવે તેવી વાત છે." મેં ઉત્સાહ મિશ્રિત રંજપૂર્વક કહ્યું : જુલિયન પાસેથી હું આ છેલ્લો બોધપાઠ શીખવાની હતી.

"આ સૌથી વધુ મહત્વની નિપુણતા છે, કેથરીન. આ રીતે તારે પોર્ટર અને સરિતાને શિખવાડવાનુ છે કે અંતે તો તેમને પોતાની જાત કરતાં વધુ મહત્વનાં કશાંક માટે જીવવાનુ છે અને જો તેઓ આ પડકાર સ્વિકારે, અને હું જાણું છું કે તેઓ સ્વિકારશે જ, તો તેઓ એ અર્થમાં અમરત્વ પ્રાપ્ત કરશે કે તેઓ જે લોકોનાં જીવનોને સ્પર્શી શકયાં હશે, તેમનાં દિલોમાં તેઓ સદૈવ જીવંત રહેશે."

એવામાં જ રૂપેરી પરદા ઉપર 'ડેસ્ટિની પિકચર્સ' (નિયતિ ચલચિત્રો) અક્ષરો ઉપસી આવ્યાં.

"આ તારૂં આયોજન હતું, જુલિયન?"

"ના."તેણે જવાબ આપ્યો. "પણ તે મારો મુદ્દો બરાબર રજુ કરે છે. જો, આપણા બધાની એક અનિવાર્ય નિયતિ હોય છે, જેનાં પ્રમાણે જીવવું આપણી પરમ ફરજ બની જાય છે. જો આપણે આપણી સર્વોત્તમ રીતે જીવવા ઈચ્છતાં હોઈએ તો વાકલાવ હાવેલએ કહ્યું છે તેના ઉપર વિચાર કર. 'માણસની ખરી પરીક્ષા તે પોતે જે પાત્ર ભજવવા ઈચ્છતો હોય, તે ભજવતી વખતે નથી થતી, પણ જે પાત્ર નિયતિએ તેનાં માટે નકકી કર્યુ હોય, તે પાત્ર ભજવતી વખતે થાય છે.'

"અને પોર્ટર અને સરિતાને આ 'અનિવાર્ય નિયતિ' શોધી કાઢવામાં મદદરૂપ થવા માટે મારે શું

કરવું જોઈએ?"

"સહેલી વાત છે. તેમનાં હૃદયનાં સૌથી પવિત્ર સ્થાનમાંથી આવતાં હળવેકથી બોલાયેલાં શબ્દો સાંભળવાનું તેમને શીખવાડ."

'મહેરબાની કરીને સમજાવ." મેં વિનંતી કરી. તેવામાં જ એક સફાઈ કામદાર આવીને જમીન ઉપર પોતું ફેરવવા લાગ્યો.

"ગુડ ઈવનીંગ (શુભ સંધ્યા) મી.મેન્ટલ" તેણે કહ્યું.

"જુલિયન, શું તને બધાં જ ઓળખે છે?"મેં નવાઈથી પૂછયું. "હું એમ કહેવા માંગુ છું કે આ થિયેટરનો રાત્રે સફાઈ કરનારો કામદાર પણ તને કેવી રીતે ઓળખે છે?"

"કારણ કે આ છેલ્લાં અઠવાડિયાઓમાં હું આ ડોકયુમેંટરી જોવા લગભગ દસ વાર આવ્યો હોઈશ" જુલિયને હસીને કહ્યું. "ઓસેઓલાની વાત મારે માટે એક સાચો બોધપાઠ છે. તે મને યોગદાનનું મહત્વ સમજાવે છે, બીજાઓ માટે જીવીને મારૂ જીવન હજી પણ વધારે મૂલ્યવાન બનાવવાનું મહત્વ સમજાવે છે. – વિશ્વનાં ભલા માટે તેનું દાન કરવાનું સમજાવે છે. તે બધું તો ઠીક, પણ હૃદયનાં સૌથી પવિત્ર સ્થાનમાંથી આવતા હળવેકથી બોલાયેલાં શબ્દો સાંભળવા એટલે કે તમારા અંતઃકરણનાં ઉંડાણમાંથી આવતાં કહેણોને ઓળખી અને ત્યારબાદ તેને અનુસરવાનું શિખવાડે છે. કોઈ કોઈ વાર આપણે નિસર્ગ સાથે સંપુર્ણ એકાત્મતા સાધી લીધી હોય, ત્યારે આપણે આ કહેણો સાંભળી શકીએ છીએ. દાખલા તરીકે જયારે આપણે પાનખર ઋતુનાં કોઈ ભવ્ય દિવસે એકલાં વનમાં ફરવા નીકળી પડયાં હોઈએ ત્યારે. કોઈવાર જયારે આપણે ધ્યાનમાં કે કોઈ અન્ય પ્રકારના મનનમાં ઉતરી ગયાં હોઈએ ત્યારે, અને કોઈવાર આવા કહેણો આપણાં જીવનનાં અત્યંત આપત્તિભર્યા સમયો અને સાવ જ નિરાશાજનક પળો, દાખલા તરીકે કોઈ પ્રિયજનનાં મૃત્યુનાં સમયે અથવા તો જયારે આપણું કોઈ સ્વપ્ન ટૂટી જાય ત્યારે આપણને સંભળાય છે. સમજવાની વાત માત્ર એટલી જ છે, કે તમારા અંતરાત્માનાં અવાજને ધ્યાન આપવાથી, અને તેનાં પ્રત્યે સજાગ રહેવાથી તે તમને તમારી નિયતીનાં માર્ગે દોરી જશે. તમારૂં હૃદય તમને કંઈ કરવાનુ કહે, તો તેની વાત માનો. અને તમારી નિયતિ મુજબ જીવવાનો નિર્ધાર કરો. જેથી કરીને તમે એક અર્થપૂર્ણ વારસો છોડી જઈ શકો."

"મને ખબર નથી કે બાળકો અત્યારે જે ઉંમરનાં છે, તે ઉંમરે હું તેમને આ કેવી રીતે શીખવાડી શકું." મેં કહ્યું.

"તે તો તારે જ નકકી કરવું રહ્યું, કેથરીન. હા તેઓ નાના જરૂર છે, પણ કદાચિત તને ખ્યાલ આવશે કે તેમને પોતાનાં દિલની વાત સાંભળવાનું અને બીજાઓનાં ભલા માટે જીવવાનું મહત્વ સમજાવવા માટે આ બિલકુલ ઉચિત સમય હોઈ શકે, બીજું કંઈ નહી, તો નિરવ પળોને માણવાનુ મહત્વ તો તું જરૂર તેમને સમજાવ. જેમ જેમ તેઓ મોટા થતાં જાય, તેમ તેમ તેમને જણાવતી રહે કે તેઓ જીવનનિર્વાહ માટે ભલે તેમને ગમે તે કરવાનુ નકકી કરે, તેમને તું તારો બિનશરતી પ્રેમ અને મદદ આપતી રહીશ. તેઓ સતત ઉત્ક્રાંતિ કરી શકે તે માટે નિયમિત રીતે આત્મનિરિક્ષણ કરતાં રહેવું કેટલું મહત્વનું છે, તે તેમને સમજાવ. તેમને મહાન સ્વપ્નો સેવવાની પ્રેરણા આપ અને બતાવ કે જીવનમાં સફળતા, અર્થપૂર્ણ રીતે જીવવાથી પ્રાપ્ત થાય છે, એટલે કે વિશ્વમાં નોંધપાત્ર યોગદાન આપવાથી થાય છે. તું જે ઉત્તમ સવાલ તેમને પોતાની જાતને વારંવાર પૂછતા રહેવાનું શિખવાડી શકે, તે છે. "મારા સમય અને મારી ઈશ્વરદત્ત દેનોનો સર્વોત્તમ ઉપયોગ શું હોઈ શકે? બીજો ઉત્તમ સવાલ એ છે કે 'હું વિશ્વને સૌથી વધુ ઉપયોગી અને મૂલ્યવાન કઈ

રીતે થઈ શકું?" કીઅકગાર્ડએ એકવાર કહ્યું હતું કે 'માણસની સૌથી અગત્યની જવાબદારી એ છે કે તેણે એ આઈડિયા જાણી લેવો જોઈએ જેને માટે તે જીવી અને મરી શકે.' મારે તેની સાથે સહમત થવુ પશે. કોઈ વિશિષ્ઠ કારણ જેને માટે તમે મરવા પણ તૈયાર થઈ જાઓ, કોઈ ધ્યેય જેના દ્વારા તમે ભલે માત્ર એક જ જીંદગી સુધારી શકો, અને જે તમારી ચેતના જગાડી શકે, તે રીતે જીવવું જ ખરૂં જીવન છે. અને તેવી પળે આખું બ્રહ્માંડ તમને સફળતા અપાવવામાં મદદરૂપ થઈ જશે."

"ખરેખર?"

"ચોકકસ." જુલિયને પૂર્ણ આત્મવિશ્વાસપૂર્વક કહ્યું.

"બ્રહ્માંડ પાસે દરેકે દરેક વ્યકિત માટે એક ભવ્ય યોજના હોય છે. જયારે તમે તે યોજના જાણી લ્યો, અને તમારી જાતને તેની સાથે જોડી દયો, ત્યારે કાર્ય શરૂ થઈ જાય છે. એટલે મારો તને છેલ્લો બોધપાઠ એ છે, કે તારા સુંદર, બુધ્ધિશાળી, અદ્‌ભૂત બાળકોને શિખવાડ કે મનુષ્યમાં મહાનતા તેવું કંઈક શરૂ કરવાથી આવે છે, જેનો અંત તમારા અંત સાથે ન આવે."

"તું એવું કશુંક કરવાની શરૂઆત વિશે વાત કરે છે, જે તેમનાં અંત પછી પણ જીવિત રહે? કોઈ વારસો?"

"હા, જો. દરેકનાં હૃદયની ઉંડામાં ઉંડી જરૂરત એ હોય છે, કે તે પોતાનાં કરતાં કશાંક વધારે મહત્વના માટે જીવે. પોર્ટર અને સરિતા બીજું કંઈ નહી, પણ માત્ર એટલું જ શીખશે તો તને અચંબો થાય તેવી સફળતા પ્રાપ્ત કરશે. હું ખરી સફળતા વિશે વાત કરી રહ્યો છું. એવી સફળતા જે પ્રાંગણમાં પાર્ક કરેલી મજાની બી.એમ. ડબલ્યુ. કાર અથવા તો કામે જતી વખતે પહેરવાના સુંદર સુટોથી કયાંય વધુ હોય. હું એવી સફળતાની વાત કરી રહ્યો છું જે લોકોને બીજાઓ માટે વધુ કરવા અને વધુ બનવા માટે ઈચ્છતા કરે. હું એવી સફળતાની વાત કરી રહ્યો છું, જે તને વિશ્વની સૌથી વધુ ગૌરવ અનુભવી રહેલી માતા બનાવે."

"હું અવાક્‌ થઈ ગઈ છું." મેં કહ્યું અને મારી આંખોમાં આંસુ છલકાઈ આવ્યાં.

"આપણે બધાએ પોતાની જાતને પૂછવું જોઈએ. માત્ર માતા-પિતા તરીકે જ નહી પણ એક વ્યકિત તરીકે, કે "મારા મૃત્યુ પછી મારા જીવનનો શું અર્થ રહ્યો હશે? આપણે જે પદચિન્હો છોડી જઈશું અને આવનારી પેઢીઓ કેવી રીતે જાણશે કે આપણે અસ્તિવમાં હતાં, તે વિશે આપણે વિચાર કરવો જરૂરી છે. હું એમ નથી કહેતો કે આપણે બધાએ ગાંધી કે મધર ટેરેસા બનવું જોઈએ. તે માર્ગો તે લોકો માટે નિર્ધારિત થયાં હતાં. હું માત્ર એટલું જ કહું છું કે આપણે બધાએ આપણી જીંદગી એ રીતે જીવવી જોઈએ કે આપણે બીજાઓ પ્રત્યે દયા, કાળજી અને કરૂણા દાખવીએ. આપણે તે બંધનોમાંથી મુકત થવું જોઈએ જે આપણા વિચારોને સીમિત અને કાર્યોને હીણા બનાવે, અને આપણે આપણાં સર્વોત્તમ સ્વરૂપમાં કેવાં લાગીએ તે જોવાની હિંમત દાખવવી જોઈએ, તેમ કરવું, તેવા બનવું, તે જ જીવન છે, કેથરીન. તારા બાળકોને આ જ્ઞાનની ભેટ આપ, અને એક માતા તરીકે તેં ઉમદા કાર્ય કર્યું ગણાશે. તારૂં જીવન એ પ્રમાણે જીવ અને તું ખાત્રી કરી રહી હોઈશ, કે તું હંમેશા એક મહાન વ્યકિત બની રહીશ."

"આભાર, જુલિયન." મેં પ્રેમથી જવાબ આપ્યો. અને જુલિયને મને એક વ્હાલસોયું આલિંગન આપ્યું જેણે મને ઉષ્માપૂર્ણ અને ભાવુક બનાવી દીધી.

"કેથરીન."

"શું?" મેં ખરાબ સાંભળવાથી ડરતાં ડરતાં કહ્યું.

“આજની રાત મારી તારી સાથેની છેલ્લી રાત્રિ છે. મેં જોન અને બાળકોને ગુડ-બાય કહી દીધું છે, અને હવે મારે તને તે કહેવું પડશે. આ વિખુટાં પડવું મારા જીવનનું અઘરામાં અઘરૂં વિખુટાં પડવું છે. મારી ઉત્કંઠ ઈચ્છા છે કે હું જીવું ત્યાં સુધી તારી સાથે રહું, પણ તેમ કરવાનુ મને કહેવામાં નથી આવ્યું. મેં સિવનાના મહાન સંતોને વચન આપ્યું છે, કે તેમણે મને અત્યંત ઉદારતાપૂર્વક જે જ્ઞાન આપ્યું છે, તે હું જે વ્યકિતઓને તે સાંભળવાની જરૂરત છે, તેમને આપીશ. અને તે કાર્ય મારે ચાલુ રાખવું રહ્યું. હું તને અત્યંત પ્રેમ કરૂ છું, અને તું જે બધું કરી રહી છે, અને તું જેવી બની ગઈ છે, તે વાતનો મને ખૂબ જ ગર્વ છે. તેં પાંચ નિપુણતાઓને ખુલ્લા હૃદયથી અપનાવી છે, અને તું તારા પરિવારને મહાનતા તરફ દોરી જઈ રહી છે. તું એક જ્ઞાની પથપ્રદર્શિકા અને એક શકિતશાળી તેજપૂંજ બની ચુકી છે, જે તારા પ્રિયજનો અને તારા જીવનમાં આવનારા અન્ય વ્યકિતઓને સમજણ આપી શકશે કે આપણે આ દુનિયામાં જીવતાં હોઈએ, ત્યારે આપણે બધાએ શું કરવું જોઈએ.”

જુલિયને પછી આંખો બંધ કરીને ભારતીય પ્રણાલિ મુજબ હાથ જોડયાં. “હું તારી અંદર રહેલાં ઈશનું સન્માન કરૂં છું. નાની બહેન, તારી જીવન યાત્રામાં હું સદૈવ તારી સાથે રહીશ. જીવનની મુશ્કેલિઓનો જયારે તું સામનો કરતી હોઈશ ત્યારે હું હંમેશ તારી પાસે હોઈશ. અને હું તને એક ભાઈ તરીકેનો સૌથી પવિત્ર પ્રેમ પાઠવતો રહીશ, જેમ તું તારો પ્રેમ તારા કુટુંબને આપતી હશે.” એક લાંબા વિરામ બાદ તેણે ઉમર્યું. “તારા ભવિષ્ય કાળનો સૌથી દુઃખદ દિવસ તારા ભૂતકાળનાં સૌથી સુખદ દિવસ કરતાં ઘણો, ઘણો વધુ સુખદ રહે, નાની બેન. હું તને પ્રેમ કરૂં છું.”

ત્યારબાદ જુલિયને મારા કપાળ ઉપર હળવું ચુંબન કર્યું અને તેનાં ઝભ્ભા ઉપર વેરાયેલાં પોપકોર્નનાં દાણાં ખંખેરીને તે તેવા થિયેટરમાંથી બહાર દોડી ગયો, જયાં હું આ ઉપહાર જેને આપણે જીંદગી કહીએ છીએ, તેમાં ખરૂં વીરત્વ શેને કહેવાય તે શીખી હતી.

હું અનંતકાળ લાગે તેટલાં લાંબા સમય સુધી મારી સીટમાં બેઠી રહી. જે ખોટ હું અનુભવી રહી હતી, તેને લીધે મારૂં હૈયુ ભરાઈ આવ્યું હતું. છેવટે મેં ઉભા થઈને જવાની તૈયારી કરી. જોન વિચારતો હશે કે હું કયાં છું અને મારે હજી આવતી કાલ માટે બાળકોએ સ્કુલે લઈ જવાનું લંચ રાંધવાનુ હતું. હું દરવાજા તરફ આગળ વધી તેવામાં બાળકોએ જુલિયન જે સીટ ઉપર બેઠો હતો તેનાં ઉપરથી કશુંક રણકાર કરીને જમીન ઉપર પડયું. હું તેને ઉપાડીને બહાર રસ્તા ઉપર લઈ ગઈ, જયાં અતિસુંદર ચંદ્રકિરણોએ મારૂ સ્વાગત કર્યું.

તે ચીજ જુલિયનનાં ગેરેજ ઉપરનાં રૂમની ચાવી હતી. તેના ઉપર એક ટાઈપ કરેલા અક્ષરોવાળું લેબલ હતું, જેમાં લખ્યું હતું કે ડહાપણની ચાવી તારા પોતાનાં ઘરમાં જ છે. જુલિયન શેની વાત કરી રહ્યો હતો તે મને બરાબર સમજાયું ન હતું, પણ મેં તે ચાવી મારી પર્સમાં મૂકી, મારા સતત વહી રહેલાં આંસુ લુછયાં, અને મારા પરિવાર પાસે પાછી ફરી. અમુક વિચાર આવવાથી ઘરમાં દાખલ થતાં પહેલાં મેં જુલિયનનાં રૂમમાં જવાનું નકકી કર્યું. હું દાદરા ચડીને ઉપર ગઈ, ને તાળામાં ચાવી ભરાવી. તેણે મારા માટે લાઈટો ચાલુ રાખી હતી. તે નાનકડા પણ બિલકુલ વ્યસ્થિત રીતે ગોઠવાયેલાં રૂમમાં દાખલ થઈ ત્યારે મેં જે જોયું તે જોઈને હું આશ્ચર્યચકિત થઈ ગઈ.

તે આખો રૂમ એક ભવ્ય લાઈબ્રેરીમાં ફેરવાઈ ગયો હતો, જેમાં મેં આ પહેલાં કદી ન જોઈ હોય તેવી સુંદર અભેરાઈઓ ઉપર ભભકાદાર પુઠાંઓવાળા પુસ્તકોની હાળમાળા ગોઠવાયેલી

હતી. હવામાંથી ચંદનની સુંગધ ફેલાઈ રહી હતી, અને મારા આખા અંગમાં એક ગહન શાંતિ પ્રસરી રહી. મેં પુસ્તકો તરફ જોયું, જેમાં એપિકટેટસ દ્વારા લિખિત 'અ મેન્યુઅલ ફોર લીવિંગ' 'મેડિટેશન્સ ઓફ માર્કસ ઓરેલિયસ' અને સેનેકા દ્વારા લીખિત 'લેટર્સ ફ્રોમ અ સ્ટોઈક' જેવા શીર્ષકોનો સમાવેશ થતો હતો. આ સંગ્રહ પ્રેમપૂર્વક વાપરવામાં આવ્યો હતો, અને અત્યંત કાળજીપૂર્વક ગોઠવવામાં આવ્યો હતો.

પછી મને જુલિયનની એક ચીઠી મળી, જેમાં લખ્યું હતું.

"મારો તારા, પોર્ટર, સરિતા અને જોન પ્રત્યેનો પ્રેમ શબ્દોમાં વર્ણવી નહી શકાય, એટલે હું તેમ કરવાનો પ્રયત્ન પણ નહી કરૂ. તેને બદલ,મારી પ્રિય બહેન કેથરીન. હું જેને ઉત્તમ ભેટ સમજું છું, તે હું તને આપીશ – જ્ઞાનની ભેટ. આ લાઈબ્રેરી, જેમાં અનાદિકાળથી લખાયેલાં સૌથી મહત્વનાં પુસ્તકોનાં સમાવેશ થયો છે, તે પોર્ટર અને સરિતા માટે છે. મારી ઉત્કંઠ ઈચ્છા છે કે તે બન્ને વિશિષ્ઠ બાળકો સાથે તું અને જોન અહી ઘણી આનંદપૂર્ણ પળો અને ઘણા આનંદપૂર્ણ સમયો ગાળશો, અને જયારે તમે બધા આ અસામાન્ય પુસ્તકોનાં પૃષ્ઠોમાંથી જ્ઞાન પ્રાપ્ત કરતાં હશો, ત્યારે તમે મને યાદ કરશો."

તે ચિઠ્ઠી અંતમાં લખ્યું હતું. "આગેવાનીમાં અને પ્રેમમાં તારો ભાઈ જુલિયન."

અમારી નવી લાઈબ્રેરીમાંથી બહાર આવીને જયારે હું તાજેતરમાં રંગ કરવામાં આવેલાં પગથિયાઓ ઉતરી રહી હતી, ત્યારે મારૂં હૈયું આનંદથી નાચી રહ્યું હતું. અમારા પરિવારનાં ભવિષ્યની ખાત્રીને લીધે હું ઉત્તેજીત અને આનંદવિભોર બની ગઈ હતી. હું પહેલાં કદી ન હતી તેટલી સમજણવાળી, સુખી, અને આત્મજ્ઞાની બની હતી તેમ મને લાગ્યું. ઘરમાં દાખલ થતાં થતાં હું જુલિયનનાં રૂમની ખુલ્લી બારીઓમાંથી ધીમે અવાજે સંભળાઈ રહેલું ગીત સાંભળવા ઉભી રહી. જુલિયને સી.ડી. ચાલુ રાખી હતી. મેં જે શબ્દો સાંભળ્યાં ' કેવી અદ્‌ભૂત દુનિયા' – તે મને પહેલાં રડાવવા લાગ્યાં, અને પછી તેમણે મારા ચહેરા ઉપર સ્મિત આણ્યું.

લેખક વિશે

રોબિન શર્મા ઉત્તર અમેરિકામાં સર્વત્ર આદર પામેલાં નેતૃત્વ નિષ્ણાંત છે. તેમણે આંતરરાષ્ટ્રિય સ્તરે ઉત્તમ બેસ્ટ સેલર પુસ્તક ધ મંક હુ સોલ્ડ હીઝ ફેરારી સહિત છ બેસ્ટ સેલર પુસ્તકો લખ્યાં છે જેમાં આ પુસ્તકનું અનુગામી લીડરશીપ વીઝડમ ફ્રોમ ધ મંક હુ સોલ્ડ હીઝ ફેરારી અને હુ વિલ કાચ વેન યુ ડાય નો સમાવેશ થાય છે. તેઓ વ્યવસાયિક વક્તાઓનાં જગતનાં એક અત્યંત જ્વલંત સિતારા છે. તેઓ એક વર્ષ દરમ્યાન પોતાનાં કર્મચારી ઓને તેમનાં બધા જ કાર્યોમાં વધુ નેતૃત્વ દાખવાવા પ્રત્યે નિષ્ઠાવાન બનવાની પ્રેરણા આપવા ઇચ્છનાર ફોર્ચ્યુન ૫૦૦ કપનિઓ અને અન્ય એસોસિએશનો તથા ઓર્ગેનાઇઝેશન્સ દ્વારા યોજવામાં આવતી ૮૫થી વધુ કોન્ફરંસોમાં કી-નોટ વક્તવ્ય આપતા હોય છે.

માસ્ટર્સ ઓફ લો સહિતની બે લો ડીગ્રીઓ ધરાવનારા ભૂતપૂર્વ વકીલ રોબિન શર્મા, શર્મા લીડરશીપ ઈન્ટરનેશનલ (એસએસઆઈ)નાં પ્રણેતા તથા સીઈઓ છે. તેમની કંપની કર્મચારીઓને દરેક સ્તરે પોતાની ઉચ્ચતમ ક્ષમતા સાધીને દુનિયાને વધુ મૂલ્યવાન બનાવી શકવા માટે વિવિધ પ્રકારની સેવાઓ તથા પ્રોડકટસ્ (સાધનો) ઉપલબ્ધ કરાવે છે. સાઁ ફ્રાંસ્સ્કિો અને ટોરોન્ટોમાં પણ તેમની ઓફીસો છે. એસએલઆઈ ખૂબ જ પ્રશંસા પામેલો રોબિન શર્મા કોચિંગ પ્રોગ્રામ ચલાવે છે. આ એક એવી ક્રાંતિકારી શિક્ષણ પધ્ધતિ છે, જેમાં દરેક વ્યકિતને પોતાને જે પ્રકારનું જીવન જોઈએ, તે પ્રકારનું જીવન બનાવવા માટે તેનાં એક વર્ષનાં પાઠયક્રમ દરમ્યાન રોબિન શર્માને પોતાના વ્યકિતગત શિક્ષક તરીકે મેળવવાની વિશિષ્ઠ તક પ્રાપ્ત થાય છે. શર્મા લીડરશીપ ઈન્ટરનેશનલ એક મંથલી કોચ પ્રોગ્રામ પણ ઉપલબ્ધ કરાવે છે, જે એક આ મહીનાનું પુસ્તક / ટેપ કલબ છે, જેમાં તમારો વધારે વિકાસ થાય અને તમારૂં જીવન સમૃધ્ધ બને, તે માટે રોબિન પોતે નવું મટિરિયલ (સામગ્રી) પસંદ કરે છે, અને તમને દર ૩૦ દિવસે મોકલે છે. આ બધી સેવાઓમાંની કોઈપણ સેવા વિશે વધુ વિગત મેળવવા અથવા તો અમારા શૈક્ષણિક પ્રોડકટસ (સાધનો)ની સંપૂર્ણ હારમાળા જોવા માટે વિઝીટ કરો. **www.robinsharma.com** અથવા ૧-૮૮૮-RSHARMA ઉપર ફોન કરો.

ધ શર્મા લીડરશીપ રિપોર્ટ

આ પુસ્તક ખરીદનારાઓ માટે મર્યાદિત સમય માટે નિઃશુલ્ક લવાજમની ઓફર (વાર્ષિક લવાજમનો દર ડોલર ૯૫ હોય છે).

વાચકોનો વિશાળ સમુદાય ધરાવનારાઓ રોબિન શર્માનાં ઈલેકટ્રોનિક ન્યુઝ લેટર 'ધ શર્મા લીડરશીપ રિપોર્ટ' માં વ્યકિતગત, વ્યવસાયિક અને આધ્યામિક રીતે શ્રેષ્ઠ જીવન ગાળી શકવા માટે વિપુલ પ્રમાણમાં વ્યવહારૂ જ્ઞાન, પાઠ અને સાધનો ભર્યા છે. દુનિયાનાં દરેક ખુણામાં અને દરેક ક્ષેત્રમાંથી આવનારા લોકો, પોતાના કાર્ય તથા કુટુંબ સાથે સંતુલન સાધવા માટે, ઉત્તમ કાર્યદક્ષતા પ્રાપ્ત કરવા માટે, તણાવ ઉપર કાબુ મેળવવા માટે, સંબંધોને વધુ ગાઢ બનાવવા માટે અને પોતાનાં સ્વપ્નો સાકાર બનાવવા માટે આ રિપોર્ટ વાંચે છે. આ એક અત્યંત વિશિષ્ઠ પ્રકાશન છે, જે તમને અત્યંત મદદરૂપ થશે.

તમારૂં નિશુલ્ક લવાજમ ઓર્ડર કરવા માટે માત્ર **robinsharma.com** ઉપર વિઝિટ કરો અને આજે જ ઓનલાઈન રજિસ્ટર થઈ જાઓ. અમે આ ઈલેકટ્રોનિક ન્યુઝલેટર તમારા મિત્રો સાથે મળીને પણ વાંચવાનો અનુરોધ કરીએ છીએ, જેથી કરીને તેઓ પણ ઉન્નત જીવન ગાળીને એક વારસો છોડી જવા માટેનાં શકિતશાળી આઈડિયાઓ પ્રાપ્ત કરી શકે.

રોબિન શર્મા સાથે કી-નોટસ્ અને સેમિનારો.

નેતૃત્વ, ઉત્તમ કાર્યદક્ષતા, પરિવર્તન સાથે સુમેળ, અને 'સ્વ'ની ખોજ જેવા વિષયો ઉપર વકતવ્ય આપવા માટે રોબિન શર્મા સૌથી વધુ માંગ ધરાવનારાં વ્યવસાયિક વકતાઓમાં સ્થાન ધરાવે છે. આ અનિશ્ચતતાભર્યા યુગમાં નિષ્ઠા તથા ઉત્પાદકતા પુર્નસ્થાપિત કરવી, જેવાં વિષયો વિશે સંદેશ આપી શકે તેવા વિખ્યાત કી-નોટ વકતા ઈચ્છનારાં ઓર્ગેનાઈઝેશનો, નવો ચીલો પાડી શકે તેવી ઉંડી સમજ ધરાવવાને કારણે રોબિન શર્માને પ્રથમ પસંદગી આપે છે. રોબિનનાં અત્યંત પ્રેરણાદાયી વકતવ્યો એક આગવી સંશોધન પધ્ધતિને કારણે તમારી જરૂરીયાતોને સંપૂર્ણ રીતે સુયોગ્ય હોય છે, અને તમાર કાર્યકરો જેનો તરત જ ઉપયોગ કરી શકે, તેવા વ્યવહારૂ જ્ઞાનથી સમૃધ્ધ હોય છે. તે દરેક વ્યકિતની કાર્યદક્ષતા, ઉત્સાહ, સર્જનાત્મકશકિત અને વ્યકિતગત પરિપૂર્ણતા એક નવા જ સ્તરે પહોચી શકે તે માટે કાળજીપૂર્વક ઘડવામાં આવ્યા હોય છે.

તમારી આગલી કોન્ફરન્સ અથવા તો ઈન-હાઉસ સેમિનાર માટે રોબિન શર્માને બુક કરવા માટે વિઝિટ કરો. **robinsharma.com** અથવા સંર્પક કરો.

માંની બલાને
વીપી ઓફ સ્પીકીંગ સર્વીસ
શર્મા લીડરશીપ ઇન્ટરનેશનલ
ટેલિફોનઃ૧.૮૮૮.RSHARMA (૭૭૪.૨૭૬૨)
e.mail: marnie@robinsharma.co